# श्री वैराग्य भावना.

લેખક

પં. શ્રી ભક્તિવિજયજી.

પ્રકાશક,

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર.

શ્રી

# વૈરાગ્ય ભાવના.

( અનેક પ્રકારની ભવ્યજીવોને ધર્મની સન્મુખ કરનારી હિતશિક્ષાઓથી ભરપૂર ) કેટલાક પદ્યો સહિત.

લેખક,
પંન્યાસજી મહારાજશ્રી ભક્તિવિજયજી ગણિ.

પ્રકાશક
શ્રી જૈનધર્મ પ્રસારક સભા.
ભાવનગર.

વિ. સં. ૧૯૮૪ વીર સં. ૨૪૫૪ ઇ. સં. ૧૯૨૭

ભાવનગર—ધી આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં—શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું

( કિંમત અમૂલ્ય. )

"હરિગીત."

વીતરાગ વાણી સરસ શીતળ અધિક ચંદન બાવના,
જાણી સદા ભાવે ભવી વાંચો આ વૈરાગ્ય-ભાવના;
વૈરાગ્યવાસિત ચિત્ત કરવા નિત્ય ભાવે ભવીજના,
વાંચો વિચારો ને સુધારો જીવન એથી આપણા.

## जिनस्तुति ।

त्रैलोक्यं युगपत्कराम्बुजलुठन्मुक्तावदालोकते ।
जंतूनां निजया गिरा परिणमद् यः सूक्तमाभाषते ॥
स श्रीमान् भगवान् विविक्तविभवो देवासुरैरर्चितो ।
वीतत्रासविलासहासरभसः पायाज्जिनानां पतिः ॥ १ ॥

## गुरुस्तुति ।

वन्द्यन्तेऽप्रतिमप्रभावकबला विश्वोपकारव्रता ।
दुर्दान्तप्रतिवादिकुञ्जरघटासन्त्रासकण्ठीरवाः ।
वैराग्यामृतवर्षणप्रशमितप्रोद्दाममोहानलाः ।
सर्वत्रापि गुणादरव्यसनिनः श्रीधर्मसूरीश्वराः ॥

## पंन्यास श्री भक्तिविजयजी महाराज।



જન્મ—સં. ૧૯૩૦ આસો શુ. ૮ (સમી) દીક્ષા—સં. ૧૯૫૭ મહા વ. ૧૦

ગણિપદ. પંન્યાસપદ.

સં. ૧૯૭૫ અસાડ શુદ ૨ કપડવંજ. સં. ૧૯૭૫ અસાડ શુદ ૫

आनंद प्रि. प्रेस-भावनगर.

श्री विजयधर्मसूरिगुरुभ्यो नमः ॥

# પ્રસ્તાવના.

आत्माप्रमादपर्यंके, शयानो मोहनिद्रया ।
कथं जागर्ति चेद् न स्या–दुपदेशपरः गुरुः ॥

આ સંસારમાં ભ્રમણ કરતાં સંસારી જીવો સુખની અભિલાષાવાળા અને દુઃખથી કંટાળેલા ઉદ્વિગ્ન થયેલા જ હોય છે. સુખ તમામને ઇષ્ટ છે, દુઃખ અનિષ્ટ છે. આ પ્રકારની સ્થિતિ હોવા છતાં દુઃખની શ્રેણિઓ ઉપરા-ઉપર આવીને પડે છે, સુખ તો કદાચ ક્વચિત્ મળ્યું કે તુરતજ વીખરાઇ જાય છે. આ બાબતનું મૂળ કારણ તપાસીએ તો આપણને તુરતજ માલુમ પડી આવશે કે ખરા સુખનાં કારણ જીવોને હજી મળ્યાંજ નથી. દુખના કારણો જે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ–આ ચાર મૂળ બંધહેતુ છે, તેનાથી જીવોની જીંદગિયોની જીંદગિયો વીતી ગઇ તોપણ દુઃખનો અંત આવ્યો જ નહી. આ ચાર મૂળ બંધહેતુના સત્તાવન ઉત્તર બંધહેતુને લઇને જીવો પૌદ્ગલિક સુખમાં રચ્યાપચ્યાજ રહીને વિષયોમાં આસક્તિવાળા થઇ જેમ પતંગીયા દીવામાં ઝંપલાય છે–પ્રાણ ખુએ છે–દુઃખી થાય છે તેમ જીવો પણ ભવોભવનાં ભવચક્રરૂપી ખાડામાં ઝંપલાઇને જન્મ મરણ, શોક સંતાપ વિગેરે દુઃખોથી ઘેરાઇ દુખરૂપી દીપકમાં ઝંપલાય છે. પોદ્ગ-લિક સુખ થોડા કાળમાં વીખરાઇ જવાથી અને અંતે દુઃખ ઉપસ્થિત થવાથી જ્ઞાની મહારાજ તે પૌદ્ગલિક સુખને પણ દુઃખજ કહી બતાવે છે; આ દુઃખનું કારણ ઉપર બતાવેલ ચાર બંધહેતુ અને તેના ૫૭ ઉતર બંધ-હેતુજ સમજવા. હવે આત્મિક સુખનાં કારણ સમ્યક્ દર્શન જ્ઞાન ચારિત્ર–આ રત્નત્રયી શિવાય બીજું કોઇપણ નથી. આ ત્રણેનો સંયોગ મળવાથી

જીવો અવ્યાબાધ શાશ્વત આત્મિક સુખનો અખંડ આનંદ અનુભવે છે. ખરૂં સુખ તેજ કહી શકાય કે કદાપિ પણ જેનો વિયોગ થાય નહી. તેવું આત્મિક સુખ ઉપર બતાવેલ રત્નત્રયી શિવાય મળી શકેજ નહી.

આ ત્રણ રત્નોમાં પણ પ્રથમ સમ્યક્ દર્શન હોય તો જ બીજાં બે પ્રાપ્ત થઇ શકે છે. સમ્યક્ત્વ વિના મિથ્યાત્વીનું જ્ઞાન અજ્ઞાન કહેવાય છે. અને અજ્ઞાનીઓને ચારિત્ર સંભવેજ નહી. જેથી ખરા સુખની પ્રાપ્તિ માટે પ્રથમ સમ્યક્ત્વની જરૂર છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ જીવોને વૈરાગ્ય અને સદ્ભાવના વિના થઇ શકે નહી. વૈરાગ્યની પ્રાપ્તિ કરવામાં વૈરાગ્યની દેશના ગુરૂ મહારાજ પાસેથી શ્રવણ કરવાની અથવા વૈરાગ્યનાં પુસ્તકો વાંચવાની ખાસ જરૂર છે. વૈરાગ્યના પુસ્તકો ઘણાં હોવા છતાં આ એક લઘુ પુસ્તક પણ તેમાં ભરતિ કરે છે. પરંતુ બાળ જીવો માટે આ બહુજ હિત કરનારૂં છે. આ પુસ્તકનું નામ વૈરાગ્ય ભાવના રાખવાનું પ્રયોજન એજ છે કે આ બુક મનનપૂર્વક સાદ્યંત વાંચનારને તે વૈરાગ્ય ભાવનાની અવશ્ય વૃદ્ધિ કરનાર છે. આ વૈરાગ્ય ભાવના પણ પરંપરાએ ભવ્યાત્માઓને આત્મિક સુખના કારણભૂત થાય તેમ છે. આ નામની બુકની પ્રથમ આવૃત્તિ નાની સરખી અમદાવાદવાળા શા. સાકળચંદ બેચરદાસ તરફથી છપાણી હતી. બીજી આવૃત્તિ કાંઇક વધારો કરાવી વઢવાણવાળા શા. કશલચંદ નીમજી વિગેરે સદ્ગ્રહસ્થોની સહાયથી સમીવાલા વલમસી દલસુખ તરફથી છપાણી હતી. તેપણ ઘણી ખરી ખલાસ થઇ જવાથી અને ઘણા શ્રાવકોની માગણી હોવાથી તેમાં ઘણો સુધારો વધારો કરી આ ત્રીજી આવૃત્તિ ભાવનગરની શ્રી જૈન ધર્મ પ્રસારક સભા મારફત બહાર પાડવામાં આવી છે. પ્રથમની બે આવૃત્તિથી ઘણા જીવો સારો લાભ મેળવી શકયા છે. તેથી આ બુક પણ જૈનસમાજને બહુ પ્રિય અને આદરણીય થઇ પડશે એવી અમારી ભાવના છે.

આ બુકમાં સૂક્ષ્મનિગોદમાં રહેલા જીવોના ભવની ગણુતરી, તેઓના જન્મ મરણુના અસહ્ય દુઃખોનું વર્ણુન, પછી બાદરનિગોદથી માંડી તિર્યંચ પંચેન્દ્રિય પર્યંત જીવોનું રઝળવું બતાવી, માનવ ભવની કઠિનતા સમજાવી, પછી ધર્મનું શ્રવણુ દુર્લભ બતાવવા ધર્મ શ્રવણુ કરવામાં વિઘ્નભૂત તેર કાઠીયાનું વિવેચન કરેલું છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ અને ચારિત્ર માટે વીર્ય ફેરવવું ઇત્યાદિક બતાવી ઉત્તરોત્તર મોક્ષ પ્રાપ્તિ માટે ચારે અંગની બહુજ દુર્લભતા બતાવી છે. વચ્ચે વચ્ચે વૈરાગ્યને લગતા બીજા પણુ વિષયો તથા કેટલીક રસ કથાઓ તથા જિનપ્રતિમાની સિદ્ધિ માટે સૂત્રોનાં આધારો તથા અન્ય પુસ્તકોમાંથી કેટલુંક વૈરાગ્યનું સ્વરૂપ આ બુકમાં દાખલ કરી વૈરાગ્યરસથી ભરપૂર બને તેમ કર્યું છે. વિશેષમાં વઢવાણુ કાંપવાળા મનસુખલાલ ડાહ્યાભાઇની કેટલાક વૈરાગ્યના વિષયોને લગતી કવિતા દાખલ કરવાથી આ બુકમાં વૈરાગ્ય રસનો સારો વધારો થયો છે. જનસમાજને આવાં પુસ્તકો નિવૃત્તિને વખતે વાંચવા માટે અમે ખાસ ભલામણુ કરીએ છીએ.

આ પુસ્તકમાં મતિદોષથી જિનવચનથી વિપરીત કાંઇ લખાયું હોય તો તે સંબંધમાં મિથ્યાદુષ્કૃત આપી વિદ્વાનસમૂહને અમારી ઉપર લખી મોકલવા પ્રાર્થના કરીએ છીએ.

આ બુક તૈયાર કરવામાં આત્મદશાને ભૂલેલા અને અનાદિ કાળથી મોહનિદ્રામાં સુતેલાને જાગૃત કરવા શિવાય બીજો કાંઇ પણુ ઉદ્દેશ નથી.

પં. ભક્તિવિજય ગણિ.

# શ્રી મહાવીર પ્રભુના ગુણગાન.

રાગ—( સાંભળજો મુનિ સંયમ રાગે... )

ત્રીશલા નંદન વંદન કરીએ, સ્મરીએ શ્રી વર્દ્ધમાન રે;
ભવદુઃખ હરવા શિવસુખ વરવા, કરીએ નિત્ય ગુણગાન રે...ત્રીશલા૦

જગ ઉપગારી સહુ સુખકારી, શાસનના સુલતાન રે;
જન્મ થતાં જેણે સહુને આપ્યું, પૂરણ શાન્તિ સ્થાન રે...ત્રીશલા૦

બાળપણામાં ચરણ અંગુઠે, મેરૂ ડગાવ્યો જાણ રે;
આપણ નમીએ નેહે નિશદિન, તે શ્રી વીર ભગવાન રે...ત્રીશલા૦

આમલકી ક્રીડામાં નક્કી, આવ્યો સુર અજ્ઞાન રે;
અતુળ બળ શ્રી જિનનું જાણી, નાઠો તજી નિજ માન રે...ત્રીશલા૦

સંગમ સુરના ઉપસર્ગોથી, અડગ રહ્યા ધૈર્યવાન રે;
કર્મ બિચારે બાંધ્યાના આંસુ, પાડે પ્રભુ ગુણવાન રે...ત્રીશલા૦

ચંદનબાળા સતી સુકુમાળા, કરતી બાકુળાનું દાન રે;
લોહની બેડી તોડી ઉદ્ધરી, ઉરમાં ધરીને ધ્યાન રે...ત્રીશલા૦

ગુણ અનંતા એ વીર કેરા, ગાવો થઇ મસ્તાન રે;
"ભક્તિ" ભાવે વીર ચરણમાં, આવી કરો ગુલતાન રે...ત્રીશલા૦

## આ બુક છપાવવામાં મહારાજશ્રીના ઉપદેશથી

## સહાય કરનાર ગૃહસ્થોનાં નામ.

૫૦) શા. પુંજાભાઇ બેચર. શ્રી દાહોદ. માંડલ પાસે.

૫૦) શા. બાદર ડોસાચંદ શમીવાળાની ધર્મપત્ની બાઇ પરશનના સ્મરણાર્થે–તેમની પુત્રી બ્હેન ચંચળ તરફથી.

૫૦) શા. પાનાચંદ ઠાકરશી. વઢવાણકાંપવાળાના સ્મરણાર્થે–હા. મોહનલાલ ઠાકરશી.

૫૦) ભાવસાર ગાંડાલાલ માનચંદ. શ્રી વરતેજ.

૫૦) ભાવસાર ભાણાભાઇ ગીલા. શ્રી વરતેજ.

૫૦) ભાવસાર ઓઘડ હરજી. ભાવનગરવાળાના ધર્મપત્ની બાઇ કાશીના સ્મરણાર્થે

૫૦) શા. ત્રિભુવનદાસ હરખચંદ મારફત. ભાવનગર.

૫૦) કોઠારી નાનચંદ રતનશી–અણુદરા–વઢવાણ પાસે, હા. કોઠારી લાલચંદ જેઠાભાઇ.

૨૫) શા. ખીમચંદ મલુકચંદ વીરમગામવાળાના ધર્મપત્ની બાઇ પોતી તરફથી.

૨૫) શા. ચુનીલાલ કમળશી. શ્રી હળવદ.

૨૫) શા. પ્રેમજી લધા. શ્રી નાનીખાખર. (કચ્છ)

૨૫) ભાવસાર આણંદજી ભાણજી. ભાવનગર. હાલ બીચાવર.

સહાયકને તેમજ અન્યને ભેટ આપવા ઉપરાંતની બુકોમાં કિંમત રાખી છે.

# विषयानुक्रमणिका.


| | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|
| ૧ | ધર્મ વિના જીવોનું અધઃપતન. ... ... | ૧ |
| ૨ | સૂક્ષ્મ નિગોદના જીવોના ભવોની ગણતરી તથા દુઃખ. | ૩ |
| ૩ | બાદર નિગોદથી તિર્યંચ પંચેન્દ્રિય સુધી રઝળવું. ... | ૫ |
| ૪ | માનવ-ભવની કઠિનતાને સૂચવનારાં દષ્ટાંતો. ... | ૬ |
| ૫ | ધર્મ-શ્રવણ દુર્લભ.... ... ... ... | ૧૦ |
| ૬ | મિથ્યાત્વ ઉપર દેવશર્માનું દષ્ટાંત. ... ... | ૧૧ |
| ૭ | સદ્દગુરૂનો સંયોગ મળ્યો. ... ... ... | ૧૭ |
| ૮ | તેર કાઠીયાનું સ્વરૂપ. ... ... .. | ૧૮ |
| ૯ | આત્માને હિતશિક્ષા. ... ... ... | ૩૩ |
| ૧૦ | શુભ ભાવના ઉપર ચાર ચોરની કથા. ... ... | ૫૧ |
| ૧૧ | જિનપ્રતિમાના દર્શન કેવી રીતે કરવા ? ... ... | ૫૩ |
| ૧૨ | પરમાત્મા મહાવીરના ગુણો. ... ... ... | ૫૪ |
| ૧૩ | પ્રભુસ્તુતિના શ્લોકો, અર્થસહિત. ... ... | ૫૮ |
| ૧૪ | સૂત્રોમાં જિનપ્રતિમાનો અધિકાર. ... ... | ૬૫ |
| ૧૫ | અનાથી મુનિનું દષ્ટાંત ... ... ... | ૭૪ |
| ૧૬ | હિતોપદેશ. ... ... ... ... | ૭૬ |
| ૧૭ | સાત પ્રકારે આયુ તુટે છે. ... ... ... | ૮૩ |
| ૧૮ | ધર્મ કરવામાં વિલંબ નહીં કરવા વિષે.... ... | ૮૮ |
| ૧૯ | લક્ષ્મીની ચંચળતા.... ... ... ... | ૯૩ |
| ૨૦ | માર્ગાનુસારીના પાંત્રીશ ગુણો.... ... ... | ૯૬ |
| ૨૧ | લક્ષ્મીની ઉદારતા ઉપર કુમારપાળરાજાનું સંક્ષિપ્ત વર્ણન. | ૧૦૯ |

| | | |
|---|---|---|
| ૨૨ | વસ્તુપાળ તેજપાળ વગેરેના શુભ કાર્યો.... ... | ૧૧૨ |
| ૨૩ | જીવને સમ્યકત્વની પ્રાપ્તિ. ... ... ... | ૧૧૭ |
| ૨૪ | ક્ષાયિક સમ્યકૂત્વ. ... ... ... ... | ૧૨૦ |
| ૨૫ | સમ્યકત્વપ્રાપ્તિ અનંતર આત્માનંદ. ... ... | ૧૨૧ |
| ૨૬ | શ્રાવકના ત્રણ મનોરથ. ... ... ... | ૧૨૮ |
| ૨૭ | ભવ્ય જીવને સંજમપ્રાપ્તિ અનંતર મોક્ષપ્રાપ્તિ. ... | ૧૩૦ |
| ૨૮ | મોક્ષના ચાર અંગ ઉત્તરોત્તર વિશેષ દુર્લભ છે. ... | ૧૩૨ |
| ૨૯ | અંતસમયની આરાધના. ... ... ... | ૧૩૮ |
| ૩૦ | અતિચારવિસ્તાર. ... ... ... ... | ૧૪૧ |
| ૩૧ | વ્રતોચ્ચારણ બીજો અધિકાર.... ... ... | ૧૪૫ |
| ૩૨ | ત્રીજો અધિકાર ( જીવ ખમાવવા ) ... ... | ૧૪૭ |
| ૩૩ | ચોથો અધિકાર ( ૧૮ પાપસ્થાનક વોસિરાવવા. )... | ૧૪૯ |
| ૩૪ | પાંચમો અધિકાર ( ચાર શરણુ ) વિસ્તાર સાથે. ... | ૧૪૯ |
| ૩૫ | છઠ્ઠો–સાતમો–આઠમો–નવમો–દશમો અધિકાર. ... | ૧૫૪ |
| ૩૬ | શુભ ચિંતવન કરવાની છેલ્લી ભલામણ.... ... | ૧૫૬ |
| ૩૭ | હિતશિક્ષા તથા નીતિમય જીવન ગુજારવા માટે બે બોલ. | ૧૫૮ |
| ૩૮ | વૈરાગ્ય સંબંધી દુહા. ૧૧ ... ... ... | ૧૬૧ |
| ૩૯ | હિતશિક્ષા સંબંધી દુહા–૪૮ ... ... ... | ૧૬૨ |
| ૪૦ | અધ્યાત્મ સંબંધી દુહા.–૩૯... ... ... | ૧૬૬ |
| ૪૧ | ભુજંગી છંદ ( ઉપદેશક ) ... ... ... | ૧૬૯ |
| ૪૨ | વૈરાગ્ય પદ ... ... ... ... | ૧૭૦ |

૪૩ થી ૭૨ સ્તવનો–છંદો–થોયો–સઝાયો–ગુંહળીઓ. (૩૦)

| | | |
|---|---|---|
| ૧ | શ્રી સિદ્ધચક્રની તળાટીનું સ્તવન.... ... | ૧૭૦ |
| ૨ | રાયણનું સ્તવન. ... ... ... | ૧૭૧ |
| ૩ | શ્રી પુંડરીક સ્વામીનું સ્તવન. ... ... | ૧૭૨ |
| ૪ | શ્રી શાંતિજિન સ્તવન.... ... ... | ૧૭૨ |
| ૫ | શ્રી અજિત જિન સ્તવન. ... ... | ૧૭૪ |

| | | |
|---|---|---|
| ૬ | શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન. ... ... | ૧૭૪ |
| ૭ | શ્રી કુંથુ જિન સ્તવન ... ... ... | ૧૭૫ |
| ૮ | શ્રી ગૌતમ સ્વામીનો છંદ. ... ... | ૧૭૬ |
| ૯ | શ્રી સીમંધર જિન સ્તુતિ ૪ ( માગધી ) ... | ૧૭૭ |
| ૧૦ | શ્રી સિદ્ધચક્રની સ્તુતિ-૪ ... ... | ૧૭૮ |
| ૧૧ | અનંતકાયની સઝાય. ... ... ... | ૧૭૯ |
| ૧૨ | કુઠીયારાની સઝાય. ... ... ... | ૧૮૦ |
| ૧૩ | માયાની સઝાય. ... ... ... | ૧૮૨ |
| ૧૪ | વૈરાગ્યની સઝાય. ... ... ... | ૧૮૩ |
| ૧૫ | ,, બીજી ... ... | ૧૮૪ |
| ૧૬ | ,, ત્રીજી ... ... | ૧૮૪ |
| ૧૭ | ,, ચોથી ... ... | ૧૮૫ |
| ૧૮ | ,, પાંચમી ... ... | ૧૮૬ |
| ૧૯ | બીડી પીવાના અટકાવની સઝાય.... ... | ૧૮૬ |
| ૨૦ | શિખામણની સઝાય. ... ... ... | ૧૮૭ |
| ૨૧ | ચેતનને શિખામણની સઝાય. ... ... | ૧૮૯ |
| ૨૨ | ભાવનાના મહિમાની સઝાય. ... ... | ૧૯૦ |
| ૨૩ | અનિત્ય ભાવનાની સઝાય. ... ... | ૧૯૧ |
| ૨૪ | શ્રી ગજસુકુમાળની સઝાય. ... ... | ૧૯૨ |
| ૨૫ | બાર ભાવનાની ગુંહળી. ... ... | ૧૯૨ |
| ૨૬ | સામાયક કરવા વિષેની ગુંહળી ... ... | ૧૯૪ |
| ૨૭ | સમકિતની સજઝાય. ... ... ... | ૧૯૫ |
| ૨૮ | વૈરાગ્યની સજઝાય. ... ... ... | ૧૯૫ |
| ૨૯ | શ્રાવકને હિતશિક્ષાની સજઝાય. ... ... | ૧૯૬ |
| ૩૦ | મન સ્થિર કરવા ઉપર સજઝાય.... ... | ૧૯૭ |

श्री शंखेश्वर पार्श्वनाथाय नमः

# श्री वैराग्य भावना.

नमो दुर्वाररागादि—वैरिवारनिवारिणे ।
अर्हते योगिनाथाय, महावीराय तायिने ॥ १ ॥

## ધર્મ વિના જીવોનું અધઃપતન.

દેવાધિદેવ સર્વજ્ઞ પરમાત્મા શ્રીમહાવીર પ્રભુએ સંસારી જીવોને સંસારના આધિ, વ્યાધિ, ઉપાધિ, સંયોગ, વિયોગ, જન્મ, જરા, મરણાદિ દુઃખોથી મુકત કરવા અને અવિનાશી શાશ્વત સુખને પ્રાપ્ત કરાવવા માટેજ મુક્તિનો માર્ગ બતાવ્યો છે. જે માર્ગને અનુસરી ઘણા ભવ્ય જીવો અનાદિ કાળના સંસારના કલેશોનો ઉચ્છેદ કરી મુક્તિનગરમાં આત્માનો અખંડ આનંદ અનુભવી રહ્યા છે.

ત્યારે તે દેવાધિદેવના બતાવેલ માર્ગને નહી અનુસરનારા, અનાદિ કાળની પૌદ્ગલિક વાસનાને આધિન બનેલા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થમાં અર્થ અને કામની પીપાસામાં ગુંથાયેલા, ધર્મના પ્રભાવથી મોક્ષસુખની પ્રાપ્તિ મનુષ્ય ભવમાં સુલભ હોવા છતાં તેનો આદર નહી કરનારા, મળેલી માનવભવાદિ ઉત્તરોત્તર શુભ સામગ્રીને હારી જઇ અધોગતિમાં ચાલ્યા જાય છે. તેમાંથી વળી કેટલાએ બહુલકર્મી જીવો નીચા ઉતરતા ઉતરતા ઠેઠ સૂક્ષ્મ નિગોદ સુધી પણ પહોંચી અનંત દુઃખોને આધિન થઇ પડે છે. અનાદિ કાળથી સૂક્ષ્મ નિગોદમાં રહેલા જીવો અને ભવ-

ભ્રમણ કરીને પાછા સૂક્ષ્મ નિગોદમાં ગયેલા જીવોના દુઃખોમાં બીલકુલ ફેરફાર નથી. બંને પ્રકારના તે સૂક્ષ્મ નિગોદીયા જીવોને દુઃખોની શ્રેણિ તો નીચે બતાવાશે તે સરખીજ જાણવી. ફક્ત ભવભ્રમણ કરીને ઠેઠ સૂક્ષ્મ નિગોદમાં ગયા તે વ્યવહારિક જીવો ગણાય છે અને અનંતા કાળથી કોઇ દિવસ પણ બહાર નહી નીકળેલા અવ્યવહારીયા ગણાય છે. અનાદિ નિગોદ જે ચૌદ રાજલોકમાં ઠાંસીને ભરેલી છે તે નિગોદના અસંખ્યાતા ગોળા છે, અકેકે ગોળે અસંખ્યાતા તે નિગોદના જીવોનાં શરીરો છે અને અકેકે શરીરે અનંતા જીવો છે. જે જીવો કેવળી ભગવંતની જ્ઞાનદૃષ્ટિ શિવાય બીજા કોઇથી પણ દેખી શકાય તેવા નથી. જ્યારે એવા અતીન્દ્રિય પદાર્થો સર્વજ્ઞ પરમાત્મા વિના કોઇ દેખી શકવાને સમર્થ નથી, તો પછી શાસ્ત્રમાં બતાવવાની કે કથન કરવાની તો બીજાની શકિત કયાંથી જ હોઇ શકે?

સર્વજ્ઞ પ્રભુના રાગદ્વેષ મૂળથી નાશ પામ્યા હોય છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય આ ચારે ઘાતીકર્મની પ્રકૃતિઓ બંધ ઉદય ઉદીરણા અને સત્તાથી મૂળથી નાશ પામવાને લીધે આત્માની અપૂર્વ શકિત પ્રગટવાથી કેવળજ્ઞાનવડે યથાસ્થિત વસ્તુ જેવા સ્વરૂપમાં છે તેવીજ રીતે જોઇને ભવ્ય જીવોને બતાવે છે. લોકાલોકનું સ્વરૂપ સમયે સમયે તેમના કેવલજ્ઞાનમાં પ્રકાશિત થઇ રહ્યું હોય છે, જેથી તેઓના બતાવેલા નિગોદાદિ અતીન્દ્રિય પદાર્થોમાં લેશ માત્ર પણ શંકા રાખવા જેવું નથી. એ કારણથી જ—

## तहमेव सच्चं जं जिणेहिं भासियं

'તેજ સાચું કે જે જિનેશ્વરદેવે ભાખ્યું છે.' તેમાં હે આત્મન્! લેશ માત્ર પણ શંકા કરીશ નહી. તારી બુદ્ધિ અલ્પ છે. પરમાત્માના જ્ઞાન આગળ તે લેશ માત્ર પણ કાર્ય ન કરી શકે

તે સ્વાભાવિક છે. સર્વજ્ઞ પ્રભુના વચન ઉપર શ્રદ્ધા કરનાર જીવ અનાદિ કાળના મિથ્યાત્વને તોડી સમ્યકત્વ પ્રાપ્ત કરે છે અને પરંપરાએ સંસારના દુઃખથી પણ શીઘ્ર મુકત થાય છે. ત્યારે શંકા રાખનાર સમ્યક્ત્વી હોય તો સમ્યક્ત્વથી ભ્રષ્ટ થઇ જમાલી પ્રમુખની માફક સંસારમાં રઝળે છે. હવે પ્રથમ કહેલ નિગોદનું સ્વરૂપ જિનેશ્વર દેવે ઘણા વિસ્તારથી સિદ્ધાંતમાં બતાવ્યું છે. તેનો વિશેષ ઉલ્લેખ નહી કરતાં ફકત નિગોદના જીવોનાં જન્મ મરણરૂપ અસહ્ય દુઃખોનું વિવરણ ભવી જીવોના હિતને માટે બતાવાય છે.

આ જીવે સુક્ષ્મનિગોદમાં અનંતો કાળ કાઢ્યો, તેમાં જન્મ-મરણની વેદનાઓ ઘણી સહન કરી, તે એક શ્વાસોશ્વાસથી માંડીને પુદ્ગલ પરાવર્તન કાળ સુધીમાં તેના ભવોની ગણતરી વિગેરે હકીકત જાણવાથી ખબર પડશે. તે અવસ્થામાં આ જીવે દુઃખોને સહન કરવામાં બાકી રાખી નથી.

## સૂક્ષ્મ નિગોદના જીવોના ભવોની ગણતરી તથા દુઃખ.

એક શ્વાસોશ્વાસમાં સતર ભવ ઝાઝેરા કર્યા.

એક મુહૂર્તમાં પાંસઠ હજાર પાંચશેં ને છત્રીશ ભવો કર્યા. ૬૫૫૩૬.

એક દિવસમાં ૧૯૬૬૦૮૦ ઓગણીશ લાખ છાસઠ હજાર એંશી ભવો કર્યા.

એક માસમાં ૫૮૯૮૨૪૦૦ પાંચ કોડ નેવાશી લાખ બાશી હજાર ને ચારશેં ભવો કર્યા.

એક વરસમાં તેજ નિગોદિયા જીવે ૭૦૭૭૮૮૮૦૦ સીતેર કોડ સત્તોતેર લાખ અઠ્યાશી હજાર ને આઠસો ભવો કર્યા. જેટલા જેટલા ભવો બતાવ્યા તેટલી વખત જન્મ મરણ સમજવું.

હવે સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવાનું એટલું જ કે, એક વરસમાં ઉપર બતાવેલ ભવો આ જીવે તે સ્થાનમાં કર્યા તો અસંખ્યાતા વર્ષનું એક **પલ્યોપમ,** દશ કોટાકોટી પલ્યોપમનું એક **સાગરોપમ,** વીશ કોટાકોટી સાગરોપમની ઉત્સર્પિણી ને અવસર્પિણી મળી એક કાળચક્ર, અનંતા કાળચક્રનું એક પુદ્ગલ પરાવર્તન. તેવા અનંતા પુદ્ગલ પરાવર્તન કાળ સુધી તે નિગોદમાં રહેલા જીવે કેટલા ભવો કર્યા ? કેટલી વેદનાઓ સહન કરી ? આ બાબતમાં શાસ્ત્રકાર **મહારાજા** બતાવે છે જે—

**जं नरए नेरइया, दुहाइं पावंति घोर अणंताइं ।**
**तत्तो अणंतगुणिअं, निगोअमज्झे दुहं होइ ॥ १ ॥**

**અર્થ**—"નરકમાં રહેલા નારકી જીવો ઘોર અનંતા દુઃખોને પામે છે, તે નરકના દુઃખોથી પણ અનંતગણા દુઃખો નિગોદમાં રહેલા જીવો ભોગવી રહ્યા છે."

**વિવેચન**—નિગોદમાં અનંતા જીવોને રહેવાનું એકજ શરીર હોવાથી ઘણાજ સાંકડા સ્થાનમાં અવ્યક્ત તીવ્ર વેદનાઓ ભોગવવી પડે છે. તે પણ કયાં સુધી-કેટલા કાળ સુધી ? તે બાબત શાસ્ત્રકાર સ્પષ્ટ સમર્થન કરતાં ફરમાવે છે—

**तम्मी निगोअमज्झे, वसिओ रे जीव कम्मवसा ।**
**विसहंतो तिक्ख दुःखं, अणंतपुग्गलपरावत्ते ॥ १ ॥**

**અર્થ**—"તે નિગોદની અંદર હે જીવ ! કર્મના વશ થયો થકો તીક્ષ્ણ દુઃખોને સહન કરતો અનંત પુદ્ગલ પરાવર્તન સુધી વસ્યો છે."

**વિવેચન**—કર્મના વશ થકી નિગોદમાં અનંતા પુદ્ગલ

પરાવર્તન સુધી આ જીવને રહેવું પડયું, ઘોર દુઃખો સહન કરવાં પડયાં, એક પુદ્દગલ પરાવર્તનનો અનંતો કાળ છે, તો પછી અનંતા પુદ્દગલ પરાવર્તનનું તો કહેવું શું ?

પુદ્દગલ પરાવર્તનનું સ્વરૂપ ઘણા આગમોમાં તથા પાંચમા કર્મગ્રન્થમાં વિસ્તારથી બતાવ્યું છે, તે ગુરૂગમતાથી સમજવું. જેથી માલુમ પડશે જે આ જીવ અનંતાનંત કાળ સુધી નિગોદમાં રહીને-અથાગ વેદના સહન કરીને આવ્યો છે. તો હવે કોઈવાર પણ તેવાં દુઃખો ઉદયમાં ન આવે તેવા ઉપાયો યોજવા જોઈએ.

આટલું તો સહુ કોઇ સમજી શકે છે જે એકવાર જે કાર્ય કરવાથી ઘણી વેદનાઓ થઇ હોય, જેનાથી પારાવાર નુકશાન થયું હોય અને વળી જેનાથી મરણાંત કષ્ટ ઉત્પન્ન થયું હોય તેવા કાર્યમાં મૂર્ખ માણસ પણ પ્રવૃત્તિ ન કરે. તો પછી સુજ્ઞ અને સમજુ માણસ તો પ્રવૃતિ કેમ જ કરે ? છતાં જો તેવાં અઘોર પાપ કરી નિગોદના સ્થાનમાં જવા જેવી પ્રવૃત્તિ કરે તો તેને કેવો સમજવો ? તેનો દરેક ભવ્ય જીવોએ વિચાર કરવો.

## બાદર નિગોદથી તિર્યંચ પંચેન્દ્રિય સુધી રઝળવું.

સૂક્ષ્મ નિગોદમાં અનંતો કાળ કાઢી અકામ નિર્જરાવડે આ જીવ બાદર નિગોદમાં ઉત્પન્ન થયો. ત્યાં બટાટા, ગાજર, મુળાના કાંદા, સકરકંદ, થેગ, લીલુ આદુ વિગેરે વિગેરે જેમાં અનંત જીવોનું એક શરીર છે. તેવી અનંતકાય વનસ્પતિમાં-બાદર નિગોદમાં પ્રવેશ કરી ઘણું રઝળ્યો. ઘણી વેદના ભોગવીને ત્યાંથી પણ અકામ નિર્જરાના યોગથી પુણ્યની રાશી વધવાથી પૃથ્વીકાયમાં માટી પાષાણ વિગેરેમાં, તથા અપ્કાયમાં, તેઉકાયમાં, વાયુકાયમાં, પ્રત્યેક વનસ્પતિ કાયમાં, બેઇન્દ્રિયમાં,

તેઇન્દ્રિયમાં, ચૌરેન્દ્રિયમાં, તિર્યંચ પંચેન્દ્રિયમાં અનુક્રમે કે અનુક્રમવિના જન્મ મરણના ફેરા કરી ઘણો કાળ દુઃખમય ગુમાવ્યો, તિર્યંચ પંચેન્દ્રિયમાં **જલચર, થલચર, ખેચર, ઉરપરીસર્પ, ભુજપરીસર્પ,** એ પાંચ સંમુર્છિમ તથા પાંચ ગર્ભજ એ દશ પર્યાપ્તા તથા દશ અપર્યાપ્તા મળી વીશે ભેદમાં અત્યંત કાળ જવાથી મનુષ્ય ભવ પામવો તો બહુ કઠીન થયો. માનવ જીંદગી મળવી કાંઇ સહેલી નથી કે જલદી મળી શકે. છતાં કદાચ મળી, તે વખતે પ્રમાદના જોરથી જો ગુમાવી બેઠા તો ફરીથી મળવી બહુજ કઠીન સમજવી. તે માનવ ભવની કઠિનતાને સૂચવનારાં તીર્થંકર ગણધરોએ સૂત્ર સિદ્ધાતમાં દશ દ્દષ્ટાન્તો બતાવ્યાં છે. તે ઘણા ગ્રન્થોમાં અને ચરિત્રોમાં પ્રસિદ્ધ થયેલા હોવાથી અહીં બધા દ્દષ્ટાંતો ન બતાવતાં ફક્ત ત્રણ ચાર લઘુ દ્દષ્ટાંતો બતાવ્યા છે.

## માનવભવની કઠિનતાને સૂચવનારા દ્દષ્ટાંતો.

### દ્દષ્ટાંત પહેલું.

કોઇ રાજાએ કૌતુક જોવા માટે આ ભરતક્ષેત્રમાં નિપજતાં તમામ જાતિનાં ધાન્યો એકઠાં કરાવીને તેમાં એક શેર સરસવના દાણા નંખાવ્યા. તે સરસવના દાણા તે ધાન્યોની સાથે ભેળશેળ કરી દીધા. પછી કોઇ સો વરસની ઘરડી ડોશી કે જેનાં હાથ, પગ, માથું વિગેરે અંગ ધ્રૂજે છે તેવી ડોશીને તેડાવીને કહ્યું કે 'હે ડોશી ! આ ચોવીશ જાતિના ધાન્યના ઢગલામાંથી સર્વ જાતિનાં ધાન્ય જુદા કરો, તેમ સરસવના દાણા જુદા કાઢી આપો.' એમ કહ્યું. પરંતુ તે ડોશીથી સરસવના દાણા કોઇ પણ રીતે જુદા થઇ શકે નહી, તેમ છતાં કદાપિ કોઇ દેવતાની સહાયથી તે ડોશી સરસવના દાણા જુદા કરી શકે. પરંતુ હે ભવ્ય જીવો !

ચિંતામણિ રત્ન સમાન મનુષ્ય ભવ હાથથી ગયો તે ફરીને પામવો મહા દુર્લભ સમજશો. અર્થાત્ તે કાર્ય ઉપરના સરસવ જુદા કરવા કરતાં પણ કઠિન સમજશો.

## દૃષ્ટાંત બીજું.

એક લાખ યોજન પ્રમાણવાળા દ્રહમાં એક મોટો કાચબો રહેતો હતો. તેણે એકદા પ્રસ્તાવે વાયરાના યોગે સેવાળ ફાટે થકે આકાશમંડળને વિષે આસો શુદિ પુનમની રાત્રે સકલકળાએ સંપૂર્ણ અને ચક્ષુને આનંદકારી ચંદ્રમા દીઠો. તેથી મનમાં ખુશી થયો. પછી તે પોતાના કુટુંબને દેખાડવા માટે ફરી પાણીમાં ડુબકી ખાઇને કુટુંબને તેડવા ગયો અને તેડી લાવ્યો. તેટલામાં વાયુના યોગે શેવાળ મળી ગઇ. તેથી ચંદ્રમાનાં દર્શન થઇ શક્યા નહીં. હવે તે શેવાલમાં જ્યારે ફાટ પડે ત્યારે ચંદ્રમાના દર્શન થાય. તે ફાટ કાંઇ જલદી પડતી નથી. કદાચ દેવતાની સહાયથી ફરીથી તેમાં ફાટ પડે ને કાચબાનું કુટુંબ ચંદ્રનાં દર્શન કરે પરંતુ મનુષ્ય ભવ હારી ગયો તે મળી શકે નહીં.

## દૃષ્ટાંત ત્રીજું.

સ્વયંભૂરમણ સમુદ્ર અર્ધા રાજ પ્રમાણ ભૂમિને રૂંધીને પડ્યો છે. તેમાં તેની પૂર્વ દિશાએ ધુંસરૂં નાખીએ અને પશ્ચિમ દિશાએ સમોલ નાખીએ, તે બંને વસ્તુ કેવી રીતે ભેગી થાય અને ધુંસરાના છિદ્રમાં સમોલ ક્યારે પ્રવેશ કરે ? કારણ જે અસંખ્યાતા દ્વીપ સમુદ્રો બમણા બમણા પ્રમાણવાળા છે, તેમાં છેવટ અસંખ્યાતા યોજનનો સ્વયંભૂરમણ સમુદ્ર છે. તેમાં ક્યાં પત્તો લાગે ? છતાં દેવતાની સહાયથી ધુંસરાના છિદ્રમાં સમોલ પ્રવેશ કરે, પરંતુ હાથથી ગુમાવી દીધેલ મનુષ્ય ભવ ફરીને મળે નહીં.

## દૃષ્ટાંત ચોથું.

એક દેવતાએ મોટા પત્થરના સ્થંભને વજ્રે કરીને ભાંગી નાખી, તેને વાટીને ચૂર્ણ કરી, મેરૂપર્વત ઉપર ચડી, વાંસની નળીમાં ભરી, ફુંક દઈ તે ચૂર્ણને ઉડાડી દીધું, તે ઉડેલા પરમાણુઓ જેમ પાછા એકઠા કરવા દુર્લભ છે, તેમ મનુષ્ય ભવથી ભ્રષ્ટ થયેલા પ્રાણીને ફરીથી મનુષ્યપણું પામવું દુર્લભ છે. આવી રીતે માનવ ભવની કઠિનતાને સૂચવનારાં દશ દૃષ્ટાંતો સમજવાં.

તો પછી હે ચેતન ! વિચાર કર, વિચાર કર, માનવ જીંદગી સુલભ છે કે દુર્લભ ? જો દુર્લભ છે તો મહા મુશ્કેલીથી મળેલી તે જીંદગીને સાચવવી કે બગાડવી ? જો બગાડીશ તો પાછી કેવી રીતે મળી શકશે ? તેનો વિચાર કર.

### હરિગીત.

ચુલગ અને પાસાદિ દશ દ્રષ્ટાંતે દુર્લભ ભવ લહી,
ઉરમાં વિચારો ક્ષણ ક્ષણે એ ફરી ફરી મળશે નહી;
પળ પળ અમૂલી જાય ડુલી જાય આયુ આ વહી,
શીદને ગુમાવો જન્મ મોંઘો મોહ નિદ્રામાં રહી. ૧.

બહુ પુન્યના ઉદયે મળ્યો જિનધર્મનો શુભ જોગ જો,
આળસ તજી આત્મોન્નતિ કરવા સદા તત્પર થજો;
શુભ સમય જો વીતી જશે ને કાર્ય કંઇ જો ના થશે,
પસ્તાવો પાછળથી થશે ખરેખર અરે ! એ ખટકશે. ૨.

ચૌમાસા ટાંણે વાવણી જો ખેડુતોએ ના કરી,
પાછળ કરી તે ના કરી ચાલી ગઇ ઘડી જો ખરી;
વીત્યો વખત તે તો ફરીને ના મળે રે ના મળે,
રણમાં રડ્યાથી એકલા શું રે વળે રે શું વળે ?. ૩.

ઘડી લગ્નની ગઇ નિંદમાં જાગ્યા પછી તો શું થયું,
ટાણું અમોલું આમ જો વીતી ગયું તો શું રહ્યું;

માટે વિચારી દેહથી હિત આત્મનું કરજો સદા,
"ભક્તિ" કરી ભવજળ તરો હરો ભવભ્રમણુની આપદા. ૪.

કદાચ પુણ્યના યોગે માનવ જીંદગી મળી. પરંતુ અનાર્ય દેશમાં ઉત્પન્ન થયો તો શું થવાનું? અનાર્ય દેશમાં ઉત્પન્ન થયેલા જીવને ધર્મનું આરાધન કરવાની સામગ્રીના અભાવથી અઘોર જીવહિંસાદિ પાપકર્મના જોરથી ઠેઠ સાતમી નરકે જવું પડે છે. જુઓ! શાંત સુધારસમાં ઉપાધ્યાયજી વિનયવિજયજી મહારાજ શું બતાવે છેઃ—

**लब्ध इह नरभवोऽनार्यदेशेषु यः, स भवति प्रत्युतानर्थकारी ।**
**जीवहिंसादिपापाश्रवव्यसनिनां, माघवत्यादिमार्गानुसारी ॥**
**बुध्यतां बुध्यतां बोधिरतिदुर्लभा,**
**जलधिजलपतितसुररत्नयुक्त्या ।**

**અર્થ**—"મનુષ્ય ભવ પામ્યા છતાં અનાર્ય દેશમાં ઉત્પન્ન થયો. ત્યાં રહેલ જીવો હિંસાદિ પાપ આશ્રવના વ્યસની થઇને માઘવતી નામની સાતમી નરકના માર્ગને અનુસરનારા થાય છે. જેથી અનાર્ય દેશમાં પામેલો મનુષ્ય જન્મ ઉલટો અનર્થકારી થઇ પડે છે. માટે બોધ પામો, બોધ પામો. સમુદ્રના જળમાં પડી ગયેલ ચિંતામણિ રત્નની માફક બોધિરત્ન કેતાં સમ્યકત્વ રત્ન પામવું બહુ દુર્લભ છે." આ પ્રમાણે થવાથી મનુષ્યભવ મળ્યા છતાં કાંઇ કામમાં આવ્યો નહી ને ઉલટો અનર્થકારી થઇ પડ્યો. જેમકે દુધપાક અથવા તેથી પણ મધુર ભોજન તૈયાર થયું હોય, તે ભોજન સ્વાદ લેનારને આનંદદાયક હોય છે, છતાં જો કદાચ તેમાં લેશમાત્ર ઝેર પડયું હોય તો તે સ્વાદિષ્ટ ભોજન હોવા છતાં કાંઇ કામ આવતું નથી. ને તે ઉત્તમ ભોજનને પણ ફેંકી દેવું પડે છે; તેવીજ રીતે માનવ

જીંદગી ઘણીજ ઉત્તમ, કર્મ ખપાવવાના કારણભૂત હોવા છતાં અનાર્ય દેશમાં ઉત્પત્તિ થવાથી હિંસાદિ પાપ રૂપી ઝેર પડવાથી કાંઈ કામ આવતી નથી, પરંતુ નરક તિર્યંચાદિ દુર્ગતિમાં ફેંકી દેવી પડે છે. અર્થાત્ આ જીવ અનાર્ય દેશમાં તેવાં અઘોર પાપ કરી નરકાદિ દુર્ગતિમાં ચાલ્યો જાય છે. આ કારણથીજ મનુષ્ય ભવ મળ્યા છતાં પણ જો આર્ય દેશમાં ઉત્પત્તિ થઇ હોય તોજ કાંઇક સુધારી શકાય છે.

## ધર્મ શ્રવણ દુર્લભ.

આર્ય દેશમાં ઉત્પન્ન થયા છતાં પણ ધર્મ કેવી વસ્તુ છે? ધર્મ કેવા પ્રકારનો છે? ધર્મ માતાની માફક પુષ્ટિ કરે છે, ધર્મ પિતાની માફક રક્ષા કરે છે, ધર્મ મિત્રની માફક પ્રીતિ કરે છે, ધર્મ બંધુ સમાન છે, સ્વર્ગાપવર્ગાદિ સુખોના ફળને આપવાવાળો છે, ધર્મના પ્રભાવથીજ આ સચરાચર જગત્ સુખી છે. એવી રીતે ચિંતામણિ રત્નથી પણ અધિક એવા ધર્મને સાંભળવાની–જાણવાની ઇચ્છા થઇ નહી, અને સંસારના ક્ષણ-ભંગુર વિનાશી સ્વભાવવાળા પૌદ્ગલિક પદાર્થોમાં મુંઝાણો. એટલે સુધી મુંઝાણો કે દિવસ રાત્રીના ચોવીશ કલાકમાં એક કલાક પણ આત્મજાગ્રતિ કરવાનો સમય મળ્યોજ નહી, અને રાત દિવસ 'હું અને મારૂં' કરીનેજ ભવ પૂરો કર્યો. તો પછી આર્ય દેશ ઘણો સુંદર હોવા છતાં આવા પ્રકારના પુદ્ગલાનંદી જીવો માટે શા કામનો? કાંઇ કામનો નહીં.

રાગ-ભૈરવી-(થઇ પ્રેમ વશ પાતળીયા–અથવા તુંહિ દેવ સાચો મળીયો.)

વીર વાણી જાણી સાચી, ( ૨ )<br>
રહો રંગે એહમાં રાચી.....રે........વીરવાણી૦<br>
ધર્મ-શ્રવણ ગુરૂ પાસે કરીને, જીવન જરૂર સુધારો,

વિકથાને દૂર નિવારો, ( ૨ )
શીદ મોહે રચ્યા છો માચી......રે......વીરવાણી૦
એ ઘડી પ્રભુની વાણી સાંભળવા, ભવીયાં ભાવે આવો,
લ્યોને લાખેણો લ્હાવો, ( ૨ )
ગણી કાયા–માયા–કાચી......રે......વીરવાણી૦
ધર્મ–શ્રવણ–દુર્લભ મન માની, સફળ કરો જીંદગાની,
કરો " ભક્તિ " ભાવે મજાની, ( ૨ )
લ્યો શિવસુખડાં ઝટ જાચી......રે......વીરવાણી૦

કદાચ ધર્મ સાંભળવાની ઇચ્છા થઇ તોપણ મિથ્યાત્વીના સમાગમથી મિથ્યાત્વ ધર્મને જાણવાની, આદરવાની, પાળવાની ઇચ્છા થઇ, તો શા કામની ? મિથ્યાત્વીના ધર્મમાં હિંસાદિ પાપપ્રવૃત્તિઓ ભરેલી હોય છે, અધર્મને ધર્મ માનેલો છે, સાધુને કુસાધુ માનેલા છે, માર્ગને કુમાર્ગ માનેલો છે અને કુમાર્ગને માર્ગ માનેલો છે. એવા મિથ્યાધર્મનું સેવન કરવાથી પાછો સંસારમાં રઝળ્યો. એટલે સુધી રઝળ્યો કે મહા મૂલ્યવાળી ચિંતામણિથી અધિક મનુષ્ય જીંદગી ગુમાવી નરક તિર્યંચાદિ ગતિમાં ઘોર વેદના સહન કરવા ચાલ્યો ગયો. મિથ્યાત્વના સેવનથી જીવોની દુર્ગતિ થાય છે તે સંબંધી દૃષ્ટાંત નીચે પ્રમાણે—

## મિથ્યાત્વ ઉપર દેવશર્માનું દૃષ્ટાંત તથા મિથ્યાત્વથી થતી હાનિ.

એક નગરમાં **દેવશર્મા** નામનો કોઇ બ્રાહ્મણ રહેતો હતો. તેને પુત્ર નહી હોવાથી પુત્રને માટે પાદ્રદેવી નામની દેવીની ભક્તિ કરી અને કહ્યું કે—' હે દેવી ! તારી પ્રસન્નતાથી જો મારે પુત્ર થશે તો હું તારૂં દેવાલય નવીન કરાવીશ અને તારી આગળ દર વરસે એક બોકડાને હું ચડાવીશ. માટે હે દેવી ! મારી

વાંછા પૂર્ણ કર, પૂર્ણ કર.' વાંચનાર સજ્જન ! વિચાર કર, મિથ્યાત્વની કેટલી તીવ્રતા, કેટલું જોર, કે આવો રત્ન ચિંતામણિ સરખો મનુષ્ય ભવ તે બ્રાહ્મણને હિંસા કરવા માટે થયો. તમામ દર્શનકારો પોકાર કરીને કહે છે કે 'જ્યાં હિંસા ત્યાં ધર્મ નથી, પણ અધર્મ છે. તે અધર્મ સેવનાર પ્રાણી સુખી થતો નથી.' તે હકીકત દેવશર્માના દૃષ્ટાંતથી જણાઇ આવશે.

અહીં દેવશર્માને કાળક્રમે કરી પુત્ર થયો. દેવશર્માએ પુત્રનું નામ દેવીએ આપેલો જાણી **દેવીદત્ત** રાખ્યું. દેવીનું ભવન નવીન કરાવ્યું. ચારે બાજુથી વાડ કરાવી. એક સરોવર ખોદાવ્યું અને મહોત્સવપૂર્વક એક બોકડાને હણ્યો. મિથ્યાત્વી જીવોને તત્ત્વાતત્ત્વ, કૃત્યાકૃત્ય, ખાદ્યાખાદ્યનું ભાન હોતું નથી. તેનાં વિવેકરૂપી લોચન મિથ્યાત્વરૂપી અંધકારથી દેખી શકતા નથી જે હું આવા પંચેન્દ્રિય જીવોનો વધ કરી કઇ ગતિમાં જઇશ ? મારૂં શું થશે ? મારે ઘોર દુઃખો સહન કરવાં પડશે. ઇત્યાદિક શુભ વિચારણા તેવા જીવોને થતી નથી.

પેલા બ્રાહ્મણે તો દર વરસે એકેક બોકડો હણવા માંડ્યો. તેથી ભારે મજબુત કર્મ બાંધ્યુ અને મનુષ્ય ભવ હારી બેઠો. બાંધેલાં કર્મ ઉદય આવ્યાં જેથી મહા આર્ત્તધ્યાનથી મરીને તેજ નગરમાં મોટા રોમવાળો રૂષ્ટપુષ્ટ દેહવાળો બલીષ્ટ બોકડો થયો. તેનો પુત્ર યૌવન અવસ્થાને પામ્યો. એક કન્યા પરણ્યો. વરસને અંતે દેવીદત્તે પોતાનો બાપ જે બોકડો થયો છે તેને દ્રવ્ય આપી ખરીદ કર્યો. બોકડો પોતાનું ઘર વિગેરે દેખી પૂર્વની જાતિને સ્મરણ કરતો અને પૂર્વ ભવનું સ્વરૂપ વિચારતો થરથર કંપવા લાગ્યો અને વિચારવા લાગ્યો કે—'અરે ! મને આ દેવી પાસે વધ કરવા લાવ્યા છે. હવે હું શું કરૂં ? ક્યાં જઉં ? મને કોણ છોડાવે ?' ઇત્યાદિક વિચારથી બહુ ભયભીત

થયો. એમ કરતાં વધ કરવાનો દિવસ આવ્યો. તે દિવસે મહોત્સવપૂર્વક તેને ચલાવવા માંડ્યો, પણ તે ચાલતો નથી. મરવું કોઇને ગમતું નથી. જેથી એક પગલું પણ આગળ ભરતો નથી. લોકોએ ખુબ તાડનાપૂર્વક માર માર્યો. બલાત્કારથી વધસ્થાને લઇ જવાતો બોકડો શરણુ રહિત નિરાધાર થયો સતો બેં બેં શબ્દો બોલી રહ્યો છે. એવા અવસરે તેના પુણ્યયોગે એક જ્ઞાની ગુરૂ મહારાજ ત્યાં પધાર્યા. મુનિરાજ છાગને કહે છે જે 'તારાં પૂર્વે કૃત્ય સંભાર, તારી મેળાયે વૃક્ષ વાવ્યાં, વૃદ્ધિ પમાડ્યાં, હવે તારે ફળ ભોગવવાંજ પડશે, બેં બેં કેમ કરી રહ્યો છે? પ્રથમ કેમ વિચાર ન કર્યો?' આ પ્રમાણેના મુનિનાં વચનો સાંભળી ધૈર્ય અવલંબીને તે વેગથી ચાલ્યો. તમામ લોકો આશ્ચર્યમાં ગરકાવ થયા થકા વિચારવા લાગ્યા જે—'પ્રથમ આ બોકડાને ખુબ માર્યો છતાં તે એક પગલું ચાલતો ન હતો, અને આ મહાત્માએ કેવી રીતે તેને ચલાવ્યો?' આ પ્રમાણે તમામ લોકો વિચાર કરે છે, એટલામાં તેના પુત્ર દેવીદત્તે મુનિને કહ્યું કે—'હે સાધુ! કૃપા કરીને બોકડાને ચલાવવાનો ઉત્તમ મંત્ર મને આપો.' મુનિરાજે કહ્યું—'હે મૂર્ખ! તારો પિતા મિથ્યાત્વનું સેવન કરી આર્ત્તધ્યાનથી મરીને આ બોકડો થયો છે. આર્ત્તધ્યાનથી જીવની તિર્યંચ ગતિ થાય છે. યદુક્તં—

**अट्टेण तिरियगइ, रुद्देण ज्झाणेण पावए नरयं।**
**धम्मेण देवलोओ, सिद्धिगइ सुक्कज्झाणेणं ॥ १ ॥**

**અર્થ:**—આર્ત્તધ્યાનથી તિર્યંચ ગતિ, રૌદ્રધ્યાનથી નરક ગતિ, ધર્મધ્યાનથી દેવ ગતિ અને શુક્લધ્યાનથી મોક્ષ ગતિ પ્રાપ્ત થાય છે. તારો પિતા આર્ત્તધ્યાનથી તિર્યંચપણું પામ્યો છે. કદાચ આ બાબતમાં તને સંદેહ રહેતો હોય

તો આ બોકડાને ઘેર લઇ જઇ તેને મોકળો કરી પગમાં પડી તારે કહેવું કે 'હે પિતાજી! તમે જે વખતે મરણ પામ્યા તે વખત દુઃખથી પીડાયેલા તમને મેં કાંઈ પૂછયું નહી, હું તમારો દેવીદત્ત પુત્ર છું, માટે જે કાંઈ નિધાન હોય તે મને દેખાડો.' એટલે તે બતાવશે. મુનિરાજના કહેવા પ્રમાણે દેવીદત્તે કર્યું. બોકડાએ પોતાના પગવડે ઘરના ખુણામાંથી નિધિ ( ધનના ખજાના ) નું સ્થાન દેખાડયું. દેવીદત્ત મુનિરાજના સમાગમથી હિંસાથી બચ્યો. ધન મળ્યું ને સુખી થયો. બોકડો પણ મરણાંત કષ્ટથી બચ્યો.

આ પ્રમાણે દેવશર્માને મિથ્યાત્વના સેવનથી તિર્યંચ થવુ પડયું. માનવ ભવ હારી ગયો. ઇતિ દેવશર્મા દ્રષ્ટાંત.

આ હેતુથી મનુષ્ય ભવાદિ સામગ્રી મળી પણ તે મિથ્યાત્વને આદરવાવાળી થઇ તો તેને નિષ્ફળ જાણવી. શાસ્ત્રકાર એક બાજુ સત્તર પાપસ્થાનક અને એક બાજુ મિથ્યાત્વ. આ બે છાબડામાં મિથ્યાત્વના છાબડાને નીચું જનાર બતાવે છે. સત્તર પાપસ્થાનકથી પણ મિથ્યાત્વનું જોર ઘણું છે. મિથ્યાત્વને રોગ અંધકારાદિથી પણ વિશેષ હાનિકારક બતાવતા છતા કહે છે જે—

**मिथ्यात्वं परमो रोगो, मिथ्यात्वं परमं तमः ।**
**मिथ्यात्वं परमः शत्रुः, मिथ्यात्वं परमं विषम् ॥ १ ॥**
**जन्मन्येकत्र दुःखाय, रोगो ध्वांतं रिपुर्विषम् ।**
**अपि जन्मसहस्रेषु, मिथ्यात्वमचिकित्सितम् ॥ २ ॥**

**અર્થ**—મિથ્યાત્વ ઉત્કૃષ્ટો રોગ છે, મિથ્યાત્વ ઉત્કૃષ્ટું અંધારૂં છે, મિથ્યાત્વ ઉત્કૃષ્ટ શત્રુ છે, મિથ્યાત્વ ઉત્કૃષ્ટું ઝેર છે,

આ તમામ વસ્તુને ઉત્કૃષ્ટ બતાવવાનું કારણ એ કે રોગ, અંધારૂં, શત્રુ અને ઝેર આ ચારે વસ્તુ એક ભવમાંજ જીવને દુઃખદાઇ થાય છે, છેવટ પ્રાણ હરણ કરે છે, પરંતુ મિથ્યાત્વને જો શોધ્યું ન હોય તો તે હજારો લાખો છેવટ અનંતા ભવો સુધી દુર્ગતિનાં કટુ ફળ આપે છે. વર્તમાન કાળમાં પણ ઘણા જૈનનામને ધારણ કરનારા શ્રાવક શ્રાવિકાઓ પ્રભુના અટલ સિદ્ધાંતની બેપરવાઇ રાખનારા અજ્ઞાનતાથી પુત્ર માટે, ધન માટે, શરીર માટે, બીજા પણ કેટલાએ કારણોને માટે, મિથ્યાત્વી દેવી દેવલાની માનતાઓ માની, તેના પર્વોની માનતા માની પાપબંધનમાં ઉતરી પડે છે. પરંતુ એટલું વિચારતા નથી કે દેવાધિદેવ પરમાત્માની ભકિત કરતાં તમામ અંતરાયોનો નાશ થાય છે. કદાચ પૂર્વ જન્મના કર્મ ઘણાં નિવિડ હોવાથી અંતરાયો નાશ ન પામ્યા તો પછી બીજાથી શું થવાનું છે? સમકિતના સડસઠ બોલની સજ્ઝાયમાં ઉપાધ્યાયજી મહારાજ યશોવિજયજી કહે છે જે—

"જિનભકતે જે નવી થયું રે, તે બીજાથી શું થાય રે;
એવું જે મુખ ભાખીયે રે, તે વચન શુદ્ધિ કહાય રે.
ચતુર વિચારો ચિત્તમાં રે."

આ પ્રમાણે મનમાં વિચારી મિથ્યાત્વી દેવી દેવલાની માનતાઓ તેના પર્વો વિગેરે દૂર કરી વીતરાગ પ્રભુના બતાવેલ માર્ગને અનુસરવું. વીતરાગ પ્રભુનું આગમ ખુબ જોર કરીને કહે છે જે 'મિથ્યાત્વથી વેગળા રહી આત્મકલ્યાણ કરી લેજો, મિથ્યાત્વના સેવનથી આત્મકલ્યાણ નહી થાય; પરંતુ દુર્ગતિ થશે.' જુઓ! સિદ્ધાંતમાંથી ઉદ્ધરેલી સંબોધ સત્તરીમાં રત્નશેખરસૂરિ મહારાજ મિથ્યાત્વ વિષે શું કહે છે—

**न वि तं करेइ अग्गी, नेव विसं नेव किन्हसप्पो अ ।**
**जं कुणइ महादोसं, तिव्वं जीवस्स मिच्छत्तं ॥ १ ॥**
**कट्ठं करेसि अप्पं दमेसि अत्थं चयसि धम्मत्थं ।**
**इक्कं न चयसि मिच्छत्तं, विसलवं जेण बुड्डिहसि ॥ २ ॥**

**અર્થ**—તીવ્ર મિથ્યાત્વ જીવની સાથે જેટલો દોષ કરે છે. તેટલો દોષ અગ્નિ નથી કરતો, વિષ પણુ તેટલો દોષ કરતું નથી, કાળો સર્પ પણુ તેટલો દોષ કરતો નથી, કારણુ જે અગ્ની વિષ અને સર્પ એક ભવનો કદાચ નાશ કરે પણુ મિથ્યાત્વ તો જન્મ જન્મનો નાશ કરે છે. ૧.

જીવ કષ્ટ કરે છે, આત્માને દમે છે, અને ધર્મને અર્થે દ્રવ્યને તજે છે, પરંતુ જો મિથ્યાત્વરૂપી ઝેર એક લવ માત્ર પણુ તજતો નથી, તો સર્વે તજવું નિરર્થક જાણવું. કારણુ જે મિથ્યાત્વે કરી જીવ સંસારસમુદ્રમાં ડુબે છે. ૨.

**सम्मत्तं उच्छिदिअ, मिच्छत्तारोवणं कुणइ निअकुलस्स ।**
**तेण सयलोवि वंसो, दुग्गइमुहसंमुहं नीओ ॥**

**અર્થ**—જે માણસ સમ્યક્તરૂપી વૃક્ષને પોતાના કુળરૂપી આંગણામાંથી ઉખેડી ( દૂર કરી ) ને મિથ્યાત્ત્વરૂપી વૃક્ષને વાવે તે જીવે પોતાનો સઘળો વંશ દુર્ગતિના મુખ સન્મુખ લઈ ગયો જાણુવો.

આવા પ્રકારનો મિથ્યાત્વનો પ્રચંડ પ્રતાપ હોવા છતાં અનાદિ કાળની કુવાસનાથી જીવને મિથ્યાત્વ છોડવું ગમતું નથી તે બહુજ આશ્ચર્ય જાણુવું.

ઉપર બતાવેલ મિથ્યાત્વનુ સેવન કરી. આ જીવ ઘણું રઝળ્યો. એટલે સુધી નીચો ઉતરી ગયો કે કોઇ વખત નિગોદમાં

પણ ચાલ્યો ગયો. ફેર પાછી પ્રથમ બતાવેલ દશા પ્રાપ્ત થઇ. દુઃખોની શ્રેણિઓ ઉપસ્થિત થઇ. ઘણા દુઃખોને સહન કરી પ્રથમ બતાવેલા ક્રમ પ્રમાણે ચડતાં ચડતાં ઘણા જન્મ મરણના ફેરા કરતો અનંતી પુણ્યની રાશિ વધવાથી મનુષ્ય ભવ, આર્ય-દેશ, ઉત્તમ જાતિ, ઉત્તમ કુળ, નિરોગી શરીર, પાંચે ઇન્દ્રિયની પટુતા વિગેરે ઘણી ઉત્તરોત્તર સારી સામગ્રી મળી, વીતરાગ પરમાત્માના વચનને શ્રવણ કરવાની ભાવના પણ થઈ.

## સદ્‌ગુરૂનો સંયોગ મળ્યો.

સદ્‌ગુરૂ પાસે ધર્મ સાંભળવા તૈયાર થયો. ત્યારે મોહ-રાજા તે વાત જાણીને વિચારવા લાગ્યો જે ‘ આ પ્રાણી જો ધર્મ સાંભળશે તો ધર્મ કરીને મુકિતપુરીમાં પહોંચશે–મહા સુખ પામશે, માટે તે પ્રાણી કોઇ રીતે ધર્મ સાંભળવા જઇ ન શકે તેમ કરૂં. ’ એમ વિચારી તુરતજ મોહરાજાએ પોતાના તેર ઉમરાવોને બોલાવ્યા. તેઓ આજ્ઞા થતાંજ હાજર થયા. એટલે મોહરાજાએ તેઓને કહ્યું:—“ અરે સુભટો ! તમે જાઓ, મારા નગરમાં જિનરાજનો એક ઉમરાવ આવ્યો છે, તેની પાસે ઘણા લોકો ધર્મ સાંભળવા ઈચ્છા ધરાવે છે, માટે તમે ત્યાં જઇ તેઓને અટકાવો, વિઘ્ન કરો, ધર્મ સાંભળવા દેશો નહી. કારણ જે તે ધર્મ સાંભળશે તો ધર્મ કરવા તત્પર થશે ને આપણા ઉપરથી પ્રેમને તોડી તે આવેલ ધર્મરાજાના ઉમરાવની સેવા કરશે અને અનુક્રમે આપણા વૈરી થઈ આપણોજ વિનાશ કરશે. માટે આ કાર્યમાં ઢીલ કરવા જેવું નથી. આ કાર્ય જલ્દી કરો. ” આ પ્રમાણે પોતાના સ્વામીના વચન સાંભળીને તેર કાઠીયાઓ સાવધાન થઇ ગયા. “ હે જીવ ! વિચાર કર કે જે સાંસારિક વસ્તુ જૂઠી–અલ્પ કાળ રહેવાવાળી પરિણામે દુઃખને

આપવાવાળી જાણુતો છતો ધર્મનું શ્રવણ છોડીને જુઠી વસ્તુમાં રાત દિવસ અલમસ્તનીમાફક ભટકયા કરે છે, ભાન ભૂલી જાય છે, ને તને આ તેર કાઠીયા ધર્મ શ્રવણ કરતાં બહુ જ વિઘ્ન કરે છે. બરાબર મનન પૂર્વક તેર કાઠીયાનું સ્વરૂપ વિચારજે કે કેટલું તેનું જોર છે ? તેની તને ખબર પડશે ત્યારે તને અનુભવથી પણ ખાત્રી થશે જે એ ખરેખરા વિઘ્ન કરવાવાળા છે. તેને પરોક્ષ[1] ચોર સમજવા. જેમ લૌકિક વ્યવહારમાં માર્ગમાં ચોર મળે ત્યારે સર્વ ધન લુંટી લે તેવીજ રીતે આ તેર કાઠીયારૂપી જે કટ્ટા ચોર ધર્મરૂપી ધનને લુંટી લેવામાં બાકી રાખતા નથી, તે બરાબર સમજી તે કાઠીયાના ફંદમાં ફસાઇશ નહી. ”

## તેર કાઠીયાનું સ્વરૂપ.

પ્રથમ **આળસ** કાઠીયાએ ઉભા થઇને કહ્યું જે—‘ તમારે તમામને પ્રયાસ લેવાની જરૂર નથી, હું એકલોજ તે જીવને જિનરાજના ઉમરાવ પાસે જતાં અટકાવું છું.’ એમ કહી તુરતજ પેલો આળસ કાઠીયો ગુરૂ મહારાજ પાસે જવાની ઇચ્છા કરનારના શરીરમાં પેઠો, ત્યારે તેને ગુરૂ મહારાજ પાસે જતાં આળસ થવા માંડયું. દીલ મરડવા માંડયું, મંદતા થવા લાગી, વિચારો બદલાણા, ‘ આજ તો વ્યાખ્યાનમાં નહી જઇએ, કાલે જઇશું. ’ આ કાઠીયાએ જેટલું પોતાનું પરાક્રમ હતું તેટલું બજાવ્યું. એટલે છેવટ તે ભવ્યજીવનો અમૂલ્ય હીરા સરખો દિવસ નષ્ટ કર્યો. બીજે દિવસે તે ભવ્ય જીવને સુંદર વિચાર થયો કે— ‘ આવી રીતે હું આળસ કરીશ તો, ગુરૂ મહારાજ તો અપ્રતિબદ્ધ વિહારી છે, તે જતા રહેશે, પછી હું કોની પાસે ધર્મ સાંભળીશ ? અને સાંભળ્યા વિના ધર્મ કેવી રીતે કરીશ. આ જીંદગી

---

૧ નજરે ન દેખાય તેવા.

ટુંક મુદતમાં પૂરી થઇ જશે, અને જેવો આવ્યો તેવોજ ખાલી હાથે પાછો ચાલ્યો જઈશ. પાછળથી પસ્તાવો થશે તે કામનો નથી. માટે હે ચેતન ! ઉઠ, આળસ છોડ.' આવી રીતે વિચાર કરી જિનવાણી સાંભળવા તૈયાર થયો કે તુરતજ મોહરાજાને ખબર પહોંચ્યા કે, 'આળસ કાઠીયાને જીતી લીધો, હવે ધર્મ શ્રવણ કરવા જશે.' જેથી તુરતજ **મોહ** નામના બીજા કાઠીયાને વગર વિલંબે મોકલ્યો.

બીજો કાઠીયો શીઘ્ર જઇને જીવના શરીરમાં પેઠો. એટલે તુરતજ નાના છોકરાં આવીને વળગ્યાં. કહેવા લાગ્યા કે 'તમને ઉપાશ્રયે જવા નહીં દઇએ, જશો તો અમે રોશું, આડા પડશું, માટે તે વિચાર પડ્યો મૂકો.' તેજ અવસરે ઘરમાંથી સ્ત્રી બહાર નીકળી કહેવા લાગી 'તમને તો બીજો ધંધો સૂજતોજ નથી, એટલું પણ ભાન આવતું નથી, કે હું શું જોઇને ઉપાશ્રયે જવાનો વિચાર કરૂં છું, આ છોકરાં રૂદન કરશે તેને કોણ રમાડશે. હું તે ઘરનું કામ કરીશ કે એને સાચવીશ, માટે છોકરાં સાચવો. આ તમામનું પૂરૂં કરવા કાંઇ પૈસા કમાવાનો વધારે ઉદ્યમ કરો. પછી ઉપાશ્રયે જજો.' આ પ્રમાણે સ્ત્રીપુત્રાદિકનાં વચન સાંભળી મોહમાં મુંઝાણો, જેથી તે દિવસે પણ જિનવાણી શ્રવણ કરવા જઇ શકયો નહીં. તે દિવસનું ઉત્પન્ન થતું ધર્મરૂપી ધન મોહ કાઠીયાએ ચોરી લીધું, જેથી બીજો દિવસ પણ નકામો ગયો અને વિચારો માઠા થયા. 'શું કરૂં, આ વળગાડ પાછળ પડ્યા છે, કેવી રીતે જઇ શકું? મન તો ઘણુંએ થાય છે.'

ત્રીજે દિવસે પાછા શુભ ભાવ થતાં તે વિચારવા લાગ્યો જે 'આ સ્ત્રીપુત્રાદિક તો સ્વાર્થનાં સગાં છે, એના મોહમાં જો વળગી રહ્યો તો કોઈ દિવસ પણ ધર્મ થશેજ નહીં. કારણ જે

એ તો જીંદગીનો વળગાડ છે. વળી છોકરો પણ ઘણીએ વાર રડે છે, મારે આવા ધાર્મિક કાર્યમાં સ્ત્રી વિગેરેના પ્રતિબંધમાં મુંઝાઈને બેસી રહેવું તે તો પ્રત્યક્ષ મૂર્ખાઇ છે. વળી ગુરૂની જોગવાઇ વારંવાર મળવાની નથી, માટે જવું તેજ ખરૂં છે. હે ચેતન ! ઉઠ, ચાલ જિનવાણી શ્રવણુ કર. ' આવા વિચાર કરી ઉઠયો.

મોહરાજાને તુર્ત બીજા કાઠીયાને પણ જીતી લીધાના ખબર પહોંચ્યા. વ્યાખ્યાન શ્રવણુ કરવા ભવ્ય જીવ ગયો. મોહરાજાએ ત્રીજા **નિદ્રા** નામના કાઠીયાને તૈયાર કર્યો. તેને કહ્યું કે–' તું જલદી જા, ધર્મ શ્રવણ કરતાં અટકાવ. આવા કટાકટીના સમયમાં તું જો આ કાર્ય નહીં બજાવે તો પછી કયારે બજાવીશ ? ' આ પ્રમાણે કહ્યું કે તુર્ત ત્રીજો નિદ્રા કાઠીયો રવાના થયો. જયાં ભવ્ય જીવ વ્યાખ્યાન શ્રવણુ કરે છે ત્યાં આવ્યો, ભવ્ય જીવના શરીરરૂપ મંદિરમાં પેઠો. આત્માના અસંખ્યાત પ્રદેશે નિદ્રાનો ઉદય થયો. નિદ્રાના જોરથી ધર્મ શ્રવણુ કરતાં કરતાં આંખો મીંચાઇ ગઇ. જડ જેવો પરવશ બન્યો. પાંચે ઇન્દ્રિયના ક્ષયોપશમ રોકાઇ ગયા. જેમ મદિરા પીધેલા માણસને પરવશ થવાથી માર્ગ જડે નહીં, તેમ નિદ્રાને વશ થયેલા પ્રાણીને કોઇ વાતનું ભાન રહે નહીં. નિદ્રાના પ્રચંડ ઉદયથી તે પરવશ બની ગયો. નાકનાં નસકોરાં બોલવા લાગ્યા. બે હાથમાં માથું ઘાલી નીચું જોઇને બેઠો. આ રીતે નિદ્રાને વશ થવાથી ગુરૂ મહારાજની વાણી સાંભળવામાં અંતરાય થયો. બેઠો બેઠો ડોલ્યા કરે. કાંઇ સમજે નહી, નિદ્રા કાઠીયાએ તે પ્રાણીને વશ કરવાથી મોહરાજાના સેવકોએ મોહરાજાને ખબર આપ્યા કે ' સાહેબ ! તમારા ઉમરાવની જીત થઈ. ' એવું સાંભળી મોહરાજા નિદ્રા ઉપર બહુ ખુશી થયો. અને તેને ચૌદ રાજલોકમાં સર્વત્ર રાજધાની કર-

વાની બક્ષીશ આપી. જુઓ ! નિદ્રારૂપ પ્રમાદના પ્રભાવથી ચૌદ-પૂર્વધારી ક્રોડ પૂર્વનું ચારિત્ર હારી જઇ નિગોદમાં ઉત્પન્ન થાય છે. આ હેતુથી વીર પ્રભુએ ઉતરાધ્યયન સૂત્રમાં ઉપદેશ કર્યો છે. જે ' હે ગોયમ ! સમય માત્ર પણ પ્રમાદ કરીશ નહીં. આ મનુ-ષ્યનું આયુ બહુ સ્વલ્પ છે, માટે પ્રમાદને પરિહરજે. ' આવો પરમાત્માનો ઉપદેશ દરેક ભવ્યાત્માઓએ હૃદયમાં ધારી રાખવા લાયક છે. અહીં ભવ્ય જીવ ગુરૂ મહારાજ પાસે જિનવાણી શ્રવણ કરવા બેઠો હતો તે નિદ્રાના જોરથી ધર્મ સાંભળી શકયો નહી. તે દિવસ પણ ગુમાવ્યો.

પછી ચોથે દિવસે વિચારશક્તિ જાગ્રત થઇ કે ' ગુરૂ મહા-રાજ પાસે જઇને ઉંઘવું અને કાંઈ સાંભળવું નહી તે તો ભારે નુકશાન છે. લૌકિક કાર્યમાં પણ જો નિદ્રાને વશ થઇ જઇએ છીએ તો ઘણી હાનિ થાય છે, તો આવા શુભ કાર્યમાં ઉંઘીશ તો જિનવાણીનું શ્રવણ નહી થાય, માટે નિદ્રાને દૂર કર. ' એમ વિચારી મન મજબુત કરી નિદ્રા ન આવે તેવા ઉપાયો શોધ્યા અને ધર્મ સાંભળવા ગયો.

મોહરાજાને ખબર પહોંચ્યા. મોહરાજા અકળાયો. તુરતજ ચોથા **અહંકાર** નામના કાઠીયાને બોલાવી આજ્ઞા કરી. ' તું એકદમ જા, ધર્મ શ્રવણ કરનાર ભવ્ય જીવને શ્રવણ કરતાં અટકાવ, તારૂં પરાક્રમ બરાબર બતાવ. ' અહંકાર તુરત રવાના થયો. ભવ્ય જીવના શરીરમાં પેઠો. ભવ્ય જીવના વિચારોને અહંકાર યુક્ત બનાવ્યા. તે વિચારવા લાગ્યો કે–" ગુરૂ મહારાજ પાસે આવ્યા, પરંતુ આદર પણ દીધો નહી, અમારી સામું પણ જોયું નહીં, ધર્મલાભ તો દીધો જ નહી, તેમ સભાએ પણ બોલાવ્યો નહીં, ખેર આવ્યા તે આવ્યા, હવે આપણે વ્યાખ્યાન શ્રવણ કરવા આવવું નથી. અહીં મોટા નાનાનો વિવેક તો છેજ નહીં. હું કોણ, મારી

આખરૂ કેવી, જ્યાં જઉ ત્યાં સત્કાર મળે, અહીં તો કાંઇ ઠેકાણુંજ નથી. ” આવા વિચારો કરાવી અહંકાર કાઠીયાએ ધર્મ શ્રવણ કરનારને મુંઝવી નાખ્યો. ધર્મરૂપી ખજાનો લુંટી લીધો. ગુરૂ ઉપરથી આદર ઘટ્યો, કાંઇ લેવા દીધું નહી. જ્યાં વિચારો ફેરફાર થાય છે ત્યાં પછી કંઇ સમજી શકાતું નથી. અહંકાર કાઠીયાની જીત થયાના સમાચાર મોહરાજાને પહોંચતાં તે ઘણો ખુશી થયો. ભવ્ય જીવ તે દિવસ પણ ગુમાવી બેઠો.

પાંચમે દિવસે કંઇક બુદ્ધિ સતેજ થઇ, શુદ્ધ વિચારો પ્રગટ્યા, ગુરૂ ઉપર આદર થયો. “ ખરેખર મેં ગઇકાલે માઠા વિચારો કર્યા, ગુરૂ મહારાજ તો નિસ્પૃહી છે, એમને કાંઇ આપણી લાલચ નથી, આપણી ઉપર ઉપકાર કરવા માટે તે દેશના દેવાનો પ્રયાસ ઉઠાવે છે, આપણે નહીં સાંભળીએ તો એમને કાંઇ ખોટ જવાની નથી, આપણું બગડશે, આપણે વીતરાગ પ્રભુનાં વચન શ્રવણ કર્યા વિના ફોગટ મનુષ્ય ભવ હારી જઇશું. ગુરૂની પાસે માન શું ? ત્યાં તો માનને દેશવટો દેવો જોઇએ, મેં માઠા વિચારો કર્યા, મેં ભૂલ કરી. ” આવા સારા વિચારથી તેણે અહંકારને જીત્યો.

જીતના સમાચાર મોહરાજાને પહોંચ્યા કે–પાંચમા ક્રોધ નામના કાઠીયાને રવાને કર્યો. ક્રોધ આવીને શરીરમાં પેઠો. ક્રોધ રૂપી અગ્નિ સળગવાથી તમામ ગુણો ભસ્મીભૂત થઇ જાય છે. ક્રોડપૂર્વનું ચારિત્ર બે ઘડીમાં તે નષ્ટ કરે છે. ઘણા કાળની પ્રીતિને ક્ષણવારમાં તોડનાર ક્રોધ છે. આત્માના ગુણોને ઢાંકનાર ક્રોધ છે. દુર્ગતિ રૂપ મોટા ખાડામાં પટકનાર તે ક્રોધ છે. સ્વ અને પરને બાળવામાં તેનો પુરૂષાર્થ છે. સારાં વચનને તે દૂર કરાવનાર છે. શાસ્રમાં મોહાન્ધ, લોભાન્ધ, વિષયાન્ધ ને ક્રોધાન્ધ

આ ચાર પ્રકારના અંધ કહ્યા છે. અંધ માણસ જેમ માર્ગ કે કુમાર્ગ જોઇ શકતો નથી, તેમ ક્રોધાન્ધ માણસ કૃત્યાકૃત્ય, હેયોપાદેયને સમજી શકતો નથી. પ્રથમ કાંઇક જાણપણું હોય તો પણ ક્રોધને વશ થવાથી અજ્ઞાનદશાને પામે છે. આવા પ્રકારનો ક્રોધ, ધર્મ શ્રવણ કરનારને ઉદયમાં આવ્યો કે જુદી લાઇનના વિચારો પ્રગટ્યા. " ગુરૂ પાસે વ્યાખ્યાન શ્રવણ કરવા કોણ જાય ? ત્યાં તો અમુક મારા વૈરી પણ આવે છે. તેને દેખવાથી આપણને ઠીક નહીં થાય. વળી તે મારાથી ઉલટા ચાલનારા છે, છતાં તેનું ધાર્યું થાય છે, માટે આપણે તો હવે વ્યાખ્યાન નહીં સાંભળીએ." પાંચમા કાઠીયાના પ્રબળ પ્રતાપથી ભવ્ય જીવ ધર્મશ્રવણ કરતો અટક્યો, દિવસ ખાલી ગયો, મોહરાજાને ખબર પોહોંચ્યા, મોહરાજા આનંદિત થયો.

છઠ્ઠે દિવસે શુભ વિચારો ભવ્ય જીવને થવાથી પશ્ચાતાપ કરવા માંડ્યો. ' અરે ! આ મેં શું ચિંતવ્યું ? શા માટે કષાય કરવો પડે ? કષાયના જોરથી ભલભલા મહાત્માઓ સંજમને હારી જાય છે, તો પછી મારૂં શું ગજું ? ચેતનરાજ ! ઉઠ, ક્રોધ છાંડ, ગુરૂ મહારાજ પાસે ગમે તે આવે તેમાં આપણને શી અડચણ ? ગુરૂ મહારાજને તો રાજા કે રંક, શેઠ કે વાણોતર તમામ સરખા છે, કોઇ પણ માણસ ધર્મની સન્મુખ થાય તેજ તેમની ભાવના છે, માટે મારે શામાટે અમૂલ્ય સમય ગુમાવવો ? માટે ત્યાં જઈ જિનવાણી સાંભળવી. " ઇત્યાદિક ઉત્તમ વિચાર કરી ધર્મ સાંભળવા ગયો. મોહરાજાને પોતાના આવા બળવંત ઉમરાવને જીતી લેવાથી વિશેષ ચિંતા થઈ. વળી મોહરાજાએ વિચાર્યું જે ' ચિંતા કરવાથી શું વળવાનું છે ? તેને જિનવાણી શ્રવણ કરતાં પછાડે તેવા સુભટને મોકલું.' એમ નિશ્ચય કરી કૃપણ નામના છઠ્ઠા કાઠીયાને રવાને કર્યો. તે તુરતજ ત્યાં જઈને

ભવ્ય જીવના શરીરમાં પેઠો. પછી શી હકીકત બની તે જરા વિચાર કરીને જુઓ.

આ અવસરે વ્યાખ્યાનમાં ગુરૂ મહારાજે સાત ક્ષેત્રની પરૂપણા કરી અને ઉત્તમ ક્ષેત્રમાં ધન વાપરવાનું ઘણુંજ શ્રેષ્ટ ફળ બતાવ્યું. ઉત્તમ ક્ષેત્રોનાં નામ—

| | | |
|---|---|---|
| ૧ જિન પ્રતિમા. | ૩ જ્ઞાન. | ૬–૭ શ્રાવક–શ્રાવિકા. |
| ૨ જિન મંદિર. | ૪–૫ સાધુ–સાધ્વી. | |

આ સાત ક્ષેત્ર ઘણાં ઉત્તમ સમજવાં.

દેશના દેતાં ગુરૂ મહારાજે લૌકિક હકીકત કહેતાં જણાવ્યું જે "વ્યાજે મૂકેલા પૈસા ઘણી મુદતે બમણા થાય, વ્યાપાર સારો કરવામાં આવે તો ચોગણા થાય, અને ક્ષેત્રમાં અનાજ વાવેલું હોય ને મેઘવૃષ્ટિ વિગેરે સારી થયેલ હોય તો સો ગણા થાય, પરંતુ પાત્રમાં નાખેલા પૈસા તો અનંતગણા થાય, માટે લક્ષ્મીને પ્રાપ્ત કરીને સારા ક્ષેત્રમાં તેનો વ્યય કરવો તેજ તેનું ફળ છે. સાતક્ષેત્રમાં પૈસા વાપરવાથી જીવ નરક તિર્યંચાદિ દુર્ગતિનો છેદ કરી દેવતાના તથા ઇન્દ્રના સુખને પ્રાપ્ત કરે, વાસુદેવ બલદેવ ચક્રવર્ત્તિની પદવી પણ પામે, છેવટ તીર્થંકર નામ કર્મ પણ ઉપાર્જી, સકળ કર્મને ખપાવી અવ્યબાધ સુખને પામે." આ પ્રકારની ગુરૂ મહારાજની દેશના સાંભળી ઘણા શ્રોતાઓ સાત ક્ષેત્રમાં દ્રવ્ય વાપરવા તૈયાર થયા. ટીપ કરવા માંડી. મોટી રકમ એકઠી કરીને સાતે ક્ષેત્રમાં વાપરવાની યોગ્ય ગોઠવણ કરવા માંડી. તે વખત કૃપણ કાઠીયો જે ભવ્ય જીવના શરીરમાં પેઠો છે તેણે એટલે સુધી જોર માર્યું કે–શુભ ગતિ તોડી નાખી દુર્ગતિ મોકલવા પ્રપંચ રચ્યો, સારી ભાવના અને સુંદર વિચારોનો ફેરફાર કર્યો, જેથી વ્યાખ્યાનમાંથી ઉઠી જવા

માંડયું. તેવામાં કોઇ પૂછવા આવ્યું જે 'ભાઇ! આ શુભ કાર્યમાં કાંઇ મંડાવો.' ત્યારે તેની સાથે વઢવા માંડયું. પારકા અવગુણ કાઢવા માંડ્યા. ધર્મની નિંદા કરવા માંડી. "ક્યાં પાપ લાગ્યું કે વ્યાખ્યાનમાં આવ્યા, ઘેર બેસી રહ્યા હોત તો કાંઇ પંચાત કરવી ન પડત, બધા મંડાવે છે તે તમામને જાણીએ છીએ, કોઇને કાકાનું મામાનું વિગેરે કાઢી મૂકેલું હશે તે વાપરતા હશે, બાકી તો તમામ વાપરે તેવા છે તે મારા જોયેલા છે. આ તમામને ગુરૂ મહારાજ પણ વારતા નથી 'જે ભાઇ! તમે તમામ વ્યાખ્યાનમાં આવી ટીપણીયો લઇ બેસશો તો વ્યાખ્યાનમાં કોણ આવશે? ખેર! આપણને શું? આપણે તો એક પાઇ પણ આપવાના નથી અને હવે આજથી વ્યાખ્યાનમાં પણ આવવું નથી." આવા માઠા વિચારો કરી ગુરૂ મહારાજ તથા સંઘનો દોષ કાઢી વ્યાખ્યાનમાંથી ચાલ્યો ગયો, ધર્મ શ્રવણ કરી શકયો નહી, આત્મિક ધન કૃપણ કાઠીયાએ લુંટી લીધું. બીજા ચોરોએ ઘરમાંથી ધન લુંટી લીધું હોય તો રાજા પાસે ફરીયાદ કરી શકાય, રાજા તથા અમલદારો સાંભળે, આ ચોરની ફરીયાદ કોને સંભળાવવી? ત્રણ જગતના નાથ પરમાત્મા વિના કોઇ સાંભળનાર પણ નથી. આ કૃપણ કાઠીયો સારા ડાહ્યા માણસને પણ ભમાવી નાખે છે. તેના બળથી ભવ્ય જીવ પાસે પૈસા હોય તોપણ શુભ કાર્યમાં ખરચીને મનુષ્ય ભવનો લ્હાવો લઇ પુણ્યાનુબંધી પુણ્યને ઉત્પન્ન કરી શકતા નથી. એટલુંજ નહીં, પરંતુ ધર્મ સાંભળવા જતાં અટકે છે. આ કાઠીયાએ હદ વાળી નાખી. તે દિવસ પણ નિષ્ફળ ગયો.

સાતમે દિવસે પાછા શુભ વિચારો પ્રગટ થયા. વિચારશક્તિ સારી પ્રકાશિત થવાથી પશ્ચાત્તાપપૂર્વક બોલ્યો જે—"અહો! મેં ગઇકાલે માઠા વિચારો કર્યા, લક્ષ્મી તો અસ્થિર છે, તેને જવું

હશે ત્યારે રાખી રહેવાની નથી, અને લક્ષ્મી માટે શાસ્ત્રકાર કહે છે જે—

**न याति दीयमानाऽपि, श्रीश्चेद्दीयत एव तत् ।**
**तिष्ठत्यदीयमानाऽपि, नो चेद्दीयत एव तत् ॥ १ ॥**

**અર્થ**—જો લક્ષ્મી દાનમાં આપતા થકા પણ ખુટતી નથી તો દાન દેવામાં વિલંબ ન કરવો. વળી દાન કે ભોગમાં લક્ષ્મી નહીં વાપરતા છતાં પણ રહેતી નથી તો પછી શા માટે ઉદાર વૃત્તિથી ન વાપરવી-અથાત્ વાપરે જ રાખવી. કેમકે લક્ષ્મી વાપરતા થકા ખુટતી જ નથી, તેથી જેટલી સત્કાર્યમાં વાપરી તેટલીજ સાચી લક્ષ્મી છે. માટે મારી શક્તિના પ્રમાણમાં હું પણ લખાવું. મારે લીધે બીજા પણ સારી રકમ ભરશે. તેનો નિમિત્તભૂત હું થઇશ. વળી આ ભવમાં જે લક્ષ્મી મળે છે તે પૂર્વ ભવના પુણ્યથીજ મળે છે, માટે આ ભવમાં પુણ્ય કરીશ તો આવતા ભવમાં લક્ષ્મી મળશે, અને કૃપણુતા કરવાથી લોકો હાંસી કરશે." આવા સુંદર વિચારો જ્યાં પ્રગટ થયા ત્યાં કૃપણ કાઠીયાનું જોર હઠયું કે તુરત તેને જીતી લીધાના મોહરાજાને સમાચાર પહોચ્યા. મોહરાજા પાસે બીજા ઉમરાવ હજી ઘણા છે, તેથી તેણે બીજા સાત ઉમરાવને અનુક્રમે મોકલીને ધર્મ શ્રવણ કરતાં ભવી જીવને અટકાવ્યો. હવે આ સાતનો વિશેષ ઉલ્લેખ નહી કરતાં સંક્ષેપથીજ બતાવીશું.

૭ સાતમો-શોક કાઠીયો.
૮ આઠમો-લોભ કાઠીયો.
૯ નવમો ભય કાઠીયો.
૧૦ દશમો-રતિ કાઠીયો.
૧૧ અરતિ કાઠીયો.
૧૨ અજ્ઞાન કાઠીયો.
૧૩ કુતુહળ કાઠીયો.

સાતમા શોક કાઠીયાના પ્રબળ પ્રતાપથી જીવને બીજાની ઋદ્ધિ

દેખી મનમાં શોક થયો. તે વિચારવા લાગ્યો જે ' આવી ઋદ્ધિ મારે નથી, મારે તો બહુ વિટંબના છે, ઘરમાં માણસો સારાં નથી, પુત્ર પણ નથી. ' ઇત્યાદિ શોકમાં ગ્રસ્ત થવાથી ધર્મ સાંભળવામાં વિઘ્ન આવ્યું, સાધ્ય ચુકાવ્યું, અવળે રસ્તે ચડાવ્યો, તે દિવસ પણ ફોગટ ગયો.

પાછો આઠમે દિવસે સારો વિચાર થવાથી પુણ્ય સંબંધી વિચાર કર્યો. ' મારો પુણ્યનો ઉદય જાગશે ત્યારે મને પણ ઋદ્ધિ મળશે, હું શા માટે નકામો શોક કરૂં છું. ' ઇત્યાદિક શુભ વિચારોથી શોકને જીત્યો.

મોહરાજાને ખબર પડી કે તુરતજ આઠમા લોભ કાઠીયાને મોકલ્યો. લોભે જોર બતાવ્યું, ચેતના ફેરફાર કરી નાખી, જેથી અશુભ વિચારો થવા લાગ્યા. ' અહીં ક્યાં સુધી બેસી રહીશું ? અહીં બેસી રહેવાથી શું વળવાનું છે ? ઘેર સ્ત્રીપુત્રાદિકની ચિંતા કરવાની છે, માટે ચેતન ! ઉઠ, ચાલ, બજારમાં કાંઇ કરીશું ત્યારે પૈસા મેળવીશું. ' લોભના જોરથી ધર્મ સાંભળી શક્યો નહીં. ખરા રસમાં ભંગાણુ પડયું. લોભને તજવો ઘણો મુશ્કેલ છે. લોભના વશથી પ્રાણી નાત તજે, દેશ તજે, સમુદ્રમાં મુસાફરી કરે , પર્વત ઉપર ચડે, કુવામાં ઉતરે, નહીં કરવાનાં કાર્યો પણ કરે.

જુઓ ! લોભના જોરથી સાગરદત્ત શેઠ ચોવીશ ક્રોડ સોનામહોરનો સ્વામી હોવા છતાં સાતમી નરકે ગયો.

સુભૂમ ચક્રવર્તિ છ ખંડનો માલીક અથાગ ઋદ્ધિ સિદ્ધિ હોવા છતાં વિશેષ લોભ કરવા જતાં તમામ ઋદ્ધિ ગુમાવી સાતમી નરકે ગયો.

મમ્મણ શેઠ લોભના જોરથી પારાવાર ઋદ્ધિનો માલીક હોવા

છતાં લક્ષ્મીને ભોગવ્યા વિના દુર્ગતિમાં પહોંચ્યો, બીજા કષાયો કરતાં લોભનું જોર શાસ્ત્રકાર મહારાજાએ ઘણું બતાવ્યું છે.

**कोहो पीइ पणासेइ, माणो विनय नासणो ।**
**माया मित्ताणि नासेइ, लोहो सव्व विणासणो ॥**

'ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રાઈનો નાશ કરે છે, લોભ સર્વ ગુણનો નાશ કરે છે.' સંજવલન લોભનો ઉદય દશમા ગુણઠાણે થવાથી યથાખ્યાત ચારિત્રને તોડી નાખે છે. અગ્યારમે ગુણઠાણેથી પણ જીવ પડે છે. જેઓ લોભને વશ થયા તેનો ધર્મ ખજાનો તે સુભટ લુંટી લે છે. અહીં ધર્મ સાંભળનાર ભવ્ય પ્રાણી લોભને વશ થઈ આર્ત્તધ્યાનમાં પડી ગયો. જેથી તે દિવસ ગુમાવી બેઠો.

નવમે દિવસે શુભ વિચારો થયા. તે વિચારવા લાગ્યો–'અરે ! આવું અઘટિત કાર્ય મેં કેમ કર્યું ? સાચા ખોટા કરવાથી દ્રવ્ય મળતું નથી, એમ કરવાથી તો લાભાંતરાય કર્મ બંધાય છે, જેથી આગામી ભવે પણ દ્રવ્યાદિની પ્રાપ્તિ થતી નથી. વળી ગુરૂ મહારાજ આખો દિવસ કાંઇ પોતાની પાસે બેસી રહેવાનું કહેતા નથી.' ઈત્યાદિક સારા વિચારો કર્યા, નવમે દિવસે લોભ કાઠીયાને જીતી ધર્મ સાંભળવા ગયો. મોહરાજાને ખબર પહોચ્યા. તુરતજ નવમા ભય કાઠીયાને મોકલ્યો. ભય કાઠીએ પ્રવેશ કર્યો. એટલામાં કોઇ રાજાનો સિપાઈ ત્યાં આવ્યો, એટલે આના મનમાં ભય પેઠો. 'હવે કેમ થશે ? શું કરીશ ? કયાં લઇ જશે ?' ઇત્યાદિ ભયના જોરથી ત્યાંથી ઉઠી જતા રેવાનું મન થયું, એટલે ધર્મ સાંભળી ન શકયો.

દશમે દિવસે પાછી મનમાં શુભ વિચારણા થઇ. 'અરે હું કેવો મૂર્ખ ? વિના કારણ આવો ભય શામાટે રાખવો ? મેં કયાં

કોઇનો ગુન્હો કર્યો છે?' એ પ્રમાણે સારા વિચાર થવાથી ભયને જીત્યો એટલે ધર્મ શ્રવણુ કરવા ગયો. મોહરાજાને ખબર પડતાં તુરત જ રતિ કાઠીયાને રવાના કર્યો. રતિ કાઠીયાએ પુરૂષાર્થ બજાવ્યું. જેથી ગીત ગાન સારા લાગવા માંડયાં, મધુર સ્વર સાંભળી પ્રીતિ જાગી, તમામ સારી વસ્તુ ઉપર અત્યંત પ્રીતિ થવા માંડી, આત્મા તેમાં લીન થવાથી સાધ્ય વસ્તુ જે ધર્મ-શ્રવણુ તેના ઉપર પ્રેમ લગાવી શકયો નહીં, જેથી ધર્મ સાંભળ-વામાં વિઘ્ન થયું. ઉઠીને ચાલ્યો ગયો. તે દિવસ પણુ ખાલી ગયો..

અગ્યારમે દિવસે પાછા સારા વિચારો થવાથી શુદ્ધ ચેતના જાગ્રત થઇ. 'અહો! આપણે સારી વસ્તુ જોવા આવ્યા છીએ કે તત્ત્વનો સાર સમજવા આવ્યા છીએ?' ઇત્યાદિક શુભ વિચારોથી રતિ કાઠીયાને પણુ જીત્યો. ધર્મ સાંભળવા ગયો. મોહરાજાને ખબર પડતાં અગ્યારમા કાઠીયાને વિઘ્ન કરવા હુકમ કર્યો. અરતિ કાઠીયો ભવ્ય જીવના શરીરમાં પેઠો, ત્યારે વિચારો થયા જે—' ગુરૂ મહા-રાજનો કંઠ સારો નથી. કાંઇ સમજાતું નથી, કથા વાર્તા તો કાંઇ કહેતાજ નથી, હવે તો રોજ આવવું ગમતું નથી. અહીં આવવું, વખત ખોવો ને સમજીએ કાંઇ નહીં.' ઇત્યાદિક વિચાર કરાવી અરતિ કાઠીયાએ શુભ શ્રેણિ તોડી નાખી, જેથી ધર્મ સાંભળવો દૂર રહ્યો. અગ્યારમો દિવસ નિષ્ફળ ગયો.

બારમે દિવસે પાછા શુભ વિચારો થયા. ખોટા વિચારનો પશ્ચાતાપ કરવા લાગ્યો. ' મારે ગુરૂ મહારાજના સારા નરસા કંઠનો વિચાર કરવાનો નથી, એ તો પર ઉપકારને માટે જ—ભવ્ય જીવોના હિતને માટેજ જિનવાણીનો પ્રકાશ કરે છે. ગુરૂ મહારાજ નિષ્કારણુ બંધુ છે. ઉપદેશ સાંભળવો તેમાં મારે કંઠનું શું પ્રયો-જન છે?' ઇત્યાદિક સારી ભાવનાથી અરતિ કાઠીયાને જીત્યો.

તુરતજ મોહરાજાએ બારમા અજ્ઞાન કાઠીયાને મોકલ્યો. અજ્ઞાન કાઠીયાએ પ્રવેશ કર્યો કે તુરતજ ચેતનાનો ફેરફાર થઇ ગયો. આત્મા ધર્મ શ્રવણ કરતાં પરવશ થઇ ગયો. કાંઇ સમજી શકયો નહી. એટલે મુંઝાઇને ઉઠી જવા માંડયું. અજ્ઞાનનું જ્યારે જ્યારે બળ થાય છે ત્યારે ત્યારે આત્મા ભાન ભૂલી જાય છે, કૃત્યાકૃત્યની સૂઝ પડતી નથી, શાસ્ત્રની વાતો સમજાતી નથી, સંસાર આસક્તિ વધે છે, વિનાશી પદાર્થો ઉપર મોહ વધે છે અને જ્યારે તે પદાર્થોનો વિનાશ થાય છે ત્યારે શોકગ્રસ્ત થઇ માથું છાતી વિગેરે કૂટે છે. અજ્ઞાનતાનો વિલાસ વર્ણવતાં પાર આવે તેવું નથી. તો પણ શાસ્ત્રકાર આ એક શ્લોકથી કેટલું બધું સમજાવે છે:—

**यो ध्रुवाणि परित्यज्य, अध्रुवं परिषेवते ।**
**ध्रुवाणि तस्य नस्यन्ति, अध्रुवं नष्टमेव च ॥**

**અર્થ**—જે માણસ જિનેશ્વરોનો દેખાડેલો સત્ય (આત્મિક) ધર્મ એટલે આત્માને સદ્‌ગતિ આપનાર દાન, શિયળ, તપ, શુભ ભાવના, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, જિનપૂજાદિ વિગેરે ક્રિયાનો ત્યાગ કરી અધર્મ એટલે મિથ્યાધર્મને સેવે અર્થાત્ જિનવચનો પ્રમાણે ન કરતાં ઉલટો ચાલે. હિંસાદિ દુર્ગતિમાં ઘસડી જાય તેવા કાર્યો કરે, ન ખાવાના પદાર્થો ખાય રાત્રિભોજન કરે. એકંદર મોજશોખ કરવો, મન માને તે વસ્તુઓનું ભક્ષણ કરવું, તેજ ધર્મ માની તેનું જ સેવન કર્યા કરે, તો તેવા આચરણવડે સત્ય ધર્મથી તો ભ્રષ્ટ થયો ને અસત્ય-મિથ્યાધર્મનું સેવન કરવાથી જ્યારે તે માણસ મરણ પામશે ત્યારે દુર્ગતિમાં ચાલ્યો જશે એટલે ઉભય ધર્મથી ભ્રષ્ટ થઇ સંસારચક્રમાં ભ્રમણ કરવું પડશે. આ

અજ્ઞાનદશાનું પરિણામ સમજવું. આ પ્રમાણે ભવ્યજીવોની કફોડી સ્થિતિ અજ્ઞાનદશાથી થાય છે. આ જીવ અજ્ઞાનતાને લઇને તે દિવસે પણ કાંઇ લઇ શકયો નહી, અને તે દિવસ પણ ગુમાવી બેઠો.

તેરમે દિવસે પાછા શુભ વિચારો થવાથી અજ્ઞાન તરફ ધિક્કાર છુટ્યો અને વિચાર્યું જે 'સમજાય ન સમજાય તો પણ જિનવાણી સાંભળવી. જિનવાણી સાંભળવાથી કર્ણ તો પવિત્ર થશે, નહી સમજાય તો ગુરૂ મહારાજને પૂછીશું.' ઈત્યાદિક સારા પરિણામ થવાથી અજ્ઞાન કાઠીયાને જીતી જિનવાણી શ્રવણ કરવા બેઠો. મોહરાજાને બાર સુભટો જીતાઇ ગયાથી ઘણો ભય પેઠો, છતાં છેલ્લો ઉપાય અજમાવવા સારૂ તેરમા કુતુહળ નામના કાઠીયાને રવાને કર્યો. કુતુહળ કાઠીયો ભવ્ય જીવના શરીરમાં પેઠો કે તુરતજ ચેતના બગાડી. સમાચાર પણ એવા તુરતજ મળ્યા કે–' ભાઇ! બહાર રમત ઘણીજ સારી થઈ રહી છે, ખાસ જોવા લાયક છે. ' એ પ્રમાણે વાત સાંભળીને તુરતજ વ્યાખ્યાન સાંભળતાં લઘુશંકાનું બાનું કાઢીને ઉઠ્યો, બહાર જતાં કોઈ સારા માણસે રોકયો ' ભાઇ ! આવી અમૃત ધારા સરખી જિનવાણીને છોડી કયાં જાઓ છો ? ' પરંતુ કુતુહળ કાઠીયાનું જોર હોવાથી તેણે કહ્યું–' શું લઘુશંકા કરવાને પણ નહીં જવા દો ? ' આવી રીતે કહી બહાર ગયો. ભાંડ, ભવાયા, નાટકીયા વિગેરે કુતુહળ જોતાં અને ઉભા રહેતાં આખો દિવસ વીતી ગયો, પગ પણ દુખવા ન આવ્યા, ભુખ ઉડી ગઇ, તૃષા ન લાગી, એક ચિત્તે જોયા કર્યું. એ પ્રમાણે આ જીવ નાટકાદિ કુતુહળ જોવામાં રાત્રી પણ કાઢી નાખે, ઉજાગરા વેઠે, ઉભો રહે, ધક્કા ખમે, અપમાન સહન કરે, પૈસાની પાયમાલી કરે, શરીરને હેરાન કરે, પરંતુ પ્રતિક્રમણ, સામાયક, જિનપૂજા વિગેરે ધર્મકાર્ય કરતાં બહુ વખત

થઈ ગયાનું બાનું કાઢી તજી દેય. ક્રિયા કરતાં થાકી જાય, મારી શક્તિ નથી, ઉભાં ઉભાં કાઉસગ્ગાદિ કરતાં પગ દુઃખે છે, ઇત્યાદિક ધાર્મિક ક્રિયામાં બાના કાઢે. કુતુહળ કાઠીયાના જોરથી ઉપર બતાવેલ નાટક જોવામાં કાંઈ કઠિન ન પડયું. દિવસ ચાલ્યો ગયો, છેવટે સાંજ પડી ત્યારે કાંઇક શુભ વિચાર થયો, પોતાની મૂર્ખાઇ દૃષ્ટિએ આવી, પશ્ચાતાપ કરવા લાગ્યો. 'આજ મારો સોનાસરખો દિવસ ભાંડચેષ્ટા જોવામાં ફોગટ ગયો, તેમાં કાંઇ લાભ થયો નહી, નુકશાન ઘણું થયું, હવેથી હે આત્મા! આવી મૂર્ખાઇ કરીશ નહી. ધાર્મિક ક્રિયામાં બરાબર ઉદ્યમવંત થઈશ તો તારી જીંદગી સફળ થશે.' આવા વિચારો કરી હવે પછી કુતુહળ કાઠીયાને આધિન નહી થવા ભવ્ય જીવ સાવધાન થયો.

**રાગ લાવણી**–( મુજ ઉપર ગુજરી... )

આળસ–મોહ–નિદ્રા અને અહો! અહંકારે,
આ જીવ મુંઝાણો કરે ન ધર્મ લગારે;
ભય–શોક–કૃપણુતા–ક્રોધ કરી ભવ હારે,
પણ ચેતન જરીયે પોતાનું ન સંભારે. ૧.
રતિ–અરતિ–લોભ–અજ્ઞાને–પડે અંધારે,
કુતુહળ કરી પ્રાણી ધર્મ કરે નહિ ક્યારે;
આ તેર–કાઠીયા મારે પણ ન વિચારે,
રખડાવે સહુને એ સહુ આ સંસારે. ૨.
જે ચેતે તે નર જીવન જરૂર સુધારે,
પહોંચે પ્રેમે તે ભળજળધિ કિનારે;
નથી સાર લગારે આ સંસાર અસારે,
કરો ધર્મ કરો પ્રભુ ભક્તિ "ભક્તિ" ઉચ્ચારે. ૩.

આ પ્રમાણે ઉપર બતાવેલા તેર કાઠીયા પોતાનું ભિન્ન ભિન્ન સ્વરૂપ ધારણ કરી ભવ્ય જીવને જિનવાણી શ્રવણ કરતાં પાકા વિઘ્ન-

ભૂત થાય છે. ધર્મ સાંભળવા દેતા નથી. અનંત કાળથી જીવની પાછળ લાગ્યા છે. આ તેર દિવસો ગયા પછી પણ એક બીજા અવારનવાર આવીને જીવને બહુજ હેરાન કરે છે અને પ્રથમ બતાવેલ માનવ ભવાદિ ઉત્તમ સામગ્રી મળ્યા છતાં આ તેર કાઠીયાને વશ થયેલો જીવ સહજ વારમાં તમામ સામગ્રી ગુમાવી દુર્ગતિમાં ચાલ્યો જાય છે. કાઠીયાને વશ થયેલો જીવ કદાચ જિનવાણી શ્રવણ કરે, પરંતુ તેમાંથી કાંઇ તત્ત્વ નીકળે નહી. સાંભળ્યું પણ ન સાંભળ્યા જેવું થાય; કારણ જે જિનવાણી શ્રવણ કરતાં છતાં કાંઇપણ ગુણ ન થયો, અનાદિ કાળથી કુવાસના ન ટળી, સમ્યક્ત્વ દર્શન ન પ્રાપ્ત કરી શકયો, તો પછી તેવું શ્રવણ નકામું ગયું એમજ સમજવું. બરાબર વિચાર કરી સમજ રાખી તેરે કાઠિયાને દૂર કરી જિનવાણી શ્રવણ કરવી અને તેનું મનન કરવું, જેથી આત્માને તે હિતશિક્ષાની બરાબર અસર થશે અને આત્માનો અપૂર્વ ગુણ સમ્યકત્વ દર્શન પ્રાપ્ત થશે.

## આત્માને હિતશિક્ષા.

હે ચેતન ! હવે મનુષ્યાવતાર પામી, નિરોગી શરીર વિગેરે શુભ સામગ્રી પામી પ્રમાદ કરીશ નહી અને સંસારની મોહજાળમાં ફસાઇ નરકગમન કરીશ નહી. વારંવાર મનુષ્ય જન્મ પામવો દુર્લભ છે. કોઇની સાથે સાંસારિક વસ્તુઓ ગઇ નથી અને જવાની નથી. પુત્ર, ધન, સ્ત્રી દેખી તું શું મોહ કરે છે? અરે જીવ! તું જરા વિચાર કર. એ કદાપિ તારાં નથી, તારી વસ્તુ તારી પાસે છે, તેની જો ખોજ કરે તો વારંવાર જન્મ મરણના ફેરા કરવા પડે નહી. સ્મશાનવૈરાગ્યથી તારૂં કાંઇ હિત થવાનું નથી. તથા અમુક સારો, અમુક ખોટો ઇત્યાદિક પરભા-

વમાં રમવાથી તારૂં કાંઈહિત થવાનું નથી. તું મનમાં જાણે છે જે હું તમામ સમજું છું, પરંતુ તે મિથ્યા છે, કારણ જે તું તારા આત્મકલ્યાણમાં પ્રવૃત્તિ કરતો નથી. કર્મકલંકથી સહિત એવું હે ચેતન ! તારૂં વસવાનું સ્થાન તપાસ, તારે ક્યાં નિવાસ કરવાનો છે ? જે સ્થાનમાં તું હાલ છે તે ચંચળ છે, વિનાશી છે, ક્ષણુભંગુર છે, થોડા દિવસ માટે છે. આવા વિચારો હે જીવ ! મોહનીય કર્મના જોરથી નહી થવાથી સાધ્ય દૃષ્ટિ ભૂલી જાય છે અને ખાવામાં, પીવામાં, પહેરવામાં, ઓઢવામાં, ગાડી ઘોડા ખેલાવવામાં, માતા પિતા પુત્ર કલત્રાદિની સાર-સંભાળમાં એટલે સુધી તું ખુંચ્યો છે કે અનંત સુખનું કારણ સમ્યક્ત્વ રત્ન એકદમ નજીકમાં હોવા છતાં મેળવી શકયો નથી. ભાગ્યહિનને ઉત્તમ વસ્તુ હાથમાં આવી શકે જ નહી. તે બાબત શાસ્ત્રકારે કહ્યું છે જે—

**जह चिंतामणिरयणं, सुलहं नहु होइ तुच्छविहवाणं ।**
**गुणविहववज्जियाणं, जीयाणं तह धम्मरयणंपि ॥**

**અર્થ**—જેમ તુચ્છ વૈભવવાળા પુણ્યરહિત જીવોને ચિંતામણિ રત્ન સુલભ ન હોય, તેવીજ રીતે ગુણરૂપી વૈભવે કરી રહિત જીવોને ધર્મરત્ન પણ સુલભ ન જ હોય.

**વિવેચન**—પુણ્યરહિત જીવો મજુરી ઘણી કરે, શરીરે કલેશ ઘણો સહન કરે, સ્વદેશ છોડી પરદેશ જાય, ટાઢ, તાપ, ભુખ, તૃષા વિગેરે અસહ્ય કષ્ટો સહન કરે, છતાં તે કષ્ટનો આઠમો ભાગ પણ ધર્મસાધનમાં કષ્ટ નહી કરતાં વ્યર્થ જન્મ ગુમાવે છે. ધર્મરત્નને મેળવી શકતા નથી. તે આ જીવોની ઘણીજ ઘેલછા-મૂર્ખાઇ નહીં તો બીજુ શું સમજવું ? જુઓ ! સુયગડાંગ સૂત્રકાર ઉપદેશ દેતાં શું બતાવે છે ?

**संबुज्झह किं न बुज्झह, संबोहि खलु पेच्च दुल्लहा ।**
**नो हु वमणंति राइओ, नो सुलहं पुणरवि जीवियं ॥**

**અર્થ**—હે ભવ્ય પ્રાણીઓ ! તમે બોધ પામો, કેમ બોધ પામતા નથી ? પરલોકમાં બોધિરત્ન મળવું મુશ્કેલ છે. ગયા રાત્રિ દિવસો પાછા આવતા નથી અને ધર્મ સાધન કરવાને યોગ્ય જીવિત ફરીથી મળવું સુલભ નથી.

**વિવેચન**—આ જીવને અનંતાનંત દુઃખો સહન કરતાં—અનંત પુદ્ગલ પરાવર્તન કાળ સંસારમાં ભ્રમણ કરતાં, સમ્યક્ત્વ રત્ન ગ્રહણ કરવાનો સમય બહુ સુંદર આવ્યો છે. પરલોકમાં સમ્યક્ત્વ પામવું બહુ કઠિન છે. જે જે દિવસો ને રાત્રી જાય છે તે પાછા આવતા નથી. આયુષ્યને કાપી નાખે છે. પછી તેવી સામગ્રી મળતી નથી, હાલ મળી છે, છતાં પ્રતિબોધ નહીં પામે તો પછી અધોગતિમાં ચાલ્યો જઇશ. તેમાં શું આશ્ચર્ય ? આ હકીકત બહુ જ લક્ષમાં રાખવાની છે. હે જીવ ! તારે યાદ રાખવું જોઇએ જે સંસારમાં થોડી મુદત માટે ભેગા થયેલા કુટુંબાદિક તમામનું કાર્ય કરવાનું શીરપર આવ્યું તો પણ પોતાનું ન બગડે, પરભવનું—દુર્ગતિનું આયુ ન બંધાય, તે નિશાન કદાપ ભૂલવુ ન જોઇએ. ભૂલીશ તો મૂર્ખ અને ગમાર કહેવાઈશ. આત્મહિતનું સાધ્ય જો પાર પાડવું હોય તો જેવી સંસારના પદાર્થો ઉપર આનંદ અને આસકિત છે, તેવી જ આનંદ અને આસકિત આત્મકલ્યાણ કરવામાં કર. જો કરીશ તો સમ્યક્ત્વ રત્ન એક અંતર્મુહૂર્તમાં મળી શકશે. આત્મિક ભાવમાં આનંદ પ્રાપ્ત કરવા માટે આળપંપાળ છોડી દે, આર્તધ્યાન રૌદ્રધ્યાનને દેશવટો આપ. જડ ચૈતન્યની ઓળખાણ કર, મારૂં શું અને પારકું શું ? તેને સમજ. માર્ગથી ભૂલ્યો પડયો છું કે માર્ગ-

ઉપર ચડયો છું ? તેનો વિચાર કર. જો ચિદાનંદજી મહારાજ આ ચેતનને હિતશિક્ષા દેતાં આત્મિક ભાવમાં લીન થવા માટે શું કહે છે—

**પદ.**—ભૂલો ભમત કહા એ અજાન ! આલપંપાળ સકલ તુજ મૂરખ,
કર અનુભવરસ પાન; ભૂલો૦ આય કૃતાન્ત ગહેગો એક દિન,
હરિ જેમ મૃગ અચાન; હોયગો તન ધનથી તું ત્યારો.
જેમ પાકો તરૂપાન; ભૂલો, ભમત કહા એ અજાન !
માત તાત તરૂણી સુત સેંતિ; ગરજ ન સરત નિદાન;
ચિદાનંદ એ વચન હમારો, ધર રાખો પ્યારે કાન—ભૂલો૦

ચિદાનંદજી મહારાજનાં આ અમૃત સમાન વચન બરાબર મનમાં ધારી રાખવા લાયક છે. ચિદાનંદજી મહારાજ આ ચેતનને શીખામણ દેતા સમજાવે છે તેની ઉપર બરાબર ધ્યાન આપો.

હે ચેતન ! હે આત્મા ! તું અજાણ્યા માણુસની માફક ક્યાં રખડતો ફરે છે. જેમ કોઇ દેશમાં કે શહેરમાં આપણે જવું હોય પણ તેનો રસ્તો જાણુતા ન હોઇએ તો રસ્તામાં ફાંફાં મારવા પડે છે; તેમ અજાણ્યા માણુસની માફક હે ચેતન! તું ક્યાં રખડયા કરે છે ? આટલા ઉપરથી વિચાર થાય છે જે આપણે અનાદિ કાળથી ભૂલા ભમીએ છીએ, જો ભૂલા ન ભમતા હોત તો જલદીથી આત્માનો અવ્યાબાધ સુખનો ખજાનો પ્રગટ કરી મોક્ષમંદિરમાં લીલા લહેર કરતા હોત, પરંતુ ભૂલા પડ્યા ત્યાં શી વાત કરવી? આપણે સવારથી ઉઠી રાત્રી સુધી અનેક કાર્યો કરીએ છીએ, ખાઇએ છીએ, પીયે છીએ, વ્યાપાર કરીએ છીએ, ધન એકઠું કરીએ છીએ, પહેરીએ છીએ, ઓઢીએ છીએ, આ સિવાય બીજાં પણ અનેક કાર્યો આખો દિવસ કરીએ છીએ, થોડીવારની પણ નવરાશ આપણુને મળતી નથી. લેશમાત્ર એક કામ ઓછું થાય તો બીજા ચાર કાર્યો ઉભા કરવા તૈયાર છીએ, પરંતુ કોઇ એક

પણ કાર્ય કરતાં આપણે ભૂલા પડ્યા છીએ એવો વિચાર થતો નથી. રસ્તો શોધતા હોઇએ અને હાથ ન આવે તો ગભરાઇ જઇએ, એવો તો પ્રતિભાસજ કોઈ દિવસ થતો નથી. આપણે તો જાણે કે સર્વ કામ પોતાનાં હોય અને આપણો તે કાર્યની સાથે-વસ્તુની સાથે સાચો સંબંધ હોય. એવું ધારીનેજ કરતા હોઇએ એમ લાગે છે. કોઇ દિવસ પણ તે કાર્ય કરતાં એવું તો લાગતુંજ નથી જે આપણી વસ્તુ ખોવાઇ ગઈ છે, અને તે શોધવાને આપણે પ્રયત્ન કરીએ છીએ, પણ તે આપણને હજી જડતી નથી. અથવા આપણે ઇષ્ટસ્થાને જતાં માર્ગ ચૂકયા છીએ અને સાચા રસ્તાની શોધમાં છીએ. જ્યારે આ પ્રમાણે લાગતું નથી ત્યારે આળપંપાળ શબ્દમાંજ તેનો જવાબ આવી ગયો. આપણે જે કાર્ય કરીએ છીએ, જે કાર્ય કરવામાં આપણને લેશમાત્ર આત્મહિત કરવા ફુરસદ મળતી નથી, તે સર્વ તો આળપંપાળ જ છે, એમ હે ચેતન ! સમજ, દરેક કાર્ય કરતાં કાંઈ સાધ્ય હોવું જોઇએ, એવો સાધારણ નિયમ છે. પ્રયોજન વિના મંદ (મૂર્ખ) માણસ પણ પ્રવૃત્તિ કરતો નથી, તેથી આપણા કાર્યનું પણ સાધ્ય ન હોય તો આપણે પણ મંદ અને મૂર્ખજ ગણાઇએ. આ પ્રમાણે હોવાથી આપણાં સંસારનાં કાર્યોનું સાધ્ય શું છે ? તેનો વિચાર કરીએ તો જણાઇ આવશે કે-એમાં કાંઇ ઢંગધડો નથી; આળપંપાળ જ છે. સવારથી સાંજ સુધી કામ કરી પૈસા પેદા કરનારને પૂછશો જે 'પૈસા મેળવીને શું કરશો ?' તો જવાબ હસવા જેવો મળશે. આખો દિવસ ધર્મકાર્ય વિના નકામો ટાઇમ ગાળનાર અને બાપની પુંજી બેઠાં બેઠાં ખાનારને જીંદગીનું સાધ્ય પૂછશો તો ખાવું, પીવું, એશઆરામ કરવો વિગેરે વિગેરે જવાબ મળશે. પરંતુ યથાર્થ વસ્તુનું પ્રતિપાદન કરી, સંસાર ઉપરથી રાગ ઉઠી જાય, રાગદ્વેષ કમી થાય, આત્મકલ્યાણ જલદી

થાય, તેવો જવાબ કોઈ આપશે નહી. પૈસા કમાવા, છોકરાઓને વારસો આપી જવો, ખાવું પીવું, સગાં સંબંધીના વ્યવહારિક કાર્યો કરી આપવાં, રોગી થઇ પથારીવશ થવું અને છેવટ મરણ આવે ત્યારે ચાલ્યા જવું. આ પ્રમાણે ધમાલમાં ને ધમાલમાં જીંદગી ખલાસ થઇ જાય, છતાં આ જીવ તેમાંજ આંખો મીંચીને ચાલ્યો જાય છે. પૈસાની ઇચ્છાનો છેડો આવતો નથી. હજાર થાય તો લાખ, લાખ થાય તો ક્રોડ, ક્રોડ થાય તો અબજ, ખર્વ, મહાખર્વ, છેવટમાં રાજપદવી દેવલોક ને ઇન્દ્રની પદવી સુધી પણ ઇચ્છાની પૂર્ત્તિ નહી થવાથી સંતોષ થતો જ નથી. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ઇચ્છા આકાશ સમાન બતાવી છે. આકાશનો પાર નથી તેમ ઇચ્છાનો પણ પાર નથી. જો સંતોષને હાથમાં ગ્રહણ કરે તોજ ઇચ્છા અટકી પડે.

એક કવિએ કહ્યું છે જે—

જો દશ વીશ પચાસ ભયે, શત હુઇ હજાર તું લાખ મગેગી,
કોડી અબજ ખર્વ અસંખ્ય, ધરાપતિ હોનેકી ચાહ લગેગી;
સ્વર્ગ પાતાલકો રાજ્ય કરો તૃષ્ણા અધિકી અતિ આગ લગેગી,
સુંદર એક સંતોષ વિના, શઠ તેરી તો ભુખ કબી ન ભગેગી.

આવી રીતે સંતોષ વિના ઇચ્છાની તૃપ્તિ થતી નથી. કદાચ સ્વયંભૂરમણ સમુદ્રનો પાર પામી શકાય, પરંતુ લોભસમુદ્રનો પાર પામવો ઘણોજ મુશ્કેલ થઇ પડે છે, જેથી ઢંગધડા વિનાનું જીવન પૂર્ણ થઇ જાય છે. પૌદ્‌ગલિક વસ્તુની પ્રાપ્તિમાં કોઇપણ પ્રકારનો ખરો આનંદ છેજ નહી. આથી વસ્તુપ્રાપ્તિ કે ધનપ્રાપ્તિ ખરૂં સાધ્ય હોઇ શકેજ નહી, કારણ જે તે નાશવંત સ્વભાવવાળું છે. ત્યારે આ બધી પ્રવૃત્તિ શામાટે ? આ તમામ ધમાલ કોને માટે ? આ બાબતનું અંતિમ લક્ષ્ય શું સમજવું ?

કાંઇક વધારે મનન કરો, વિચાર કરો, દીર્ઘદર્શીપણે અવલોકન કરો, વિચાર કરતાં કરતાં ધનપ્રાપ્તિના અંગે છેવટ આ ધમાલ પૌદ્ગલિકજ દૃષ્ટિગોચર થશે. કીર્તિને માટે જે પ્રવૃતિ કરવી તે પણ ત્યાગ કરવા લાયક છે, કારણજે તે માન કષાયનો ભેદ હોવાથી પૌદ્ગલિક છે, અને નામ તો કોઇનું અમર રહેવાનું નથી, રહ્યું નથી, કીર્તિની ખાતર જે જે ધાર્મિક પ્રવૃતિઓ કરવામાં આવે તે પણ બરાબર પૂરેપૂરી ફળવતી થતી નથી. પૌદ્ગલિક વસ્તુની આસક્તિને લીધે તેનું ત્યાજ્યસ્વરૂપ સમજ્યા પછી પણ ઘણાખરા ત્યાગ કરી શકતા નથી. તેટલા માટેજ ચિદાનંદજી મહારાજ કહે છે જે–' હે ચેતન ! તું અજ્ઞાનીની માફક ભૂલો પડી ક્યાં ભટક્યા કરે છે ? જરા વિચાર તો કર. તારા માર્ગનું અવલોકન કર. માર્ગથી ભૂલા પડેલા વટેમાર્ગુની માફક આડા અવળા રસ્તે ક્યાં ગમન કરે છે ? આ તમામ આળપંપાળને છોડી દઇ અનુભવ રસનું પાન કર, જેથી તને તેમાં એવો આનંદ આવશે કે તે આનંદ તું કોઇને કહી પણ શકીશ નહી. તારા આત્મામાં ઘણો પ્રકાશ થશે, ને તારી આ ભવયાત્રા નકામા ફેરા જેવી ન થતાં કાંઇક સફળ થશે.' આ ભવની યાત્રા સફળ કરવા માટે અનુભવ જ્ઞાનની પ્રાપ્તિ કરવી એજ ખરૂં તત્ત્વ છે અને તેવા અનુભવ જ્ઞાનથીજ કર્મબંધન અટકશે, પૌદ્ગલિક વસ્તુઓ ઉપરથી રાગ ઉઠી જશે અને જીવન સફળ થશે.

### ગઝલ.

મોંઘેરો દેહ આ પામી, જુવાની જોરમાં જામી;
ભજ્યા ભાવે ન જગસ્વામી, વધારો શું કર્યો સારો... ૧
પડીને શોખમાં પૂરા, બની શૃંગારમાં શૂરા;
કર્યાં કૃત્યો બહુ બૂરાં, પતાવ્યો શી રીતે વારો... ૨
ભલાઇ ના જરી લીધી, સુમાર્ગે પાઇ ના દીધી;
કમાણી ના ખરી કીધી, કહો કેમ આવશે આરો... ૩

ગુમાને જીંદગી ગાળી, ન આણુ વીરની પાળી;
જશો અન્તે અરે ! ખાલી, લઇ બસ પાપનો ભારો... ૪
નકામા શોખને વામો, કરો ઉપકારના કામો;
અચળ રાખો રૂડા નામો, વિવેકી વાત વિચારો... ૫
સદા જિનધર્મને ધરજો, ગુરૂ "ભક્તિ" સદા કરજો;
ચિદાનંદ સુખને વરજો, વિવેકી વાત વિચારો... ૬

આ પ્રમાણે હોવા છતાં કાંઇપણ નહી સમજે તો હું ને મારૂં કરતાં કરતાં જેવા અનંતા ભવ નિષ્ફળ ગયા તેવી રીતે આ ભવ પણ નિષ્ફળ જશે અને જેમ મૃગને ( હરણને ) અચાનક સિંહ પકડીને મારી નાખે છે, તેવીજ રીતે કાળરાજા ( મૃત્યુ ) તને અહીંથી અચાનક ઉપાડી જઇ તારા જીવનનો અંત લાવશે. તે વખત તારે એકલા સર્વ વસ્તુઓ સ્ત્રી, ધન, ઘર, હાટ, હવેલીઓ વિગેરે છોડીને ચાલ્યા જવું પડશે. શાસ્ત્રકાર કહે છે જે—

**जहेह सीहो व मियं गहाय, मच्चू नरं णेइ हु अंतकाले ।**
**न तस्स माया न पिया न भाया, कालंमि तम्मि सहरा भवन्ति ॥**

'જેમ સિંહ મૃગલાના ટોળામાંથી મૃગલાને પકડી જાય છે, તેવીજ રીતે અંતકાળે કુટુંબાદિકના ટોળામાં રહેલા આ જીવને મૃત્યુ પકડી જાય છે. તે પકડતી વખતે મરનાર જીવને માતા પિતા પ્રિયા ભાઇ કોઇ ભાગી થતા નથી. અર્થાત્ દુઃખમાં ભાગ લેતા નથી–મરણથી છોડાવતા નથી.' ન જવું હોય તો પણ જીવને બળાત્કારથી જવું પડે છે તે ચોકસ સમજ. મરવું એ નિઃસંદેહ હકીકત છે–શંકા વગરની વાત છે. મોટા મોટા માન્ધાતા તથા રાવણ જેવા રાજાઓ, ચક્રવર્તિઓ, બલદેવો, વાસુદેવો, ઇન્દ્રો જેવા પણ સમય આવ્યો ત્યારે પોતપોતાના સ્થાન છોડી ચાલ્યા ગયા છે. તેઓ એવા બળવાન હતા કે આખી પૃથ્વીને ઉથલપાથલ કરી નાખે, છતાં એક ક્ષણવાર પણ આયુની સ્થિતિ વધારી

શકયા નથી અને તેવાઓની પાછળ રહેલી ઋદ્ધિ સિદ્ધિ કે પરિવાર કોઈની સાથે ગયો નથી અને જવાનો પણ નથી. તો પછી તને હે ચેતન ! તે કાળરાજા ઓચિંતો પકડશે તેમાં શું આશ્ચર્ય ! આવી ચોકસ નિશ્ચયાત્મક બાબત હોવાથી તારે અત્યારથી જં જાગ્રત રહેવાની જરૂર છે. તેમાં ખાસ ધ્યાનમાં રાખવા લાયક બીના એજ છે જે કયે વખતે આ મૃત્યુરૂપી સિંહ આવી તારી ઉપર ફલંગ મારશે અને તને પકડીને દેહથી ભિન્ન કરી નાંખશે. તેની તને ખબર નથી અને તે બાબતની ચોવીશ કલાકની તો દૂર રહી પરંતુ એક મિનિટની પણ તને નોટીસ મળવાની નથી અને તે અવસ્થા પ્રાપ્ત થવાની છે તે ચોકસ છે. તેની સાથે એટલું પણ ચોકસ છે જે તારી પાસે જેજે વસ્તુઓ હશે, તારા તાબામાં–તારી માલીકીની જે જે વસ્તુઓ હશે તે સર્વ અહીં રહી જશે, તેમાંનું કોઇપણ તારી સાથે આવવાનું નથી, તું લઇ જઈ શકવાનો નથી, તારે એકલા ચાલ્યા જવું પડશે અને તને કોઇની સાથે એક મિનિટ પણ વાત કરવાનો કે ભલામણ કરવાનો અવકાશ મળશે કે નહી તે પણ ચોકસ નથી. તેમ તારા જીવનમાં કરેલાં દુષ્કૃત્યોનો પશ્ચાત્તાપ કરવાનો પણ સમય મળશે કે નહી તે પણ ચોકસ નથી. પરલોક ગમન કરવું, વસ્તુ માત્ર છોડવી, તે ચોકસ છે. કારણ જે સંસારી જીવો મરણધર્મવાળા છે તેજ બાબત સમરાદિત્યના રાસમાં પદ્મવિજયજી મહારાજ કહે છે—

મરણધર્મી સહુ જીવડા, હા હા ભવ ગયો એળે રે;
નરપતિ સુરપતિ સહુ જણા, નવી દીસે કોઇ કાળે રે.
અથીર સંસાર એણીપેરે. ૧

ધન્ય તે શેઠ સેનાપતિ, ચિંતામણિ સમ જાણી રે;
ઘર છોડી વ્રત આદરે, ધનધન તાસ કમાણી રે.
અથીર સંસાર એણીપેરે. ૨

આ ગાથામાં પણ એજ બાબત બતાવી જે 'સંસારમાં તમામ જીવો મરણધર્મવાળા છે. વસ્તુ માત્ર અનિત્ય અને ક્ષણભંગુર છે. ચિંતામણિરત્નથી અધિક ધર્મરત્ન ગ્રહણ કરે, વ્રત પચ્ચખ્ખાણ અંગીકાર કરે અને સમજપૂર્વક ઘર ઋદ્ધિ વિગેરેનો ત્યાગ કરે તેવા જીવોનીજ સાચી કમાણી છે.' બાકી તો માગી લાવેલા આભૂષણો જેમ પાછા આપવાં પડે છે, તેવી રીતે સંસારની વસ્તુ માત્ર પાછી આપવી પડશે. તે બાબતનું સમર્થન કરતાં શ્રી યશોવિજયજી મહારાજ જ્ઞાન-સાર અષ્ટકમાં કહે છે જે—

**पूर्णता या परोपाधेः, सा याचितकमण्डनम् ।**
**या तु स्वाभाविकी सैव, जात्यरत्नविभानिभा ॥ १ ॥**

**શબ્દાર્થ**—પૌદ્‌ગલિક વસ્તુથી ઉત્પન્ન થયેલી જે પૂર્ણતા તે માગી લાવેલા ઘરેણા સરખી છે; પરંતુ સ્વભાવજનિત જે પૂર્ણતા છે તે ઉત્કૃષ્ટ રત્નની કાંતિ સરખી છે.

**વિવેચન**—ધન, રમણી, દેહ, સ્વજન, રૂપ, સૌભાગ્ય, બળ, યૌવન, ઐશ્વર્યઆદિ પૌદ્‌ગલિક પદાર્થોની પ્રાપ્તિથી થતી જે પૂર્ણતા-સંગ્રહતા, તે યાચના કરીને માગી લાવેલા કંકણ કુંડલ કંદોરા કંઠી વિગેરે આભરણો સરખી છે. જેમ માગી લાવેલા ઘરેણાં લાંબા દિવસ રાખી શકાય નહી, મુદત થયે પાછાં આપવા જ પડે. કોઇ શેઠ પોતાના પુત્રને પરણાવવા વખતે બીજા ધનાઢ્યને ઘેરથી પુત્રને પહેરાવવા માટે ઘરેણાં અમુક મુદત કરીને માગી લાવે, પછી મુદત પૂરી થાય કે તુરતજ ઉતારીને પાછાં આપવાં પડે, તેવીજ રીતે પૌદ્‌ગલિક વસ્તુની પૂર્ણતાથી ભરેલા જીવને આયુરૂપી મુદત પૂરી થયે તરતજ પૂર્ણતા મૂકીને ચાલ્યું જવું પડે, કાંઇપણ સાથે લઇ જવાય નહી. સંજમ નહી ગ્રહણ કરેલા ચક્રવર્તિઓ તથા વાસુદેવો, પ્રતિવાસુદેવો, રાજા મહારાજાઓ,

પોતાની પૂર્ણતાઓ કેતાં રાજ્યઋદ્ધિઓ છોડી છોડીને નરકાદિક ઘોર દુર્ગતિના ભાજન થયા અને ત્યાં અસહ્ય દુઃખો ભોગવવા લાગ્યા. ચક્રવર્તિ જો સંજમ ગ્રહણ કરે તોજ સકળ કર્મનો ક્ષય કરી મોક્ષે જાય અથવા દેવલોકમાં જાય, પરંતુ સંજમ ન ગ્રહણ કરે ને આખી જીંદગી માગી લાવેલા ઘરેણા જેવી પૌદ્ગલિક પૂર્ણતામાંજ વીતાવે તો સાતમી નરકે જાય. કેટલાક આચાર્યો કહે છે જે પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી– આ સાતમાં ગમે તે નરકે જાય અને પૂર્ણતા પાછી સોંપવી પડે. આ સંબંધમાં બ્રહ્મદત્ત ચક્રવર્તિ, સુભૂમ ચક્રવર્તિ વિગેરેના દૃષ્ટાંતો પ્રસિદ્ધ છે. આવી પૂર્ણતા જીવે ભવચક્રમાં ભટકતાં ઘણી વાર પ્રાપ્ત કરી, પણ કોઈ કાર્ય સિદ્ધ થયું નહી, ત્યારે જ્ઞાનાદિ ધર્મ જે આત્માના ગુણ છે તેથી થતી જે પૂર્ણતા તેજ સાચી પૂર્ણતા છે તે કોઇ દિવસ પણ આત્માથી જુદી નહી પાડવાવાળી ચિંતામણિ આદિ ઉત્તમ જાતિના રત્નની કાન્તિ જેવી છે. એટલે જેમ શ્રેષ્ટ રત્નની કાંતિ જ્યાં સુધી તે રત્ન વિદ્યમાન હોય ત્યાં સુધી તેની સાથેજ રહે છે, તેવીજ રીતે આત્માની જે સ્વભાવિક પૂર્ણતા છે તે પણ આત્માની સાથેજ અનંત કાળ સુધી રહે છે.

આવી સાચી પૂર્ણતા પ્રાપ્ત કરવા જ્યાં સુધી ઉદ્યમ નહીં કરે ત્યાં સુધી જન્મ મરણના ફેરા ટળવાના નથી. અત્યારે તો મરણ શબ્દ પણ તને કડવો ઝેર જેવો લાગે છે; કોઇ મરણ સંબંધી શબ્દ ઉચ્ચાર કરે તો પણ તને તે અપમંગળ લાગે છે પરંતુ એ બાબતમાં તારી હે ચેતન ! મોટી ભૂલ થાય છે. તું જાણે છે કે જે સ્થિતિને મોટા ચક્રવર્તિઓ અને તીર્થંકરો પણ ઉલંઘી શકયા નથી, જે સ્થિતિનો પ્રતિકાર મોટા ધનવંતરી વૈદ્યો પણ કરી શકયા નથી, તે સ્થિતિની તૈયારીને તું અપમંગળ માને

છે, તે મોટી ભૂલ કરે છે. અને તે બાબત ફોગટ ખેદ કરે છે, માટે તે મરણની સ્થિતિ બરાબર તપાસી ધૈર્ય અવલંબન કર. એ મરણુથી હવે ડરવાની જરૂર નથી.

પરંતુ તેના સંબંધમાં અમુક ધોરણ કરવાની જરૂર છે. ચેતન તો કદાપિ મરણ પામનાર નથી, એ ચેતનની અજરામરતા શાસ્ત્ર-પ્રસિદ્ધ છે. શરીરથી ચેતન ભિન્ન થાય છે તે સ્થિતિને મરણ કહેવામાં આવે છે. કેટલાક મૂઢ પ્રાણીઓ સંસારના દુઃખથી કંટાળીને મરણને ઇચ્છે છે, પરંતુ સંસારના દુઃખથી વ્યાકુળ થયેલાને છુટવાનો એ માર્ગ નથી. જેને ખસ થઇ હોય તેને તેના-પર જરા ખણુવાથી સારૂં લાગે છે; પરંતુ પરિણામે વધારે વધારે દુઃખ ઉત્પન્ન થાય છે. તે ખસને મટાડવાનું કારણ ખણુવું તે નથી, પરંતુ તેનું બરાબર ઔષધ કરવું તે છે. તેવીજ રીતે સંસારના દુઃખથી ખરેખરી તપત લાગતી હોય તો તેનો ઉપાય મરણનું શરણ માગવામાં નથી, પરંતુ દુઃખ કદાપિ આવે જ નહીં તેવા ઉપાયો શોધવામાં છે. આ પ્રમાણે વસ્તુસ્થિતિ હોવાથી દુઃખથી કંટાળો ઉત્પન્ન થયો હોય તો પણ કદાપિ મરણને ઈચ્છવું નહીં, તેમજ આખરે મરી જવું છે, આવા વિચારથી ડરી પણ જવું નહીં. તેમ ડરવાથી કે કાયર થવાથી કોઇ પ્રકારનો લાભ નથી.

શાસ્ત્રકાર કહે છે જે—

**धीरेणवि मरियव्वं, काउरिसेणावि अवस्स मरियव्वं ।**
**तम्हा अवस्समरणे, वरं खु धीरत्तणे मरिउं ॥**

'ધીરને પણ મરવાનું છે, અને કાયરને પણ મરવાનું છે, બંને પ્રકારે મરણ તો છેજ તેમાં ફેરફાર તો થવાનો નથીજ, તો પછી ધીરપણાવડે કરીને મરવું તેજ ઘણું ઉતમ મરણ છે, બાકી તો કાયર થઇને અનંતા મરણ કર્યાં છે.' શ્રીઉત્તરાધ્યયન સૂત્રના નવમા

પ્રત્યેકબુદ્ધ અધ્યયનમાં યુગબાહુને પોતાના ભાઈ મણિરથે શસ્ત્રથી એટલો બધો માર માર્યો કે મરણની તૈયારી થઇ ગઇ, રૌદ્રધ્યાન થવાનો સમય નજીક આવ્યો, છતાં તે યુગબાહુની સ્ત્રી મદન-રેખાએ નિઝામણા કરાવી; પંચ પરમેષ્ટીના સ્મરણમાં લીન કર્યો, શત્રુ મિત્ર ઉપર સમભાવ રખાવ્યો, મરણ સુધરે તેવી રીતનો સચોટ ઉપદેશ દેવાવાળી બની, જેથી યુગબાહુ થોડીકવારના શુભ અધ્યવસાયથી કાળ કરી પાંચમા બ્રહ્મ દેવલોકમાં દેવતા થયો. ધીરપણાથી મરણ થયું તો દુર્ગતિ ન થઇ. કદાચ કાયર થઇને હે ચેતન ! મરીશ તો મરણ કાંઇ દૂર જતું નથી તેમ અટકતું નથી. માટે કોઇ સાથે સખત વૈર વિરોધ રાખવો નહીં. કદાચ કોઇની સાથે ખેદ કે બોલાચાલી થઇ હોય તો તેના માટે ક્ષમા યાચના કરી સર્વ જીવોની સાથે વૈરવિરોધ ખમાવીને શાંતિ પકડવી. જેથી સામો માણસ પણ પ્રાયઃ વૈર કાઢી નાખશે, જો તું તેમ નહી કરે તો વૈરનો પ્રવાહ ભવાંતરમાં ચાલુજ રહેશે. જેનું જીવન પવિત્ર છે તે જીવને મરણ સમયમાં કોઇ પ્રકારે દુઃખ થતું નથી, જેનું જીવન કફોડી સ્થિતિવાળું છે, તેને અહીંયાં પણ દુઃખ ને પરભવમાં પણ દુઃખની શ્રેણિ છે, માટે જીવન સુધારવું તે ખાસ કર્તવ્ય છે. શુદ્ધ જીવનવાળાને મરણના વિચારમાં દુઃખ નથી, શોક નથી, ખેદ નથી. આવું ઉત્તમ જીવન મનુષ્ય ભવ વિના બીજે નહી થઇ શકે, માટે હે ચેતન ! બરાબર કમ્મર કશ, અને વિચાર કર કે આ ભવમાં ધર્મ આરાધન માટે જે સગવડો મળી છે, જે જોગવાઇઓ પ્રાપ્ત થઇ છે, તે વારંવાર મળતી નથી, જેથી તે મળેલી જોગવાઇઓથી આત્મહિત કરી લેવામાં ન આવે તો તેના જેવી બીજી ગંભીર ભૂલ નથી. અનેક પ્રકારની ઉત્તમ જોગવાઇથી ભરપૂર માનવ ભવ નકામો ચાલ્યો જાય તો બહુજ ખોટું થયું ગણાય. અજાણ જીવો તો ખાવાપીવાની વસ્તુઓ મેળવવી, ધનસંચય કરવો, પુત્ર-

પૌત્રાદિક પરિવાર વધારવો, રહેવા માટે નવા નવા બંગલા બનાવવા અને સાચી ખોટી રીતે પોતાની માન પ્રતિષ્ટા વધારવી એમાંજ ગુંથાયેલા હોય છે; તેવા અજાણુ જીવો તો માર્ગથી ભ્રષ્ટ થઇ સંસારશેરીમાં ભૂલા પડીને અનાદિ કાળથી ભટકયા જ કરે છે. તેવા જીવોને સાચું સુખનું સ્થાન જે મોક્ષ તે બહુજ દૂર રહે છે. તેનો ખ્યાલ પણ તેવા અજાણુને આવતો નથી. તે સુખને પ્રાપ્ત કરવા ભાવના પણુ થતી નથી અને પોતાની જીંદગીભરની કપટ, દગા, પાશલા, જૂઠ, ચોરી, પરદારાગમન વિગેરેથી થયેલી અધમ દશાને દૂર કરવાનો આત્મા સાથે વિચાર પણુ થતો નથી. એવા પ્રાણીઓ સંસારમાં આસકત રહી આડા અવળા ગોથાં ખાધા કરે છે અને અનેક પ્રકારની ઉપાધિઓથી વ્યાપ્ત થઇ ભારે થતા જાય છે. એવા જીવોના મનના પરિણુામ, તેની પ્રવૃત્તિઓ, તેના વિચારો વિગેરે તપાસ્યું હોય તો અનેક પ્રકારે સાંભળનારને પણુ કંટાળો આવે તેવા હોય છે. આવી સ્થિતિમાં હે ચેતન ! મજા નથી. એ સ્થિતિથી ચોરાસી લાખ જીવાયોનિમાં નવનવા ભવો કરવા પડશે. તિર્યંચ ગતિમાં કુતરા, બીલાડા, વ્યાઘ્ર, સિંહ, ઉંટ, સર્પ, ગધેડા, ઘોડા વિગેરેના ભવો કરવા પડશે અને ભવભ્રમણુ ઉભું રહેશે. માનવજીવન હાથ આવ્યા છતાં, દુર્ગતિના ભવો ઉત્પન્ન કર્યા, તેમાં કેટલું ખોયું ? કેટલું નુકશાન થયું ? કદાચ તું હે ચેતન! એમ માનતો હઇશ જે મને મારાં માબાપ, સ્ત્રી, પુત્ર, મામા, માસી વિગેરે સુખ આપશે, તેથી તેઓની ખાતર પ્રયાસ કરી કાંઇ પ્રાપ્ત કરી રાખું, અથવા તેઓનો આધાર રાખી હું સંસારમાં મસ્ત રહું, તો તે પણ તારી મોટી જબરજસ્ત ભુલ છે. કારણુ જે જ્ઞાની મહારાજ કહે છે જે—

**मा जाणसि जीव तुमं, पुत्तकलत्ताइ मज्झ सुहहेउ ।**
**निउणं बंधणमेयं, संसारे संसरत्ताणं ॥ १ ॥**

**અર્થ**—હે જીવ ! આ સંસારમાં એકાંત દુઃખના હેતુ પુત્ર, સ્ત્રી, મિત્રો વિગેરેને તું સુખના હેતુ જાણીશ નહીં. કારણ જે સંસારમાં ભ્રમણ કરતાં જીવોને એ પુત્ર, સ્ત્રી, મિત્રો વિગેરે સગાં સંબંધીઓ જબરજસ્ત કર્મબંધનના કારણ છે; પરંતુ તને સંસારમાંથી છોડાવીને મુક્તિમંદિરમાં પહોંચાડનારાં નથી. કેટલીકવાર આપણે વ્યવહારમાં તપાસીએ છીએ ત્યારે સગાં-સંબંધીનો સ્નેહ ક્ષણિક માલુમ પડે છે. ધનની ખાતર ભાઈઓને પરસ્પર લડતાં જોયા છે, અને તે એવા તો લડે છે, ક્લેશ કરે છે કે એકબીજાને પાણી પીવાનો પણ સંબંધ રહેતો નથી. માતાપિતાના સ્નેહમાં પણ સ્વાર્થનો સ્નેહ કેટલો બધો જોવામાં આવે છે. તેઓ પૈસા કમાવાવાળા પુત્રો અને નહીં કમાવા-વાળા પુત્રો તરફ કેટલું અંતર રાખે છે તે જોઇ શકાય છે. આ તો વ્યવહારમાં આપણે જોયું પરંતુ આત્મહિત કરવાનાં કાર્યમાં તો તેઓ તરફથી ઘણીજ અડચણો ઉભી કરવામાં આવે છે. આત્મ-સાધન કરનાર પુત્રનો તીરસ્કાર કરવામાં આવે છે અને છેવટ તેને સમજાવી—ફોસલાવીને સંસારમાં ખેંચી લાવવાનો પ્રયત્ન સર્વત્ર જોવામાં આવે છે. તેની સાધ્યદ્રષ્ટિમાં મદદગાર બનવું એ તો સેંકડે નેવું ટકા તો અભાવ રૂપ છે. જો કે કાળરાજા ઓચિંતો ગમે ત્યારે ગરદન પકડે તે વખત તેને અટકાવવા સમર્થ થતાં નથી. આથી શાસ્ત્રકાર તત્ત્વદષ્ટિથી ધર્મમાં વિઘ્ન કરનારને શત્રુભૂત કહે છે. જુઓઃ—

**मातापितास्वसृगुरुश्च तत्त्वात्, प्रबोध्य यो योजति शुद्धमार्गे ।**
**न तत्समोऽरिः क्षिपते भवाब्धौ, यो धर्मविघ्नादिकृतेश्च जीवं ॥**

**અર્થ**—જે માણસ શાસ્ત્રની આજ્ઞાનુસાર બોધ કરીને શુદ્ધ માર્ગમાં બીજા જીવને જોડે છે તેજ તત્ત્વથી ખરી રીતે તેની માતા, તેના પિતા, તેની બ્હેન અને તેજ સુગુરૂ કહેવાય; પરંતુ જે ધર્મમાં વિઘ્ન કરવાવાળા માતાપિતાદિક અથવા ગમે તે હોય તેના સમાન બીજા કોઇ શત્રુ નથી, શાથી જે તે ધર્મમાં વિઘ્ન કરી આ જીવને દુર્ગતિમાં નાખે છે.

**વિવેચન**—એક અદ્‌ભૂત આશ્ચર્યની વાત છે જે અનંતકાળથી ભવભ્રમણ કરતાં મહાપુણ્યના ઉદયથી મનુષ્યભવાદિ ઉત્તરોત્તર શુદ્ધ સામગ્રી જીવને મળી, ગુરૂમહારાજના અમૃતસરખી સંસારને છેદન કરનારી દેશના સાંભળી, જીવ પ્રતિબોધ પામ્યો, સંસારનો ત્યાગ કરી પરમેશ્વરી પ્રવૃજ્યા ગ્રહણ કરવા ઉજમાલ થયો, તે સમયની ચારિત્રની શુદ્ધ ભાવનાથી છઠ્ઠા સાતમા ગુણઠાણાનો માલીક થયો, તે માર્ગથી હેઠે પછાડી સંસારમાં ભટકાવનાર માતાપિતાદિકને આ જીવ હિતકારી માને છે; પરંતુ તત્વદૃષ્ટિથી તપાસ કરતાં, શાસ્ત્રકાર તેમને શત્રુસમાન કહે છે તે બરાબર છે. કારણ જે શત્રુ હોય તે સામા માણસનું ધન ખોવરાવે કે બીજું ગમે તે નુકશાન કરે, તેમ આ જીવને ઉચ્ચ કોટી ઉપર ચડતાં નીચે પછાડ્યો તેણે કેટલું નુકશાન કર્યું? કેટલું આંતરિક ધન ખોવરાવ્યું? તે હે ચેતન! બરાબર સમજ.

આ કારણથી સાંસારિક સગાં સ્નેહીઓની ખાતર રાત દિવસ આરંભ સમારંભમાં મચ્યા રહેવું અને આત્મહિતની પ્રવૃત્તિ ન કરવી તે ભૂલ ભરેલું કાર્ય છે. બરાબર વિચાર કરતાં જણાશે કે આ જીવ ધનપ્રાપ્તિ વિગેરે પૌદગલિક વસ્તુઓમાં લલચાઇ જઇ તેની ખાતર જીંદગી પૂરી કરવાનીજ વાતો કરે છે તે અસત્ય છે; સાચી વાત તો તેને ધન ઉપર અનાદિ કાળથી એવી તો મૂર્છા લાગી છે જે તેની પ્રાપ્તિના અને તેની

સાચવણીના વિચારોમાં તેને એટલો બધો આનંદ આવે છે જે તે ધનની ખાતરજ ધન પછવાડે મંડ્યો રહે છે, આગળ પાછળનો વિચાર કર્યા વગર એમાંજ આસકત રહે છે, અને તેની સાથે એવા જોરથી ગાંઠ બાંધે છે કે જાણે કોઇ દિવસ તેનો વિયોગ થવાનો જ ન હોય. આ આખી માન્યતા ભૂલભરેલી હોવાથી પરિણામ વિપરીત આવે તેમાં શું આશ્ચર્ય ?

હે ચેતન ! જો તારે ઉચ્ચ કોટી ઉપર ચડવું હોય, આત્મકલ્યાણ કરવું હોય તો શુદ્ધ અંતઃકરણથી શુદ્ધ ભાવના પ્રગટ કર. થોડા દિવસમાંજ કાર્ય સાધી લે, ઉત્તમ નરભવાદિ સામગ્રીથી ગજસુકુમાળ, ધનાકાકંદી, ધન્ના શાલિભદ્ર, મેઘકુમાર, આર્દ્રકુમાર, મૃગાપુત્ર, અનાથીમુનિ, ખંધકમુનિ, ઢંઢણઋષિ, ઝાંઝરીયા મુનિ વિગેરે મહામુનિમતંગજો આ સંસારને અસાર સમજી, દુઃખના ઓજારૂપ જાણી, વિષયસુખને વિષના પ્યાલા સરખું સમજી, સંજમ ગ્રહણ કરી, આત્મખજાનો પ્રગટ કરી ગયા. તેજ ઉતમ નરભવ, ઉત્તમ કુળ, નિરોગી શરીર વિગેરે સામગ્રીને તું કેમ ગુમાવે છે ? વિભાવ દશામાં કેમ પડ્યો છે ? તેનો વિચાર કર. વળી તને જેના ઉપર અત્યંત રાગ છે, તે શરીર પણ તારૂં નથી, તો પછી માતાપિતા પુત્ર કલત્રાદિ હે ચેતન ! તારાં સગાં કેવી રીતે થશે ? તને વેદનામાંથી કેવી રીતે છોડાવશે ? પરલોકમાં કેવી રીતે સહાય કરશે ? કારણ કે ચૌદ રાજલોકમાં આ જીવ સ્વકર્માનુસાર ક્યાંયે ઉત્પન્ન થઇ જશે અને કુટુંબાદિક પણ ક્યાંઇ વીખરાઇ જશે તે તું પ્રત્યક્ષ જુએ છે.

વળી આ શરીર પણ ત્રણ મિત્રપૈકીનો નિત્યમિત્ર હોવા છતાં મરણ વખત સહાય નહીંજ કરે, તને જલદી કાઢી મૂકશે, તારે જરૂર નિકળવું પડશે; જે શરીર માટે અનેક પાપો કર્યા હશે,

નહીં ખાવાના પદાર્થો–અભક્ષ્ય અનંતકાય વિગેરે ખાધા હશે, બીડી હોકો ગાંજો વિગેરે પીધા હશે, રાત્રિભોજન પરદારાગમન વિગેરે અકૃત્ય કર્યાં હશે, સારા સારા પદાર્થો ખવરાવી ખુબ પુષ્ટ બનાવ્યું હશે, તે તારા ઉદારિક શરીરને એક ઘડીવાર પણ કોઇ ઘરમાં રાખશે નહીં, પરંતુ ભસ્મીભૂત કરશે. તે શરીરના પરમાણુઓ ચૌદ રાજલોકમાં રહેલા પરમાણુઓ તથા સ્કંધો વિગેરેમાં ભળી જશે.

શ્રીપન્નવણાસૂત્રના આઠમા શરીર પદમાં કહ્યું છે કે 'આ જીવે અનંતા શરીર મૂકયાં, તે શરીર તમામ ભવનાં વીખરાઇ ગયા, તેવીજ રીતે આ ભવનું ઉદારિક શરીર પણ વીખરાઇ જશે, તે ચોક્સ ધારી રાખજે. તને તો ચાર હાથની લંગોટી પહેરાવી વિદાય કરશે. કુડકપટ દગા પાસલા અનીતિ વિગેરે પાપકર્મ કરી ધન ભેળું કર્યું હશે તે તો કુટુંબાદિક ભોગવશે. અહો ! કેવી મૂર્ખાઇ ! ખરેખર પૂરી મૂર્ખાઇ સમજવી. પોતાનું ધન–જ્ઞાન દર્શન ચારિત્રને પ્રાપ્ત કરવાનો રત્ન ચિંતામણિ જેવો સમય ગુમાવી બેઠો. સાર કાંઇ લઇ શકયો જ નહી. પારકું સુધારવા ગયો તે પણ સુધારી શકયો નહીં. કારણ કે સર્વ જીવો પોતપોતાના કર્માધિન છે, જેથી ભલું કે બુરૂં કોઇ કરનાર નથી, માત્ર શુભાશુભ કાર્યોના તેઓ નિમિત્ત માત્ર છે. માતપિતા પોતાની પુત્રીને સારા ખાનદાન કુટુંબમાં સારૂં મુહૂર્ત જોવરાવી પરણાવે છે, પરંતુ બાઇનું પુણ્ય ઓછું હોય છે તો ટુંક સમયમાં તે વિધવા બને છે. વળી ગરીબ કુળમાં પરણાવી હોય પરંતુ બાઇ પુણ્યશાળી હોય તો સુખી થાય છે. શાસ્ત્રમાં તેવાં ઘણાં દષ્ટાંતો છે. મયણાસુંદરી અને સુરસુંદરીનો અધિકાર શ્રીપાલચરિત્રમાં સવિસ્તર છે તેથી પુણ્ય પ્રકૃતિ અને પાપ પ્રકૃતિનું ફળ સ્પષ્ટ સમજાય તેમ છે. માટે તેવા જૂઠા કુટુંબાદિકના મોહમાં નહીં મુંઝાતા આત્મિક-

લક્ષ્મી પ્રગટ કરવા ઉદ્યમવંત થજે. નિશ્ચલ ચિત્તથી શુભ ભાવનામાં આરૂઢ થઈશ તો આત્મિકલક્ષ્મી પ્રગટ થતાં વાર નહીં લાગે. ચોરી કરનારાઓને પણ શુભ નિમિત્ત મળવાથી–શુભ ભાવનામાં આરૂઢ થવાથી આત્માનો ખજાનો પ્રાપ્ત થયો છે, મુકિતપદને પામ્યા છે. તે ચાર ચોરનું દૃષ્ટાંત નીચે પ્રમાણે—

## શુભ ભાવના ઉપર ચાર ચોરની કથા.

ક્ષિતિ પ્રતિષ્ઠિત નગરનો રહેવાસી કોઈ શ્રાવક પોતાના નિર્વાહમાટે ભિલ્લ લોકોની પાળમાં આવીને વસ્યો હતો. પુણ્યયોગે ત્યાં રહેતાં તે ક્રોડાધિપતિ થઇ ગયો. એક વખત તે ભિલ્લના વૃદ્ધ પુરૂષો તે શ્રાવકની ઋદ્ધિ જોઇ વિચાર કરવા લાગ્યા કે–" આપણને લોભમાં નાંખી છેતરીને આણે ઘણું દ્રવ્ય એકઠું કર્યું છે, માટે રાત્રિએ તેને ઘેર ખાતર પાડી તેનું સર્વ દ્રવ્ય લઇ લઇએ, નહીં તો તે કપટી વણિક તમામ દ્રવ્ય લઈ પોતાના નગરમાં ચાલ્યો જશે. " આવો વિચાર કરી તેઓ ખાતર પાડવાને તત્પર થયા. પેલો શ્રાવક પ્રતિદિન સાત આઠ સામાયક કરતો હતો. તે દિવસે મધ્ય રાત્રિ વિત્યા પછી પોતે તથા પોતાની સ્ત્રી બંને સામાયક લઇને બેઠા હતા. તેવામાં પેલા ચોર ખાતર પાડવા આવ્યા. ખાતર પાડી જોવે છે તો ગ્રહના સ્વામીને જાગતો જોયો. તેઓ વિચારમાં પડ્યા કે ' તેની જાગૃત અવસ્થામાં ચોરી કેવી રીતે થશે ? માટે રાહ જોઇએ. ' અહીં પેલા શ્રાવકે ચોરને જોઇને વિચાર્યું જે " દ્રવ્ય તો ઘણા ભવમાં મળશે, આ ભવમાં પણ દ્રવ્ય ઘણી વાર આવ્યું ને ગયું, પરંતુ જો સામાયકમાં મેળવેલા જ્ઞાનાદિ દ્રવ્યને ક્રોધાદિક ચોરો લુંટી લેશે તો પછી તું શું કરીશ ? માટે ભાવદ્રવ્ય બચાવવું તેજ શ્રેષ્ઠ છે. ભાવદ્રવ્ય હશે તો તમામ વસ્તુ સુલભ છે. " આ પ્રમાણે વિચાર કરી તે શ્રાવક ઉપરાઉપર સામાયક કરવા લાગ્યો. તેમાં વારંવાર નવકાર મંત્ર

ભણવા લાગ્યો. તે સાંભળીને ચોરોમાંથી ચાર ચોરને ઉહાપોહ કરતાં જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું, તેથી ઘણા ભવ પહેલાં જે ધર્માનુષ્ઠાન કરેલું અને જે ભણેલું તે સાંભરી આવ્યું તેથી તે ચોરોને શુભ વિચારો પ્રગટ્યા, પોતાની ભૂલો દૃષ્ટિમાર્ગમાં આવી, જેથી વિચાવા લાગ્યા કે–' પરધનની ઇચ્છા કરનારા આપણુને ધિક્કાર છે! ચોરી કર્યાથી બાહ્ય પૌદ્‌ગલિક દ્રવ્ય આવે છે, પરંતુ ભાવધન–જ્ઞાનાદિ આત્માની સાચી લક્ષ્મી ચાલી જાય છે તે આ જીવ તપાસતો નથી. અહો ! આ શ્રાવકને ધન્ય છે! જે આપણુને જોતાં છતાં પણુ પોતાનું લક્ષ છોડતો નથી." આ પ્રમાણે પરગુણુની પ્રસંશા કરતા અને આત્માની લઘુતા ભાવતાં, મનને સ્થિર કરતાં તેમણે સમ્યકત્વ પ્રાપ્ત કર્યું અને ચોરી વિગેરેનું પ્રત્યાખ્યાન કર્યું. તેથી દેશવિરતિપણું ત્યાંજ પ્રાપ્ત થયું અને વૈરાગ્યની વૃદ્ધિ થવાથી ખડ્ગ વિગેરે દૂર મૂકી તીવ્ર શુભ અધ્યવસાયથી સર્વવિરતિપણું પણુ પ્રાપ્ત કર્યું. પછી અનુક્રમે શુભ ભાવનાએ ચડતા આઠમા નવમા ગુણુઠાણે ચડી ક્ષપકશ્રેણિ પામીને સકળ ઘાતીકર્મને દગ્ધ કરી તેજ ઠેકાણે કેવળજ્ઞાન કેવળદર્શન પામ્યા. સૂર્યનો ઉદય થયો એટલે તેઓએ દ્રવ્યલોચ કર્યો અને સમીપ રહેલા દેવતાએ મુનિવેષ આપ્યો તે ગ્રહણ કર્યો. પેલા ગૃહસ્થ શ્રાવકને ખબર પડવાથી તે કેવળીઓને નમીને વારંવાર તેઓની સ્તુતિ કરવા લાગ્યો. ચારે કેવળજ્ઞાન પામેલા મહા મુનિવરોએ અન્યત્ર વિહાર કર્યો. અનુક્રમે મોક્ષમાં બિરાજમાન થયા. જન્મજરા મરણાદિક સંસારના સર્વ દુઃખનો નાશ કર્યો. અહો ! શુભ ભાવનાનું કેવું પરિણામ આવ્યું ? પરગુણુની પ્રશંસા અને સ્વકૃત દુષ્કૃતની નિંદા કેટલું કામ કરે છે? તે આ દૃષ્ટાંતથી જ હે ચેતન ! વિચારીને તું પણુ તે કાર્ય કરવા સાવધાન થઇ જા.

## ઇતિ ચાર ચોરની કથા.

શુભ ભાવનાને પ્રાપ્ત કરવા માટે આ પંચમ કાળમાં તો જિનપ્રતિમા અને જિનઆગમ શિવાય બીજું કાંઇ આ જીવને તરવાનું સાધન નથી. માટે હે આત્મા! જિનપ્રતિમા ઘણા સૂત્ર સિદ્ધાંતમાં તીર્થંકર ગણધરોએ બતાવેલી છે તેનું તું અવલંબન કર. જિનપ્રતિમાને દેખી પ્રભુના ગુણ તને બહુજ યાદ આવશે અને પ્રભુના ગુણ યાદ આવવાથી તને તેવા ગુણ પ્રાપ્ત કરવાની ભાવના જાગ્રત થશે. તેથી અનંત કાળના ઘણા કર્મો ભસ્મીભૂત થશે. સમ્યકત્વ રત્નની પ્રાપ્તિ થશે. અનુક્રમે મોક્ષ સુખ પણ મેળવી શકીશ. પરમાત્માનાં દર્શન કરતાં શું વિચારવું ? કેવી રીતે દર્શન કરવાં ? તે હકીકત હવે સમજાવીએ છીએ.

## જિનપ્રતિમાના દર્શન કેવી રીતે કરવા ?

પરમાત્માના દર્શન કરવા માટે શુદ્ધ ચોખા વસ્ત્રાદિક પહેરીને જવું, દેરાસરજીમાં પ્રવેશ કરતાં નિસિહી વિગેરે દશ ત્રિકો જાળવવા, પાંચ અભિગમ સાચવવા, પ્રભુ સામી દૃષ્ટિ રાખવી, આડું અવળું જોવું નહીં, પરમાત્માની સન્મુખ મુખ રાખી ચૈત્યવંદન કરવું, વિગેરે વિધિ જે દેવવંદન ભાષ્યમાં કહેલ છે તે પ્રમાણે કરવો. દર્શન કરતાં પરમાત્માની સન્મુખ દૃષ્ટિ રાખી હૃદયમાં નીચે લખેલ વચનો ધારણ કરવાં.

“જિનપ્રતિમાનું મુખારવિંદ દેખી હે ચેતન! વિચાર કર. આ મુખ કેવું સુંદર અને શાંત સ્વભાવવાળું છે? ભવ્ય જીવોને આનંદ પમાડનારૂં છે. જે મુખે કોઇના અવર્ણવાદ, મૃષાવાદ, હિંસાકારી વચન, નિંદાના વચન બોલાણાજ નથી. તેમાં રહેલી જીભ્હાવડે રસેન્દ્રિયના વિષયોનું સેવન કરેલું નથી, પરંતુ આ

મુખ ધર્મ ઉપદેશ આપીને અનેક ભવ્ય પ્રાણીઓ જે સંસારમાં ભૂલા પડેલા તેને તારવાનેજ સમર્થ બન્યું છે. માટે આ મુખને ધન્ય છે. એવું મુખ મારૂં ક્યારે થશે ? આ નાસિકાવડે સુરભિ ગંધ દુરભિગંધ રૂપ ઘ્રાણેન્દ્રિયના વિષયોનું સેવન કર્યું નથી, આ ચક્ષુઇન્દ્રિયવડે પાંચ વર્ણ રૂપ વિષયોને સેવ્યા નથી, કોઈપણ સ્ત્રીના ઉપર કામવિકારની દૃષ્ટિથી જોયું નથી, તેમ કોઇની સામે દ્વેષની દૃષ્ટિથી પણ જોયું નથી, માત્ર વસ્તુ સ્વભાવ અને કર્મની વિચિત્રતા વિચારીને સમભાવે રહેલાં છે. તે નેત્રને ધન્ય છે. મારાં નેત્ર એવાં ક્યારે થશે ? આ કાને કરીને વિચિત્ર પ્રકારના રાગ-રાગણી સાંભળવાવડે તેના વિષયોનું સેવન કર્યું નથી, પરંતુ પ્રિય કે અપ્રિય જેવા શબ્દો કાને પડ્યા તેવા સમભાવે સાંભળ્યા છે. તેવા કાન મારા ક્યારે થશે ? આ શરીરવડે હિંસા કે અદત્ત ગ્રહણ કર્યું નથી, પરંતુ તે શરીરથી જીવરક્ષા કરીને, ગ્રામાનુગામ વિહાર કરીને ભવ્ય જીવોને સંસારના દુઃખથી મુક્ત કર્યા છે અને આ શરીરથી ઉગ્ર તપ જપ અને ઘોર પરિસહ ઉપસર્ગોને સહન કરી, આત્મિક ખજાનો કેવળજ્ઞાન કેવળદર્શનરૂપ પ્રાપ્ત કરીને લોકાલોકનું સ્વરૂપ એક સમયમાં અવલોકન કરી, ઘણા જીવોને ધર્મોપદેશ આપી, દુર્ગતિમાં જતાં બચાવ્યા છે. અર્જુન માળી જેવા ઘોર પાપીઓને પાપથી મુકત કરી સિદ્ધિસુખને પમાડ્યા છે. ધન્ય છે આ પ્રભુના શરીરને ! ” આ પ્રમાણે પ્રભુપ્રતિમા નિહાળવાથી સાક્ષાત્ પ્રભુના ગુણ યાદ આવે છે, ને તે પ્રમાણે પ્રભુના ગુણ યાદ આવવાથી જીવ પાપ રહિત થઈ આત્મશ્રેય જલદી કરી શકે છે.

## પરમાત્મા મહાવીરના ગુણો.

પ્રભુ મહાવીર પરમાત્મા–પરમ યોગીશ્વર આજથી પચીસો

વર્ષ ઉપર આ ભારતવર્ષને પોતાના ચરણકમળથી પવિત્ર કરી રહ્યા હતા. તેઓ અહિંસાના તો પિતા જ હતા. તેમનું ઐશ્વર્ય, ઠકુરાઇ, બળ અને પ્રભુતા વિગેરે પર ઉપકારને માટે જ હતું. પારાવાર પરાક્રમ હોવા છતાં ક્ષમાના સાગર હતા. લોકાલોકના ત્રણે કાળના ભાવો એક સમયમાં દેખનારા હતા. ત્રિભુવનનું સામ્રાજ્ય હોવા છતાં કેવળ નિર્મોહી અને નિરભિમાની હતા. દાતારમાં શિરોમણિ, સહિષ્ણુતામાં અસાધારણ, જીતેન્દ્રિયમાં મહાન્ અને અપરાધીઓ ઉપર પણ ઉપકાર કરનાર હતા. જગતના જીવોનું કલ્યાણ કેમ થાય ? સર્વ જીવો પાપથી કેમ મૂકાય ? અવિનાશી સુખ પ્રાપ્ત કરવા તત્ત્વના રસિક કેમ બને ? તે માટે તેમનું અહર્નિશ લક્ષ્યબિંદુ હતું. ધૈર્યતામાં—વીરતામાં—ત્રણ લોકને ધ્રુજાવવામાં સમર્થ હતા. તેમનું ચરિત્ર અલૌકિક હતું. તેમનું સંજમ બળ—આત્મબળ અનિર્વચનીય હતું. જેના પ્રભાવથી ક્રોડો દેવતાઓ તેમની સેવામાં હાજર રહી ચરણમાં આલોટતા હતા. તેમના પ્રભાવથી પરસ્પર વૈરભાવવાળા જીવો પોતાનું વૈર ભૂલી મિત્રભાવે વર્તતા હતા. જીવમાત્રને ત્રાસ દેનારી જડ વસ્તુઓ પણ પોતાના સ્વભાવને ભૂલી જતી હતી. સુવર્ણ—રૂપું અને રત્નાદિકથી રચીત સમવસરણમાં બેસી દેશના દેવા છતાં અને સુવર્ણનાં કમળ ઉપર ચાલનારા છતાં નિઃસ્પૃહી અને નિર્મોહી હતા. આવા પરમોપકારી પ્રભુના લાખમા અંશે પણ સરખામણી કરી શકે તેવી એક પણ વ્યકિત અદ્યાપિ પર્યંત પેદા થઇ નથી, અને ભવિષ્યમાં પેદા થાય તેમ નથી. આવું અત્યંત ચમત્કારિક, અનેક અતિશયોવડે કરીને અલંકૃત અદ્ભૂત જીવન અને જગતના જીવોના પાપોને ભસ્મીભૂત કરવાને સમર્થ મહાન્ પુણ્યનો પુંજ, પરમાત્મા મહાવીરદેવે પોતાના પાછલા મનુષ્ય ભવમાં અસાધારણ પવિત્ર જીવન ગાળી, મહા દુષ્કર તપસ્યાઓ કરી પ્રાપ્ત કર્યો હતો. પરમાત્મા

મહાવીર દેવ પચીશમા ભવમાં નંદન ઋષિ થયા તે વખત સંજમ ગ્રહણ કરીને જાવજીવ સુધી અગ્યાર લાખ એંશી હજાર છસો ને પીસ્તાળીશ માસખમણ કરી, તીર્થંકર નામ કર્મ નિકાચીત કરી, સતાવીશમા ભવમાં પરમાત્મપદ પ્રાપ્ત કરી, શાંતભાવે ધર્મ-દેશના આપી જગતના જીવોને દુર્ગતિમાં પડતાં બચાવ્યા હતા.

હે પરમાત્મા ! હે વીર ! આવું આપનું અદ્‌ભૂત ચરિત્ર કયા જીવોને મુગ્ધ ન કરે ? ખરી રીતે વિચાર કરતાં હે પરમાત્મા ! અમે આપને નજરે જોયા નથી, એટલું જ નહી પણ દુનિયામાં ઇશ્વર તરીકે પૂજાતા અન્ય દેવોને પણ પ્રત્યક્ષ નિહાળ્યા નથી, અથવા આપ અમારા બંધુ છો અને અન્ય દેવો અમારા શત્રુ છે તેવું પણ નથી, અમે આપના પવિત્ર શાસનમાં પેદા થયા માટે તમારા વચનનો પક્ષપાત કરવો એવો પણ અમોને લેશમાત્ર મોહ નથી, માત્ર આપના તથા અન્ય દેવોના ચરિત્રો જાણીને તપાસ કરીએ છીએ, હૃદયમાં ઠસાવીએ છીએ અને ઉંડા ઉતરી વિચાર કરીએ છીએ ત્યારે આપનુંજ ચરિત્ર પરસ્પર વિરોધ વિનાનું અને ઇશ્વરપણાના ગુણોને પ્રતિત કરાવનારૂં માલુમ પડે છે. કારણ જે સર્વજ્ઞપણું–રાગદ્વેષ રહિતપણું–ત્રૈલોકયપૂજ્યતા અને યથાર્થ ઉપદેશકપણું આદિ પવિત્ર ગુણો જેનામાં હોય તેજ દેવ સર્વ પૂજ્ય પુરૂષોમાં શિરોમણિ કહેવાય. અને તેવા સર્વ ગુણો હે પ્રભુ વીર ! આપનામાં વિધમાન હોવાથી અમે આપની ઉપર મુગ્ધ બન્યા છીએ અને આપના પવિત્ર શાસનનો આશ્રય કરી રહ્યા છીએ. અમારી નસેનસોમાં અને રોમેરોમમાં એજ પવિત્ર ભાવનાનો ધોધ વહી રહ્યો છે કે જેને પ્રભાવે ચક્રવર્તિની ઋદ્ધિ તો શું પણ ત્રણ ભુવનનું સામ્રાજ્ય પણ તમારા શાસનના અભાવે તમારી આજ્ઞાના ખંડનવડે પ્રાપ્ત થતું હોય તો દૂર ફેંકી દેવા તૈયાર છીએ. ભલે દરિદ્રી રહીએ, ઘેરઘેર માગીને ઉદરપૂર્ણા

કરવી પડે, પરંતુ આપની આજ્ઞાનું બહુમાનપૂર્વક પાલન થતું હોય તો તે એકવાર નહી પરંતુ ક્રોડવાર અમને કબુલ છે. મહાન શાસનરક્ષકો—શ્રીમાન્ હરિભદ્રસૂરિ, શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય જેવા પ્રખર વિદ્વાનો આપના પવિત્ર શાસનને પામવા માટે પોતાનું અહોભાગ્ય સમજતા હતા, હે પરમાત્મા ! હે પરમયોગીશ્વર ! વધુ શું કહીએ, આપના લોકોત્તર અતિશયોથી ભરપૂર જીવનને સાંભળી તેને સમજપૂર્વક શ્રદ્ધામાં મૂકી અમે તેના આનંદમાં ગરકાવ બની ગયા છીએ. હે તરણુતારણ ! હે પ્રભો ! એક વખત આપના ભકતો તરફ મીઠી દૃષ્ટિથી જુઓ, અમારા અપરાધોની માફી આપો અને અમારા હૃદયરૂપી શુદ્ધ સિંહાસન ઉપર આરૂઢ થાઓ. હે પરમાત્મા ! આપના જેવો પવિત્ર સંજમરાગ, આપના જેવું યોગબળ અને આપની જેવો સમભાવ અમારામાં પ્રાપ્ત કરો. અમે જ્યાં સુધી આ સંસારમાં છીએ ત્યાં સુધી આપના ચરણુકમળની સેવા ભવોભવને વિષે માગીએ છીએ. તેજ સેવનાથી અમે અમારા આત્માને ઉચ્ચ કોટી પ્રાપ્ત કરાવવા ભાગ્યશાળી થઈશું. સરોવર પાસે ગયા છતાં તૃષા ન છીપે, લક્ષ્મીવાન પાસે ગયા છતાં દરિદ્ર ન મટે તો તે સરોવરની અને લક્ષ્મીવંતની શોભા શી ગણાય ? આપના જેવા ત્રિભુવન નાયક શિરછત્ર છતાં અમે કંગાળ રહીએ અને તમે અનંત સુખોના ભોકતા અને પરમ યોગીશ્વર રહો તેમાં આપની શોભા શી ? અમે તો પાંગળા હોઇ મેરૂપર્વત ઉપર ચડવાની અમારી ઇચ્છા, તથા નિર્ભાગી હોઇ રાજ્યપ્રાપ્તિ કરવાનો અમારો લોભ અને યોગ્યતાવિના દુષ્પાપ્ય વસ્તુ માગવાની બેશરમાઇ બતાવવાથી ભલે હાસ્યજનક ગણાઇએ, પરંતુ મેઘ જેમ વૃષ્ટિ કરતાં ઉચ્ચ નીચ સ્થાન જોતો નથી, ઉપકારીઓ પાત્રાપાત્રની દરકાર કરતા નથી, તો પછી આપના જેવા ત્રિભુ-

વન્નાયક દાતાશિરોમણિ મળ્યા છતાં અમે અસંતુષ્ટ રહીએ એ બનેજ કેમ ? કદાપિ ન બને. અમે લીધા વિના છોડવાના નથી; વહેલા કે મોડા આપના શિવાય આ ત્રણ જગતમાં અમારૂં દારિદ્ર કોઈ દૂર કરનાર નથી માટે હે પરમાત્મા ! એક વાર આ સેવક સામી દૃષ્ટિ કરી, સંસારસમુદ્રથી શીઘ્ર પાર ઉતારો. આપની મુદ્રા દેખતાં હજારો–લાખો જીવો ભવના નિસ્તારને પામવા ભાગ્યશાળી થયા છે. આપની મૂર્ત્તિ જગતના દારિદ્રને દૂર કરનારી છે તેથીજ સુવિહિત પુરૂષોએ આદરેલી છે અને આપની સ્તુતિ કરી છે. તે પ્રભુ સ્તુતિના શ્લોકો આ પ્રમાણે—

**ऐंद्रश्रेणिनता प्रतापभवनं भव्यांगिनेत्रामृतं ।**
**सिद्धांतोपनिषद्विचारचतुरैः प्रीत्या प्रमाणीकृता ॥**
**मूर्तिः स्फुर्तिमती सदा विजयते जैनेश्वरी विस्फुरन्–**
**मोहोन्मादघनप्रमादमदिरामत्तैरनालोकिता ॥ १ ॥**

જિનેશ્વરની પ્રતિમા સદા જયવંતી વર્તે છે. તે પ્રતિમા કેવી છે ? ઇન્દ્રના વર્ગથી નમાએલી તથા પ્રતાપનું ઘર અને ભવ્ય પ્રાણીઓના નેત્રોને અમૃતસમાન તથા સિદ્ધાંતના રહસ્યને જાણનાર વિચક્ષણોએ પ્રેમપૂર્વક પ્રમાણભૂત કરેલી અને વળી પ્રભાવશાલિની આવી પરમાત્માની મૂર્ત્તિને, મહામોહના ઉન્માદથી તથા પ્રમાદરૂપી મદિરાથી મદોન્મત્ત થયેલા જીવો જોઇ શકતા નથી. ૧.

**धन्या दृष्टिरियं यया विमलया दृष्टो भवान् प्रत्यहं ।**
**धन्याऽसौ रसना यया स्तुतिपथं नीतो जगद्वत्सलः ॥**
**धन्यं कर्णयुगं वचोमृतरसो पीतो मुदा येन ते ।**
**धन्यं हृत् सततं च येन विषदस्त्वन्नाममन्त्रो धृतः ॥ २ ॥**

તે દૃષ્ટિને ધન્ય છે કે જે નિર્મળ દૃષ્ટિએ હમેશાં આપના દર્શન કીધાં, તે જીભને ધન્ય છે કે જેણે જગદ્વત્સલ હે પરમાત્મા! આપને સ્તવ્યા, તે કર્ણને ધન્ય છે કે જેણે આપના વચનામૃતનો રસ આનંદથી પીધો અને વળી તે હૃદયને પણ ધન્ય કે જેણે તમારા નામરૂપી નિર્મળ મંત્રને સદા ધારણ કર્યો. ૨.

किं पीयूषमयी कृपारसमयी कर्पूरपारीमयी ।
किं वानन्दमयी महोदयमयी सद्ध्यानलीलामयी ॥
तत्त्वज्ञानमयी सुदर्शनमयी निस्तंद्रचंद्रप्रभा-
सारस्फारमयी पुनातु सततं मूर्तिस्त्वदीया सताम् ॥ ३ ॥

હે પ્રભુ! તમારી મૂર્ત્તિ શું અમૃતમય છે? અથવા કૃપારસમય છે? અથવા કર્પૂરમય છે? અથવા શું આનંદમય છે? મહોદયમય છે? અથવા ધ્યાનની લીલામય છે? શું તત્ત્વજ્ઞાનમય છે? સુદર્શનમય છે? અથવા ઉજ્વલ ચંદ્રપ્રભાના ઉદ્યોતરૂપ છે? આવા પ્રકારની તમારી મૂર્ત્તિ સજ્જનોને સદા પવિત્ર કરો. ૩.

श्रीमद्गुर्जरदेशभूषणमणिं सर्वज्ञताधारकम् ।
मिथ्याज्ञानतमःपलायनविधावुद्यत्प्रभं तायिनम् ॥
पार्श्वस्थायुकपार्श्वयक्षपतिना संसेव्यपार्श्वद्वयम् ।
श्रीशंखेश्वरपार्श्वनाथमहमाऽऽनन्देन वन्दे सदा ॥ ४ ॥

ગુર્જરદેશના ભૂષણમણિરૂપ, સર્વજ્ઞપણાને ધારણ કરનાર, મિથ્યાજ્ઞાનરૂપ અંધકારને દૂર કરવામાં પ્રતાપી સૂર્યસમાન, સર્વ પ્રાણીઓનું રક્ષણ કરનાર અને પાર્શ્વવર્તિ પાર્શ્વ નામના યક્ષથી જેનાં બંને પાસાં સેવાયેલ છે એવા શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુને હું હમેશાં આનંદપૂર્વક વંદુ છું. ૪.

**चित्रं चेतसि वर्ततेऽद्भुततमिदं व्यापल्लताहारिणीं ।**
**मूर्तिं स्फूर्तिमतीमतीव विमलां नित्यं मनोहारिणीं ॥**
**विख्यातां स्नपयन्त एव मनुजाः शुद्धोदकेन स्वयं ।**
**संख्यातीततमोमलापनयतो नैर्मल्यमाबिभ्रति ॥ ५ ॥**

મારા ચિત્તમાં આ આશ્ચર્ય વર્તે છે કે વિપત્તિરૂપી લતાઓને નષ્ટ કરનારી, હમેશાં મનોહારિણી વળી નિર્મળ અને સ્ફુર્તિવાળી જિનેશ્વર પરમાત્માની મૂર્ત્તિને શુદ્ધ જલવડે ન્હવરાવતાં મનુષ્યો ખુદ પોતે પોતાનો અસંખ્ય અજ્ઞાન રૂપ મળ દૂર થવાથી નિર્મળતાને સંપાદન કરે છે. ૫.

**વિવેચન**—લોકમાં આપણે જોઇએ છીએ કે જે સ્નાન કરે તે મેલ રહિત થાય અને આ તો પરમાત્માની મૂર્ત્તિને સ્નાન કરાવનારા મેલ રહિત થયા તે આશ્ચર્ય જાણવું.

**श्रेयःसंकेतशाला सुगुणपरिमलैर्जेयमंदारमाला ।**
**छिन्नव्यामोहजाला प्रमदभरसरःपूरणे मेघमाला ॥**
**नम्रश्रीमन्मराला वितरणकलया निर्जितस्वर्गिशाला ।**
**त्वन्मूर्तिः श्रीविशाला विदलतु दुरितं नंदितक्षोणिपाला ॥६॥**

હે પ્રભુ ! કલ્યાણની સંકેતશાળા જેવી, સદ્ગુણરૂપ સુગંધવડે જીતી છે કલ્પવૃક્ષના પુષ્પોની માળા જેણે એવી અને વળી તોડી નાખી છે વ્યામોહની જાળ જેણે એવી, આનંદના સમૂહરૂપ સરોવરને પૂરવામાં મેઘમાળા જેવી, નમ્યા છે ઐશ્વર્યધારી મનુષ્યો રૂપી હંસ જેઓને એવી અને વળી દાનની કળાથી જીત્યા છે દેવલોકના પ્રદેશો જેમણે એવી અને આનંદિત કર્યા છે રાજા મહારાજાઓને જેણે એવી વિશાળશ્રીસંપન્ન તમારી મૂર્ત્તિ હે પરમાત્મા ! જગજીવોના પાપોને દૂર કરો. ૬.

अपारघोरसंसार–निमग्नजनतारक ।
किमेष घोरसंसारे, नाथ ते विस्मृतो जनः ॥ ७ ॥

હે નાથ ! હે પરમાત્મા ! આ અપાર ઘોર સંસારમાં મગ્ન થયેલા જનોને તારનાર હે પ્રભુ ! ઘોર સંસારમાં આ માણસને શું તમે વીસરી ગયા ? ૭.

सद्भावप्रतिपन्नस्य, तारणे लोकबांधव ।
त्वयाऽस्य भुवनानंद, येनाद्यापि विलंब्यते ॥ ८ ॥

હે લોકબાંધવ ! હે ભુવનને આનંદ કરનાર ! સારા ભાવને પ્રાપ્ત થયેલા એવા મને તારવામાં હજુ આપ કેમ વિલંબ કરી રહ્યા છો ? ૮.

आपन्नशरणे दीने, करुणामृतसागर ।
न युक्तमीदृशं कर्तुं, जनेनाथ भवादृशां ॥ ९ ॥

હે કરૂણારૂપી અમૃતના સમુદ્ર ! હે નાથ ! આપના શરણને પ્રાપ્ત થયેલા અને દીન એવા જનને વિષે આપના સરખા ત્રિભુવનના નાથને આવા પ્રકારે કરવું તે યુક્ત નથી. અર્થાત્ હવે મને ભવસમુદ્રથી તારવામાં વિલંબ કરવો તે ઠીક ન કહેવાય. ૯.

भ्रमेऽहं भवकांतारे, मृगशावकसन्निभः ।
विमुक्तो भवता नाथ, किमेकाकी दयालुना ॥ १० ॥

ભયંકર ભવ અટવીમાં મૃગલાના શિશુની માફક ભમતા એવા મને એકલાને આપ સરખા દયાળુએ હે નાથ ! કેમ મૂકી દીધો ? અર્થાત્ હવે આપની પાસે મને રાખો. ૧૦.

इतश्चेतश्च निक्षिप्त–चक्षुस्तरलतारकः ।
निरालंबो भयेनैव, विनश्येऽहं त्वया विना ॥ ११ ॥

હે નાથ! તમારા વિના ભયવડે અંહીં તહીં નાંખ્યા જે ચક્ષુ તે વડે કરી ચંચલ થઇ ગઈ છે કીકી જેની એવો અને વળી આલંબન વિનાનો હું નાશ પામ્યો, અર્થાત્ ઘણાં જન્મ મરણ કરી બહુ દુઃખી થયો. ૧૧.

**अनंतवीर्यसंभार–जगदालंबदायक ।**
**विधेहि निर्भयं नाथ, मामुत्तार्य भवाटवीं ॥ १२ ॥**

હે અનંત વીર્યના સમૂહવાળા ! હે જગતના જીવોને આલંબન દેવાવાળા ! મને આ ભવઅટવીમાંથી પાર ઉતારી હે નાથ ! ભય રહિત કરો. ૧૨.

**न भास्कराद्दते नाथ, कमलाकरबोधनं ।**
**यथातथा जगन्नेत्र, त्वद्दते नास्ति निर्वृतिः ॥ १३ ॥**

હે નાથ ! હે જગતના જીવોને નેત્ર સમાન ! હે પરમાત્મા ! જેમ સૂર્ય વિના કમળનો સમૂહ વિકસ્વર થઇ શકતો નથી તેમ તમારા વિના મારો આત્મા વિકસ્વર નહીં થવાથી મને નિર્વૃતિનો અભાવજ રહે છે. ૧૩.

**किमेष कर्मणां दोषः, किं ममैव दुरात्मनः ।**
**किंवाऽस्य हतकालस्य, किंवा मे नास्ति भव्यता ॥१४॥**

હે પરમાત્મા ! શું આ તે મારા કર્મનો દોષ છે ? અથવા શું આ દુષ્ટ એવા મારા આત્માનો દોષ છે ? કે આ હત્યારા એવા કાળનો દોષ છે ? અથવા મારી ભવિતવ્યતા જ પાકી નથી કે હજી સુધી મારો આ સંસારમાંથી કેમ પાર આવતો નથી ? ૧૪.

**संसारमारवपथे पतितेन नाथ ।**
**सीमंतिनीमरुमरीचिविमोहितेन ॥**

**दृष्टः कृपानिधिमयस्त्वमथो कुरुष्व ।**
**तृष्णापनोदवशतो जिन निर्वृतिं मे ॥ १५ ॥**

હે નાથ! સંસારરૂપી મારવાડના માર્ગમાં ભૂલા પડેલા અને સ્ત્રીરૂપી ઝાંઝવાથી મોહિત થયેલા એવા મેં હે કૃપાના સાગર! તમારાં દર્શન કર્યાં, હવે મારી તૃષ્ણા દૂર કરીને મને શાંતિ થાય તેમ કરો. ૧૫.

**भूपीभूय समन्वशात् समुचितां यो लोकनीतिं युगा-**
**रंभे यः प्रथमं च साधुचरितं श्रेष्ठं समाराधयत् ॥**
**भूत्वा तीर्थपतिश्च मोक्षपदवीविद्योतनं यो व्यधात् ।**
**विश्वेशः परमेश्वरो विजयते श्रीआदिनाथः सकः ॥ १६ ॥**

જેણે યુગના આરંભમાં રાજા બની સમુચિત લોકનીતિનું શિક્ષણ આપ્યું, જેણે સહુથી પ્રથમ સાધુ-ચરિતનો શ્રેષ્ઠ માર્ગ આરાધ્યો અને જેણે તીર્થંકર થઇ સર્વથી પ્રથમ મોક્ષ-માર્ગનું પ્રકાશન કર્યું, એવા વિશ્વેશ્વર પરમેશ્વર આદિનાથ ભગવાન જયવંત વર્તે છે. ૧૬.

**यो वीक्ष्य दुःखिभुवनं करुणार्द्रचित्ती-**
**भूतो यथार्थसुखमार्गविबोधनाय ॥**
**तीव्रं तपश्चरितवान् अभवश्च पूर्णः ।**
**श्रेयःश्रियं दिशतु स प्रभुवर्धमानः ॥ १७ ॥**

દુ:ખી જગતને જોઇ, કરૂણાર્દ્ર હૃદયવાળા બની, જેણે સાચા સુખનો માર્ગ બતાવવા માટે તીવ્ર તપસ્યા આચરી અને પૂર્ણતા પ્રાપ્ત કીધી; એવા પ્રભુ વર્ધમાનસ્વામી તમને કલ્યાણ લક્ષ્મી આપો. ૧૭.

अनंतदुःखांबुधिपातकानां ।
रागादिदोषद्विषतां शमाय ॥
न यं विनाऽऽलंबनमस्ति किंचित्
स वीतरागः शरणं प्रपद्यः ॥ १८ ॥

અનન્ત દુઃખસાગરમાં પાડનારા એવા રાગદ્વેષ વિગેરે દુશ્મનોને શમાવવા માટે જેના વગર બીજું કંઇ આલંબન લેવા યોગ્ય નથી, તે વીતરાગદેવને શરણે જવું જ જોઇએ. ૧૮.

આ પ્રમાણે પ્રભુપડિમાની પાસે રહી ભાવનાપૂર્વક સ્તુતિ કરવાથી સાક્ષાત્ પરમાત્મા આપણને યાદ આવે છે, જેથી જીવોમાં કોઇ અપૂર્વ જાગૃતિ થાય છે, પચીસો વર્ષ પહેલાં થયેલા મહાવીર પ્રભુ અત્યારે ભવ્ય જીવના હૃદયમાં તેમની મૂર્તિનું વિલોકન કરવાથી સાક્ષાત્ થાય છે.

જીવો જિનપડિમાના આલંબનથી શીઘ્ર સંસારસમુદ્ર તરી શકે છે–તો પછી સાક્ષાત્ પ્રભુ મહાવીર હતા તે સમયનું તો કહેવું જ શું ?

એવી રીતે ઉચ્ચ કોટીના ગુણોથી ભરપૂર પરમાત્મા મહાવીરદેવના ચરણકમળનું આરાધન કરી તેમની આજ્ઞા શિરપર વહન કરી તે સમયમાં આ ભરતક્ષેત્રમાં અનેક જીવો પોતાનું કલ્યાણ કરતા હતા અને આધુનિક સમયમાં પણ મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા વિહરમાન તીર્થંકરોની દેશના શ્રવણ કરી અનેક ભવ્ય જીવો પોતાના આત્માનું કલ્યાણ કરી રહ્યા છે. અત્યારે આપણે અહીં ભરતક્ષેત્રમાં સાક્ષાત્ પ્રભુના અભાવે તેમના નામશ્રવણથી તથા ઉપર કહેલ તેમના સ્થાપનાનિક્ષેપાથી ( ઝલહલતી

મૂર્ત્તિથી ) હજારો બલ્કે લાખો જીવો પોતાનું કલ્યાણ કરી રહ્યા છે. તો હે ચેતન ! તું પણ જિનપ્રતિમાના દર્શન કરી, પરમાત્માના ગુણોને યાદ કરી, તારામાં સારા ગુણોની છાપ પાડ. જિનપ્રતિમા જિનવર સરખીજ જાણજે. જિનપ્રતિમામાં લેશ માત્ર શંકા કરીશ નહીં. જિનપ્રતિમા ઘણા સૂત્રોમાં પરમાત્મા મહાવીર દેવેજ કહેલી છે. તે જિનપ્રતિમાનો ઘણા સિદ્ધાંતોમાં અધિકાર વિદ્યમાન હોવા છતાં કેટલાએક અણસમજવાળા અજ્ઞાની જીવો, સૂત્રોના ખરા અર્થને નહી સમજતાં વિપરીત અર્થ કરી જિનપ્રતિમાને નહી માનતા સતા ભૂલા ભમી રહ્યા છે. જુઓ જિનપ્રતિમાનો અધિકાર શ્રી જ્ઞાતાસૂત્રમાં દ્રૌપદીએ જિનમંદિરમાં જઇ, જિનપ્રતિમાની પૂજા કરી નમુત્થુણં કહ્યું છે. જેનો આ પ્રમાણે પ્રત્યક્ષ પાઠ છેઃ—

**तएणं सा दोवइरायवरकन्ना जेणेव मज्जणघरे तेणेव उवागच्छइ मज्जणघरं अणुपवेसइ नाया कयबलीकम्मा कयकोउअमंगलपायच्छित्ता सुद्धपावेसाइं वत्थाइं परिहियाहिं मज्जणघराओ पडिणिरकमइ जेणेव जिणघरे तेणेव उवागच्छइ. जिणघरं अणुपविसइ अणुपविसायित्ता आलोए जिणपडिमाणं पणामं करेइ लोमहत्थयं परामुसइ एवं जहा सुरियाभो, जिणपडिमाउ अच्चेइ तहेव भाणियव्वं । जाव धुवं डहइ धुवं डहयित्ता वामं जाणुं अंचेइ अंचेइत्ता दाहिणजाणुं धरणितलंसि निहट्टु तिखुत्तो मुद्धाणं धरणितलंसि निवेसइ निवेसइत्ता इसिं पच्चुण्णमइ करयल जाव कट्टु एवं वयासि नमुत्थुणं अरिहंताणं भगवंताणं जावसंपत्ताणं वंदइ नमंसइ जिणघराओ पडिनिरकमइ.**

**અર્થ**—તે વારે તે દ્રૌપદી રાજકન્યા જીહાં સ્નાન મજ્જન કરવાનું ઘર છે તીહાં આવે, મજ્જન ઘરમાં પેસે, સ્નાન કરીને કર્યું છે બલિકર્મ એટલે પૂજાનુ કાર્ય જેણે અર્થાત્ ઘર દેરાસરમાં પૂજા કરીને કૌતુક કેતાં તિલકાદિ, મંગળ દધિ અક્ષતાદિ તેમજ પ્રાયચ્છિત્ત એટલે દુઃસ્વપ્નાદિનો ઘાત કર્યો છે જેણે એવી શુદ્ધ ઉજ્વલ જિનમંદિરને યોગ્ય સારાં વસ્ત્ર પેહેરીને, સ્નાનઘરમાંથી નીકળે, જીહાં જિનઘર છે ત્યાં આવે, જિનઘરમાં પેસે, જિનપ્રતિમાને દીઠે થકે પ્રણામ કરે; પછી મોરપીંછી ગ્રહણ કરે. ગ્રહણ કરીને જેવી રીતે સૂર્યાભ દેવતાએ રાયપસેણી સૂત્રમાં જિનપ્રતિમાને પૂજ્યાનો અધિકાર છે તેમ સઘલો વિધિ જાણવો. તે સૂર્યાભનો અધિકાર જ્યાં સુધી ધૂપ દહે ત્યાં સુધી કહેવો. પછી નમુત્થુણં વિગેરે જાણવું. આથી સ્પષ્ટ થાય છે કે દ્રૌપદીએ જિન-પ્રતિમા પૂજી છે. રાયપસેણી સૂત્રમાં સૂર્યાભદેવતાએ જિનપ્રતિમા પૂજ્યાનો અધિકાર છે. વળી દ્રૌપદીએ નમુત્થુણં કહ્યું છે. જિન-પ્રતિમા આગળ સ્વસ્તિક કર્યો છે, જેથી તેને શ્રાવિકા જાણવી. શ્રાવિકા વિના બીજો તે વિધિ જાણે નહી. માટે નિશ્ચય થાય છે કે સમકિતદૃષ્ટિ દ્રૌપદીએ જિનપ્રતિમા પૂજી છે. વળી નંદીસૂત્રમાં મહાકલ્પસૂત્રનું નામ છે; તેમાં લખ્યું છે જે–'જો મુનિ તથા પૌષધવાળા શ્રાવક જિનપ્રતિમાનાં દર્શન ન કરે તો પ્રાયશ્ચિત્ત આવે.' તે પાઠઃ—

**से भयवं तहारूवं समणं वा माहणं वा चेइअघरे गच्छेज्जा ? हंता गोयमा ! दिणे दिणे गच्छेज्जा. से भयवं जत्थ दिणे ण गच्छेज्जा तओ किं पायच्छित्तं हवेज्जा ? गोयमा पमायं पडुच्च तहारूवं समणं वा माहणं वा जो जिणघरं न गच्छेज्जा तओ छट्ठं अहवा दुवालसमं पायच्छित्तं हवेज्जा. से भयवं सम-**

**णोवासगस्स पोसहशालाए पोसहिए पोसहबंभयारी किं जिणहरं गच्छेज्जा? हंता गोयमा! गच्छेज्जा. से भयवं केणट्ठेण गच्छेज्जा? गोयमा! नाणदंसणचरणट्ठयाए गच्छेज्जा. जे केइ पोसहसालाए पोसहबंभयारी जओ जिणहरे न गच्छेज्जा तओ पायच्छित्तं हवेज्जा? गोयमा! जहा साहु तहा भाणियव्वं छट्ठं अहवा दुवालसमं पायच्छित्तं हवेज्जा ॥**

**અર્થ**—'હે ભગવાન! કોઈ જીવને દુઃખી નહી કરવાવાળા તેવા પ્રકારના સાધુ જિનમંદિરમાં જાય કે કેમ?' 'હે ગૌતમ! હમેશાં પ્રતિદિન જાય.' 'હે ભગવન્! જો હમેશાં ન જાય તો એ મુનિને પ્રાયશ્ચિત લાગે કે કેમ?' 'હે ગૌતમ! જો પ્રમાદનું અવલંબન કરીને તથાપ્રકારના સાધુ જિનમંદિરમાં પ્રતિદિન ન જાય તો એ સાધુને છટ્ઠ કે બે ઉપવાસ અથવા પાંચ ઉપવાસનું પ્રાયશ્ચિત્ત લાગે.'

હે સજ્જનો! વિચાર કરો. ઉપર કહેલ પાઠમાં ખુદ ભગવાને જ પ્રતિદિન પ્રતિમાનાં દર્શન કરવાની કેવી આજ્ઞા ફરમાવી છે? જે જીવો જિનમૂર્તિનાં દર્શન કરતા નથી તે જીવો પરમાત્માની આજ્ઞાના વિરાધક બને છે, તે ખુલ્લું સમજાઈ જાય તેવું છે. કારણ જે નંદીસૂત્રમાં મહાકલ્પ સૂત્રનું નામ છે તે નંદીસૂત્ર—જિનપ્રતિમાને નહી માનવાવાળા પણ માને છે; માટે નંદીસૂત્રમાં કહેલ મહાકલ્પસૂત્ર પણ પ્રમાણભૂત થયું. તે પ્રમાણભૂત થવાથી જિનપ્રતિમા પણ પ્રમાણભૂત થઈ ચૂકી.

જિનપ્રતિમાનાં દર્શન ન કરે તો સાધુને જેટલું પ્રાયશ્ચિત્ત કહ્યું તેટલું જ પ્રાયશ્ચિત્ત પોસહમાં રહેલ શ્રાવક પણ પ્રમાદને લઈને દર્શન કરવા ન જાય તો શ્રાવકને પણ સમજવું. માટે જિનપ્રતિમાના દર્શન અવશ્ય નિરંતર કરવાં. વળી નંદીસૂત્રમાં મહાનિશિથ સૂત્રનું નામ છે. નંદીસૂત્ર ૩૨ સૂત્રમાં છે. તેમાં કહેલ

મહાનિશિથ સૂત્રમાં કહ્યું છે જે 'જિનમંદિર કરાવવાવાળો સમકિત દૃષ્ટિ જીવ બારમા દેવલોકે જાય.' આ સૂત્રના પ્રમાણથી પણ જિનપ્રતિમાની સિદ્ધિ થઈ ચૂકે છે.

ઉપર કહ્યા સિવાય બીજા ઘણા સૂત્રોમાં જિનપ્રતિમાનો અધિકાર છે. આ બુક વિશાળ થઇ જવાના હેતુથી તે પાઠો નહી લખતાં તે તે સૂત્રોના નામ માત્ર બતાવીએ છીએ.

૧ જીવાભિગમસૂત્રમાં વિજયદેવે જિનપ્રતિમા પૂજ્યાનો અધિકાર છે.

૨ ભગવતીસૂત્રના વીશમા શતકે જંઘાચારણે જિનપ્રતિમાને વંદન કર્યાનો અધિકાર છે.

૩ ઉપાસક દશાંગ સૂત્રમાં કહ્યું છે કે–આણંદ શ્રાવકે નિયમ કર્યો કે જિનવર ને જિનબિંબ વિના બીજા કોઈને પણ વંદું નહી, પૂજું નહી.' તેવી રીતે બીજા નવે શ્રાવકો માટે જાણવું.

૪ કલ્પસૂત્રમાં સિદ્ધાર્થ રાજાએ જિનપ્રતિમા પૂજ્યાનું કહ્યું છે.

૫ શ્રી ભગવતીસૂત્રમાં તુંગિયાનગરીના શ્રાવકોએ જિનપ્રતિમા પૂજ્યાનો અધિકાર છે.

૬ ઉવવાઈસૂત્રમાં ઘણાં જિનમંદિરોનો અધિકાર છે.

૭ તેજસૂત્રમાં અંબડ શ્રાવકે જિનપ્રતિમાને વાંદી તથા પૂજી તેવો અધિકાર છે.

૮ શ્રી જંબુદ્વિપપન્નત્તિ સૂત્રમાં યમક દેવતાદિકોએ જિનપૂજા કરેલી કહી છે.

૯ શ્રી નંદીસૂત્રમાં વિશાળાનગરીની અંદર શ્રી મુનિસુવ્રતસ્વામીની મહાપ્રભાવિક શુભ કહેલ છે.

૧૦ શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં સ્થાપના માનવી કહી છે.

૧૧ શ્રી આવશ્યક સૂત્રમાં જુદા જુદા અનેક અધિકાર છે.

શ્રી ભરત ચક્રવર્તિએ જિનમંદિર કરાવ્યાનો અધિકાર છે. વગ્ગુર શ્રાવકે શ્રી મલ્લીનાથજીનુ દેરાસર કરાવ્યું છે.

પુષ્પથી જિનપૂજા કરનારનો સંસાર ક્ષય થઇ જાય તેમ કહ્યું છે. તથા પ્રભાવતિ શ્રાવિકાએ જિનમંદિર બનાવ્યું છે. તથા જિનપ્રતિમાની આગળ નાટક કર્યું છે.

શ્રી શ્રેણિકરાજા નિરંતર એકસો ને આઠ સોનાના જવ નવા કરાવીને જિનજી સન્મુખ સ્વસ્તિક કરતા હતા.

સર્વ લોકમાં રહેલ જિનપ્રતિમાને આરાધવા નિમિત્તે સાધુ તથા શ્રાવક કાઉસ્સગ્ગ કરે તેમ કહ્યું છે.

બીજા પણ જિનપ્રતિમાના જુદા જુદા અધિકારો છે.

૧૨ શ્રી વ્યવહારસૂત્રમાં પ્રથમ ઉદ્દેશે જિનપ્રતિમાની આગળ આલોયણ કરવી કહી છે.

૧૩ દશપૂર્વધરના શ્રાવક સંપ્રતિ રાજાએ સવાલાખ જિનમંદિર કરાવ્યા છે તથા સવાક્રોડ જિનબિંબ ભરાવ્યા છે. જેમાંથી હજારો જિનમંદિર તથા જિનપ્રતિમાઓ વિદ્યમાન છે. શત્રુંજય, ગીરનાર આદિ તીર્થોમાં તથા ઘણા નગરમાં ઘણા સ્થાનકે સંપ્રતિરાજાના કરાવેલા જિનમંદિરો દૃષ્ટિએ પડે છે. તેમજ બીજા પણ ઘણાં હજારો વર્ષોનાં કરાવેલાં જિનમંદિરો હાલ વિદ્યમાન છે. આબુજી ઉપર વિમલચંદ્ર તથા વસ્તુપાળ તેજપાળનાં ક્રોડો રૂપીયા ખરચીને બનાવેલાં જિનમંદિરો વિદ્યમાન છે. જેની શોભા દેખતાં ભલભલા વિદ્વાનો પણ આશ્ચર્ય પામે છે.

આ પ્રમાણે ઘણા સૂત્રોમાં ઘણાજ વિસ્તારથી જિનપ્રતિમાનો

અધિકાર બહૂજ આનંદકારી વિદ્યમાન હોવાથી જિનપ્રતિમા વંદનીક પૂજનીક છે. તે પ્રતિમાના દર્શન કરતાં પણ પાપના પુંજ ભસ્મીભૂત થાય છે. માટે તેમાં લેશમાત્ર શંકા રાખવી નહી. અનંતકાળથી ભવચક્રમાં ભ્રમણ કરતાં માનવભવાદિ ઉત્તમ સામગ્રી મળી છે, તેમાં જો જિનપ્રતિમામાં શંકા રાખીશ અથવા નહી માને તો પાછુ અનંતકાળ ભ્રમણ કરવું પડશે. સૂત્રનો એક અક્ષર ઉત્થાપન કરનારને અનંત સંસારી કહ્યા છે, તો પછી ઠેકાણે ઠેકાણે સૂત્રોમાં કહેલા જિનપ્રતિમાને વંદન કરવાના–પૂજા કરવાના અધિકારને ઉત્થાપન કરનારાઓનો કેટલો સંસાર વધી જાય તે તીવ્રદૃષ્ટિથી સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવું. કદાગ્રહ છોડી દેવો. પ્રથમથી પકડી રાખેલ અમારાથી કેમ મૂકાય તેવા ખોટા કદાગ્રહમાં મુંઝાઇ રહેવાથી આત્માને ભવચક્રમાં નરકાદિ દુર્ગતિનાં અસહ્ય દુઃખો સહન કરવાં પડશે. કદાગ્રહ મૂકવામાં તો દુઃખ લેશમાત્ર થતું નથી, પરંતુ ઉલટો આનંદ પ્રાપ્ત થાય છે. આત્મામાં નવીન જાગ્રતિ આવે છે. ભવભ્રમણ નષ્ટ થાય છે. જુઓ જિનપ્રતિમાનાં દર્શન કરવાથી જ કેટલા ફાયદા થયા છે? કેવાકેવા જીવો બોધિબીજ પ્રાપ્ત કરીને આત્મકલ્યાણ કરી ગયા છે?

૧ અભયકુમારે મોકલેલી ઋષભદેવસ્વામીની પ્રતિમા દેખી આર્દ્રકુમાર પ્રતિબોધ પામ્યા અને સમ્યકત્વરત્ન પ્રાપ્ત કરી અનુક્રમે મુનિપણું અંગીકાર કરી આત્મકલ્યાણ કરી ગયા.

૨ દશવૈકાલિક સૂત્રના કર્તા. શ્રી શય્યંભવસૂરિ શ્રી શાંતિનાથની પ્રતિમા દેખી પ્રતિબોધ પામ્યા છે.

‘ **सिज्जंभवगणहरजिणपडिमादंसणेण पडिबुद्धो.** ’ ઇત્યાદિ.

૩ શ્રી જિનપ્રતિમાની ભક્તિથી શ્રી શાંતિનાથજીના જીવે તીર્થંકર ગોત્ર બાંધ્યું છે.

૪ જિનભક્તિ કરવાથી જીવ તીર્થંકર ગોત્ર બાંધે છે. આ કથન શ્રી જ્ઞાતાસૂત્રમાં છે. જિનપ્રતિમાની પૂજા છે તે તીર્થંકર-નીજ પૂજા છે અને તેથી વીશ સ્થાનક મધ્યના પેલા સ્થાનકનું આરાધન થાય છે.

૫ જિનપ્રતિમાને પૂજવાથી સંસારનો ક્ષય થઈ જાય છે એમ શ્રી આવશ્યકસૂત્રમાં કહ્યું છે.

૬ જિનપ્રતિમાને પૂજવાથી મોક્ષફળની પ્રાપ્તિ થાય છે, એમ શ્રી રાયપસેણીસૂત્રમાં કહ્યું છે.

૭ ગુણધર મહારાજાના સત્તર પુત્રે સત્તર ભેદમાંથી એક એક પ્રકારે જિનપૂજા કરી છે અને તે જિનપૂજાથી તેજ ભવે મોક્ષે ગયા છે. આ અધિકાર સત્તર ભેદી પૂજાના ચરિત્રમાં છે અને સત્તર ભેદી પૂજા શ્રી રાયપસેણી સૂત્રમાં કહેલી છે.

૮ નાગકેતુ શ્રીજિનેશ્વરની પૂજા કરતાં શુદ્ધ ભાવનાવડે કેવળ-જ્ઞાન પામ્યા હતા.

૯ દુર્ગતા નારી પરમાત્માની ફુલની પૂજા કરતાં કેવળજ્ઞાન પામી હતી.

શ્રીદશવૈકાલિક સૂત્રના આઠમા અધ્યયનમાં કહ્યું છે જે 'ભીંત ઉપર સ્ત્રીની મૂર્ત્તિ ચિત્રેલી હોય તે મુનિઓએ જોવી નહી. કારણ જે તેને દેખવાથી વિકાર ઉત્પન્ન થાય છે.'

**चित्तभित्तिं न निज्झाए, नारिवासुअलंकियं ।**
**भक्खरमिव दट्ठूण, दिट्ठिं पडिसमाहरे ॥ १ ॥**

**અર્થ**—" ચિત્રામણની ભીંત સ્ત્રીથી અલંકૃત હોય તો તેને જોવી નહીં. કારણ જે તે વિકાર થવાના હેતુભુત છે. જેમ સૂર્ય સામું જોઇ દૃષ્ટિ સંહરી લઇએ છીએ તેની પેઠે ચિત્રામણની સ્ત્રી દેખીને દૃષ્ટિ સંહરી લેવી."

જુઓ ! વિચાર કરો ! જેમ ચિત્રામણની સ્ત્રી દેખવાથી-કામ-વિકાર ઉત્પન્ન થાય છે, તેવીજ રીતે શાંતરસથી ભરપૂર પરમાત્માની મુર્ત્તિ દેખતાં જીવને વૈરાગ્ય ઉત્પન્ન થાય જ તેમાં શું આશ્ચર્ય ! માટે જિનપ્રતિમામાં જરાપણ શંસય રાખવો નહી.

## સૂત્રોમાં જિનપ્રતિમા વિષે પદ્ય.

રાગ—( નાથ કેસે ગજકો બંધ છુડાયો )

પૂજો પ્રેમે જિનપડિમા જયકારી,
એ તો અવિચળ સુખ દેનારી......પૂજો०

પ્રભુપડિમા પૂજનની સાખો, બહુ છે સૂત્ર મોઝારી;
રાયપસેણીમાં સુર સૂર્યાભે, પૂજી છે પડિમા પ્યારી...પૂજો०

જ્ઞાતા અંગે રંગે ઉમંગે, દ્રૌપદી સમકિત ધારી;
જિનવર પૂજી લીધો લ્હાવો, જગમાં છે બલિહારી...પૂજો०

જંઘાચારણ ને વિદ્યાચારણની, પૂજન વાત વિસ્તારી;
ભગવતિમાં પ્રભુ વીરે ભાખી, બલિહારી જઇએ વારી...પૂજો०

જીવાભિગમમાં વિજય દેવતા, પડિમા પૂજે મનોહારી;
તેમ ભવી જિનવર પૂજી ભાવે, " ભક્તિ " કરો વારંવારી...પૂજો०

આ પ્રમાણે સૂત્ર સિદ્ધાંતમાં કહેલી જિનપ્રતિમાનાં દર્શન કરી, પૂજન કરી, ભક્તિ કરી, ઘણા ભવ્ય જીવો સમ્યક્ દર્શન પામી અનુક્રમે કેવળજ્ઞાનની લક્ષ્મી મેળવી મુક્તિમાં બીરાજમાન થયા છે. જન્મમરણના કલેશથી દૂર થયા છે. આવી રીતે જીવોને કર્મ ખપાવવા માટે આ પંચમકાળમાં સાક્ષાત્ જિનેશ્વર ભગવાનનો વિરહ છે. પણ જિનપડિમા પ્રબળ સાધન હોવા છતાં-શાસ્ત્રમાં ઠેકાણે ઠેકાણે જિનેશ્વર દેવે તે બતાવેલ છતાં કેટલાએ બીચારા મહામોહનીય કર્મના જોરથી—પ્રબળ મિથ્યાત્વના ઉદયથી

જિનપ્રતિમાને નથી માનતા, નથી પૂજતા તેને માટે ઉપાધ્યાયજી યશોવિજય મહારાજ કહે છે જે—

એણીપેરે બહુ સૂત્રે ભણ્યું જીરે, જિનપૂજા ગૃહીકૃત્ય;
જે નવી માને તે સહીજી રે, કરશે બહુ ભવ નૃત્ય. સુણો જિન !
તુજ વિણ કવણુ આધાર.

"બહુ સૂત્રસિદ્ધાંતમાં જિનપૂજાનું કૃત્ય ગૃહસ્થો માટે કહેલું છે, છતાં જે નહી માને તે આ ભવચક્રમાં જન્મમરણના ફેરાવડે નૃત્ય કરશે." માટે હે ચેતન ! તું લેશમાત્ર જિનપ્રતિમામાં શંકા કરીશ નહી અને હમેશાં પરમાત્માનાં વિધિપૂર્વક દર્શન કરી—પૂજન કરી સમ્યકત્વ રત્નની પ્રાપ્તિ કરી લેજે. તને આ અપૂર્વ અવસર મળ્યો છે, તેથી જેમ બીજા જીવો પ્રભુ-પડિમાનું આલંબન લઇ સમ્યકત્વ પ્રાપ્ત કરી આત્મકલ્યાણ કરી ગયા તેમ તું પણ કરી શકીશ. માટે નિશ્ચળ ચિત્તથી જિનપડિમાના દર્શન પૂજા ભક્તિ કરજે.

## ઇતિ શ્રી જિનપ્રતિમાનો તથા તેમની પૂજા—ભક્તિનો અધિકાર.

જેવી રીતે આ પંચમકાળમાં જિનપ્રતિમાનો ભવી જીવોને આધાર છે, તરવાનું સાધન છે, તેવીજ રીતે તીર્થંકર ગણધરોએ કહેલા જિનઆગમ પણ જીવને સંસારમાંથી તરવાનું પ્રબળ સાધન છે. આગમમાં બતાવેલ ધર્મનું આરાધન કરનાર ભવ્ય જીવો આત્માની પરમાત્મ દશા પ્રાપ્ત કરે છે. જો વીરપ્રભુના બતાવેલા તત્ત્વ જીવ સાંભળે તો તેના હૃદયમાં નવીન અદ્‌ભૂત વિચાર પેદા થાય, માટે હે ચેતન ! સર્વજ્ઞ પ્રભુએ કહેલો ધર્મ ઉતમ શરણરૂપ જાણીને મન વચન અને કાયા ત્રિકરણ શુદ્ધે તેનું આરાધન કર ! આરાધન કર ! અવસર હાથમાં આવ્યો છે તેને

જવા દઇશ નહી. તું અનંતકાળથી અનાથ છો, તે ધર્મના પ્રભાવથીજ સનાથ થઇશ. અનંતકાળથી સંસારમાં ભ્રમણ કરતાં માતા પિતા ભગિની સ્ત્રી વિગેરે કુટુંબાદિક તને શરણભૂત થયા નથી. પરલોકમાં જતાં તેઓનો તને આધાર નથી. જેથી શરણ રહિત એવો તું ધર્મના પ્રભાવથી જ શરણવાળો થઇશ. જો શ્રીઉત્તરાધ્યયન સૂત્રના વીશમા અધ્યયનમાં કહેલ અનાથીનું કોઇ શરણ થયું નહી, જેથી તેઓએ શુભ વિચારોને આત્મા સાથે જોડી દીધા અને સનાથ તેમજ શરણવાળા થયા. તે દષ્ટાંતનું બરાબર મનન કરજે. તેઓની નિસ્પૃહતા વિગેરે જોઇ શ્રેણિક રાજા પણ ધર્મ પામ્યા, તે અનાથી મુનિનું દષ્ટાંત આ પ્રમાણે—

## અનાથી મુનિનું દષ્ટાંત.

એકદા ગજ અશ્વાદિકવાળા તથા વૈડુર્યાદિક ઘણા રત્નોવાળા મગધદેશના અધિપતિ શ્રેણિકરાજા અશ્વક્રીડાને માટે મંડિકુક્ષિ નામના વનમાં નીકળી પડ્યા. વનની શોભા ઘણી મનોહારિણી હતી. નાના પ્રકારના વૃક્ષોવડે વન ઘણુંજ શોભી રહ્યું હતું. નાના પ્રકારના પક્ષીઓ તે વનનું સેવન કરતા હતા. તે પક્ષીઓના જુદા જુદા શબ્દો સંભળાતા હતા. નાના પ્રકારના પાણીનાં ઝરણાં ઝરી રહ્યાં હતાં. તે વન નંદનવનની તુલ્યતા ધરાવતું હતું. ત્યાં એક તરૂ નીચે મહા સમાધિવંત, શરીરે સુકુમાળ એક મુનિને તે શ્રેણિક રાજાએ દીઠા. તેનું અદ્‌ભુત રૂપ દેખી રાજા મનમાં અત્યંત આનંદ પામ્યા અને ઉપમારહિત રૂપથી વિસ્મય પામી મનમાં તેમની પ્રશંસા કરવા લાગ્યા. અહો ! આ મુનિનો કેવો અદ્‌ભૂત વર્ણ છે, અહો ! કેવું મનોહર રૂપ છે, અહો ! આ મુનિ કેવા આશ્ચર્યકારક ક્ષમાના ધરનાર છે, અહો ! આ મુનિના અંગમાં વૈરાગ્ય કેટલો ભરેલો છે, અહો ! આ મુનિમાં કેટલી

નિર્લોભતા ઝળહળી રહી છે. ઇત્યાદિક અનેક પ્રકારે ચિંતવતા, ખુશી થતા, સ્તુતિ કરતા, ધીમેથી ચાલતા, પ્રદક્ષિણા દઇ તે મુનિને વંદન કરી, અતિ સમીપ નહી તેમ અતિ દૂર નહી તેવી રીતે બેઠા. પછી બે હાથ જોડી વિનયપૂર્વક મુનિરાજને પૂછયું 'હે મહારાજ ! તમે પ્રશંસા કરવા લાયક તરૂણ છો, ભોગવિલાસને માટે તમારી વય અનુકૂળ છે, સંસારમાં નાના પ્રકારના સુખો રહ્યા છે, તે સઘળાંનો ત્યાગ કરી મુનિપણામાં અતીવ ઉદ્યમ કરો છો તેનું શું કારણ ? તે મને અનુગ્રહ કરીને કહો.'

રાજાનાં આવા પ્રકારનાં વચનો સાંભળી મુનિરાજે કહ્યું 'હે રાજન્ ! હું અનાથ હતો, હે મહારાજ ! મને અપૂર્વ વસ્તુ પ્રાપ્ત કરાવનાર તથા યોગ ક્ષેમનો કરનાર, મારા ઉપર અનુકંપા આણનાર, પરમ સુખનો દેનાર મિત્ર કોઇ ન થયો, એ કારણથી હું અનાથ હતો.' આવા પ્રકારનાં મુનિનાં વચન સાંભળી શ્રેણિકને હસવું આવ્યું અને શ્રેણિકે કહ્યું કે 'તમારે મહાઋદ્ધિવંતને નાથ કેમ ન હોય ? જો કોઇ તમારો નાથ ન હોય તો હું પોતે થાઉ છું. તમે આ સંસારના ભોગ ભોગવો. મિત્રજ્ઞાતિ સહિત દુર્લભ એવો તમારો મનુષ્યભવ સફળ કરો.' અનાથી મુનિએ કહ્યું 'હે શ્રેણિક ! મગધદેશના રાજા ! તું પોતેજ અનાથ છો તો મારો નાથ કેમ થઇશ ? નિર્ધન હોય તે ધનાઢ્ય કેવી રીતે બનાવે ? બુદ્ધિરહિત બુદ્ધિદાન ક્યાંથી આપે ? વંધ્યા સ્ત્રી સંતાન ક્યાંથી આપે ? જ્યારે તું પોતેજ અનાથ છો તો મારો નાથ ક્યાંથી થઇશ ?' મુનિના વચનથી રાજા વિસ્મય પામ્યો અને વ્યાકુલ થયો. કોઇ કાળે જે વચનનું શ્રવણ થયું ન હતું એવું વચન યતિના મુખથી સાંભળી શંકાગ્રસ્ત થયો છતો બોલ્યો જે 'હું અનેક પ્રકારના અશ્વોનો ભોગી છું, અનેક પ્રકારના મદોન્મત્ત હસ્તિઓનો ધણી છું, અનેક પ્રકારની સેના મારે આધિન છે, નગર ગામ અંતઃપુર અને

ચતુષ્પદ વિગેરેની મારે કાંઇ ન્યૂનતા નથી, મનુષ્ય સંબંધી સઘળા પ્રકારના ભોગ મને પ્રાપ્ત થયા છે, સેવક જનો મારી આજ્ઞાને આરાધે છે, તમામ પ્રકારની સામગ્રી મારે ઘેર છે, સર્વ મનોવાંચ્છિત વસ્તુઓ મારી સમીપે રહે છે, આવા પ્રકારનો હું દેદિપ્યમાન છતાં અનાથ કેમ હોઉં ? રખે હે ભગવાન્! તમે ફેરફાર બોલતા હશો.'

મુનિએ કહ્યું. 'હે રાજન્! મારા કહેલા અર્થની ઉત્પત્તિને તું બરાબર સમજ્યો નથી. તું પોતે અનાથ છો, પરંતુ તે સંબંધી તારી અજ્ઞતા છે, હવે હું કહું છું તે અવ્યગ્ર અને સાવધાન ચિત્તે તું સાંભળ. તે સાંભળી પછી તેના સત્યાસત્યનો નિર્ણય કરજે. મેં પોતે જે પ્રકારના અનાથીપણાથી મુનિપણું અંગીકૃત કર્યું છે તે હું પ્રથમ તને કહુ છું.

બીજા નગરોથી અતિ શોભાવાળી કોસંબી નામની એક સુંદર નગરી છે. ત્યાં ઋદ્ધિથી પરિપૂર્ણ **ધનસંચય** નામના મારા પિતા રહેતા હતા. પ્રથમ યૌવનવયને વિષે અતુલ્ય અને ઉપમા-રહિત એવી મારી આંખોને વિષે વેદના ઉત્પન્ન થઈ તથા દુઃખને દેવાવાળો આખા શરીરે દાહજ્વર ઉત્પન્ન થયો. શસ્ત્રથી પણ તિક્ષ્ણ એવો તે રોગ વૈરીની પેઠે મારા ઉપર કોપાયમાન થયો. મારૂં મસ્તક આંખની અસહ્ય વેદનાથી અત્યંત દુઃખવા લાગ્યું. ઈન્દ્રના વજ્રના પ્રહાર સરખી બીજાને પણ અત્યંત ભય ઉપજાવનારી અત્યંત દારૂણ વેદનાથી હું બહુ શોકાર્ત થયો. શારીરિક વિદ્યામાં વિદ્વાન મંત્રમૂળીના જાણ સુજ્ઞ વૈદરાજ મારી તે વેદનાનો નાશ કરવા માટે આવ્યા, અનેક પ્રકારના ઔષધોપચાર કર્યા, પણ તે વૃથા ગયા, ધનવંતરી સરખા તે વૈદ્યો મને તે વેદનાથી મુક્ત કરી શકયા નહી. એજ હે રાજન્! મારૂં અનાથપણું હતું. મારી આંખની વેદના ટાળવાને માટે મારા પિતાએ સર્વ ધન આપવા માંડયું પરંતુ તેથી

કરીને પણ મારી વેદના ટળી નહી. હે રાજન્ ! એ જ મારૂં અનાથપણું હતું. મારી માતા પુત્રના શોકે કરીને અત્યંત દુઃખિત થઈ, પરંતુ તે પણ તે દરદથી મને મૂકાવી શકી નહી, હે મહારાજા! તે જ મારૂં અનાથપણું હતું. એક ઉદરથી ઉત્પન્ન થયેલા મારા મોટા તથા લઘુ બાંધવો પોતાથી બનતો પરિશ્રમ કરી ચૂકયા, પણ મારી વેદના ટળી નહી. હે રાજન્ ! એ જ મારૂં અનાથપણું હતું. વળી મારી મોટી તથા નાની ભગીનિઓથી પણ મારૂં દુઃખ ટળ્યું નહી. હે મહારાજા ! એ જ મારૂં અનાથપણું હતું. મારી પતિવ્રતા સ્ત્રી મારા ઉપર પ્રેમવાળી અને રાગવાળી હતી. તે પણ આંખમાં પરિપૂર્ણ આંસુ ભરીને મારા હૃદયને સીંચતી–ભીંજવતી હતી. મારી સમીપથી ક્ષણવાર અલગી રહેતી નહોતી, અન્ય સ્થળે જતી પણ નહોતી, હે રાજન્ ! એવી સ્ત્રી પણ મારા રોગને ટાળી શકી નહી. હે રાજન્ ! એ જ મારૂં અનાથપણું હતું. એવી રીતે કોઈના પ્રેમથી, કોઇના ઓષધથી, કોઇના વિલાપથી અને કોઇના પરિશ્રમથી એ રોગ શાંત ન થયો. મેં તે વેળા એકલાએ જ અસહ્ય વેદના ભોગવી. પછી હું આ દુઃખથી ભરેલા સંસારથી ખેદ પામ્યો. તેથી વિચારવા લાગ્યો કે ' હું જો આ ઘોર વેદનાથી મુક્ત થઇશ તો પારમેશ્વરી પ્રવ્રજ્યાને ( દીક્ષાને ) અંગીકાર કરીશ.' એમ ચિંતવતો હું શયન કરી ગયો. રાત્રી અતિક્રમી ગઇ એટલે હે મહારાજ ! મારી તે વેદના શમી ગઇ અને હું નીરોગી થયો. પ્રાતઃકાળે માતાપિતા સ્વજનાદિકને પૂછીને મેં મહાક્ષમાવાળું અને ઇન્દ્રિયોનો નિગ્રહ કરવાવાળું, આરંભાદિથી રહિત સાધુપણું અંગીકાર કર્યું. ત્યારપછી હું મારા આત્માનો નાથ થયો. હવે સર્વ પ્રકારના જીવનો હું નાથ છું. ”

અનાથી મુનિએ આવા પ્રકારની અશરણ ભાવના શ્રેણિક રાજાના મન ઉપર દૃઢ ઠસાવી. હવે બીજો ઉપદેશ તેને

અનૂકૂલ આપે છેઃ—"હે રાજન્ ! આ આપણો આત્મા જ દુઃખની ભરેલી વૈતરણીનો કરનાર છે. આપણો આત્મા જ શાલ્મલી વૃક્ષના દુઃખનો ઉપજાવનાર છે. આપણો આત્મા જ મનોવાંચ્છિત, ઇષ્ટ વસ્તુ રૂપી દુધને દેવાવાળી કામધેનુ ગાય જેવું સુખને ઉપજાવનાર છે. આપણો આત્માજ નંદનવનની માફક આનંદકારી છે. આપણો આત્માજ કર્મનો કરનાર છે. આપણો આત્માજ તે કર્મનો ટાળનાર છે. આપણો આત્મા જ દુઃખોને ઉત્પન્ન કરનાર છે. આપણો આત્મા જ સુખનો ઉત્પન્ન કરનાર છે. આપણો આત્માજ મિત્ર અને આપણો આત્માજ વૈરી છે. આપણો આત્માજ તમામ કાર્ય કરનાર છે." આવી રીતે અનેક પ્રકારે અનાથી મુનિએ તે શ્રેણિકરાજા પ્રત્યે સંસારનું અનાથપણું કહી બતાવ્યું. તેથી શ્રેણિકરાજા અતીવ સંતોષ પામ્યા. તે અંજળી કરીને બોલ્યા જે 'હે ભગવન્ ! મને તમે બરાબર ઉપદેશ કર્યો, તમે યથાસ્થિત અનાથપણું કહી બતાવ્યું, હે મહાઋષિ ! તમે સનાથ છો, તમે સબંધવ છો અને તમે સધર્મ છો. તમે સર્વ અનાથના નાથ છો. હે પવિત્ર સંયતિ ! હું તમને ખમાવું છું. તમારી હિતશિક્ષાને વાંછું છું. ધર્મધ્યાનમાં વિઘ્ન કરવાવાળું ભોગવિલાસ સંબંધી આમંત્રણ મેં આપને કર્યું હતું તે સંબંધીનો મારો અપરાધ ખમાવું છું." એવી રીતે સ્તવના કરી શ્રેણિકરાજા પરમાનંદ પામી ધર્મને વિષે રાગી થયા. અને મુનિને પ્રદક્ષિણા કરી તેમના ચરણ વાંદીને સ્વસ્થાને ગયા.

## ઇતિ અનાથી મુનિ કથા.

અહો ભવ્યો ! મહા તપોધન, મહા મુનિ, મહા પ્રજ્ઞાશાલી, મહા યશવંત, મહાનિર્ગ્રંથ અનાથી મુનિએ મગધદેશના રાજાને પોતાના શુદ્ધ ચારિત્રથી જે બોધ આપ્યો છે તે ખરેખર અશરણ ભાવનાને સિદ્ધ કરી દેખાડે છે. મહામુનિ અનાથીએ જે જે

વેદનાઓ સહન કરી તેની તુલ્ય અથવા તેથી પણ વિશેષ અસહ્ય દુઃખો અનંત જીવો સામાન્ય દૃષ્ટિથી ભોગવતા દેખાય છે. તે સંબંધી તમે વિચાર કરો. સંસારમાં છવાઈ રહેલ અશરણતાનો ત્યાગ કરી સત્ય શરણુ રૂપ ઉત્તમ તત્ત્વજ્ઞાનને પ્રાપ્ત કરો, પ્રાપ્ત કરવા ઉદ્યમ કરો, એજ મુકિતના કારણરૂપ થશે. જેમ સંસારમાં રહેલ અનાથી અનાથ હતા તેમ પ્રત્યેક આત્મા તત્ત્વજ્ઞાનની ઉત્તમ પ્રાપ્તિ વિના હમેશાં અનાથ જ છે. સનાથ થવા માટે પુરૂષાર્થ ફેરવવાની જરૂર છે. હે આત્મા ! તું પણ પુરૂષાર્થ ફેરવીશ તોજ આત્મહિત કરી શકીશ.

## ૮ હિતોપદેશ.

જેવી રીતે ક્ષુધા લાગે તો ખાવા માટે, તૃષા લાગે તો પીવા માટે, પૈસા કમાવા માટે, પુત્રપુત્રીઓની સારસંભાળ માટે, સંસારનાં મજુરીરૂપ કાર્યોમાં તો કાંઈ કોઇને પૂછવું જ પડતું નથી, જલદી પ્રવૃત્તિ થાય છે; તો પછી આ આત્મા અનાદિ કાળથી સંસારરૂપી બંધીખાનામાં પડ્યો છે, તેને છોડાવવા માટે થોડો પણ ઉદ્યમ કેમ કરતો નથી ? હે ચેતન ! જરા લેશ માત્ર ચક્ષુ ઉઘાડ. જયારે ત્યારે પણ શુભ કાર્યમાં પુરૂષાર્થ ફેરવ્યા વિના સંસારરૂપી કેદખાનામાંથી છુટાશે નહી. માટે આત્મહિત કરવા તૈયાર થા. સદ્‌ગુરૂનો સંયોગ મેળવ. તેમની સેવા કરી આગમમાં પ્રકાશિત કરેલા તીર્થંકર ગણધરના બતાવેલા ધર્મને જાણ, જાણીને વિચાર કર, સ્વધન અને પરધનને ઓળખ, મોહના કેફથી અસત્ય વસ્તુને સત્ય વસ્તુ જાણી ભ્રમથી ભૂલ્યો થકો સંસારિક સુખને સત્ય સુખ તરીકે જાણી શા માટે મુંઝાય છે ? વીતરાગ પરમાત્મા કથિત સત્ય તત્ત્વથી અજાણ રહી પોતાનું આયુ નિરર્થક ગુમાવી અધોગતિ શા માટે પ્રાપ્ત કરે છે ? સુખની આશાએ બાહ્ય વસ્તુની પ્રાપ્તિ કરવા પ્રયત્ન કરી રહ્યો છે, પરંતુ

હે મોહાન્ધ આત્મા ! તું એટલું પણ વિચારતો નથી કે, ખરૂં સુખ તો આત્મામાં રહેલું છે, પૌદ્‌ગલિક વસ્તુ તો વિનાશ પામી જવાની છે, તેની આશાએ આત્મિક ધન ખોઇશ નહી. કોઈ પણ જડ પદાર્થમાં સુખ રહેલું નથી. જો શરીરમાં સુખ રહેલું હોત તો મૃત શરીરમાં તે સુખની પ્રાપ્તિ થવી જોઈએ, પરંતુ થતી નથી. માટે સિદ્ધ થાય છે કે સુખ એ આત્માનો ગુણ છે. કર્મના આવરણને લીધે સંસારી જીવોને સુખ તિરોભાવે છે અને સિદ્ધને કર્મના નાશથકી તે સુખ આવિર્ભાવે પ્રકાશે છે. તાત્ત્વિક સુખ આત્મામાં જ રહેલું છે, પરંતુ દુઃખદાઇ વિભાવ દશાને અનાદિ કાળથી તું કોટે વળગાડીને ફરી રહ્યો છે તેને છોડ. સ્વભાવ દશાને પ્રાપ્ત કર. પરંતુ તારે હજી રસલોલુપતા ઘણી છે. સમભાવથી આશંસારહિત તપસ્યા કરતો નથી. ઉપવાસ આયંબીલ એકાસણું છેવટ ઉણોદરી વ્રત પણ સમભાવથી કરતો નથી. નવિન નવિન ચીજો ખાવાની ઇચ્છાઓ કર્યા કરે છે; પરંતુ ઇચ્છાનિરોધ કરતો નથી, જે વસ્તુની ઇચ્છા થઇ તેને દબાવતો નથી. સંસારનાં અનેક કાર્યોનું તું ચિંતવન કરે છે. કોઇવાર કામરાગમાં, કોઇ વાર સ્નેહરાગમાં, કોઈવાર દૃષ્ટિરાગમાં, કોઇવાર કુદેવમાં—જેનામાં દેવપણાની ગંધ પણ નથી તેમાં, કોઇ વાર કુગુરૂમાં—જેનામાં ગુરૂપણાનો અભાવ છે તેમાં, કોઇ વાર કુધર્મમાં—જે ધર્મથી અનેક જીવોનો નાશ થાય એવા અસત્ય ધર્મમાં, કોઇવાર મનોદંડમાં, કોઇવાર વચનદંડમાં—નહીં બોલવા લાયક વચનો બોલીને, કોઇવાર કાયદંડમાં, કોઇવાર હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંચ્છામાં, કોઈવાર કૃષ્ણાદિ ત્રણ અશુભ લેશ્યામાં, કોઇવાર રસગારવ ઋદ્ધિગારવ શાતાગારવમાં લીન થઈને સંસારની વૃદ્ધિનાં કારણોનું તું ચિંતવન કરે છે. તો હે ચેતન ! તું કેવી રીતે સ્વભાવ દશા પ્રાપ્ત કરી સંસારસમુદ્રનો પાર પામીશ ? શું આ

તમામ આત્માના શત્રુ છે કે મિત્ર ? શાસ્ત્રકારો તો કટ્ટા શત્રુ કહે છે. તો શું આવી જબરજસ્ત મોહરાજાની સેનાને પાછી નહી હઠાવે ? તારૂં સર્વથા બગાડવાવાળી તે સેના છે. હે ચેતન ! વળી તારા ઉપર અઢાર પાપસ્થાનકોનો કેટલો જોરાવર હુમલો છે ? તારી જીંદગીનો અત્યાર સુધીનો વિચાર કરી લે કે કયો દિવસ મારો ચોખો ગયો જે દિવસે એકપણ પાપસ્થાનક સેવ્યું નથી ? ભાગ્યેજ કોઇ તેવો દિવસ નીકળશે. શું આ પણ એક આત્માની નબળાઇ-હીનસત્ત્વતા નહી તો બીજું શું કહેવાય ? ફકત સવારે કે સાંજે જયારે પડિક્કમણું કરે છે ત્યારે પેલે પ્રાણુતિપાત, બીજે મૃષાવાદ, ઉત્યાદિ પાપસ્થાનકના નામ બોલી જાય છે, પરંતુ તે શબ્દમાત્રમાં જ રહી જાય છે. સવારે કે સાંજે તે બોલીને જો બીજે દિવસે તેનાથી પાછો હઠે-તે પાપસ્થાનકો ન સેવે તો કેવો આનંદ આવે ? થોડો અનુભવ તો કરજે. અમુક દિવસે એક પણ પાપસ્થાનકનો સમાગમ કરવો નથી એમ ધારીને જો થોડું ઘણું તે તરફ લક્ષ રાખીશ તો જરૂર તેને થોડેઘણે અંશે પણ કાઢી શકીશ. શબ્દો ઉચ્ચર્યા પછી તે ઉપર વિચાર કરીને શુભમાં પ્રવૃત્તિ ને અશુભથી નિવૃત્તિ કરવાથી જ આત્માને લાભ થાય છે. સર્પ અથવા સિંહને દેખી સર્પ, સર્પ, સિંહ, સિંહ, એમ શબ્દ બોલીએ ને પાછા હઠી ન જઈએ તો સર્પ અથવા સિંહ પ્રાણનો નાશ કરે. તેવી જ રીતે પાપસ્થાનક બોલીને પણ તેનાથી પાછા ન હઠીએ તો તે પાપસ્થાનકો ભાવપ્રાણ જે જ્ઞાન દર્શન ચારિત્ર-તેનો નાશ કરે. તેમાં શું આશ્ચર્ય ! સુવર્ણ તથા હીરાદિકને દેખીને મુખથી સુવર્ણાદિક બોલ્યા કરે, સાક્ષાત્ દીઠા છતાં ગ્રહણ ન કરે, ને કાચના કટકાજ ગ્રહણ કરે, તે ધનવાન થાય ખરો ? ન જ થાય. તેવી જ રીતે જીવા-

દિક નવ તત્ત્વોનું જાણપણું કરે, પરંતુ તેમાં રહેલ સંવર તત્ત્વનો આદર ન જ કરે, નિર્જરાને ન સ્વીકારે, તો જાણવા માત્રથી પ્રવૃત્તિવિના કેવી રીતે આત્મકલ્યાણ કરી શકે ? જુઓ ક્રિયા અષ્ટકમાં શું કહે છે ?

**क्रियाविरहितं हंत, ज्ञानमात्रमनर्थकम् ।**
**गतिं विना पथज्ञोपि, नाप्नोति पुरमीप्सितम् ॥**

'ક્રિયા રહિત જ્ઞાન માત્ર નિષ્ફળ છે. રસ્તાનો જાણનાર માણુસ ગતિ ન કરે–છાનોમાનો બેસી રહે તો વાંછિત નગરે પહોંચતો નથી, તેમ ક્રિયારહિત જ્ઞાન મોક્ષફળદાતા થતું નથી.' શાસ્ત્રમાં પણ જ્ઞાનક્રિયાવડે કરીને જ મોક્ષ કહેલ છે. આ હેતુ-માટે જાણપણું કરી શુભકાર્યમાં પ્રવૃત્તિ કરવી તેજ મોક્ષનું કારણ છે. બાકી રે ચેતન ! દિવસ ને રાત્રી તો રોજ જાય છે, આયુ કાપે છે, મસ્તકપર ધોળા વાળ આવ્યા, મૃત્યુએ આગળથી દૂતો મોકલી ખબર આપી કે–તું ચેત કે ન ચેત, જ્ઞાનક્રિયાવડે મોક્ષસુખ મેળવવા પ્રવૃત્તિ કર કે ન કર, હું તો તાકીદથી આવું છું, તૈયાર થઇ રહેજે. ખોટી આશાએ સંસારમાં પડ્યો રહીશ નહીં. મધુબિંદુ જેવા સાંસારિક સુખમાં મુંઝાઇશ નહી. નીચે લખેલી ગાથાનું મનન કરજે.

નગારાં વાગે માથે મોતનાં, કેમ નિશ્ચિંત થઇને સુતો રે;
મધુબિંદુ સુખની લાલચે, ખાલી કીચડમાં કેમ ખુતો રે.
જાઉં એ વૈરાગ્યની બલિહારી.

આ ગાથાથી નિશ્ચિત કરી લેજે કે મૃત્યુનાં નગારાં વાગી રહ્યાં છે, હવે આત્મશ્રેય કરવામાં જેટલો વિલંબ કરીશ તેટલું ગુમાવી બેસીશ. તું એમ પણ ધારીશ નહી જે હજી મને ધોળા વાળ નથી

આવ્યા, હજી હું તો નાની ઉમરનો છું, હજી આપણે ઘણી વાર છે. સોપક્રમ આયુવાળાને તો વાળ ધોળા હોય કે કાળા હોય તે જોવાનું નથી. શાસ્ત્રમાં કહ્યું છે જે 'સોપક્રમ આયુવાળાનું સાત પ્રકારે આયુ ત્રુટે છે.' જુઓ ! ઉપદેશ રત્નાકરમાં શ્રીમુનિસુંદર-સૂરિ મહારાજે બતાવેલ છે:—

**अज्झवसाणे[1] निमित्ते[2], आहारे[3] वेअणा[4] पराघाए[5] ।**
**फासे[6] आणपाणु[7], सत्तविहं जिज्झए आउं ॥ १ ॥**

૧ **અધ્યવસાય** રાગ, ભય ને સ્નેહ—આ ત્રણ પ્રકારે સમજવા. તેમાં રાગજન્ય અધ્યવસાય કોઈ સ્ત્રી એક તરૂણ પુરૂષને પાણી પાતી હતી, તેના ઉપર અત્યંત રાગવાળી થઈ પાછી હઠી નહી, તે પુરૂષને જોવામાં એકદમ રાગવાળી બની, પુરૂષ ચાલ્યો ગયો, રાગના અધ્યવસાયથી બાઇ મરણુને શરણુ થઇ. મનુષ્ય ભવ ગુમાવી બેઠી. એ પેલો રાગ અધ્યવસાય.

ગજસુકુમાળનો સસરો સોમિલ વિપ્ર ગજસુકુમાળને ઉપ-સર્ગ કરીને આવતો હતો સામેથી વાસુદેવ આવતા દેખી ભયથી મરણુ પામ્યો. એ બીજો ભય અધ્યવસાય.

ત્રીજો સ્નેહ અધ્યવસાય તે એક વણિકને એક તરૂણુ સ્ત્રી હતી. બંનેને ગાઢ સ્નેહ હતો. તે વાણીઓ દેશાંતર કમાવા ગયો, કમાઇને પાછો વળ્યો, તેના મિત્રે આગળથી ઘેર આવી પરીક્ષા કરવા તેની સ્ત્રીને કહ્યું જે 'તમારો પતિ મરી ગયો.' બાઇને સ્નેહ ઘણો હોવાથી તે શબ્દ સાંભળતાં તુરતજ મરણુ પામી. પાછળથી તેનો ધણી આવ્યો, તે પણુ પોતાની સ્ત્રીને મરણુ પામેલી જોઇ સ્નેહના તીવ્ર અધ્યવસાયથી મરણુ પામ્યો. આ સ્નેહ અધ્યવસાય. આવા પ્રકારનો તીવ્ર સ્નેહ જીવને બહુ હેરાન કરે છે. જલદી મૃત્યુ પમાડે છે. આજકાલ પંચમ કાળમાં

પણ આવો સ્નેહ ઘણીવાર દૃષ્ટિગોચર થાય છે. ઘણા જીવો તેથી મૃત્યુને આધીન થયા છે. જરાપણ વિયોગ થાય તો મનમાં જાણે છે જે મારૂં તમામ નાશ થઈ ગયું ! અરે હું હવે શું કરીશ ? મારી કોણ રક્ષા કરશે? મને કોણ સાચવશે ? ઇત્યાદિક સ્વાર્થમાં અંધ-બની ખોટા વિલાપ કરી આયુને ઉપક્રમ લગાડી દૂર રહેલા મૃત્યુને નજીક કરી જીંદગી રદ કરે છે ને આર્તધ્યાનથી મરણ પામી નરક તિર્યંચાદિ દુર્ગતિના અધિકારી બને છે. માટે આવા સ્નેહથી દરેક ભવ્ય જીવોએ પાછા હઠવું. પ્રથમનો જે રાગ તે રૂપાદિ દેખવાથી ઉત્પન્ન થયેલ પ્રીતિરૂપ જાણવો, અને આ સ્ત્રીપુત્રકલત્રા-દિ ઉપર જે રાગ તે સ્નેહ જાણવો. આવો સ્નેહ જીવને બહુ ભવમાં ભટકાવનાર થાય છે. વળી કેટલીકવાર કેટલાક લક્ષ્મીનો વિયોગ થવાથી બહુજ મુંઝાઇ જાય છે. જાણે કે મારૂં તમામ ગયું, પરંતુ મૂર્ખ એટલું વિચારતો નથી જે જન્મ્યો ત્યારે શું લાવ્યો હતો ? અને મરીશ ત્યારે શું લઇ જઇશ ? માટે શું કામ ગભરાય છે ? લક્ષ્મી ગઇ તો ગઇ, તારા નસીબમાં ન હોતી, તારૂં પુણ્ય પ્રબળ હોત તો જાત નહી, પુણ્ય ઓછું થયું તો ગઇ, માટે પુણ્ય બરાબર ઉપાર્જન કર, આવી રીતે આત્માને સમજાવીને શાંતિ કરવાથી શાંતિ થાય છે અને બહુ રાગવડે ઉદ્વેગ કરવાથી મૃત્યુને શરણ થવાય છે. તે પણ આવા રાગની અંદર અંતર્ભૂત થાય છે. આ ત્રણે પ્રકારના અધ્યવસાય આયુને તોડી નાખે છે.

૨ **બીજો ઉપક્રમ નિમિત્ત**—દંડ, શસ્ત્ર, રજ્જુ, અગ્નિ, પાણી, ઝેર, સર્પ, શીત, ઉષ્ણ, અરતિ, ભય, ક્ષુધા, તૃષા, ઘસાવું, પીલાવું ઇત્યાદિ નિમિત્તથી આયુ ત્રુટી જાય છે.

જેમ કોઇને માથામાં દંડ વાગ્યો તે મૃત્યુ પામ્યો. રૂદ્રદેવે અ-ગ્નિ શિખા નામની પોતાની સ્ત્રીને માથામાં દંડ મારવાથી તે મરણ

પામી. તેની જેમ કોઈ શસ્ત્ર લાગવાથી યુદ્ધાદિકમાં મરણ પામે, કોઇ ગળે દોરડાનો ફાંસો ખાઇ મરણ પામે, કોઈ અગ્નિથી બળીને, કોઈ જળમાં ડુબીને, કોઈ ઝેર ખાઇને, કોઇ સર્પ કરડવાથી, કોઇ શીતથી, કોઇ ઉષ્ણતાથી, કોઇ ક્ષુધાથી, કોઈ તૃષાથીં વિગેરે નિમિત્તો પામીને મરી જાય છે. આ નિમિત્તો આયુને તોડી નાખે છે.

૩ **આહાર**—અતિ ઘણો આહાર કરવાથી અજીર્ણ થઇ જાય છે ને તેથી આયુ ત્રુટી જાય છે.

૪ **વેદના**—નેત્રાદિમાં શૂલાદિ વિગેરેની ઉત્કટ વેદના થવાથી આયુ ત્રુટે છે.

૫ **પરાઘાત**—વીજળી આદિના પરાઘાતથી આયુ ત્રુટી જાય છે.

૬ **સ્પર્શ**—શરીરને વિષે તેવા પ્રકારના ઉત્કટ ઝેરનો સ્પર્શ થવાથી અથવા સર્પાદિકના સ્પર્શથી આયુ ત્રુટી જાય છે. જેમ બ્રહ્મદત્ત ચક્રવર્તિ મરી ગયા પછી તેના પુત્રે સ્ત્રીરત્ન પાસે ભોગની પ્રાર્થના કરતાં તેણે કહ્યું જે 'મારો સ્પર્શ તું નહી સહન કરી શકે, જો તને ખાત્રી કરી આપું.' એમ કહી એક ઘોડાને કેડસુધી તે સ્ત્રીરત્ને સ્પર્શ કર્યો. જેથી વીર્યના ક્ષયવડે તે અશ્વ તરતજ મરણ પામ્યો. ચક્રવર્તિની સ્ત્રી કામવિકારથી બીજાનો સ્પર્શ કરે તો બીજો સહન ન કરી શકે. મૃત્યુ પામે. જેથી સ્પર્શ પણ આયુને તોડનાર છે.

૭ **શ્વાસોશ્વાસ**—ફેરફાર લેવાવાથી કે વધારે લેવાવાથી આયુ તોડી નાખે છે.

આ સાતે નિમિત્ત સોપક્રમ આયુવાળાનું આયુ તોડનારા છે.

અહીં કદાચ કોઇ શંકા કરે જે 'આયુ તે વળી તુટતું હશે, જેટલા વરસનું બાંધ્યું હોય તેટલું ભોગવે, તેને વધઘટ કોઇ કરનાર નથી.' તેના ઉતરમાં લોકપ્રકાશ વિગેરે શાસ્ત્રોમાં કહ્યું છે કે–જેમ લુગડું પાણીથી ભીંજવી ખુબ લીલું કર્યું પછી ગોટોવાળીને તે કપડું એક બાજુ રાખી મૂકીએ તો તે સુકાય તો ખરૂં પરંતુ લાંબા ટાઇમે સુકાય, પરંતુ જો તે કપડાને નીચોવી પાણી કાઢી નાખી તડકે સુકવીએ તો જલદી સુકાઇ જાય. તેવી રીતે આયુને જો ઉપક્રમ ન લાગે તો જેટલા વરસનું આયુ બાંધ્યું હોય તે પૂરૂં કરીને પછી મરણ પામે અને ઉપર બતાવેલ સાત પ્રકારના ઉપક્રમમાંથી કોઇ પણ ઉપક્રમ લાગે તો પાંચ મીનિટ પૂરી ન થાય ને મરણને શરણ થવું પડે. આ બીના સોપક્રમ આયુવાળા માટે જાણવી. નિરૂપક્રમ આયુવાળા યુગલિક, દેવતા, નારકી, ચરમશરીરી, તીર્થંકરો વિગેરે જેને સિદ્ધાંતમાં નિરૂપક્રમી આયુવાળા કહ્યા છે તે પોતાનું આયુ પૂરૂં કરીનેજ કાળધર્મ પામે. જેમ નારકીના જીવોના તલ તલ જેવડા ટુકડા પરમાધામી કરે છે છતાં તે મરી જતા નથી, વેદના અથાગ ભોગવે છે. તેવી રીતે નિરૂપક્રમ આયુવાળા માટે સમજવું. જુઓ:—

પાતાલસુંદરીએ જયંતસેન રાજાને મારી નાખવા ઝેર દીધું છતાં ભોંયરામાંથી બહાર નીકળ્યો કે ઉલટી થઇ, ઝેર નીકળી ગયું, ચરમશરીરી હોવાથી નિરૂપક્રમ આયુ ન ત્રુટયું.

ભીમસેનને દુર્યોધને ઝેર દીધું હતું છતાં કાંઇ ન થયું.

કંડુ રાજાને દેવીએ પર્વતમાં પછાડ્યા છતાં ચરમશરીરી હોવાથી મરણ ન પામ્યા.

આયુ જેટલું બાંધ્યું હોય તેમાં એક મીનિટ વધે નહી, પણ

ઘટે ખરૂં તે ચોકસ સમજવું. તો પછી આવા શંકાશીલ આયુ ઉપર હે આત્મા! વિશ્વાસ રાખીશ નહી. આજ આનંદથી તું બેઠો હોય તો પણ ચોકસ જાણજે જે આવતી કાલની સવાર તો દૂર રહી પરંતુ બપોર જ્યારે દેખે ત્યારે ખરો. જો શાસ્ત્રકાર ભલામણ કરે છે કે—ધર્મ કરવામાં વિલંબ નહીં કરવો:—

**जं कल्ले कायव्वं, तं अज्जं चिय करेह तुरमाणा ।**
**वहुविग्घो हु मुहुत्तो, मा अवरन्हं पडिक्खेह ॥ १ ॥**

મનુષ્ય ચિંતવે છે જે કાલે ધર્મ કાર્ય કરશું, પરંતુ કાલ કોણે દીઠી છે? કાલે શું થશે? માટે હે ભવ્યો! જે કાલે કરવાનું હોય તે આજેજ વિલંબ રહિત કરી લો, જરાપણ ઢીલ કરશો નહી. ધર્મકાર્ય કરવામાં એક મુહૂર્ત પણ વિઘ્નવાળું થઈ પડે છે તેથી પાછલા પહોરમાં કરવાનું હોય તે પણ પેલા પહોરમાં જ કરી લો. કારણ જે કદાચ આયુ પૂરૂં થઇ રહ્યું તો પાછલા પહોરમાં કેવી રીતે ધર્મ કરશો?

જુઓ યશોધરનો જીવ પ્રથમના નવમા ભવમાં સવારે સંજમ લેવાના વિચારમાં સુઈ રહ્યો, તેની સ્ત્રી નયનાવળીએ ઝેર દઇ છેવટ ગળે નખ દઇ મારી નાખ્યો, સંજમ લઇ શકયો નહી. આર્તધ્યાનથી મરીને મોર થયો, ત્યાં તિર્યંચના ભવોમાં હિંસાના જોરથી વધી શકયો નહી, તુરત ઉંચો ચડી શકયો નહી. છેવટ નવમે ભવે યશોધર મહારાજા થયા. તે ભવમાં મુનિરાજના સમાગમથી જાગ્રતિ થવાથી આત્મશ્રેય કર્યું.

# ધર્મ કરવામાં વિલંબ નહિં કરવા વિષે.

રાગ—( વ્હાલા વેગે આવો રે... )

૧ જાગો ભવી જાગો રે, ઉંઘ અઘોરી ત્યાગો રે,
અવસર આવ્યો ઓળખો હોજી;
નહિ જાગો તો, જીવન ચાલ્યું રે જાય,
ખોયું તેનો પસ્તાવો પાછલ થાય..............જાગો૦

સાખી— પળ પળ પ્રાણી આઉખું, ઓછું થાય હંમેશ;
ચેતો ચિત્તમાં ચોંપથી, એ આગમ ઉપદેશ.
ધર્મ ક્રિયામાં લાગો રે..............અવસર આવ્યો૦

સાખી— લાખ પૂર્વ આયુ ધણી, ચાલ્યા અન્તે ખાસ;
અલ્પ જીવનનો આપણો, તો અરે શ્યો વિશ્વાસ.
ભવની ભાવઠ ભાંગો રે..............અવસર આવ્યો૦

સાખી— ધર્મે ઢીલ કરો નહિ, ધરો ધ્યાનમાં એહ;
તપ જપ વ્રત કરણી કરી, સફળ કરો આ દેહ.
“ભક્તિ” જિનવરની માગો રે.........અવસર આવ્યો૦

આજકાલ કેટલાએક જીવો ધર્મકાર્યોમાં વિલંબ કરી મૃત્યુને શરણ થાય છે, પરંતુ વાયદા કરી જલદી કાર્ય સાધી શકતા નથી, તેવા જીવોને કાળરાજા ઓચિંતા પકડે છે ત્યારે આર્તધ્યાનથી મરણ પામી યશોધરના જીવની માફક તિર્યંચાદિ ગતિમાં રખડે છે. પછી જલદી ઉંચુ ચડવું ઘણું કઠિન થઇ પડે છે. પ્રથમ આપણે બતાવી ગયા કે મનુષ્યનો ભવ પામવો મહા કઠિન છે તે ગુમાવી બેઠા પછી કયાંથી મળે ? તેથી જેણે આ એક ભવ બગાડ્યો તેણે ઉતરોતર ઘણા ભવો બગાડ્યા, જેણે આ એક ભવ સુધાર્યો તેણે તમામ ભવો સુધાર્યા. કારણ જે જીવ ધર્માંરાધનવડે સમ્યકત્વ દર્શન પામી દેવલોકમાં જાય છે અને ત્યાં પણ અનેક પ્રકારનાં

તીર્થંકરની ભક્તિ વિગેરે શુભ કાર્યો કરી, માનવ ભવ લઇ, સિદ્ધિપદને જલદી પામે છે. કોઇ ત્રણ ભવ, કોઈ પાંચ, સાત, આઠ ભવમાં પણ સિદ્ધિપદ પામે છે. વચલા ભવમાં પણ દુઃખને પામતા નથી. સારી ઋદ્ધિસિદ્ધિવાળા કુટુંબમાં જ જન્મ થાય છે. માટે હે ચેતન ! આ ભવ સફળ કરવા માટે જલદી ઉદ્યમવંત થા, પ્રમાદ છોડ, જો ! છાંયાના બાનાવડે કાળરાજા તારી પાછળ ફરે છે, તે હકીકત શાસ્ત્રકાર બતાવે છે:—

**छायामिसेण कालो, सयलजियाणं छलं गवेसंतो ।**
**पासं कहवि न मुञ्चइ, ता धम्मे उज्जमं कुणह ॥ १ ॥**

'હે આત્મા ! તારા શરિરની છાંયા જે દેખાય છે, તે છાંયાને બહાને કાળરાજા તારી પાછળ ફરે છે, સકળ જીવોનું છળ તે તાકી રહ્યો છે, છેડો છોડતો નથી, માટે ધર્મને વિષે ઉદ્યમ કર.'

એકદમ ઓચિંતો તને કાળ પકડશે ત્યારે પછી તારાં જેટલા કામ છે તેટલાં પૂરાં થઇ શકવાનાં નથી, કામ તો બાકીનાં બાકીજ રહેશે, અને તને તે વખત બહુ જ પશ્ચાતાપ થશે જે–' અરે ! આપણે કાંઇ આખી જીંદગીમાં સુકૃત કરી શકયા નહી અને મૃત્યુના પંજામાં આવ્યા.' તેવો પશ્ચાતાપ તે વખતે ન થાય તેવી યોજના અત્યારથી કરી લે. દાન, શીયલ, તપ, ભાવ–આ ચાર પ્રકારના ધર્મને તથા શ્રુત ધર્મ ને ચારિત્ર ધર્મને આદર. અવસર પામી સંજમ ગ્રહણ કર. સંજમ ન લઈ શકે તો સમ્યકત્વનું સ્વરૂપ સમજી સમ્યકત્વપૂર્વક શ્રાવકના બારવ્રત સદ્‌ગુરૂનો સંયોગ પામી અંગીકાર કરી લે. પછી ધીમે ધીમે સંજમની પણ ભાવના થશે. અત્યારથી અભ્યાસ પાડ. અભ્યાસ વિના કોઇપણ કાર્ય કરવું ઘણું કષ્ટકારી થઇ પડે છે. શરીર સારૂં છે ત્યાં સુધી જ

કરી શકીશ. અત્યારે નહી કરે તો પછી મૂઢ તથા ગમારની ઉપમાને લાયક થઇશ. જો ! શાસ્ત્રમાં કહે છે જે:—

**विविधोपद्रवं देह-मायुश्च क्षणभंगुरं ।**
**कामाऽऽलंब्य धृतिं मूढैः, स्वश्रेयसि विलंब्यते ॥१॥**

"આ દેહ વિવિધ પ્રકારના ઉપદ્રવથી સપડાયેલ છે, આયુ ક્ષણભંગુર છે, છતાં કેવા પ્રકારની ધૈર્યતાને કે ધીઠાઇને અવલંબી મૂઢ જીવો પોતાના આત્મહિતમાં વિલંબ કરી રહ્યા છે ? "

આ શરીર અનેક પ્રકારના ઉપદ્રવોથી વિંટાયેલુંજ છે. કોઈ વાર ભયંકર રોગ, કોઇ વાર મૂર્ચ્છા, કોઇ વાર ઘેલછા ઇત્યાદિક ઉપદ્રવોથી ભરપૂર આ દેહ છે. વળી આયુ પણ ક્ષણભંગુર છે. ક્ષણવારમાં માણસ મરણને શરણ થઇ જાય છે. આવી સ્થિતિમાં તો બીજા કોઇનું શરણ નહી લેતાં ધર્મનું જ શરણ લેવું તેજ આત્માને હિતકારી છે. ધર્મ છે તેજ જીવને પરભવ જતાં શંબલભાતા તુલ્ય થાય છે. માર્ગમાં ગમન કરનાર માણસ સાથે ભાતું ન હોય તો દુઃખી થાય છે. તેજ હકીકત ઉત્તરાધ્યયન સૂત્રમાં કહે છે જે:—

**अद्धाणं जो महंतं तुं, अपाहिज्जो पवज्जइ ।**
**गच्छंतो सो दुही होइ, छुहातन्हाहिं पीडिए ॥ १ ॥**

"જે મનુષ્ય મોટા લાંબા માર્ગમાં ભાતા વિના ગમન કરે છે, તે જતો થકો ક્ષુધા અને તૃષા વડે પીડા પામતો ઘણોજ દુઃખી થાય છે. "

**વિવેચન**—લાંબા માર્ગે જવું હોય તો સુજ્ઞ માણસ ભાતું લઇનેજ ગમન કરે, પરંતુ લીધા વિના જાય તો મૂર્ખ કહેવાય.

તેવીજ રીતે પરલોકમાં ગમન કરનાર જીવ ધર્મને સાથે ન ગ્રહણ કરે તો દુઃખી થાય અને વળી મૂર્ખ કહેવાય તેમાં આશ્ચર્ય નથી. તેજ હકીકત સૂત્રકાર કહે છે:—

**एवं धम्मं अकाउणं, जो गच्छइ परं भवं ।**
**गच्छंतो सो दुही होइ, वाहिरोगेहिं पीडिए ॥ २ ॥**

"એજ પ્રમાણે એટલે ધર્મરૂપી ભાતા વિના માર્ગમાં જતા પુરૂષની જેમ જે પુરૂષ ધર્મ કર્યા વિના પરભવમાં જાય છે, તે વ્યાધિ અને રોગોવડે પીડા પામ્યો છતો દુઃખી થાય છે."

હવે જે ભાતું લઇને જાય છે તેના ઉપર કહે છે:—

**अद्धाणं जो महंतं तु, सपाहिज्जो पवज्जइ ।**
**गच्छंतो सो सुही होइ, छुहातन्हाहिं विवज्जिओ ॥ ३ ॥**

"જે પુરૂષ મોટા લાંબા માર્ગમાં ભાતા સહિત ગમન કરે છે તે પુરૂષ ક્ષુધાતૃષાથી રહિત થયો થકો સુખા થાય છે."

**एवं धम्मंपि काउणं, जो गच्छइ परं भवं ।**
**गच्छंतो सो सुही होइ, अप्पकम्मे अवेयणे ॥ ४ ॥**

"એજ પ્રમાણે ધર્મ કરીને જે પ્રાણી પરભવમાં જાય છે તે પ્રાણી અલ્પ કર્મવાળો થયો થકો અને અશાતાવેદના રહિત થયો થકો સુખી થાય છે." વળી વિશેષ પ્રકારે ધર્મનો પ્રભાવ કહે છે:—

**जिणधम्मोयं जीवाणं, अपुव्वो कप्पपायवो ।**
**सग्गापवग्गसुक्खाणं, फलाणं दायगो इमो ॥१॥**

"આ જિનધર્મ જીવોને અપૂર્વ કલ્પવૃક્ષ તુલ્ય છે. કારણ જે

કલ્પવૃક્ષ આ લોકના જ સુખને આપે છે, પરંતુ જિનધર્મરૂપી કલ્પવૃક્ષ તો સ્વર્ગ અને મોક્ષના સુખરૂપ ફળોને આપવા વાળો છે, માટે જૈન ધર્મ રૂપી કલ્પવૃક્ષને અપૂર્વ સમજવો. ”

**धम्मो बंधू सुमित्तो अ, धम्मो य परमो गुरू ।**
**मुरकमग्गे पयत्ताणं, धम्मो परमसंदणो ॥ १ ॥**

“ આ જગતમાં જીવોને ધર્મબંધુ સમાન છે. જેમ આપત્તિ સમયમાં ભાઇ સહાયતા કરે છે. તેમ આપત્તિમાં આવી પડેલા પ્રાણીને ધર્મ બરાબર સહાય કરે છે, વળી ધર્મ હિતકારી મિત્ર સમાન છે. જેમ સાચો મિત્ર સદ્બુદ્ધિ આપી સન્માર્ગે દોરે છે તેમ ધર્મ પ્રાણીને સન્માર્ગમાં દોરે છે. વળી ધર્મ સદ્ગુરૂ સમાન છે. જેમ સદ્ગુરૂ મહારાજ ઉપદેશ આપી પ્રાણીને દુર્ગતિમાં જતાં બચાવે છે તેમ ધર્મ પણ પ્રાણીને દુર્ગતિમાં જવા દેતો નથી. જેમ ચીલાતિપુત્ર તથા દૃઢપ્રહારી, અર્જુનમાળી જેવા ઘોર પાપી જીવો પણ ચારિત્ર ધર્મના પ્રભાવથી દુર્ગતિમાં નહી જતાં દેવલોક તથા મોક્ષમાં બિરાજમાન થયા છે. માટેજ ધર્મ મોક્ષ–માર્ગમાં ગમન કરનાર જીવોને રથ સમાન કહ્યો છે. જેમ ઉત્તમ રથ માર્ગમાં સુખેથી લઇ જાય છે ને ઇચ્છિત નગરે પોચાડે છે. તેમ ધર્મરૂપી રથ પણ મોક્ષ-માર્ગમાં પ્રવર્તેલા પ્રાણીને મોક્ષમાં સુખશાંતિથી પહોંચાડે છે. ”

આવો ધર્મરાજાનો પ્રચંડ પ્રભાવ હોવા છતાં સંસારમાં રહેલા કેટલાએ જીવો લક્ષ્મીની લાલસાવડે કરી એક બીજાનું બૂરૂં ચિંતવી, ઇર્ષ્યાઓ કરી, અનેક પ્રકારના પાપો કરી નરકાદિ દુર્ગતિના ભાજન થાય છે અને નરકાદિકમાં ઘોર વેદના સહન કરે છે.

# લક્ષ્મીની ચંચળતા.

રાગ—( એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે... )

એ ઋદ્ધિ અસ્થિર પ્રમાણો, હો પ્રાણી !
એ ઋદ્ધિ અસ્થિર પ્રમાણો, મોહ કરો છો શ્યાનો હો પ્રાણી૦

નંદે સોવનની ડુંગરી કરી પણ, લઇને ગયો નહિ કટકો;
કાયા માયા વાદળ છાંયા, છે દિન ચારનો ચટકો... હો પ્રાણી૦

મમ્મણ શેઠે વેઠ કરી ભલે, ભેળી લક્ષ્મી બહુ કીધી;
અન્તસમે સહુ મૂકીને ચાલ્યો, પાઇ ન સાથે લીધી. હો પ્રાણી૦

માર્ગાનુસારીના ગુણ પાંત્રીશને, અંતરમાંહિ ઉતારો;
ન્યાયોપાર્જિત વિત્ત વરીને, ખર્ચો ખાંતે હજારો... હો પ્રાણી૦

સાતે ક્ષેત્રે વાપરી પૈસો, જીવન જરૂર સુધારો;
પ્રભુ "ભક્તિ" વળી નિત્ય કરીને, સફળ કરો જન્મારો...
હો પ્રાણી ! એ ઋદ્ધિ અસ્થિર પ્રમાણો.

જુઓ ! ધવળ શેઠે શ્રીપાલરાજા મહાપુણ્યશાળી અહોનિશ નવપદનું ધ્યાન કરવાવાળાનું તેની લક્ષ્મી લઇ લેવા માટે બૂરૂં ચિંતવ્યું, શ્રીપાળને સમુદ્રમાં નાખવા પ્રપંચો રચ્યા, અંતે પાપનો ઉદય થવાથી ધવળશેઠજ સાતમા માળથી નીચે પડ્યો, મરીને સાતમી નરકે ગયો. બીજાનું બૂરૂં ચિંતવ્યાથી સુખી કયાંથી થવાય ? આ હકીકત શ્રીપાલ ચરિત્રમાં છે.

વળી એક શેઠે તેના નોકરને દુઃખી કરવા ઘણો ઉદ્યમ કર્યો, પરંતુ તે નોકરનું પુણ્ય પ્રબળ હતું જેથી ચંડાળ પાસે મરાવવા ખાનગી દાવપેચ કર્યા છતાં ચંડાળે છોડી મૂકયો. બીજીવાર ઝેર આપવાનો બંદોબસ્ત કર્યો ત્યાં ઝેર તો દૂર રહ્યું પરંતુ ઝેરને બદલે તે શેઠની પુત્રી પરણ્યો. ત્રીજી વખત મારી નાખવાનો

દાવપેચ રચ્યો, ત્યાં તે શેઠનો જ પુત્ર મરાઈ ગયો. જેટલું જેટલું તેનું શેઠે અવળું ચિંતવ્યું તેટલું તેટલું તેને પુણ્યના પ્રભાવથી સવળું થયું. છેવટ તે શેઠ પુત્રના મરણથી બહુ દુઃખ થવાને લીધે મરણ પામી નરકે ગયો. એટલે તે નોકર શેઠનો જમાઇ હોવાથી તમામ મીલકતનો માલેક થયો. સજ્જનો ! વિચાર કરો, પારકાની ઇર્ષ્યા કરશો તો તમે ક્યાંથી સુખી થશો ? આ અધિકાર ગૌતમપૃચ્છામાં છે.

આજકાલ કેટલાએ જીવો બીજાને સુખી દેખી મનમાં બળે છે ને ઇર્ષ્યા કરી પોતાના આત્માને પાપથી ભારે કરે છે. મનમાં વિચારે છે જે આટલી બધી ઋદ્ધિ સિદ્ધિ એને થઇ ને મારે કેમ નહી ? માટે તેની ઋદ્ધિનો ફેરફાર કરાવી નાખું. આવા વિચાર કરવાથી પાપના બંધન સિવાય બીજું કાંઇ હાથમાં આવતું નથી. કારણ જે સામા મનુષ્યનું પુણ્ય પ્રબળ હશે ત્યાં સુધી તારાથી કાંઈ થવાનું નથી, માટે નાહક તેવા ખોટા માર્ગમાં જઈ દુઃખી થવા પ્રયત્ન કરીશ નહી. વળી લક્ષ્મી મેળવવા માટે અનીતિ, ઇર્ષ્યા કે કુડકપટ કરી–દગા પાસલા કરી લક્ષ્મી મેળવવા ધારે છે પણ તે રીતે મેળવી શકીશ નહી. તેમ કરવાથી કદાચ પૂર્વ ભવના પુણ્યથી લક્ષ્મી મળશે તોપણ છેવટે પાપના પોટલા તારા શિર ઉપર રહેશે, ભવાંતરમાં દુર્ગતિમાં અસહ્ય દુઃખો વેઠવાં પડશે અને તારી મેળવેલી લક્ષ્મી પાછળ ભેગાં થઇને બીજા સહુ ભોગવશે. પાપના ફળ તો તારે એકલાને જ ભોગવવા પડશે. તેમાં લેશમાત્ર કોઈ ભાગ પડાવશે નહી.

નંદરાજા સોનાની નવ ડુંગરીઓ મૂકીને ચાલ્યો ગયો, પણ સાથે તેમાંથી થોડું પણ સોનું લઇ શક્યો નહી. પ્રથમ કહી ગયેલ સાગરશ્રેષ્ટી ચોવીશ ક્રોડ સોનામહોરોનો માલીક હોવા છતાં

હાથ ખંખેરી પાપના ઉદયથી સાતમી નરકે ગયો. બીજા પણ ઘણા રાજાઓ, ચક્રવર્તિ, વાસુદેવો અથાગ લક્ષ્મી મૂકીમૂકીને પરભવમાં પાપના જોરથી નરક તિર્યંચ ગતિમાં ચાલ્યા ગયા છે, તેના દાખલા આપણે ઘણીવાર શાસ્ત્રમાં સાંભળીએ છીએ તો પણ લક્ષ્મી લક્ષ્મી કરીએ છીએ. લક્ષ્મી માટે જૂઠું બોલવું, લક્ષ્મી માટે સામાયક પડિક્કમણા પોસહ વિગેરે ન કરવા, અનીતિના વરસાદ વરસાવવા, દગાબાજી કુડકપટનો આદર કરવો, પ્રમાણિકપણાને દેશવટો દેવો, જિનવાણી શ્રવણ કરવાનો અપૂર્વ સોના જેવો સમય મળ્યા છતાં પણ લક્ષ્મી માટે નિષ્ફળ કરવો, છેવટે જીંદગીને રદ કરી નાખવી અને માર્ગાનુસારીના ગુણોને પણ જલાંજલી દેવી. આવા અનર્થકારી કાર્યોથી હે ચેતનરાજ ! મનુષ્ય ભવ કેવી રીતે સુધારશો ? માટે મનુષ્ય ભવને સફળ કરવા સારૂ ઉપર બતાવેલા દોષોને દૂર કરી પ્રમાણિકપણું પ્રાપ્ત કરી નીતિનો આદર કરો. નીતિપૂર્વક મર્યાદા સહિત ધન ઉપાર્જન કરી શુભ માર્ગમાં ખરચી ભવાંતરનું ભાતું બાંધો. અનીતિથી ભેગું કરેલું ધન આનંદ નહી આપે. પરભવ તો બગાડીજ મૂકશે. આ ભવમાં પણ અનેક પ્રકારના દોષોથી વીંટાઇ જશો. કોઇ વિશ્વાસ પણ કરશે નહી.

જુઓ ! ફકત એક રૂપીયાનું રૂ એક વણિકે બે રૂપીયાનું કહીને એક ભરવાડણને આપ્યું, એક રૂપીયો અનીતિ કરી પેદા કર્યો, તે રૂપીયાના ઘેબર ખાવામાટે મંગાવ્યા, ઘેર જમાઇ આવ્યો, ઘેબર ખાઇ ગયો, શેઠ ઘેર આવ્યા, ઘેબર દીઠા નહી, જમાઇ જમી જવાથી બહુ વિચાર થયો. ‘ અરે ! આ મેં શું કર્યું ? ભરવાડણને ઠગી રૂપીયો પેદા કર્યો, પાપ શિરપર ઓઢયું અને ઘેબર બીજો જમી ગયો ! ’ આ પ્રમાણે શુભ વિચારો થવાથી જ્ઞાનદશા જાગી, મુનિરાજનો સમાગમ થયો, છેવટે

વૈરાગ્ય પામી, લક્ષ્મી ઉપરથી મોહ ઉઠાવી, સંસારનો ત્યાગ કરી આત્મશ્રેય કર્યું. જેવી રીતે તે શેઠે અનીતિ કરીને પાછળથી શુભ વિચારો થવાથી ઉચ્ચ કોટીનું કાર્ય કર્યું, અનીતિને દેશવટો દીધો, તેવીજ રીતે હે જીવ! તું પણ કદાચ એક વાર બે વાર અનીતિ કરી ચુકયો હોય તો પણ હવે તેનો પશ્ચાતાપ કરી ફરીથી તેમ ન કરવા ઉદ્યમવંત થા; પરંતુ હમેશાં જો તેજ પ્રમાણે કર્યા કરીશ તો પછી પાપના બોજાથી કેવીરીતે હલકો થઇશ? અનીતિથી થયેલ પાપ તારા શિરપર રહેશે. તે પાપ ભવાંતરમાં તારે ભોગવવું પડશે. તારા પૈસા તો ખાવાવાળા ખાઇ જશે ને ભોગવવાવાળા ભોગવશે.

તને ભવાંતરમાં એક પૈસો પણ કોઇ બંધાવશે નહી. ફકત અનીતિથી કરેલ પાપ સિવાય બીજું સાથે શું લઇ જઇશ? માટે કોઇ રીતે અનીતિ કરીશ નહી. જો માર્ગાનુસારીના ૩૫ ગુણો પ્રગટ કરવામાં પણ પ્રથમ ન્યાયસંપન્નવિભવ શાસ્ત્રકાર મહારાજા બતાવે છે, તેનું મનન કર. શ્રીહેમચંદ્રાચાર્યે યોગ-શાસ્ત્રમાં માર્ગાનુસારીના ગુણો કહેલા છે તે આ પ્રમાણે—

न्यायसंपन्नविभवः, शिष्टाचारप्रशंसकः ।
कुलशीलसमैः सार्धं, कृतोद्वाहोऽन्यगोत्रजैः ॥ १ ॥

पापभीरु प्रसिद्धं च, देशाचारं समाचरन् ।
अवर्णवादी न क्वापि, राजादिषु विशेषतः ॥ २ ॥

अनतिव्यक्तगुप्ते च, स्थाने सुप्रातिवेश्मिके ।
अनेकनिर्गमद्वार-विवर्जितनिकेतनः ॥ ३ ॥

कृतसंगः सदाचारै- र्मातापित्रोश्च पूजकः
त्यजन्नुपप्लुतं स्थान- मप्रवृत्तश्च गर्हिते ॥ ४ ॥

व्ययमायोचितं कुर्वन्, वेषं वित्तानुसारतः ।
अष्टभिर्धीगुणैर्युक्तः, शृण्वानो धर्ममन्वहं ॥ ५ ॥

अजीर्णे भोजनत्यागी, काले भोक्ता च सात्म्यतः ।
अन्योन्याप्रतिबंधेन, त्रिवर्गमपि साधयन् ॥ ६ ॥

यथावदातिथौ साधौ, दीने च प्रतिपत्तिकृत् ।
सदानभिनिविष्टश्च, पक्षपाती गुणेषु च ॥ ७ ॥

अदेशाकालयोश्चर्या, त्यजन् जानन् बलाबलं ।
व्रतस्थज्ञानवृद्धानां, पूजकः पोष्यपोषकः ॥ ८ ॥

दीर्घदर्शी विशेषज्ञः, कृतज्ञो लोकवल्लभः ।
सलज्जः सदयः सौम्यः, परोपकृतिकर्मठः ॥ ९ ॥

अंतरंगारिषड्वर्ग– परिहारपरायणः ।
वशीकृतेन्द्रियग्रामो, गृहिधर्माय कल्पते ॥१०॥

૧ પેહેલો ગુણ—ન્યાયસંપન્નવિભવઃ–કેતાં તમામ પ્રકારના વ્યાપારમાં ન્યાયપૂર્વક વર્તવું, અન્યાયથી ચાલવું નહી, નોકરી કરતાં ધણીએ સોંપેલ પૈસામાંથી ખાઇ જવા નહી. ઓછી સમજવાળા મનુષ્યને છેતરવા પ્રયત્ન કરવો નહી. વ્યાજ વટંતર કરનારે સામા ધણીને છેતરી વ્યાજના પૈસા વધારે લેવા નહી. માલ સેળભેળ કરીને વેચવો નહી. સરકારી નોકરી કરનાર મનુષ્યે ધણીને વ્હાલા થવા સારૂ લોકો ઉપર કાયદાવિરૂદ્ધ જુલમ ગુજારવો નહી. ઇત્યાદિ બીજા પણ કાર્યોમાં અનીતિ કરવી નહી. ઉભય લોકમાં અનીતિ ઘણી હાનિ કરનાર છે.

૨ **બીજો ગુણ**—શિષ્ટાચારપ્રશંસક:-કેતાં-જ્ઞાન અને ક્રિયાએ કરી ઉત્તમ આચરણવાળા મનુષ્યોના આચાર તે શિષ્ટાચાર કહેવાય છે. શિષ્ટાચારવાળા લોક નિંદા કરે તેવું કાર્ય કરવું નહી. રાજા દંડ કરે તેવું કાર્ય કરવું નહી. વેશ્યા તથા પરસ્ત્રીગમન તજવું. જુગટે રમવું નહી. શીકાર કરવો નહી. ચોરી કરવી નહી. ઘણી જીવહિંસા થાય તેવો વ્યાપાર કરવો નહી. કોઇનો પ્રાણ જાય તેવુ જૂઠું બોલવું નહી. બની શકે ત્યાં સુધી જરા લેશ માત્ર પણ જૂઠું બોલવું નહી. માંસ મદિરા મધ ને માખણ વિગેરે અભક્ષ પદાર્થો ખાવા નહી. દીન ગરીબનો ઉદ્ધાર કરવો. કોઇએ આપણાપર કરેલા ગુણને યાદ કરવા, ભૂલી જવા નહી. દક્ષિણ્યતાપણું રાખવું. ઇત્યાદિ શિષ્ટાચાર કહેવાય. તે તે શિષ્ટાચારની પ્રશંસા કરવાવાળા થવું એ બીજો ગુણ જાણવો.

૩ **ત્રીજો ગુણ**—સરખા કુળ-શીલ અને ધર્માચારવાળા સાથે વિવાહ કરવો. પરંતુ એક ગોત્રી સાથે કરવો નહી. યોગ-શાસ્ત્ર વિગેરેમાં નિષેધ કરેલ છે. સ્ત્રી તથા પતિનો એકજ ધર્મ હોય તો ધર્મ સંબંધી તકરાર ઉઠવાનો સંભવ રહે નહી અને ધર્મકાર્ય કરવામાં પરસ્પર સાધનભુત થઇ પડે, જેથી પરલોક પણ સુધરી શકે.

૪ પાપભીરૂ:-કેતાં સર્વ પ્રકારના પાપથી ડરવું. કારણ જે પાપ કરવાથી આ લોકમાં નિંદા થાય, પરલોકમાં નરકાદિ દુઃખો ભોગવવાં પડે, માટે પાપથી બહુ ડરવું.

૫ દેશાચારં સમાચરન્-કેતાં દેશાચાર પ્રમાણે વર્તવું. જે દેશમાં વસતા હોઇયે તે દેશમાં જે જે કાર્ય કરવાં તે એવાં કરવાં કે જેથી નિંદાપાત્ર ન થવાય. વસ્ત્ર આભૂષણ અશન પાનાદિ દેશની રીતિ પ્રમાણે કરવું. જે દેશમાં જેવાં વસ્ત્ર પહેરતાં હોય તે છોડી બીજા દેશની રીતના પહેરવાં નહી.

૬ અવર્ણવાદી ન ક્વાપિ–કેતાં સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા વિગેરે કોઇના પણ અવર્ણવાદ બોલવા નહી. પારકા અવર્ણવાદ બોલવાથી ઘણા દોષો ઉત્પન્ન થાય છે, વળી નીચ ગોત્ર બંધાય છે. કોઇના અવર્ણવાદ ન બોલવા તો પછી રાજા પ્રધાન વિગેરેના તો વિશેષે કરીને ન બોલવા, કારણ કે તેથી પૈસા તથા પ્રાણનો પણ નાશ થવા સંભવ રહે છે.

૭ અનતિવ્યક્તગુપ્તે૦–કેતાં જે ઘરમાં પેસવા નીકળવાનાં અનેક રસ્તા હોય તેવા ઘરમાં રહેવું નહી. કેમકે તેવા ઘરમાં રહેવાથી ચોર પ્રમુખને આવવાનું તથા સ્ત્રી આદિકને ગેરવર્તણુક ચલાવવાનું સુગમ પડે છે. બીજા પણ ઘણા દોષો ઉત્પન્ન થાય છે. તેમજ વળી ચારે બાજુથી ઢાંકેલ હોય એવા સ્થાનમાં પણ રહેવું નહી. કારણ અગ્નિ વિગેરેના ઉપદ્રવને પ્રસંગે તેવા ઘરમાંથી નીકળવું તથા પેસવું ઘણું કઠિન થઇ પડે. માટે બહુ બારી બારણાંવાળા અથવા એકદમ ચારે બાજુથી આચ્છાદિત હોય તેવા સ્થાનમાં રહેવું નહીં. વલી સારા પાડોશમાં રહેવું. ખરાબ પાડોશીની પાસે રહેવાથી, તેના ખોટા આલાપ સંલાપ સાંભળવાથી અને તેની ચેષ્ટા વિગેરે દેખવાથી આપણામાં ગુણ હોય તે ચાલ્યા જાય છે અને બીજા દોષ ઉત્પન્ન થાય છે.

૮ કૃતસંગ: સદાચારૈ:–કેતાં ઇહલોક અને પરલોકમાં હિતકારી પ્રવૃત્તિવાળા જે મનુષ્યો હોય તે સારા આચારવાળા કહેવાય, તેઓનો સંગ કરવો. સારા માણસના સંગથી અનેક પ્રકારના ગુણની પ્રાપ્તિ થાય છે; દુર્જનના સંગથી ગુણ હોય તે ચાલ્યા જાય છે. માટે નિર્ગુણીના સંગનો ત્યાગ કરવો અને ગુણવંતનો સમાગમ કરવો. તેમજ મિથ્યાત્વીનો સંગ કરવો નહી. તેનો સંગ કરવાથી આપણી ધર્મબુદ્ધિ નષ્ટ થાય છે અને સારા સંગથી સારી બુદ્ધિ પ્રાપ્ત થાય છે.

૯ **मातापित्रोश्च पूजकः**–કેતાં માતાપિતાની આજ્ઞામાં રહેવું. તેમને પૂજનારા થવું. નિત્ય પ્રાતઃકાળે તેમને વંદન કરવું. જો વૃદ્ધ થયાં હોય તો તેમને ખાવાપીવાની પેહેરવા ઓઢવાની તજવીજ રાખવી. તેમના ઉપર ક્રોધ કરવો નહી. કટુ વચન વાપરવાં નહી. અયોગ્ય કાર્યથી થતા ગેરફાયદા વિનયપૂર્વક સમજાવવા. પરલોકસંબંધી હિતકારી અનુષ્ઠાનમાં તેમને જોડવા. જેથી તેમના આત્માનું પણ કલ્યાણ થાય. દરેક રીતે તેમની ભક્તિ કરવી.

૧૦ **त्यजन्नुपप्लुतं स्थानं**–કેતાં ગ્રામનગરાદિ સ્થાન જે ઉપદ્રવવાળું હોય તેનો ત્યાગ કરવો. જે રાજાઓને પરસ્પર વિરોધ હોય તેવા ગ્રામનગરાદિમાં રહેનાર મનુષ્યને તે ભયનું સ્થાન ગણાય. તથા દુર્ભિક્ષ મરકી વિગેરે રોગોના ઉપદ્રવવાળા સ્થાનનો પણ ત્યાગ કરવો. જો તેમ ન કરે તો ધર્મ અર્થ કામ પૂર્વે પ્રાપ્ત કરેલાનો નાશ થવાનો સંભવ રહે છે, નવા ઉત્પન્ન થતા નથી, જેથી મનુષ્ય જીવન દુઃખમય થઇ પડે છે.

૧૧ **अप्रवृत्तिश्च गर्हिते**–કેતાં દેશ જાતિ કુળ અપેક્ષાએ નિંદીત કાર્યમાં પ્રવૃત્તિ કરવી નહી.

૧૨ **व्ययमायोचितं कुर्वन्**–કેતાં પૈસાનો ખર્ચ પોતાની આવકના પ્રમાણમાં કરવો અને સારો લાભ થયો હોય તો કૃપણતા છોડીને સાતક્ષેત્ર વિગેરે શુભ માર્ગમાં ધન ખરચવું.

૧૩ **वेषं वित्तानुसारतः**–કેતાં ધનને અનુસારે વસ્ત્રાભૂષણ પહેરવાં. થોડું ધન હોય અને ધનાઢ્યના જેવાં વસ્ત્ર પહેરવાથી તેમજ ધનાઢય હોય અને ગરીબના જેવાં વસ્ત્ર પહેરવાથી લઘુતા થાય છે, માટે પૈસાને અનુસારે વેશ રાખવો.

૧૪ **अष्टभिर्धीगुणैर्युक्तः**–કેતાં આઠ બુદ્ધિના ગુણોવડે કરી યુક્ત બનવું. તે આઠ ગુણના નામ.

૧ શાસ્ત્ર સાંભળવાની ઇચ્છા.
૨ શાસ્ત્રનું સાંભળવું.
૩ તેનો અર્થ સમજવો.
૪ તે અર્થને યાદ રાખવો.
૫ તેમાં તર્ક કરવો તે સામાન્યજ્ઞાન.
૬ અપોહ કરવો તે વિશેષ જ્ઞાન.
૭ અર્થવિજ્ઞાન–અર્થનું જ્ઞાન કરવું.
૮ તત્ત્વજ્ઞાન–આ વસ્તુ આમજ છે એવો નિશ્ચય કરવો.

૧૫ **शृण्वानो धर्ममन्वहं**–કેતાં નિરંતર ધર્મનું સાંભળવું હમેશાં ધર્મને સાંભળનાર માણસને મનમાં ખેદ થયો હોય તો તે દૂર થાય છે, સારી ભાવના જાગે છે, છેવટ બંને લોકમાં સુખી થવાય છે.

૧૬ અજીર્ણે ભોજનત્યાગી-કેતાં પ્રથમનું ખાધેલું અનાજ વિગેરે બરાબર પચ્યું ન હોય તો નવીન ભોજનનો ત્યાગ કરવો. સર્વરોગના મૂળભૂત અજીર્ણ થયું હોય ને ભોજન કરે તો અજીર્ણની વૃદ્ધિ થાય.

કહ્યું છે કે—(અજીર્ણ પ્રભવા રોગાઃ) રોગ માત્ર અજીર્ણમાંથી ઉત્પન્ન થાય છે. તેથી બનતાં સુધી અજીર્ણવાળા માણસે ઉપવાસ કરી દેવો, જેથી બે ફાયદા થાય. અજીર્ણ નષ્ટ થાય ને કર્મની નિર્જરા થાય.

૧૭ કાળે ભોકતા–કેતાં ભૂખ લાગે ત્યારે ખાવું, અકાળે ભોજન કરવું નહીં. લોલુપતાનો ત્યાગ કરી ભૂખ પ્રમાણે ખાવું. અતિ ભોજન કરે તો ઉલટી ઝાડા–મરડાદિક દોષનો સંભવ રહે છે, માટે અતિ ભોજન કરવું નહીં. જે થોડું ખાય છે તે ઘણું ખાઇ શકે છે. શાસ્ત્રમાં બત્રીશ કવળનો આહાર કહ્યો છે તે ધ્યાનમાં રાખવું.

૧૮ અન્યોન્યાપ્રતિબંધેન૦—કેતાં ધર્મ અર્થ અને કામ એ ત્રણે પરસ્પર બાધા ન પામે તેવી રીતે સાધવા. તેમાં મુખ્યતા ધર્મની સમજવી. કારણ જે ધર્મથીજ અર્થ અને કામ મળી શકે છે. ધર્મ સાધન કરવાના સમયમાં દ્રવ્ય ઉપાર્જન કરવાનું સુઝે તો ધર્મથી ચૂકાય છે, અને ધર્મ ચૂકયા તો અર્થ અને કામ પણ ચૂકયા સમજવું. માટે ત્રણે વર્ગ સાધવાનો વખત નક્કી કરી રાખવો. જેથી દ્રવ્ય ઉત્પન્ન કરવામાં અને સંસારના કાર્યમાં વિઘ્ન ન આવે ને ધર્મનું આરાધન રૂડી રીતે થાય.

આજકાલ કેટલાક જીવો ધર્મને છોડી પૈસા ભેળા કરવામાં જ જીંદગી પૂરી કરે છે, તે પોતાના આત્માને ઠગે છે, ને તે જીવો ધર્મરહિત રહેવાથી પરલોકમાં દુર્ગતિમાં અસહ્ય દુઃખોને સહન કરે છે. માટે તેમ ન કરવું, ધર્મની મુખ્યતા રાખવી. એક દિવસ પણ ધર્મ આરાધન વિનાનો જવો ન જોઈએ તે ખાસ યાદ રાખવું.

૧૯ યથાવદતિથૌ૦–કેતાં મુનિરાજને દાન દેવારૂપ વિનયપૂર્વક આતિથ્ય કરવું. દુઃખી જનને અનુકંપા દાન દેવું. મુનિરાજની સેવાભક્તિ કરવામાં કુશળ રહેવું. અહંકાર રહિત દાન દેવું. શાલિભદ્ર મૂળદેવ વિગેરે દાનના પ્રભાવથી અથાગ લક્ષ્મીના ભોક્તા થયા છે.

૨૦ સદાનભિનિવિષ્ટશ્ચ—કેતાં ખોટો હઠ કદાગ્રહ કરવો નહી. જિનમતને વિષે બહુમાનપૂર્વક રાગ કરવો. હઠ કદાગ્રહથી જમાલીની માફક જીવ સમ્યકત્વથી ભ્રષ્ટ થાય છે.

૨૧ પક્ષપાતી ગુણેષુ—કેતાં ગુણી જનનો પક્ષ કરવો. તેમની સાથે સૌજન્યતા તથા દાક્ષિણ્યતા વાપરવી. તેમનો સમાગમ કરવો. ગુણિજનના સમાગમથી અનેક પ્રકારે જીવોને લાભ થાય છે. ઉભય લોકમાં હિત થાય છે.

૨૨ અદેશાકાલયોશ્ચર્યાં ત્યજન્—કેતાં જે દેશમાં જવાની શાસ્ત્રકાર આજ્ઞા ન આપતા હોય અથવા રાજાની મનાઇ હોય તે દેશમાં ઉદ્ધતાઇ કરીને જવું નહી. વળી જે કાળે જે કાર્ય કરવાની આજ્ઞા ન હોય તે કાળે તે કાર્ય કરવું નહી. અદેશ અકાળમાં કાર્ય કરવાથી અનેક પ્રકારના ઉપદ્રવ થાય છે.

૨૩ જાનન્ બલાબલં–કેતાં પોતાનું બળ તપાસીને કાર્ય કરવું. કારણ જે શક્તિ ઉપરાંત કાર્ય કરવાથી ધનની તેમજ શરીરની હાનિ થાય છે.

૨૪ વ્રતસ્થજ્ઞાનવૃદ્ધાનાં પૂજકઃ–કેતાં વ્રતમાં રહેલા અને જ્ઞાનમાં વૃદ્ધિ પામેલા એવા પુરૂષોની સેવા કરવી. આત્મહિતના અર્થે તેમની પાસેથી જ્ઞાન સંપાદન કરવું. વ્રતમાં રહેલા જ્ઞાની પુરૂષોની સેવાકલ્પવૃક્ષની માફક સારા ઉપદેશરૂપી ફળવડે કરીને ફળે છે.

૨૫ પોષ્યપોષકઃ—કેતાં પોષણ કરવા લાયક સ્વકુટુંબનું આહારવસ્ત્રાદિકથી પોષણ કરવું.

૨૬ દીર્ઘદર્શી–કેતાં દરેક કાર્યનો આરંભ કર્યા પહેલાં શુભ અશુભ પરિણામ વિચારવું અને પછી કાર્યની શરૂઆત કરવી. જે કાર્ય કરવાથી નુકશાન થવાનો સંભવ હોય તે કાર્ય કરવું નહીં.

૨૭ વિશેષજ્ઞઃ–એટલે સામાન્ય અને વિશેષને ઓળખતાં શીખવું. વસ્તુ તથા અવસ્તુ, કૃત્યાકૃત્ય, ભક્ષ્યાભક્ષ્ય વિગેરેનું અંતર સમજવું. વિશેષ નહી જાણવાવાળાને પશુસમાન યોગશાસ્ત્રમાં કહ્યો છે.

૨૮ કૃતજ્ઞઃ—કેતાં કોઇએ ઉપકાર કરેલો હોય તેને સારી રીતે જાણે–ઓળવે નહીં.

૨૯ લોકવલ્લભઃ–કેતાં સારા માણસોનો વિનય કરવા વડે

લોકોમાં પ્રિય થવું, અનીતિવાળા તથા ધર્મવિરૂદ્ધ કાર્ય કરીને લોકમાં પ્રિય થવાની ઈચ્છા કરવી નહી.

૩૦ સલજ્જઃ–કેતાં લજ્જાવાન થવું. પ્રાણનો નાશ થાય તો પણ અંગીકાર કરેલ વ્રતાદિને છોડવા નહીં, તેમજ નિર્લજ્જ કાર્ય કરવું નહીં.

૩૧ સદયઃ—કેતાં દુઃખી જીવો ઉપર દયા રાખવી. જેમ બને તેમ હિંસાનું કાર્ય કરવું નહીં. જેમ આપણને આપણા પ્રાણ વ્હાલા છે તેમ તમામ જીવોને વ્હાલા છે, માટે કોઇ જીવની હિંસા કરવી નહીં.

૩૨ સોમ્યઃ—કેતાં સોમ્ય દૃષ્ટિ રાખવી. કષાયવાળી પ્રકૃતિ કરવી નહીં કે જેથી બીજાને આપણા ઉપર દ્વેષ જાગે.

૩૩ પરોપકૃતિકર્મઠઃ–કેતા પરોપકાર કરવામાં શૂરવીર થવું. પરોપકાર કરવાવાળો મનુષ્ય લોકના નેત્રને અમૃતના અંજન સરખો પ્રિય લાગે છે.

૩૪ અંતરંગારિષડ્વર્ગ–પરિહારપરાયણઃ–કેતાં કામ, ક્રોધ, લોભ, માન, મદ, હર્ષ–શિષ્ટ પુરૂષોએ આ છ અંતરંગ શત્રુ કહ્યા છે. પરસ્ત્રી ઉપર દુષ્ટ વિચારો કરવા તે કામ ૧. પારકાને તથા પોતાને કષ્ટનો વિચાર કર્યા વિના કોપનુ કરવું તે ક્રોધ. ૨. યોગ્ય પાત્રમાં દાન નહી દેવું અને નિષ્કારણ પરધન ગ્રહણ કરવું તે લોભ. ૩. કુલ, બલ, ઐશ્વર્ય, રૂપ, વિદ્યાદિકનો અહંકાર કરવો તે મદ. ૪. દુષ્ટ અભિનિવેશ ઉપર ચડવું–યુકતાયુકતનું ન સમજવું તે માન. ૫. નિમિત્ત વિના બીજાને દુઃખ ઉત્પન્ન કરવા વડે કરીને તથા જુગાર શિકારાદિ અનર્થ કાર્ય કરીને મનમાં ખુશી થવું તે હર્ષ. ૬. આ છને અંતરંગના કટ્ટા શત્રુ જાણવા. આ છથી ઘણું દૂર રહેવું. તેનો સમાગમ કરવો નહી.

૩૫ **वशीकृतेन्द्रियग्रामो**—કેતાં પાંચે ઈન્દ્રિયોને વશ કરવી. અત્યંત આસક્તિના પરિહારવડે કરીને સ્પર્શાદિ પાંચે ઈન્દ્રિયોના વિકારને રોકવા. અભક્ષ્યાદિ વસ્તુ ખાવાની લાલચ કરવી નહી. ઇન્દ્રિયોનો વિજય ઉત્કૃષ્ટ સંપદા પમાડે છે. કહ્યું છે કે—

**आपदां कथितः पंथाः, इन्द्रियाणामसंयमः ।**
**तज्जयः संपदांमार्गो, येनेष्टं तेन गम्यताम्. ॥**

"ઇન્દ્રિયોનો અનિગ્રહ કરવો તે આપદાનો માર્ગ છે અને તેને જીતવી તે સંપદાનો માર્ગ છે, જે માર્ગ ઇષ્ટ લાગે તે માર્ગે ગમન કરો."

એકેક ઇન્દ્રિયના દોષથી પતંગીયા, ભ્રમરા, માછલા, હાથી, અને હરણીયા દુર્દશાને પામે છે-પ્રાણને નષ્ટ કરે છે, તો પાંચે ઇન્દ્રિયોને વશ પડેલા મનુષ્યોની શી દશા સમજવી ? માટે બરાબર પુરૂષાર્થ ફેરવી ઇન્દ્રિયોને જીતવી. ન જીતી હોય તો જીતવા પ્રયત્ન કરવો.

આ ઉપર બતાવેલા પાંત્રીશ ગુણવાળો મનુષ્ય ગૃહસ્થ ધર્મના આરાધન માટે સમર્થ થાય છે. આ મહા મૂલ્યવાળી માનવ જીંદગી પ્રાપ્ત કરી અવશ્યમેવ આ માર્ગાનુસારીના ૩૫ ગુણો પ્રાપ્ત કરવા ઉદ્યમ કરવો. કદાચ પાંત્રીશે ન પામી શકાય તો તેમાંથી અડધા ઉપરાંત પણ પ્રાપ્ત કરવાજ જોઇએ. તેમાં મુખ્ય પહેલો ગુણ ન્યાયથી પૈસા ઉપાર્જન કરવા, તે ગુણને કદાપી છોડવો નહીં. તે ગુણ ન હોય તો બીજા ગુણ શોભાને ન પામે. અનીતિથી ભેગા કરેલા પૈસા લાંબા કાળ સુધી ટકતા પણ નથી. કારણ કે અનીતિથી પાપ પ્રકૃતિ બંધાય છે, ને તે પાપનો ઉદય થયો કે તરત તમામ ઋદ્ધિ સિદ્ધિ ગુમાવી બેસવું પડે છે. ઉપાધ્યાયજી મહારાજ યશોવિજયજી જ્ઞાનસાર અષ્ટકમાં કહે છે કે—

**येषां भ्रूभंगमात्रेण, भज्यन्ते पर्वता अपि ।**
**तैरहोकर्मवैषम्ये, भूपैर्भिक्षापि नाप्यते । १ ।**

'જે રાજા મહારાજાની ભ્રકુટીના ભંગ માત્રે કરી પર્વતના ભુકા થઇ જતા હતા, તેજ રાજા મહારાજાઓને કર્મવડે વિષમ દશા પ્રાપ્ત થવાથી રંકની માફક ભિક્ષા પણ મલતી નથી. કેટલો બધો કર્મ રાજાનો પ્રબળ પ્રતાપ ?'

**વિવેચન**--જેઓને ઘેર હાથીઓના મદના ઝરવાથી આંગણે તેનો કીચડ થઈ રહેતો હતો, જેઓને ઘેર ઘોડા રથ પાયદલ વિગેરેનો ગર્જારવ થઇ રહેતો હતો, સુવર્ણાદિ ધનની સંખ્યા કરી શકાતી નહોતી, તેવા ધનવંતોને પણ કર્મરાજાના પરાધિનપણાથી–પુણ્યનો નાશ થવાથી ભીખ માગીને પેટ ભરવું તેપણ કઠિન થઈ પડે છે. તો પછી સામાન્ય કોટીના જીવોનું શું ગજું ? અનીતિ કરવાથી અશુભ કર્મ બંધાય છે, તેથી લક્ષ્મીનો વિયોગ થાય તે સ્વાભાવિક છે. માટે નીતિથીજ દ્રવ્ય ઉપાર્જન કરી લક્ષ્મીને સારા શુભ ક્ષેત્રમાં વાપરવી, જેથી પુણ્ય બંધાય અને આ ભવમાં તથા પરભવમાં પુણ્ય પ્રકૃતિથી અથાગ લક્ષ્મી મળે. જુઓ ! તેજ ઉપાધ્યાયજી કર્મવિપાક અષ્ટકમાં કહે છે કે—

**जातिचातुर्यहीनोपि, कर्मण्यभ्युदयावहे ।**
**क्षणाद् रंकोपि राजा स्याद्, छत्रछन्नदिगन्तरः ॥ १ ॥**

'જાતિ તથા ચતુરાઇથી રહિત હોવા છતાં શુભ કર્મનો અભ્યુદય થવાથી એક ક્ષણવારમાં રંક ભીખારી હોય તો પણ છત્ર વડે કરી આચ્છાદિત કર્યા છે દિશાના ભાગ જેણે એવો રાજા થાય છે.'

ગમે તે ગરીબ રંક કે નિર્ધન હોય પરંતુ પુણ્યપ્રકૃતિ

સાથે લાવેલો હોય તો ધનાઢ્ય થઈ જાય અને ઇષ્ટ વસ્તુની સામગ્રી મળે. પરંતુ અનીતિ કરવાથી ઈષ્ટ વસ્તુ મળતી નથી તે ચોકસ યાદ રાખવું. કેટલાક કહે છે જે 'અનીતિ કરવાનો આ જમાનો છે, નીતિ કરવા જઈએ તો પૈસા મળતા નથી.' તેવું બોલનાર ભૂલ કરે છે. ન્યાયથી ઉપાર્જન કરેલ થોડું પણ દ્રવ્ય શુભ માર્ગમાં વાપરવાથી અથાગ પૂણ્ય બંધાય છે. પુણ્યના પ્રતાપથીજ લક્ષ્મી મળે છે. અનીતિ કરનારને પણ જે કાંઇ લક્ષ્મી મળે છે તે પૂર્વનું પૂણ્ય હોય તોજ મળે છે, પરંતુ અનીતિના જોરથી વિશેષ પાપ બંધાવાથી પરિણામે લક્ષ્મીનો નાશ થાય છે. કદાચ આ ભવમાં નાશ ન થયો તો પરભવમા તો તેના કટુક ફળ અવશ્ય ભોગવવાં પડે છે. માટે જેમ બને તેમ સર્વ પ્રકારે નીતિનો આદર કરો, ન્યાયથી ચાલો. આ ગુણ ઘણો મજબુત છે. આ ગુણ પ્રાપ્ત કરશો તો બીજા ઘણા ગુણો પ્રાપ્ત થશે. આ હેતુથીજ હેમચંદ્રાચાર્યે માર્ગાનુસારીના ૩૫ ગુણોમાં પ્રથમ ન્યાયસંપન્ન-વિભવ બતાવેલ છે. માટે ભવભીરૂ જીવોએ અનીતિને દેશવટો આપી ન્યાયસંપન્નવિભવનોજ આદર કરી પ્રમાણિકપણું પ્રાપ્ત કરવું. તેજ મનુષ્યભવ પામ્યાનો સાર છે.

હવે નીતિથી પૈસા ઉત્પન્ન કર્યા પછી પણ તેને સારા માર્ગમાં ખર્ચવા, પરંતુ મોહ મમત્વ કરી લક્ષ્મીને સાચવી રાખવી નહીં. 'કોઇપણ પ્રકારનું સુકૃત કરવું નહી, આરંભ સમારંભના કાર્યો કરવાં, ધર્મના કાર્યોમાં કૃપણુતા રાખવી.' તેમ પણ થવા દેવું નહી. નહીતર પછી ઘણા મોહથી લક્ષ્મીની ઉપરજ ફણીધર, નોળીયા, ઉંદર વિગેરે થવું પડે છે. એવા શાસ્ત્રમાં ઘણા દાખલા છે. સમરાદિત્ય કેવળીના ચરિત્રમાં ઘણા જીવો લક્ષ્મી ઉપર મોહ રાખવાથી તિર્યંચાદિ ગતિમાં ગયાનો અધિકાર છે. આદિનાથ દેશનામાં પ્રિયંગુ શેઠ લક્ષ્મી ઉપર અતિવ મોહમમત્વ કરી ઠેઠ નિગોદ સુધી પોહોંચ્યો.

રૂદ્રદેવની સ્ત્રી અગ્નિશિખા લક્ષ્મીના મોહથી કાળી નાગણ થઇ અને તેનો પુત્ર કુડંગ કાળો સર્પ થયો. ઇત્યાદિક ઘણાં દૃષ્ટાંતો છે. માટે મેળવેલી લક્ષ્મીનો સદુપયોગ કરી ચંચલ લક્ષ્મીથી નિશ્ચલ ધર્મની પ્રાપ્તિ કરવી તેજ સાર છે. શાસ્ત્રકાર ભલામણ કરે છે કે-

**लक्ष्मीदायादाश्चत्वारो, धर्माग्निराजतस्कराः ।**
**वृद्धपुत्रापमानेन, कुप्यन्ति बांधवास्त्रयः ॥ १ ॥**

'લક્ષ્મીના ચાર ભાગીદાર પુત્રો છે. તેમાં પ્રથમ ધર્મ, પછી અનુક્રમે અગ્નિ,રાજ,ને તસ્કર-આ ચાર હોવા છતાં મોટા પુત્ર ધર્મનું અપમાન કરવા વડે કરીને બાકીના ત્રણ પુત્રો કોપાયમાન થાય છે.'

**વિવેચન**—આ જીવે એકઠી કરેલી લક્ષ્મી ધર્મના પ્રભાવથીજ સમજવી. તેથીજ શાસ્ત્રકારો **धर्माद् धनं** કેતાં ધર્મ થકી ધન પ્રાપ્ત થાય છે તેવું કહી ગયા છે. ધર્મથી હિન જીવો ગરીબ, પામર, દુ:ખી અને દીન હોય છે. આવો ધર્મનો પ્રગટ પ્રભાવ હોવા છતાં કૃપણ જીવો શુભ માર્ગમાં લક્ષ્મીને ખર્ચતા નથી અને ભેગી કરે છે. પછી પાછળના માણસો તેનો ઉપભોગ કરે છે. લક્ષ્મી ભેગી કરતાં લાગેલાં પાપો ભવાંતરમાં ભેગી કરનારને ભોગવવાં પડે છે. માટે બહુજ વિચાર કરી, કૃપણપણું દૂર કરી, લક્ષ્મીને શુભ માર્ગમાં વાપરી, મનુષ્ય ભવનો લાહો લેવા ચૂકવું નહીં.

જુઓ! પૂર્વે થઇ ગયેલા કુમારપાળ રાજાએ લક્ષ્મીથી કેવાં કેવાં શુભ કાર્યો કરી મહા પુણ્ય ઉપાર્જન કર્યું છે?

## ઉદારતા ઉપર કુમારપાળ રાજાનું સંક્ષેપ વર્ણન.

૧ સમ્યકત્વ મૂળ બાર વ્રત અંગીકાર કર્યા.

૨ ત્રિકાળ જિનપૂજા કરવાનો નિયમ કર્યો.

૩ અષ્ટમી તથા ચર્તુદશીના પોષધ ઉપવાસ કરવા.

૪ પારણાને દિવસે દૃષ્ટિગોચર થયેલા સેંકડો માણસોને યથાયોગ્ય વૃત્તિ આપીને સંતોષ પમાડવો.

૫ સાથે પોષધ ગ્રહણ કરેલાં હોય તેઓને પોતાના આવાસે પારણું કરાવવું.

૬ સાધર્મિક ભાઇઓનો ઉદ્ધાર કરવા માટે એક હજાર સોનામોહોર દરરોજ આપવી.

૭ એક વરસમાં એક ક્રોડ સોનામોહોરનું દાન સાધર્મિ ભાઇને દેવું. ( એ પ્રકારે ચૌદ વરસ સુધી ચૌદ ક્રોડ સોનામોહોરનું દેવું. )

૮ સાધર્મિ ભાઇઓ પાસેનું અઠાણું લાખ દ્રવ્ય છોડી દીધું.

૯ નિર્વંશ જનારનું તમામ દ્રવ્ય રાજા ગ્રહણ કરે. પરંતુ આ ધાર્મિક રાજાએ તેવું બોંતેર લાખ દ્રવ્ય મૂકી દીધું.

૧૦ એકવીશ લખેલા પુસ્તકના જ્ઞાન ભંડાર કરાવ્યા.

૧૧ હમેશાં ત્રિભુવનપાળ દેરાસરજીમાં સ્નાત્ર મહોત્સવ કરવો.

૧૨ શ્રી હેમચંદ્રસૂરિ મહારાજને દ્વાદશાવર્ત વંદન કરવું. પછી અનુક્રમે તમામ મુનિરાજને વંદન કરવું.

૧૩ પ્રથમ ગ્રહણ કરેલા પોષધવ્રતવાળા શ્રાવકોને પ્રણામ કરી માન દેવું.

૧૪ પોતાના અઢાર દેશમાં અમારી પડહ વગડાવ્યો.

૧૫ ન્યાયની ઘંટા વગડાવી.

૧૬ બીજા ચૌદ દેશોને વિષે ધનના બળવડે તથા મૈત્રીના બળવડે જીવોની રક્ષાનું કરાવવું.

૧૭ ચૌદસો ને ચુમાલીશ ૧૪૪૪ નવીન જિનમંદિરો કરાવ્યા અને સોળસો ૧૬૦૦ જીર્ણોદ્ધાર કરાવ્યા.

૧૮ સાત મોટી તીર્થજાત્રા કરી.

૧૯ **પહેલા વ્રતમાં**—મારી એવો શબ્દ બોલાઈ જાય તો ઉપવાસ કરવો.

૨૦ બીજા **વ્રતમાં**—વિસ્મૃત્યાદિથી અસત્ય વચન બોલાઇ જાય તો આયંબીલ વિગેરેનો તપ કરવો.

૨૧ **ત્રીજા વ્રતમાં**—મરી ગયેલા નિર્વંશીનું ધન ગ્રહણ ન કરવું.

૨૨ **ચોથા વ્રતમાં**—ધર્મની પ્રાપ્તિ થયા પછી નવી સ્ત્રી પરણવી નહી, એવો અભિગ્રહ કર્યો.

૨૩ ચોમાસામાં મન વચન કાયાએ કરી શીલ પાળવું. તેમાં મનથી કદાચ ભગ્ન થાય તો ઉપવાસ કરવો. વચનથી ભગ્ન થાય તો આયંબીલ કરવું. કાયાથી સ્પર્શરૂપ ભંગ થયે એકાશન કરવું. ( મનને વિશેષ મજબુત રાખવા મનથી ભંગ થયે ઉપવાસ રાખ્યો હશે એમ સંભવ થાય છે. ) ભોપલદેવી રાણીના મરણ પછી પ્રધાનાદિ ઘણા લોકોએ પાણિગ્રહણ કરવાનું કહ્યાં છતાં પોતાનો નિયમ બરાબર સાચવ્યો—પાણિગ્રહણ ન કર્યું.

૨૫ **પાંચમા વ્રતમાં**—છ ક્રોડનું સોનું, આઠ ક્રોડનું રૂપું, એક હજાર તોલા મહા મૂલ્યવાળા મણિરત્નો વિગેરે, બત્રીશ હજાર મણ ઘી, બત્રીશ હજાર મણ તેલ, ત્રણ ત્રણ લાખ મુડા શાલી ચણા જુવાર મગ વિગેરે, પાંચ લાખ ઘોડા, એક હજાર હાથી, પાંચસો ઘર, પાંચસો હાટ, પચાસ હજાર રથ ઇત્યાદિ રાખ્યા.

૨૫ **છઠ્ઠા વ્રતમાં**—વર્ષાકાળમાં પાટણ શહેરના સીમાડાથી બહાર જવાનો નિષેધ કર્યો.

૨૬ **સાતમા વ્રતમાં**—મદ્ય માંસ મધુ માખણ—આ ચાર મહા વિગઇનો સર્વથા ત્યાગ તથા બહુબીજ, પંચોદુમ્બર ફળ, અભક્ષ્ય, અનંતકાય, ઘેબર વિગેરેનો ત્યાગ. દેરાસરજીમાં મૂકયા વિના વસ્ત્ર ફળ આહાર વિગેરેનો ત્યાગ. સચિત્તમાં એક પત્રના પાન બીડાં આઠ ( દરરોજ ), રાત્રીએ ચારે પ્રકારના આહારનો ત્યાગ, વર્ષાઋતુમાં એક ઘી વીગઇ છુટી, બાકી પાંચનો ત્યાગ. લીલા શાકનો નિષેધ તથા રોજ એકાસણું કરવું. પર્વ તિથિઓને દિવસે કાયમ બ્રહ્મચર્ય પાળવું.

૨૭ **આઠમા વ્રતમાં**—સાતે વ્યસનોને પોતાના દેશમાંથી કાઢયા.

૨૮ **નવમા વ્રતમાં**—બંને ટંક સામાયક કરવું. તે સામાયકમાં શ્રી હેમચંદ્રસૂરિ મહારાજ વિના બીજા સાથે બોલવાનો નિષેધ. હમેશાં વીતરાગ સ્તોત્રનું તથા યોગશાસ્ત્રના બાર પ્રકાશનું ગણવું.

૨૯ **દશમા વ્રતમાં**—ચોમાસામાં કટકનું નહી કરવું. ગીજનીના સુરત્રાણનું આગમન થયા છતાં પણ નિયમથી નહી ચળવું.

૩૦ **અગ્યારમા વ્રતમાં**—પૌષધોપવાસમાં રાત્રિએ કાયોત્સર્ગ કરતાં મંકોડો પગે ચોંટયો, લોકોએ દૂર કરવા માંડ્યો છતાં દૂર થયો નહી, જેથી તેની મરવાની શંકાવડે કરી પોતાના પગની ચામડી ઉખેડીને દૂર મૂકી મંકોડાને બચાવ્યો.

૩૧ **બારમા અતિથિ સંવિભાગ વ્રતમાં**—દુ:ખી સાધર્મિક શ્રાવક પાસેનું બોંતેર લાખ દ્રવ્યનું છોડી દેવું. નિરંતર સુપાત્રમાં દાન દેવું.

આ પ્રમાણે આ મહાભાગ્યશાળી કુમારપાળ રાજાના પુણ્યમાર્ગો કેટલાક લખી શકાય ! પોતે સારી રીતે ધર્મના અનુષ્ઠાનવડે કરીને પોતાના આત્માનો ઉદ્ધાર કરી સંસારને તોડી નાખ્યો. ફકત બે ભવમાંજ મોક્ષ જાય તેવું અનુષ્ઠાન કર્યું. અને સાધર્મિક ભાઇઓને યથાયોગ્ય દાન દેવાવડે કરી, ધર્મમાં સહાય કરવાવડે કરી, તથા કરના મૂકવાવડે કરી, સીદાતાના ઉદ્ધાર વડે કરી, અઢાર દેશમાં અમારી પડહુ વગડાવવાવડે કરી, પરોપકાર પણ ઘણોજ કર્યો. જેથી માનવ જીંદગી ધર્મના કાર્યોવડે સફળ કરી મોક્ષરૂપી ફળ પ્રાપ્ત કર્યું. લક્ષ્મી ઉપર મોહ રાખ્યો હોત તો આવાં ઉત્તમ કાર્યો થઇ શકત નહી.

**ઇતિ કુમારપાળ સંક્ષેપ વર્ણન.**

## વસ્તુપાલ તેજપાલ વિગેરેનાં શુભ કાર્યો.

વસ્તુપાળ તેજપાલે પણ લક્ષ્મીથી અનેક શુભકાર્યો કર્યાં છે. શ્રી આબુજી ઉપર બાર ક્રોડ ને ત્રેપન લાખ દ્રવ્ય ખરચી એવાં તો દેરાસરો કરાવ્યાં કે આધુનિક જમાનાના કારીગરોની દ્રષ્ટિને

ગરકાવ કરી મૂકે છે. વસ્તુપાલ તેજપાલે શુભમાર્ગમાં લક્ષ્મી વાપરી તેનું દિગ્દર્શન સામાન્યથી કરીએ છીએ.

ત્રણ લાખ દ્રવ્ય ખરચીને શત્રુંજય તોરણ બંધાવ્યું.
ત્રણ હજાર બસો ને બે જીર્ણોદ્ધાર કરાવ્યાં.
તેરશેં જિનમંદિર શિખરબંધ કરાવ્યા.
એક લાખ ને પાંચ હજાર નવીન જિનબિંબ ભરાવ્યા.
નવશેં ને ચોરાશી પોષધશાળા કરાવી.
છત્રીશ લાખ દ્રવ્ય ખરચીને જ્ઞાન પુસ્તકોના ભંડાર કરાવ્યા.
ત્રણ લાખ દ્રવ્ય ખરચી ખંભાતમાં જ્ઞાન ભંડાર કરાવ્યા.
સાડા બાર યાત્રા શ્રી શત્રુંજય તીર્થની કરી.
અઢાર ક્રોડ છન્નુ લાખ દ્રવ્ય શ્રી શત્રુંજય તીર્થે ખરચ્યું.
અઢાર ક્રોડ ને ત્રાશી લાખ દ્રવ્ય શ્રીગીરનારજી તીર્થમાં ખરચ્યું.
બાર ક્રોડ ને ત્રેપન લાખ દ્રવ્ય શ્રી આબુતીર્થમાં ખરચ્યું.
પાંચશેં સિંહાસન હાથીદાંતનાં કરાવ્યાં.
પાંચશેં સમવસરણ કરાવ્યાં
સાતશેં ધર્મશાળા કરાવી.
એક હજાર માણસો દાનશાળાએ હમેશાં આહાર લેતા હતા.

ઈત્યાદિક તે ભાગ્યશાળીઓએ ઘણી લક્ષ્મી શુભમાર્ગમાં ખરચી મહા પુણ્ય ઉપાર્જન કર્યું.

શ્રી સિદ્ધસેનદિવાકરે પ્રતિબોધ કરેલ વિક્રમરાજાએ પણ શત્રુંજયનો સંઘ કાઢી પુષ્કળ લક્ષ્મી ખરચી. તે સંઘમાં ૧૬૯ સોનાનાં દેરાસરો હતા. સિદ્ધસેનદિવાકર પ્રમુખ પાંચસો આ-

ચાર્યો સાથે હતા. ચૌદ મુકુટબદ્ધ રાજા સાથે હતા. સીતેર લાખ શ્રાવકના કુટુંબ સંઘમાં હતાં.

આમરાજાએ શ્રી સિદ્ધાચલજીના સંઘમાં બાર ક્રોડ સોનૈયાનો ખર્ચ કરી મહાન્ પુણ્ય ઉપાર્જન કર્યું.

સાધુ પેથડશાએ શ્રી સિદ્ધાચલજીના સંઘમાં અગ્યાર લાખ દ્રવ્યનું ખર્ચ કરી માનવભવનો અપૂર્વ લ્હાવો લીધો. તથા ધર્મઘોષસૂરિનો નગરમાં પ્રવેશ કરાવ્યો ત્યારે બોંતેર હજાર દ્રવ્યનું ખરચ કર્યું.

શ્રી સંપ્રતિ રાજાએ સવા ક્રોડ જિનબિંબ ભરાવ્યાં. જિન-મંદિરથી પૃથ્વી અલંકૃત કરી. અઢળક લક્ષ્મી ખર્ચી મહાન્ પુણ્યના ભાગી બન્યા.

આ શિવાય ઘણા ભાગ્યશાલી જીવોએ શ્રી શત્રુંજય, ગીરનાર વિગેરે મહા પવિત્ર તીર્થોમાં પોતાની લક્ષ્મી પુષ્કળ ખરચી પુણ્યાનુબંધી પુણ્યને પ્રાપ્ત કર્યું છે. સંવત અઢારમા સૈકામાં મોતીશા શેઠે શ્રી સિદ્ધાચળજી ઉપર કુંતાસરનો ખાડો પૂરાવી નવીન ટુંક ઉભી કરીને પોતાના યશને જગતમાં ફેલાવી દીધો છે. અને મહાન પુણ્ય ઉપાર્જન કરી ગયા છે. આવા ઉત્તમ જીવો જગતમાંથી કાળધર્મ પામી ગયા છતાં નામસ્મરણ રૂપે હજી જાણે જીવતાજ હોય નહી એમ ધર્મિષ્ટ જીવોને યાદ આવ્યા કરે છે. આ કાળમાં પણ ઘણા ઉત્તમ જીવો પોતાની લક્ષ્મીને દર વરસે સારા માર્ગમાં ખરચી મહા પુણ્ય ઉપાર્જન કરી રહ્યા છે, ત્યારે કૃપણ જીવો લક્ષ્મીનો સંચય કરવામાં જ જીંદગી પુરી કરે છે અને સંસારની લીલા કરવા માટે હજારોને લાખોના મહેલો બંધાવી તથા મોટરગાડીઓ ચલાવી પુદ્ગલાનંદી બની પાપના ભાગી બને છે. પરંતુ જ્ઞાનચક્ષુથી એટલું પણ તપાસતા

નથી જે પરલોકમાં ગયા પછી તે બંગલામાં હે ચેતન ! કયા જીવો લીલા કરશે ? મોટરગાડીમાં કોણુ બેસશે ? પાપના બોજા કોણુ ભોગવશે ? એટલો વિચાર જ્ઞાનચક્ષુથી જો થાય તો તો સમજ પડે અને શુભમાર્ગમાં લક્ષ્મી ખરચવા તૈયાર પણુ થવાય. માટે દરેક ભવ્ય જીવોએ ન્યાયસંપન્નવિભવ પ્રાપ્ત કર્યા પછી પણુ લક્ષ્મીને શુભમાર્ગમાં ખરચી જૈન શાસનને દીપાવવું, ભવાંતરનું ભાતું મજબુત કરવું. છેવટ મોક્ષસુખ પ્રાપ્ત થઈ શકે તેવી રીતે શુભ ક્ષેત્રોમાં ધનનો વ્યય કરવો. લક્ષ્મીવડે આવાં શુભ કાર્યો તથા શુભ અનુષ્ઠાનો કરવાથી જીવોને સમ્યક્ દર્શન હોય તો બહુ નિર્મલ થાય છે અને ન હોય તો નવીન પ્રાપ્ત થાય છે.

મિથ્યાત્વનો ક્ષય તથા ક્ષયોપશમ અથવા ઉપશમ થાય છે. ગમે તેટલી ક્રિયાઓ કરીએ, ગમે તેટલું દ્રવ્ય ખરચીએ, તીર્થની જાત્રાઓ કરીએ, પરંતુ જો સમ્યકત્વ દર્શન પ્રાપ્ત ન થાય તો તમામ ફોગટ સમજવું. ઉપર બતાવેલ શુભ અનુષ્ટાન તથા શાસનની પ્રભાવના તથા શુભ માર્ગમાં દ્રવ્યનો વ્યય કરવો તે તમામ સમ્યક્ દર્શન પ્રાપ્તિનાં કારણો છેઃ તેવાં કારણો મળ્યા છતાં પણુ સમ્યક્ દર્શન રૂપી કાર્ય ન થાય તો પછી તેના જેવુ બીજું દુઃખ કયું કહેવાય ? ઘરમાં ઘી, ગોળ, ખાંડ વિગેરે ભોજનની સામગ્રી હોય છતાં ભુખે મરે તો પછી તેના જેવો બીજો કોણુ મૂર્ખ કહેવાય ? તેવીજ રીતે અનંત કાળ પરિભ્રમણુ કરતાં મનુષ્ય જન્મ, આર્ય ભૂમિ, ઉત્તમ ક્ષેત્ર, ઉત્તમ કુળ, દેવ ગુરૂ ધર્મની જોગવાઇ, ધર્મનું શ્રવણુ વિગેરે પ્રાપ્ત થયા છતાં જો વીતરાગના વચનમાં શંકા રાખી સમ્યક્દર્શન પ્રાપ્ત ન કરે તો તે પણુ મૂર્ખજ કહેવાય તેમાં શું આશ્ચર્ય ? આવું અમૂલ્ય સમ્યકત્વ રત્ન જીવને પ્રાપ્ત કરવાનો અપૂર્વ સમય હાથ આવ્યો છે તો તે

સમય જવા દેવો નહી. જેમ કોઇ ધનના અર્થી મનુષ્યને ધન કમાવાનો બરાબર સમય આવ્યો હોય તો પ્રમાદ તજી ધન મેળવવામાં ખામી રાખે નહી, તેમ ચિંતામણિ રત્નથી અધિક મનુષ્યભવાદિ સામગ્રી પામી ભવ્ય જીવ પણ સમ્યકત્વરત્નને પ્રાપ્ત કરવામાં પ્રમાદ કરે નહી, અને જો પ્રમાદમાં પડી ગયો તો સમ્યકૃત્વ રત્ન મળી શકે નહી. કારણ જે સમ્યકત્વરત્ન પ્રાપ્ત કરવું તે કાંઈ સામાન્ય વાત નથી, બહુ જ કઠિન છે. તેની કઠિનતા માટે પણ દશ દષ્ટાંતો જે મનુષ્યભવની કઠિનતાવાળાં કહ્યાં છે તે સમજવાં, ચાર ગતિમાં ભ્રમણ કરતાં જીવોને મનુષ્યભવમાં સમ્યકત્વની પ્રાપ્તિ થવી સુલભ ગણાય છે. કારણ જે દેવતાઓને વિષયમાં અતિ આસકિત હોવાથી પોતાનું આયુ તેમાં ને તેમાં પૂરૂં થઇ જાય છે. જેથી તેઓને પણ સમ્યકત્વની પ્રાપ્તિ થતી નથી. જુઓ ! મોટી સંઘયણમાં કહ્યું છે:—

तहिँ देवा वंतरिया, वरतरुणीगीयवाइयरवेणं ।
निच्चं सुहिया पमुइया, गयंपि कालं न याणंति ॥१॥

**અર્થ**—"તે ભુવનો માંહે વ્યંતરિક દેવતાઓ શ્રેષ્ટ સૌભાગ્યવાળી દેવીઓના ગીત તથા વાજીત્રના શબ્દે કરી નિરંતર સુખીયા તથા હર્ષવાળા થયા થકા ગયેલા કાળને જાણતા નથી."

નારકી જીવો અત્યંત વેદનાથી વ્યાકુળ હોવાથી તેઓને પણ જલદી સમ્યકત્વની પ્રાપ્તિ થવી કઠિન જ ગણાય. તિર્યંચો વિવેકથી શૂન્ય હોવાથી ધર્મશ્રવણ કરવું જ બની ન શકે તો પછી સમ્યકત્વની વાત તો દૂર રહી. જો કે ઉપર બતાવેલ દેવતા નારકી તિર્યંચોને પણ સમ્યકત્વ પ્રાપ્ત થાય છે, પરંતુ મનુષ્ય ભવમાં મનુષ્યોને ઉત્તમ સામગ્રી મળ્યા પછી જેટલી સુલભતા છે

તેટલી સુલભતા સમ્યકત્વ માટે તે ત્રણ ગતિવાળા જીવોને નથી. માટે મનુષ્યોએ આવી ઉત્તમ સામગ્રી પામીને વિષય, કષાય ને પ્રમાદ જે આત્માના કટ્ટા શત્રુ છે તેને દૂર કરી મિથ્યાત્વથી દૂર રહી સમ્યકત્વ પ્રાપ્ત કરવું, તેજ મનુષ્ય ભવ પામ્યાનું ખરૂં રહસ્ય સમજવું.

હવે સમ્યકત્વની પ્રાપ્તિ કયારે થાય ? તે બતાવાય છેઃ—

## જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ.

જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મમાંથી એક આયુ કર્મને છોડીને સાતે કર્મની સ્થિતિ શુભ અધ્યવસાયથી ઘટાડી ઘટાડીને એક કોટાકોટી સાગરોપમમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન કરે તે સમયે જીવ યથાપ્રવૃત્તિ કરણ કરે. તે કરણ જીવે આ સંસારમાં ભ્રમણ કરતાં અનંતીવાર કર્યું અને યથાપ્રવૃત્તિ કરણ કરી ગ્રન્થીદેશે આવ્યો ખરો, પરંતુ આગળ જઈ શકયો નહી. આ પેલું કરણ.

બીજું અપૂર્વકરણ તે જીવપરિણામ વિશેષ છે. આ જીવે સંસાર પરિભ્રમણ કરતાં કોઇવાર પણ અપૂર્વકરણરૂપ પરિણામ વિશેષને પ્રાપ્ત કર્યાં નથી, જેથી તેનું નામ અપૂર્વકરણ કહેવાય છે. આ અપૂર્વકરણ રૂપ પરિણામવિશેષથી ઘનનિવિડ રાગદ્વેષ પરિણતિમયી જે ગ્રન્થી દુઃખે કરી ભેદવા લાયક છે તેને ભેદી નાખે છે. તે બીજું કરણ.

ત્રીજું અનિવૃત્તિ કરણ તે જે અધ્યવસાય ફળપ્રાપ્તિ વિના નિવર્તે નહી એટલે પૂર્વે આવ્યા જે અપૂર્વકરણરૂપ પરિણામ તે પાછા જાય નહી તેને અનિવૃત્તિકરણ કહીએ. તે અનિવૃત્તિ કરણરૂપ પરિણામે કરી જીવ સમ્યકત્વ પામે તે ત્રીજું કરણ.

આ ઠેકાણે ત્રણ કરણુની સાક્ષી આપવા માટે કલ્પભાષ્યની ગાથા લખીએ છીએ.

अंतिमकोडाकोडी, सव्वकम्माणं आउवज्जाणं ॥
पलिया असंखिज्जइ–भागे खीणे हवइ गंठीणं ॥१॥
गंठीत्ति सुदुभ्भेओ, कख्खडघणगूढमूढगंठीव्व ॥
जीवस्स कम्मजणिओ, घणरागदोसपरिणामो ॥२॥
जा गंठी ता पढमं, गंठीसमइच्छओ भवे बीयं ॥
अनियट्टीकरणं पुण, सम्मत्तपुरख्कडे जीवे ॥३॥

“ આયુ વર્જીને સાતે કર્મની અંતિમ કેતાં છેલ્લી કોડાકોડી સ્થિતિ પલ્યોપમને અસંખ્યાતમે ભાગે ન્યૂન રહે, બાકી સર્વ ખપી જાય, ઇહાં ગંઠી સ્થાનક છે.

તે ગંઠી કેવા પ્રકારની છે ? અત્યંત દુઃખે કરી ભેદવા યોગ્ય કર્કશ વક્ર ગુઢ ગુપ્ત કોઇ ખદીરાદિ કઠીન કાષ્ટની ગાંઠ જેવી તેવી રીતે ભેદી શકાય નહી તે ઉપમાવાળી એ અનાદિકાળની જીવને કર્મજનિત ઘન કેતાં નિવિડ રાગદ્વેષપરિણતિ રૂપ ગ્રન્થી છે. તે વજ્રની માફક દુર્ભેદ્ય સમજવી.

જ્યાં ગંઠી છે ત્યાં સુધી આવે તેને પ્રથમ યથાપ્રવૃત્તિ કરણુ હોય, ગ્રન્થી ભેદ થયા પછી બીજું અપૂર્વ કરણુ હોય, તથા સમ્યકત્વ પુરખ્ખડે કેતાં સમ્યક્ત્વ પ્રાપ્તવ્યપણે આગળ કર્યું છે જે જીવોએ એટલે ચોકસ મુખ આગળ રહ્યું છે તે જીવને ત્રીજું અનિવૃત્તિકરણુ હોય.

આ કરણુમાં વિશુદ્ધ અધ્યવસાય વડે કરી ઉદયમાં આવેલ મિથ્યાત્વને વેદતો, નહી ઉદયમાં આવે તેને ઉપશમાવતો ઉપશમ લક્ષણુ અંતર્મુહૂર્ત્ત કાળમાનવાળા અંતરકરણુમાં પ્રવેશ કરે, અંતર-

કરણના પેલા સમયે જીવ ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે. અંતરકરણનો કાળ અંતર્મુહૂર્તનો છે. તેથી ઉપશમ સમ્યક્ત્વ અંતર્મુહૂર્ત કાળપ્રમાણુ સમજવું. ઉપશમ સમ્યકત્વમાં રહ્યો છતો જીવ સત્તામાં રહેલ મિથ્યાત્વના ત્રણ પુંજ કરે. જેવી રીતે મદન કોદ્રવા ધાન્ય વિશેષ છે તેને ઓષધિ વિશેષ વડે કરી શોધાય છે. તે શોધતાં કેટલાક શુદ્ધ થાય, કેટલાક અર્ધા શુદ્ધ થાય, કેટલાક અશુદ્ધજ રહે છે. એવી રીતે જીવ પણ પરિણામવિશેષથી મિથ્યાત્વને શોધે છે, તે શોધતા થકા કેટલાક દળ શુદ્ધ થાય, કેટલાક અર્ધ શુદ્ધ થાય, અને કેટલાક અશુદ્ધ રહે—એમ ત્રણ પ્રકારે થાય છે. તે ઉપશમ સમ્યકત્વનો અંતર્મુહૂર્તનો કાળ પૂરો થયા પછી જો શુદ્ધ પુંજનો ઉદય થાય તો અવશ્ય ક્ષયોપશમ સમ્યક્દૃષ્ટિ કહેવાય, અર્ધશુદ્ધ પુંજનો ઉદય થાય તો મિશ્રદૃષ્ટિ કહેવાય, અને અશુદ્ધ પુંજનો ઉદય થાય તો સાસ્વાદનમાં થઈને મિથ્યાદૃષ્ટિ થાય. આ કર્મગ્રન્થનો અભિપ્રાય જાણવો.

સિદ્ધાંતિક મત પ્રમાણે તો અનાદિ મિથ્યાત્વદોષ ગ્રન્થીભેદ કરીને તથાવિધ તીવ્ર પરિણામે કરી અપૂર્વકરણમાં આરૂઢ થયેલો મિથ્યાત્વને ત્રિપુંજવાળું કરે. ત્યારપછી અનિવૃત્તિકરણના સામર્થ્ય થકી શુદ્ધપુંજને વેદતો થકો ઓપશમિક સમ્યકત્વ પામ્યા વિના પ્રથમથીજ ક્ષયોપશમ સમ્યકત્વ પ્રાપ્ત કરે.

વળી કેટલાક આચાર્યો કહે છે જે યથાપ્રવૃત્તિ વિગેરે ત્રણ કરણના ક્રમે કરી ઉપશમ સમ્યકત્વ પામે છે, પુંજ ત્રણ કરતો નથી અને ત્યારપછી ઉપશમ સમ્યકત્વથી પડ્યો થકો મિથ્યાત્વે જાય છે.

ઉપશમ સમ્યકત્વ તથા ક્ષયોપશમ સમ્યકત્વનો ભેદ નીચે પ્રમાણે જાણવો.—

ઉપશમ સમ્યકત્વમાં–ઉદય આવેલ મિથ્યાત્વનો ક્ષય અને નહી ઉદયમાં આવેલા મિથ્યાત્વનો સર્વથા ઉપશમ હોય, પ્રદેશ ઉદય પણ ન હોય. અને ક્ષયોપશમ સમ્યકત્વમાં ઉદય આવેલનો ક્ષય અને નહી ઉદયમાં આવેલનો ઉપશમ હોય. પરંતુ પ્રદેશ ઉદય હોય–પ્રદેશથી મિથ્યાત્વ વેદાય, ક્ષયોપશમ સમ્યકત્વનો જઘન્ય કાળ અંતમુંહૂર્ત, ઉત્કૃષ્ટો છાસઠ સાગરોપમથી કાંઇક અધિક જાણવો.

## ક્ષાયિક સમ્યકૃત્વ.

અનંતાનુબંધી ક્રોધ માન માયા લોભની ચોકડી ખપાવીને મિથ્યાત્વ મોહની ખપાવ્યા બાદ મિશ્ર મોહની પણ ખપાવી સમ્યકત્વ મોહની ખપાવતો કોઇ જીવ કાળ કરે તો પ્રથમ આયુ બાંધ્યું હોય તે ગતિમાં જાય. જેથી ચારે ગતિમાં ક્ષાયક સમ્યકત્વ પામીએ. આ કારણથી જ પ્રારંભ મનુષ્ય ગતિમાં કહ્યો છે અને સમાપ્તિ ચારે ગતિમાં થાય છે જેથી ચારે ગતિમાં ક્ષાયક સમ્યક્ત્વ જીવ પામી શકે એમ કહ્યું છે. તિર્યંચમાં અસંખ્યાતા વર્ષના આયુવાળાજ ક્ષાયક સમ્યકત્વ પામે, સંખ્યાતા વર્ષના આયુવાલા ક્ષાયક સમ્યકત્વ ન પામે. કદાચ કોઈ જીવે પૂર્વે આયુ બાંધ્યું હોય અને ત્યારપછી ક્ષાયક સમ્યકત્વ પામે તો જે ગતિનું આયુ બાંધ્યું હોય તેજ ગતિમાં ક્ષાયક સમ્યકત્વ લઇને જાય. કદાચ આયુ ન બાંધ્યુ હોય ને ક્ષાયક સમ્યકત્વ પામે તો તેજ ભવમાં કેવલજ્ઞાન પામી મોક્ષે જાય. આયુ બાંધ્યું હોય તો ઉત્કૃષ્ટથી ત્રણ ભવમાં છેવટ ચાર ભવમાં મોક્ષે જાય. ક્ષાયક સમ્યકત્વ મનુષ્ય ભવમાં પામે ત્યારે અનંતાનુબંધીની ચોકડી મિથ્યાત્વ મોહની, મિશ્રમોહની ને સમ્યકત્વમોહની આ સાત પ્રકૃતિનો સર્વથા ક્ષય કરીનેજ ક્ષાયક સમ્યકત્વ પામે છે.

ઉપશમ સમ્યકત્વ જીવ જ્યારે પ્રાપ્ત કરે છે ત્યારે ગ્રીષ્મ ૠતુમાં તૃપ્ત થયેલા જીવને ગોશિર્ષ ચંદનના રસવડે છંટકાવ કરવાથી જેવી શીતલતા થાય છે—જેવો આનંદ થાય છે, તેવો આનંદ—તેવી શીતલતા ઉપશમ સમ્યકત્વ પ્રાપ્ત કરનારને થાય છે.

## સમકિતની પ્રાપ્તિ.

રાગ—સારંગ—( હે સુખકારી ! આ સંસાર થકી જો મુજને ઉદ્ધરે. )

સમકિત વિના, ભવ ભવમાં આથડતાં અંત ન આવ્યો;
એ સત્ય બીના, જિન આગમથી જાણી સમકિત પાવો.
ધનસાર ભવે મુનિ દાન દઇ, સમકિત વરી ભવ તેર લહી;
પદવી તીર્થંકર પામ્યા સહી ... ... સમકિત વિના૦
તે નાભિનંદન ફરમાવે, મિથ્યાત્વ ગતિ ચઉ રખડાવે;
સમકિતવડે શિવપુર જાવે ... ... સમકિત વિના૦
જુઓ ! જંગલમાંહે કઠીઆરે, મુનિ દાન દીધું ભવ નયસારે;
તે વીર નમો પંચમ આરે ... ... સમકિત વિના૦
તે સમકિત રૂપી લ્યો મેવો, શુદ્ધ દેવ ગુરૂ ધર્મ જ સેવો;
એમ ભાખે દેવાધિદેવો ... ... ... સમકિત વિના૦
સમકિત લહી ભવજળ તરજો, જિન 'ભક્તિ' ભલી ભાવે કરજો;
શાશ્વત પદવી પ્રેમે વરજો. ... ... સમકિત વિના૦

## સમ્યકત્વ પ્રાપ્તિ અનંતર આત્મ આનંદ.

સમ્યકત્વ પામ્યા પછી જીવને વસ્તુનું યથાસ્થિત સ્વરૂપ સમજાય છે. આત્માને વિષે સાચો બોધ થાય છે. તે આત્મબોધ પ્રાપ્ત થયા પછી જીવને પરમાનંદમાં મગ્ન થવાથી સંસારી સુખનો અભિલાષ કદાપિ થતો નથી. તે સુખ અલ્પ અને અસ્થિર હોવાથી તેને તે દુઃખરૂપ માને છે. ઇષ્ટ વસ્તુને આપનાર કલ્પવૃક્ષને પામીને શુષ્ક અશનની વાંછા કોઈ પણુ કરે નહી, તેમ

મોક્ષસુખને આપનાર સમ્યક્ આત્મજ્ઞાનને પામી અનંત દુઃખના કારણરૂપ સંસારના સુખને કદાપિ વાંછે નહી. જે જીવો આત્મજ્ઞાનમાં આસક્ત છે તે જીવો કદાપિ નરક તિર્યંચ ગતિને પ્રાપ્ત કરેજ નહી. જેમ ચક્ષુવાળો માણસ કુવામાં ન પડે તેમ આત્મજ્ઞાની જીવ નરકરૂપી કુવામાં નજ પડે. આત્મબોધ જે જીવને પ્રાપ્ત થયો હોય છે તેને બાહ્ય વસ્તુની ઇચ્છા પણ થતી નથી. જેમ અમૃતના આસ્વાદન કરનારને ખારૂં પાણી પીવું ન ગમે તેવી રીતે ખારા પાણી સમાન સંસારના ખોટાં પદાર્થો ઉપર આત્મબોધવાળા જીવને આસક્તિ થાયજ નહીં.

આત્મબોધ પ્રાપ્ત કરનાર જીવને હમેશાં અપૂર્વ આનંદજ પ્રાપ્ત થાય છે. શાથી જે તત્ત્વશ્રદ્ધાન થવાથી કર્મબંધનાદિ સ્વરૂપને તે સારી રીતે જાણે છે. જેમકે—

આ જીવ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ—આ ચાર કર્મબંધનના હેતુ વડે કરી સમય સમય આયુ છોડીને સાત કર્મને બાંધે છે. તે જ્યારે ઉદયમાં આવે ત્યારે આ આત્મા સ્વયમેવ ભોગવે છે, બીજું કોઇ સહાયક થતું નથી. આયુ કર્મ આખા ભવમાં એકવારજ બંધાય છે. જે ગતિનું આયુ બાંધ્યું હોય ત્યાં આ આત્મા એકલોજ ચાલ્યો જાય છે, બીજું કોઇ સાથે આવતું નથી. વળી દ્રવ્યાદિ ઇષ્ટ વસ્તુનો વિયોગ થાય છે ત્યારે તે વિચારે છે કે 'મારે પરવસ્તુનો સંબંધ નષ્ટ થયો, મારૂં દ્રવ્ય તો આત્મપ્રદેશમાં રહેલ જ્ઞાનાદિ લક્ષણવાળું છે, તે કોઇ ઠેકાણે જવાનું નથી.' વળી કદાચ કાંઇ દ્રવ્યાદિ વસ્તુનો લાભ થાય છે ત્યારે વિચારે છે કે 'મારે આ પૌદ્ગળિક વસ્તુનો સંયોગ અમુક મુદત સુધીનો થયો છે તો તેમાં મારે મોહ શા માટે કરવો ? તે કાંઇ વાસ્તવિક મારૂં નથી.' વળી વેદનીય કર્મના ઉદયથી શરીર કષ્ટાદિની પ્રાપ્તિ થાય છે

તો તે સમભાવને ધારણ કરે છે, ચિત્તમાં પરમાત્માનું ધ્યાન કરે છે, આવશ્યકાદિ ધર્મકાર્યને વિષે વિશેષે કરીને ઉદ્યમવંત થાય છે, જેથી એકંદરે આત્મબોધવાળા જીવો સદા સુખનોજ અનુભવ કરે છે.

આવું આત્મિક સુખ સમ્યકત્વની પ્રાપ્ત વિના જીવને કદાપિ પ્રાપ્ત થયું નથી, થવાનું નથી, થશે પણ નહી. માટે જો સાચા સુખની તને હે ચેતન ! ચાહના હોય, ઇચ્છા હોય, અભિરૂચિ હોય તો તમામ ઉપાધિને છોડી સમ્યકત્વરત્નને મેળવ, તેને મેળવવા માટે પ્રયત્ન કર, તો સાચો ધનવાન થઇશ. સમકિતી જીવ સાચા ધનપતિ છે તેને માટે શાસ્ત્રકાર મહારાજા કહે છે જે—

**धनेन हीनोपि धनी मनुष्यो, यस्यास्ति सम्यक्त्वधनं प्रधानं ।**
**धनं भवेदेकभवे सुखार्थ, भवे भवेऽनंतसुखी सुदृष्टिः ॥**

**અર્થ**—બાહ્ય ધનથી હીન મનુષ્ય હોય પણ જેની પાસે સમ્યકત્વ રૂપી ધન છે તે ધનવાન કહેવાય છે. કારણકે બાહ્ય ધન તો એક ભવના સુખ માટે છે, અને સમ્યકત્વરૂપી સાચું ધન છે તે તો ભવે ભવે-જન્મ જન્મને વિષે અનંત સુખને આપનાર છે, છેવટ મોક્ષસુખને આપનાર છે, માટે બાહ્ય ધન કરતાં પણ સમ્યકત્વરૂપી ધન અધિક ગુણવાળું-ફાયદાવાળું જાણવું.

આવા પ્રકારનો સમ્યકત્વ રત્નનો મહિમા હોવા છતાં અને વાસ્તવિક સુખનું કારણ હોવા છતાં પુદ્ગલાનંદી-ભવાભિનંદી જીવો સમ્યકત્વ રત્નને મેળવવા લેશ માત્ર પ્રયત્ન નહી કરતાં સંસારના ઉપાધિજનક પદાર્થોમાંજ આસક્તિવાળા બને છે. અને વિષય કષાયમાં મસ્ત રહી કર્તવ્ય પરાઙ્મુખ બની રત્ન ચિંતામણિ સરખી મનુષ્ય ભવાદિ ઉતરોતર શુભ સામગ્રીને હારીને અનંત દુઃખના ભાગી બને છે. તેવા જીવોને કઇ ઉપમા આપવી

તે સુજ્ઞ જીવો વિચાર કરી લેશે. દરેક ભવ્યાત્માઓએ આવી અમૂલ્ય સામગ્રી પામીને સમ્યકત્વ રત્નને પ્રાપ્ત કરવા બરાબર તન મન અને ધનથી કટીબદ્ધ થવું જોઈએ. મનથી સારા-સુંદર વિચારો કરવા, આર્તધ્યાન રૌદ્રધ્યાન થવા દેવું નહીં, ખોટા વિકલ્પો કરવા નહી, ધર્મધ્યાનમાં આરૂઢ થવા પ્રયત્ન કરવો, વચનથી પણ ખોટાં વચન બોલવા નહી, જે વચનથી સામા ધણીને અત્યંત દુઃખ થાય તેવું વચન બોલવું નહી, સત્ય હોય તો પણ સામા ધણીને દુઃખ થાય તે અસત્ય વચન કહેવાય, માટે સારાં, મીઠાં, મધુર, હિત ને મિત વચન બોલવાં. પ્રભુના ગુણ ગાવામાં-મહાપુરૂષનાં ચરિત્રોને કથન કરવામાં વચનનો ઉપયોગ કરવો. કાયાથી પણ શાસનના શુભ કાર્યો કરવા. તીર્થયાત્રા પગે ચાલીને છરી પાળતા કરવી. દુઃખી જીવોને બચાવવા માટે-દુઃખોથી મુકત કરવા માટે પ્રયત્ન કરવો. આવી રીતે મન વચન કાયાના શુભ વ્યાપારથી પણ સમ્યકત્વ રત્ન જલદી મળી જાય છે.

સમ્યકત્વ રત્ન મળ્યા પછી તેને સાચવી રાખવા માટે પણ બહુ કાળજી રાખવાની જરૂર છે.

જેમ ધનવાન પુરૂષ ધનને સાચવવામાં કોઇરીતે ખામી રાખે નહી, તેમ સમ્યકત્વવંત જીવ પોતાના અમૂલ્ય સમ્યકત્વરૂપી ધનને સાચવવા માટે કચાશ રાખે નહી, તોજ તે ટકી શકે.

સમ્યકત્વ રત્નને સાચવવા માટે સારા ગુણી જનના સમાગમમાં રહેવું. અયોગ્ય અને ધર્મથી હિન મિથ્યાદ્રષ્ટિનો બહુ પરિચય કરવો નહી. તેવા પરિચયથી પતિત થયેલાનાં ઘણાં દ્રષ્ટાંતો શાસ્ત્રમાં છે. વળી જેમાં હિંસાવૃત્તિ દાખલ કરી હોય-કામવિકારને વર્ણવ્યો હોય તેવાં પુસ્તકો પણ વાંચવાં નહી. તેવા પુસ્તકો વાંચવાથી આત્માની લેશ્યાનું જલદી પરાવર્તન થવા

સંભાવના રહે છે. પ્રતિકૂળ સંયોગોથી ભદ્રિક પરિણામી જીવોનું સમ્યકત્વથી જલદી અધઃપતન થાય છે. મિથ્યાદ્રષ્ટિના બહુ પરિચયથી સમ્યકત્વથી પડી જવાનો સંભવ રહે છે. તત્ત્વાર્થસૂત્રમાં શંકા, કંખા, વિતિગિચ્છા, અન્યદ્રષ્ટિ પ્રશંસા ને તેમનો સંસ્તવ–આ પાંચ સમ્યકત્વના અતિચાર કહ્યા છે.

શંકા કેતાં જિનવચનમાં શંકા કરવી. ૧. કંખા કેતાં અન્ય અન્યદર્શનને સ્વીકારવાની વાંચ્છા કરવી. ૨. વિતિગિચ્છા કેતાં ધર્મના ફળમાં સંદેહ કરવો, જેમકે હું આ શુભક્રિયા કરૂં છું, પરંતુ તેનું ફળ થશે કે નહી ? ૩. અન્ય દ્રષ્ટિ પ્રશંસા કેતાં બીજા દર્શનવાળાનો મહિમા જોઇને પ્રશંસા કરવી કે જૈન દર્શન કરતાં આ દર્શનમાં બહુ મહિમા જણાય છે. ૪. સંસ્તવ કેતાં અન્યદ્રષ્ટિવાળાનો પરિચય કરવો તે. ૫. પરિચય કરવાથી લાંબા કાળે સમ્યકત્વથી આત્મા પતિત થાય છે. ઉપાધ્યાયજી મહારાજ યશોવિજયજી સમ્યકત્વની સઝાયમાં કહે છે જે–' હીણાતણો જે સંગ ન તજે, તેહનો ગુણ નવી રહે; જેમ જલધિજળમાં ભળ્યું ગંગાનીર લુણપણું લહે.' હીણા માણસનો સંગ પોતાના સારા ગુણને પણ નષ્ટ કરે છે. અર્થાત્ મિથ્યાત્વીના સંગથી સમ્યકત્વ ગુણ હાનિ પામે છે. જેમ સમુદ્રના જળમાં ભળ્યું થકું ગંગાનું મીઠું જળ પણ ખારૂં થઇ જાય છે. માટે મિથ્યાત્વીનો પરિચય સમકિતી જીવે કરવો નહી, ઉપર બતાવેલ પાંચે અતિચારો સમજીને જરૂર તેથી દૂર રહેવું. દૂર નહી રહેવાય તો મિથ્યાત્વ રૂપી ચોરો સમ્યક્ત્વ રત્નને લુંટી લેશે. શ્રદ્ધાથી પતિત કરશે. આગળના ગુણઠાણે ચડવા નહી દેતાં નીચેના ગુણઠાણે પટકશે વિગેરે ઘણી હાનિ થશે. નિન્હવાદિ કેટલાએ જીવો પ્રતિકૂળ સંયોગોથી શ્રદ્ધાથી પતિત થઇ સમ્યકત્વ ગુમાવી બેઠા છે ને સંસારમાં રઝળ્યા છે. જો કે સમ્યકત્વવંત જીવનો એકડો થઇ ચૂકયો છે તેથી વહેલા કે મોડા છેવટ

અર્ધ પુદ્‌ગલ પરાવર્તનની અંદર સકળ કર્મક્ષય કરીને તે મોક્ષે જાય; પરંતુ જ્યાં થોડા ભવમાં જ સાધ્ય સિદ્ધ થાય તેવું હતું ત્યાં સંખ્યાતા અસંખ્યાતા છેવટ અનંતા ભવ સુધી સમ્યકત્ત્વ ગુમાવીને રખડવું અને અનંતા દુઃખો સહન કરવાં તે કાંઇ થોડી શોકદશા ન કહેવાય. જેમ કોઈ ક્રોડપતિ પાસેથી તમામ લક્ષ્મી હરણ કરી જાય અને પછી તેને કોઇ કહે જે–આગળ ઉપર તમને કોઇવાર મળશે. તેવું કહેવા છતાં પણ લક્ષ્મી જવાથી પારાવાર દુઃખ થાય છે, શોક સંતાપમાં મગ્ન થાય છે, છેવટ ગાંડો પણ બની જાય છે. તેવીજ રીતે સમ્યકત્વ રૂપી સાચી લક્ષ્મી આ જીવ પાસેથી જતી રહેવાથી દરિદ્ર–નિર્ધન બની છેવટ મિથ્યાત્વરૂપી ભૂતના સમાગમથી ભવચક્રમાં ભટકતાં ઘણીવાર ગાંડો પણ બની જાય છે. તે ચોક્કસ હૃદયમાં ઉતારી સમ્યકત્વ રત્નને સાચવવા પુરૂષાર્થ ફોરવવું. સમ્યકત્વવંત જીવને સમ્યકત્વ સાચવવા માટે જેવી રીતે ગુણી જનનો સમાગમ શુભ ફળદાયક કહ્યો છે તેવી જ રીતે સમ્યકત્વ નિર્મળ કરવા માટે શુભ ભાવથી તીર્થોની યાત્રા દરવરસે કરવી તે પણ ફળદાયક છે. જાત્રા કરતાં કષાયને મંદ પાડવા, હમેશ વેલાસર ઉઠવું, તત્ત્વની ચિંતા કરવી, આત્મિકલક્ષ્મી કેટલી કમાયો ? કેટલી ખોવાણી ? તેનો મેળ કાઢવો.

વ્યવહારમાં ખોટનો ધંધો છોડી પેદાશનો ધંધો આદરીએ છીએ તેવી રીતે આત્માને નુકશાન થાય–ઘણી હાનિ થાય તેવો ધંધો કરવો નહી. આત્માને લાભ મળે–આત્માનું હિત થાય–આત્મપરિણતિ સુધરે–આત્માની ઓળખાણ થાય તેવો ધંધો હમેશાં કરવો. નિરંતર ૧–૨–૩ સામાયક કરવાં, વિશેષ ન બને તો ૧ સામાયક તો અવશ્યમેવ કરવાની ટેવ પાડવી. તે સામાયકમાં રાજકથા, દેશકથા, ભક્તકથા, સ્ત્રીકથા–આ ચાર વિકથાને તો દેશવટો આપીને ધર્મકથા જ કરવી. અથવા સારાં વૈરાગ્યનાં–ની-

તિનાં પુસ્તકો વાંચવા. મહાપુરૂષો પૂર્વે થઇ ગયેલા ગજસુકુમાલ, એવંતીસુકુમાલ, ધનાકાકંદી, ધનાશાલિભદ્ર, જંબૂસ્વામી, પ્રભવસ્વામી, મેતાર્યમુનિ, દશાર્ણભદ્ર વિગેરે મહાપ્રભાવિક શાસનસ્થંભોના તથા સુલસા, રેવતી, ચંદનબાળા પ્રમુખ મહા સતીઓના જીવનચરિત્રો વાંચવા. જે જીવનચરિત્રો વાંચવાથી તે તે ઉત્તમ જીવોના ગુણ તમને સ્મરણપથમાં ઉપસ્થિત થશે. તમારા હૃદયપટ ઉપર કોઇ અપૂર્વ જાગૃતિ થશે. વૈરાગ્યની વાસના પ્રગટ થશે. તે જીવોનું આત્મબળ, તે જીવોની ધૈર્યતા અને ધર્મ ઉપર નિશ્ચલતાનો અનુભવ થશે. વલી સામાયિકમાં પાંચ પ્રકારનો સ્વાધ્યાય કરવો.

૧ વાંચના તે પુસ્તકો મનનપૂર્વક વાંચવાં.

૨ પૃચ્છના તે શંકા પડે તો ગુર્વાદિકને પૂછી વસ્તુનો નિર્ણય કરવો.

૩ પરાવર્તના તે પોતાને જે જે પ્રકરણાદિ યાદ હોય તેની આવૃત્તિ કરવી જેથી ભૂલી ન જવાય.

૪ અનુપ્રેક્ષા કેતાં પ્રથમ ધારી રાખેલા અર્થનું ચિંતવન કરવું. અથવા બાર ભાવનાને આત્માસાથે વિચારવી.

૫ ધર્મકથા બીજાને કહેવી અથવા સાંભળવી. આ પાંચ પ્રકારના સ્વાધ્યાયથી મનની એકાગ્રતા થાય છે, માટે સામાયિકમાં ઉપર બતાવેલ કાર્યો કરવાથી જીવ સમ્યકત્વને પ્રાપ્ત કરે છે. પ્રાપ્ત થયું હોય તો વિશેષ નિર્મળ થાય છે. જેથી ભવભીરૂ જીવોએ સમ્યકત્વને પ્રાપ્ત કરવા અને પ્રાપ્ત થયા પછી તેને ટકાવી રાખવા સતત ઉદ્યમવંત થવું.

આગળ ગુણઠાણે ચડવા શ્રાવકના ત્રણ મનોરથને મનોમંદિરમાં વિચારવા. મનનપૂર્વક ભાવવા. તે નીચે પ્રમાણે—

## શ્રાવકના ત્રણ મનોરથ.

૧ કેવારે હું બાહ્ય તથા અભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરી મારા આત્માને સુખી કરીશ. તે બંને પ્રકારના પરિગ્રહો મહાપાપનું મૂળ છે. દુર્ગતિને પમાડનાર છે, કષાયના સ્વામી છે, અનર્થોને ઉત્પન્ન કરવાના હેતુભુત છે, દુર્ગતિએ લઇ જનાર છે. બોધિબીજરૂપ સમ્યકત્વના ઘાતક છે, સત્ય, સંતોષ, બ્રહ્મચર્ય, શાંતિ, માર્દવ, આર્જવ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, ચરણસીત્તરી, કરણસીત્તરી, બાર ભાવના, પંચ મહાવ્રત ઇત્યાદિ ધર્મરાજાના સૈન્યને પાછું હઠાવનાર છે. છેવટ અધોગતિમાં પોચાડનાર છે. એવા પરિગ્રહને જ્યારે હું દૂર કરીશ તે દિવસ મારે સોનાનો સુરજ ઉગશે. મારો આત્મા આત્મિક સુખમાં લીન થશે. તે દિવસ ક્યારે આવશે ? એ પેલો મનોરથ.

૨ કેવારે હું પંચમહાવ્રત લઇ, પંચસમિતિ ત્રણગુપ્તિ એ આઠ પ્રવચન માતાનો આદર કરીશ ? તથા ઘોર અભિગ્રહને ધારણ કરી, બેંતાલીશ દોષરહિત શુદ્ધ આહારી બની, બાર ભેદે તપ કરી, સકળ કર્મને તોડી, મારા આત્માનો ઉદ્ધાર કરીશ ? વળી અંત આહારી, પંત આહારી, અરસ આહારી, વિરસ આહારી, સર્વ રસનો ત્યાગી થઇ ધનાકાકંદી, ધનાશાલિભદ્રાદિક મુનિવરોની માફક ત્યાગી બની, શુદ્ધ સંજમ ધારી થઇ, કર્મશત્રુઓને કયારે હઠાવીશ ? ' ધન્ય ધન્ય તે દિન મુજ કયારે હોશે ? હું લઈશ સંજમ શુદ્ધજી.' ઈત્યાદિક સંજમ ગ્રહણ કરવાની ભાવના પ્રગટ કરી સંજમ ગ્રહણ કયારે કરીશ ? જ્યારે મારો સંજમ લેવાનો દિવસ આવશે ત્યારે મારા મનના મનોરથ સફળ થશે અને તે દિવસે હું ભાગ્યશાળી કહેવાઈશ. તે બીજો મનોરથ.

૩ કેવારે હું અઢાર પાપસ્થાનકને આળોવી, નિ:શલ્ય થઇ,

ચૌદ રાજલોકના તમામ જીવોને ખમાવી, સર્વ વ્રતો સંભાળી, અઢાર પાપસ્થાનક ત્રિવિધે ત્રિવિધે વોસિરાવી, ચાર આહારના પચ્ચખ્ખાણુ કરી, છેલ્લે શ્વાસોશ્વાસે આ શરીરને પણુ વોસિરાવી, ત્રણુ પ્રકારની આરાધના આરાધતો, ચાર મંગળરૂપ ચાર શરણુને ઉચ્ચરતો થકો, સંસારને પુંઠ દેતો, શરીરની મમતા રહિત થયો થકો, મરણુને નહી વાંછતો અંતકાળે પંડિત મરણુને પામીશ ?

આ ત્રણુ મનોરથને ઉત્તમ શ્રાવક શ્રાવિકાઓ મન વચન કાયાએ કરી શુભ પરિણામે ભાવતા થકા ઘણુા કર્મની નિર્જરા કરીને સંસારનો અંત કરનાર મોક્ષરૂપ શાશ્વત સુખને આપનાર સંજમને પણુ ગ્રહણુ કરવાની અભિલાષાવાળા થાય છે. અને જ્યારે સદ્ગુરૂનો સંયોગ મળે ત્યારે કટીબદ્ધ થઇ તેમની વૈરાગ્યવાળી દેશના સાંભળી આ સંસારરૂપી બેડી તોડી નાખી સંજમને અંગીકાર કરે છે.

## ત્રણ–મનોરથ.

( ઓધવજી સંદેશા કહેજો શ્યામને—એ રાગ. )

ત્રણુ મનોરથ મનથી ચાહું સર્વદા,
ચાહું વળી કયારે મળશે ચારિત્ર જો;
જગ જંજાળને જુઠી જલ્દી જાણીને,
ક્યારે કરીશ હું સ્થિર–નિર્મળ આ ચિત્ત જો........
સફળ થજો મ્હારા એ મનના મનોરથો.

મહા મુનિવર માફક સંયમ પાળીને,
કયારે થઇશ હું અંતરમાં ઉજમાળ જો;
ધના કાકંદી–મેઘ–ધન્ના શાળીપરે,
સંયમ પાળી ક્યારે વરીશ શિવમાળ જો............
સફળ થજો મ્હારા એ મનના મનોરથો.

પાપસ્થાનક પ્રેમે અઢાર આલોવીને,
ક્યારે ખમાવીશ સહુને ધરી ઉલ્લાસ જો;
અણુસણુ કરી આ દેહની મમતા મુકીને,
ક્યારે માનીશ મૃત્યુ–મહોત્સવ ખાસ જો...........
સફળ થજો મ્હારા એ મનના મનોરથો.

ત્રણ મનોરથ મનના ફળશે જે સમે,
તે સમયે માનીશ મુજને ધન્ય ધન્ય જો;
સફળ થજો મ્હારા એ મનના મનોરથો,
"ભક્તિ" ભાવે પ્રભુ પાસે યાચું ન અન્ય જો..........
ત્રણ મનોરથ મનથી ચાહું સર્વદા.

## ભવ્ય જીવને સંજમના પ્રાપ્તિની અનંતર મોક્ષ પ્રાપ્તિ.

ભવ્ય જીવ જ્યારે અમૃત સરખી સંસારને નિકંદન કરનારી સદ્ગુરૂની દેશના સાંભળે છે ત્યારે તેને સંસાર કડવો ઝેર થઇ પડે છે. અને ગુરૂ મહારાજ પાસે ચારિત્ર અંગીકાર કરતાં આવા ઉદ્ગાર કાઢે છેઃ—

"હે ગુરૂ મહારાજ ! હે પરમ ઉપગારી ! હે કરૂણાના સાગર ! અનાદિ કાળથી મોહનિદ્રાના વશ થકી નષ્ટ થઇ ગયું છે શુદ્ધ ચૈતન્ય જેનું એવા મને આપ સાહેબે સારી રીતે જગાડ્યો જેથી આ જગતમાં ધન્ય અને પુણ્યશાળી જીવોની કોટીમાં હું અગ્રેસરી થયો. કારણુ જે અનંતા કાળથી અવળે રસ્તે ચડેલા મને શુદ્ધ માર્ગ દેખાડનાર આપ મળ્યા. આ સંસારરૂપી સમુદ્રમાં ડુબતા અને વિવિધ પ્રકારની આધિવ્યાધિરૂપ જળજંતુઓવડે પીડા પામતા એવા મને સંસારસમુદ્રમાંથી તારવા માટે સદ્ધર્મરૂપી નાવ લઇને આપ આવ્યા છો. અત્યારસુધી

ઇન્દ્રિયોરૂપી ચોરોએ સ્નેહરૂપી પાસવડે મજબુત બાંધીને ક્ષુધાતૃષાથી પીડિત થયેલા મને ભવરૂપી કેદખાનામાં પટકયો હતો, જેથી જન્મમરણ આધિવ્યાધિ રૂપી પરોણાના ઘા લાગવાથી ઘણાજ દુઃખી થયેલા એવા મારૂં કોઇ શરણ થયું નહોતું, પરંતુ મારા શુભ કર્મના યોગે કરી, બંધાયેલાને છોડાવવાવાળા, નહી રક્ષણવાળાની રક્ષા કરવાવાળા પરમ કૃપાળુ આપ મળ્યા છો. આ સંસારમાં જીવને નરત્વની તથા દેવત્વની ઋદ્ધિઓ પ્રાપ્ત થવી સુલભ છે, પરંતુ સદ્ગુરૂનો સંયોગ મળવો અતીવ દુર્લભ છે. આટલા કાળ સુધી મેં ઘણીવાર ષટ્રસ ભોજનો લોલુપતાથી આસ્વાદન કર્યાં પરંતુ જન્મમરણને દૂર કરનારી સદ્ગુરૂની વાણીરૂપી સુધા કેતાં અમૃતનું આસ્વાદન ન કર્યું. વિદ્વાન્ હોય કે પંડિત હોય પણ ગુરૂ મહારાજ વિના સમ્યકત્વના સ્વરૂપને જાણતો નથી. જેમ મોટી ચક્ષુવાળો હોય તે પણ રાત્રીએ દીપક વિના પદાર્થને દેખી શકતો નથી; તેવીજ રીતે જીવ પણ સદ્ગુરૂ વિના ખરા તત્ત્વને જાણી શકતો નથી. ''

આ પ્રમાણે કહી સંવેગ-વૈરાગ્યના તરંગથી ભવ્ય જીવ સદ્ગુરૂ પાસે સ્વવીર્ય ઉલ્લાસથી ચારિત્ર ગ્રહણ કરી, પંચ મહાવ્રત, આઠ પ્રવચન માતા, દશ પ્રકારના યતિ ધર્મ, ચરણસીત્તરી, કરણસીત્તરી, બાવીશ પરિસહને જીતવા ઇત્યાદિ ધર્મરાજાની ફોજને સાથમાં લઇ કર્મરાજાની ફોજને હઠાવી અપ્રમત્તપણે નીરતિચાર ચારિત્ર પાળી ગુરૂમહારાજની આજ્ઞા શીર પર ચડાવી, ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થઇ, ઉજ્વલ ભાવનાવડે શુકલધ્યાનના આદિના બે પાયાનું ધ્યાન કરી, કેવલજ્ઞાન કેવલદર્શન પામી, છેવટ શૈલેશી અવસ્થાને પ્રાપ્ત કરી ચૌદમે ગુણઠાણે તમામ પ્રકારના યોગોને રૂંધી, જ્યાં અનંત સિદ્ધ પરમાત્મા બિરાજમાન થયા છે તેવા શાશ્વતા સિદ્ધિસ્થાનમાં જઇ,

આત્માના અખંડ આનંદનો અનુભવ કરવા ભાગ્યશાળી બને છે. જો સંજમ લેવા પુરૂષાર્થ ફોરવે છે તો કાર્ય સિદ્ધ થાય છે, પરંતુ પુરૂષાર્થ ફોરવવું બહુ દુષ્કર છે. કેમકે પ્રથમના ત્રણ કારણ મળ્યા પછી ચોથું કારણ મળી શકે. તે કારણો આ પ્રમાણે:—

## મોક્ષનાં ચાર અંગ ઉત્તરોત્તર વિશેષ દુર્લભ છે.

હે આત્મા ! તું બરાબર દીર્ઘદ્રષ્ટિથી ખુબ ઉંડો વિચાર કરી લેજે. ઉપર બતાવેલ ક્રમ વિના અર્થાત્ મનુષ્યભવ, ધર્મનું સાંભળવું, ધર્મ ઉપર શ્રદ્ધા, અને છેવટ સંજમમાં વીર્ય ફોરવવું—આ ચાર બાબત ભેગી થયા વિના આ સંસારમાંથી તરવું બહુજ મુશ્કેલ છે. જો આ ચારે વસ્તુ બરાબર ભેગી થઇ તો તું પણ શીઘ્ર સિદ્ધિસુખનો અખંડ આનંદ પ્રાપ્ત કરી શકીશ. એક એક વસ્તુ ઉતરોત્તર બહુજ દુર્લભ છે. સૂત્રકાર મૂળસૂત્રમાં તેની દુર્લભતા બતાવતા સતા કહે છે:—

चत्तारि परमंगाणि, दुल्लहाणि य जंतुणो ।
माणुसत्तं सुई सध्धा, संजमंमि अ वीरिअं ॥ १ ॥

જીવને મોક્ષ ગમન કરવા માટે આ ચાર અંગ બહુજ દુર્લભ છે. પ્રથમ મનુષ્યપણું દશ દ્રષ્ટાંતે કરી દુર્લભ તે પ્રથમ બતાવી ગયા છીએ. મનુષ્યપણું પ્રાપ્ત થયા પછી ધર્મશ્રવણ કરવું બહુ દુર્લભ છે. તેર કાઠિયા વિગેરેનું સ્વરૂપ પ્રથમ કહી ગયા છીએ. તે તમામને હઠાવી ધર્મશ્રવણ કદાચ કર્યું તો પણ તેમાં શ્રદ્ધા થવી બહુ દુર્લભ છે. શ્રદ્ધા થયા પછી પણ સંજમમાં વીર્ય ફોરવવું તે તો અત્યંત દુર્લભ છે. આ તમામ સામગ્રી ભેગી થાય ત્યારે સિદ્ધિપુરીમાં જઇ શકાય. તો હે ચેતન ! હે આત્મા ! તારે સિદ્ધિસ્થાનના અનંત સુખની જો ચાહના હોય અને તું સંસા-

રના ભયંકર દુઃખોથી કંટાળી ગયો હોય તો મનુષ્યપણું પામ્યો છે તેને સફળ કરવા હમેશાં સદ્ગુરૂનો સમાગમ કરી ધર્મનું શ્રવણ કરજે. ધર્મના શ્રવણ વિના તારો ઉદ્ધાર કદી નહીં થાય. તે ચોક્કસ યાદ રાખજે. ધર્મનું શ્રવણ કરી તેના ઉપર સચોટ શ્રદ્ધા કરજે. જેથી સમકિત જેવી અમૂલ્ય વસ્તુ પ્રાપ્ત થશે. સમ્યકત્વને પામ્યા પછી સર્વવિરતિ સામાયક અથવા દેશવિરતિ સામાયકને મેળવવા માટે દુર્ગતિને આપવાવાળી હિંસાનો ત્યાગ કરજે. પ્રાણીમાત્રને પોતાની સમાન ગણી જેમ બને તેમ તેને બચાવવા ઉદ્યમ કરજે. સત્યને સ્વાધિન કરજે, અસત્યને દેશવટો આપજે. પારકી વસ્તુ પત્થર સમાન ગણી હાથમાં ગ્રહણ કરીશ નહી. શીયલરૂપી આભૂષણથી સ્વશરીરને અલંકૃત કરજે. પરસ્ત્રીને માતા બ્હેન કે પુત્રી સમાન ગણી કોઇવાર વિકારવાળી દ્રષ્ટિ કરીશ નહી. સોના રૂપાનાં આભૂષણો કદાચ તારી પાસે નહી હોય તો પણ શીયલરૂપી આભૂષણથી તારૂં શરીર અત્યંત શોભાવાળું દેખાશે. શીયલથી રહીત લાખો રૂપીયાના ઘરેણાથી તારૂં શરીર શોભશે નહી. અને રાવણ જેવા પરસ્ત્રીમાં આસક્તિવાળાની માફક દુર્દશા ભોગવીશ. વળી સંતોષનું સેવન કરજે. ક્રોધાદિક શત્રુઓ ઉપર ક્રોધ કરીને આત્મઘરમાંથી દૂર કરજે, તેને આધિન થઇશ નહી. બાહ્ય શત્રુઓ જે નુકશાન કરે છે તે કરતાં અંતરના શત્રુઓ જે કષાયાદિ તે અનંતગણું નુકશાન કરે છે. તે બરાબર સમજીને તેને દેશવટો આપજે. અનાદિ કાળના અભ્યાસથી આ દેહમાં આત્મભાવ મનાયો છે, દેહ તે હું છું એમ માને છે. શરીરને સુખે સુખી, શરીરના દુઃખે દુઃખી, રાત્રી દિવસ તે શરીરનું સેવન કરવામાં–તેનું રક્ષણ કરવામાં–અત્યંત પાલણ પોષણ કરવામાં તું વ્યતીત કરી રહ્યો છે, તેવા બહિરાત્મ ભાવનો ત્યાગ કરજે.

આત્મા શરીરથી ભિન્ન છે—જૂદો છે—અરૂપી છે. કર્મના વશથી શરીરનો સંબંધ અનાદિનો છે; પરંતુ સારા ઉપાયોથી તે સંબંધ જુદો પડી શકશે. જેમ સુવર્ણમાં રહેલી માટી અગ્નિના સંયોગથી દૂર થાય છે તેવીજ રીતે આત્મા ઉપર રહેલ કર્મરૂપી માટી તપરૂપી અગ્નિથી દૂર થઇ શકે છે. તે ખ્યાલમાં રાખજે. બે અષ્ટમી, બે ચતુર્દશી, શુકલ પંચમી ઇત્યાદિ સિદ્ધાંતોમાં કહેલી ઉત્તમ તિથિઓના પૌષધ કરી સંસારના બોજાને તે દિવસે દૂર કરજે. ઘણું કરીને તિથિના દિવસે પરભવના આયુનો બંધ પડે છે, તો તેવા ઉત્તમ દિવસે તું પાષધ વિગેરેની ઉત્તમ ક્રિયા કરી સારા અધ્યવસાયમાં રહીશ તો શુભ ગતિના આયુનો બંધ પડવાથી ભવાંતરમાં દુઃખી થવા વખત નહી આવે. સૂર્યયશા જેવા મહા પ્રતાપી રાજાએ ત્રણ ખંડના ભોકતા હોવા છતાં અષ્ટમી ચતુર્દશીનું આરાધન મૂક્યું નથી. પોતાના:પ્રાણથી પણ અધિક તિથિઓનું આરાધન કર્યું છે. બીજાને આરાધન કરાવવા સારૂ સપ્તમી અને ત્રયોદશીના દિવસે પડહ વગડાવતા હતા જેથી બીજા જીવો પણ તેઓની સાથે પૌષધવ્રત ગ્રહણ કરવા તૈયાર થતા હતા. તે લક્ષમાં લઇ જરૂર પાંચ તિથિના, છેવટ બે ચૌદશના પૌષધ કરી આત્માને પવિત્ર કરજે.

ઇન્દ્રિયોનો ગુલામ થઇશ નહી. ઈન્દ્રિયોને આધિન થઇ જઇશ તો ઇન્દ્રિયોરૂપી ઘોડા તને દુર્ગતિરૂપી ખાડામાં પટકશે અને બહુ દુઃખી કરશે. માટે ઇન્દ્રિયોને કાબુમાં રાખી તેને તારી ગુલામ બનાવજે. જેથી અભક્ષ, અનંતકાય, રાત્રીભોજન, કંદમૂળ વિગેરે પાપોના બોજાવાળી ચીજોનું ભક્ષણ કરવાનો સમય તને કોઇ દિવસ પણ નહી આવે. માટે ઇન્દ્રિયોને વશ કરવા સાવચેતી રાખજે.

પૌદ્ગલિક વસ્તુઓની અનિત્યતા—સંસારમાં રહેલા જીવોની

અશરણતા વિગેરે શુભ ભાવનાઓનો વેગ જેમ જેમ પ્રબળ થતો જશે તેમ તેમ મમત્વરૂપી અંધકાર તે તે પ્રમાણમાં ક્ષીણ થતો જશે અને સમતાની જળહળતી જ્યોતિ પ્રગટ થશે. સંસારની ગતિ ગહન છે. સંસારમાં સુખી જીવો કરતાં દુઃખી જીવોનું ક્ષેત્ર વિશાળ છે. આધિ વ્યાધિ શોક સંતાપથી લોક પરિપૂર્ણ છે. સુખનાં સાધનો હજારો હોવા છતાં દુઃખની સત્તા જલદી પ્રગટ થઈ જાય છે. જ્ઞાનગર્ભિત વૈરાગ્ય વિના દુઃખ કમી થઇ શકતું નથી. જ્ઞાનગર્ભિત વૈરાગ્ય મેળવવા તેના સાધનની પૂરતી જરૂર છે. જેથી પૂર્વાચાર્યના બનાવેલાં વૈરાગ્યથી ભરપૂર પુસ્તકો વાંચી જેમ બને તેમ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પ્રાપ્ત કરવો અને છેવટમાં વહેલા કે મોડા જરૂર સંજમરૂપી સામ્રાજ્યને અંગીકાર કરવું. સંજમ વિના મુકિત પહોંચાશે નહી. સંજમ દેવલોકમાં દેવતાને નથી, નારકીને નથી, તિર્યંચને નથી, ફકત મનુષ્યને જ તેની પ્રાપ્તિ થઇ શકે છે. તેમાં પણ આર્ય દેશ, ઉતમ કુળ, નિરોગી શરીર અને સંપૂર્ણ શ્રદ્ધા થયા પછી જ પ્રાપ્ત થઇ શકે છે, તો ઠેઠ સુધી પહોંચ્યા છતાં મોહના પંજામાંથી નીકળીને સંજમ ન લેવાય તો પછી કયા ભવમાં કઇ ગતિમાં લેવાશે ? જ્યારે ત્યારે ગમે તે ભવમાં સંજમ લીધા પછી જ મુકિત પહોંચવાનું છે, તો પછી આ ભવમાં સંસાર છોડી સંજમ ગ્રહણ કરવું તેજ સર્વથા હિતકર છે. આ અવસર્પિણિ કાળમાં પાંચમા આરામાં આ ભવમાં મુકિત નહી પહોંચાય, પરંતુ ત્રણ ભવે કે સાત આઠ ભવે તો જન્મ મરણના કલેશોનો ઉચ્છેદ કરી જરૂર મુકિતમંદિરમાં પહોંચી શકાશે. પરંતુ સંજમ લીધા પછી પણ બરાબર પુરૂષાર્થ નહીં ફોરવે અને સંસારની ઉપાધિમાં—આર્ત્ત ધ્યાનમાં—મોજશોખમાં—જ્ઞાન-ધ્યાનને છોડી વિકથાદિમાં જો પડી ગયો તો સંજમ ગુણઠાણાથી પડીને અધોગતિમાં ચાલ્યો જઈશ. માટે સંજમ ગ્રહણ કર્યા

પછી પણ જ્ઞાન, ધ્યાન, તપ, જપ, પંચ સમિત, ત્રણ ગુપ્ત, દશ યતિધર્મ ઇત્યાદિકનું સેવન કરી, નવા નવા અભિગ્રહ કરી, ચારિત્રધર્મને ઉજ્વલ કરી મોક્ષમંદિરમાં નિવાસ થાય તેમ કરજે. એટલે ત્યાં અનંત સુખનો ભોકતા થઇશ. કદાચ ચારિત્ર-ધર્મને કાયરપણાથી ન અંગીકાર કરી શકે તો પછી દેશવિરતિ-પણાને એટલે સમ્યકત્વ મૂળ શ્રાવકના બાર વ્રતને તો સમજીને જરૂર અંગીકાર કરજે. તો જરા વિલંબથી પણ છેવટ મુકિતમાં પહોંચી શકીશ.

ઉપાસક દશાંગ સૂત્રમાં આનંદ કામદેવ વિગેરે દશ શ્રાવકોએ પરમાત્મા શ્રી મહાવીરસ્વામીની દેશના સાંભળી વૈરાગ્ય પામી સમ્યકત્વ મૂળ બાર વ્રત અંગીકાર કર્યા. અને છેવટ સુધી બરા-બર પાળીને આયુ પૂરૂં કરી વ્રતના પ્રભાવથી સુધર્મા દેવલોકમાં જુદા જુદા વિમાનમાં ચાર પલ્યોપમની સ્થિતિએ દેવપણે ઉત્પન્ન થયા. આયુ પૂર્ણ થયે ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ રાજાઓ થશે. ત્યાં ચારિત્રને અંગીકાર કરી નિરતિચાર ચારિત્ર પાળી કેવળજ્ઞાન પામી મોક્ષે જશે.

આ પ્રમાણે સમ્યકત્ત્વ મૂળ બાર વ્રતથી પરંપરાએ મુક્તિ મેળવી શકાય છે; તો પછી આવા ઉત્તમ ભવને પામી, તમામ સામ-ગ્રીને પામી, ગુરૂ મહારાજનો સંયોગ મેળવી હે આત્મા! સમ્યકત્ત્વ મૂળ બારવ્રત સમજપૂર્વક જરૂર અંગીકાર કરી લેજે. તેની સ-મજ માટે ઉપાસક દશાંગસૂત્ર, યોગશાસ્ત્ર, ધર્મરત્ન પ્રકરણ, ધર્મ-સંગ્રહ, ધર્મબિંદુ વિગેરે ઘણા સૂત્ર તથા ગ્રન્થો વિદ્યમાન છે, તો ગુરૂ મહારાજ પાસે વિનયપૂર્વક સમજીને નાંદી મંડાવી વ્રતો ઉચ્ચરી લેજે અને બરાબર પાળજે, જેથી આવતાં કર્મો ઘણા અટકશે. દેશવિરતિપણું પ્રાપ્ત થશે. અંતસમયમાં સર્વ વસ્તુનો ત્યાગ

કરવાની અભિલાષા થશે. અંતસમયે નિઝામણા કરવાથી જીવોને બહુ કર્મની નિર્જરા થાય છે. પ્રથમ આયુ ન બંધાયું હોય તો શુભ ગતિનું આયુ બંધાય છે. માટે ઉપરની સમજુતી લક્ષમાં લઇ મુનિપણું કદાચ આ ભવમાં પ્રાપ્ત ન થઈ શકે તો મોહનીય કર્મના ઉદયથી દેશસંજમી થવા માટે સમ્યકત્વ મૂળ શ્રાવકનાં બાર વ્રત તો અવશ્ય પ્રાપ્ત કરવા અને પોતાના અંતસમયમાં તે તે વ્રતોમાં લાગેલા અતિચારોને યાદ કરી મિચ્છામિ દુક્કડં આપી, દુષ્કૃત્યોની નિંદા કરવી, સુકૃતની અનુમોદના કરવી, જેથી આત્મા ઉચ્ચ કોટી ઉપર જરૂર આવી શકે છે. જુઓ ! ઉત્તરાધ્યયન સૂત્રના નવમા પ્રત્યેકબુદ્ધ અધ્યયનના વિષયમાં અંધ બનેલા મણિરથ રાજાએ પોતાના સગાભાઇ યુગબાહુને તરવારનો ઘા મારી નીચે પછાડ્યો, યુગબાહુને આર્ત્તધ્યાન રૌદ્રધ્યાનના કારણો ઉપસ્થિત થયા, પરંતુ યુગબાહુની ધર્મપત્નિ મદનરેખાએ પોતાના પતિની પાસે બેસી ધૈર્ય પકડી ઘણી સારી રીતે અંત સમયની નિઝામણા કરાવી. તે આ પ્રમાણે—

"હે ધીર ! અત્યારે ધીરપણું અંગીકાર કરો. કોઇના ઉપર રોષ કરશો નહી. તમારાં કરેલાં કર્મો તમારી પાસે લેણું લેવા આવ્યાં છે, તે કર્મોને સમભાવે સહન કરો. જીવોએ પોતે કરેલાં કર્મો વેદવાનાં છે, બીજા તો નિમિત્તમાત્ર છે. ચોરાશી લાખ જીવાયોનિમાં રહેલા સર્વ જીવોને ખમાવો. ચતુર્વિધ આહારનો પણ ત્યાગ કરો. શરીરને પણ વોસિરાવો." ઇત્યાદિ ઘણા સારા શબ્દોથી નિઝામણા કરાવી કે જેથી તુરત જ યુગબાહુ કાળધર્મ પામી પાંચમા બ્રહ્મદેવલોકમાં દશ સાગરોપમની સ્થિતિવાળા દેવ થયા. અહો ! શૂભ ભાવનાથી કરેલ નિઝામણાનો કેટલો બધો પ્રતાપ ? જો કદાચ તે સમયમાં મદનરેખા વિલાપ કરવા મંડીપડી હોત અને યુગબાહુને આર્ત્તધ્યાન રૌદ્રધ્યાનનાં કારણોમાં ઉતાર્યા હોત

તો યુગબાહુ પાંચમા દેવલોકમાં જઇ શકત ખરા ? હે આત્મા! તું વિચાર કર આજકાલની સ્ત્રીઓ તથા કુટુંબીલોકો મરનારની સમિપે આર્ત્તધ્યાન રૌદ્રધ્યાનનાં કારણો ઉપસ્થિત કરે છે. આગળ પાછલના કાર્યો યાદ કરાવે છે. પોતાના સ્વાર્થની ખાતર રૂદન કરી મરનારનો અંતસમય બગાડે છે અને મરનારની લેશ્યા તે વખતે બગડવાથી તેને માઠી ગતિમાં જવું પડે છે; માટે તેમ નહી કરતાં સંબંધી અગર કુટુંબીજનોએ મરનારનો ભવ સુધારવા માટે હિંમત ધરીને નિઝામણા કરાવવી. પ્રથમ વ્રતો લીધાં હોય તો યાદ કરાવી લાગેલા દોષોની નિંદા કરાવી આત્માને શુદ્ધ કરાવવો. વ્રતો ન લીધાં હોય તો તે વખતે ગુરૂમહારાજને બોલાવીને તેમની પાસે અગર ગુર્વાદિકનો યોગ ન હોય તો આત્મસાક્ષીથી પણ અમુક અમુક વ્રતો ઉચ્ચરાવવા અને નિઝામણા કરાવવી. શુદ્ધ ભાવનાથી કરાવેલી તે વખતની આરાધના જીવોને બહુ હિતકારી થઇ પડે છે. પ્રથમ કરેલા પાપના પુંજ ઘણા ખરા વીખરાઇ જાય છે. આયુ આવતા ભવનું ન બાંધ્યું હોય તો શુભ ગતિનું બંધાય છે, માટે છેલ્લી વખતે જીવોએ જરૂર સમજીને આરાધના કરવી, જેથી વ્રતધારીને અગર કદાચ વ્રતો ન લઇ શકયા હોય તેવા જીવોને પણ આ અંતસમયની આરાધના ઘણી જ ફાયદાકારક થાય છે.

## અંત સમયની આરાધના.

રાગ—( ભેખ રે ઉતારો રાજા ભરથરી. )

ભાવના ભાવો એણીપરે, મૃત્યુ આવ્યે નજીકજી;
હું રે અનાદિ અભેદી છું, શી છે મ્હારે એ બીકજી....ભાવના૦

ધામ ધરા ધન આ બધું, મેલી જાવું જરૂરજી;
મ્હારૂં તેમાં કાંઇ નથી, શીદને રહું મગરૂરજી....ભાવના૦

આ તો ભાડાની છે કોટડી, ખાલી કરતાં શું થાયજી;
પુદ્‌ગલ નાશ થતાં અરે, આત્માનું શું જાયજી....ભાવના૦

હું તો આતમ અનાદિ છું, અનંત ગુણો ધરનારજી;
મૃત્યુ ભલે અરે આવતું, હું તો નથી ડરનારજી....ભાવના૦

મોંઘો માનવ ભવ મેળવી, કીધું કાંઈ ન હિતજી;
કાગ ઉડાડવા મેં અરે, ફેંક્યું રત્ન ખચિતજી....ભાવના૦

રાગ ને દ્વેષથી ક્લેશમાં, કાઢ્યો સઘળો કાળજી;
જિનવાણી નહિ સાંભળી, વળગી ઝાઝી જંજાળજી...ભાવના૦

હવે રે પસ્તાવો એ થાય છે, મનમાં પારાવારજી;
પ્રભુજી અરજી સ્વીકારજો, તારજો કરૂણાધારજી....ભાવના૦

અરિહંત સિદ્ધ ને સાધુજી, શરણું હોજો સદાયજી;
ધર્મ શરણુ હોજો વળી, મુજને ભવોભવ માંયજી....ભાવના૦

અંત સમયની આરાધના, આરાધો નરનારજી;
સાર નથી રે સંસારમાં, જિન "ભકિત" છે સારજી....ભાવના૦

કેટલાએક જીવો અંત સમયે આરાધના કેમ કરવી ? અથવા કેવી રીતે કરાવવી ? તે જાણી શકતા નથી, માટે તેવા જીવોના હિતને માટે સામાન્યથી અંત સમયની આરાધના પ્રકરણો તથા મહા ગીતાર્થ પુરૂષોના વચન અનુસાર બતાવીએ છીએ.

**नमिऊण भणइ एवं, भयवं समउच्चियं समासंसु ।**
**तत्तो वागरइ गुरू, पज्जंताराहणा एयं ॥ १ ॥**

શ્રી ગુરૂ મહારાજને નમસ્કાર કરીને આ પ્રમાણે શિષ્ય કહે—હે ભગવન્ ! મને સમયને ઉચિત આદેશ કરો ( આરાધના

કરાવો. ) ત્યારે ગુરૂ મહારાજ છેવટની આરાધના આ પ્રમાણે કરાવે છે—૧.

**आलोइसु अइआरे, वयाइ उच्चरसु खमिसु जीवेसु ।**
**वोसिरिसु भाविअप्पा, अट्ठारसपावठाणाइं ॥ २ ॥**

૧ અતિચાર આલોવો, ૨ વ્રત ઉચ્ચરો, ૩ જીવાયોનિ ખમાવો, આત્માને શુભ ભાવનાવાળો કરીને ૪ અઢાર પાપ સ્થાનક વોસિરાવો—૨.

**चउसरण दुक्कडगरिहणं च, सुक्कडाणुमोयणं कुणसु ॥**
**सुहभावणं अणसणं, पंच नमुक्कारसरणं च ॥ ३ ॥**

૫ ચાર શરણુ આદરો, ૬ પાપની નિંદા કરો, ૭ સુકૃતની અનુમોદના કરો, ૮ શુભ ભાવના ભાવો, ૯ અણુસણ કરો, અને ૧૦ પંચપરમેષ્ટિનું ધ્યાન કરો. ૩.

આ દશ પ્રકારમાં પ્રથમ અતિચાર આળોવવા તે આ પ્રમાણે.

**नाणंमि दंसणंमि य, चरणंमि तवंमि तहय विरियंमि ।**
**पंचविहं आयारे, अइआरालोयणं कुणसु ॥ ४ ॥**

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય એ પાંચ પ્રકારના આચારને વિષે અતિચારની આલોચના કરો. ૪

આ પાંચ આચાર સંબંધી અને શ્રાવકના બાર વ્રતો સંબંધી અતિચાર જરા વિસ્તારથી બતાવવામાં આવે છે:—

# અતિચાર વિસ્તાર.

## ૧ જ્ઞાનાચાર.

૧ કાળ. ૨ વિનય. ૩ બહુમાન. ૪ ઉપધાન. ૫ ગુરૂને નહી ઓળવવા. ૬ શુદ્ધ સૂત્ર ઉચ્ચારણ તથા ૭ અર્થનું ચિંતવન. ૮ સૂત્ર તથા અર્થ બંનેનું ચિંતવન.—આ આઠ પ્રકારના જ્ઞાનાચારમાં આચારરહિત હું કાંઈ ભણ્યો હોઉં, તથા સૂત્ર પ્રકરણાદિકનો ગુરૂગમથી ધાર્યા વિના કદાચ ઉલટો અર્થ કર્યો હોય, કોઈએ સમજાવ્યા છતાં આગ્રહ પકડ્યો હોય, વળી છતી શકિતએ અન્નાદિક મેં જ્ઞાનીઓને ન આપ્યું હોય અને જ્ઞાનીઓની મેં અવજ્ઞા કરી હોય, તથા જ્ઞાનના જે પાંચ પ્રકાર મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ—આ પાંચ જ્ઞાનની અશ્રદ્ધા કરી હોય, હાંસી કરી હોય, જ્ઞાનના ઉપગરણ પાટી પોથી ઠવણી વિગેરેની આશાતના કરી હોય—ઇત્યાદિક જે જ્ઞાનાચાર સંબંધી દોષ લાગ્યો હોય તે મિચ્છામિ દુક્કડં.

## ૨ દર્શનાચાર.

**जं समत्तं निस्संकियाइ अट्ठविहगुणसमाउत्तं ।**
**धरियं मए न सम्मं, मिच्छामिदुक्कडं तस्स ॥**

૧ નિઃશંકિત, ૨ નિકંખિત, ૩ નિવિતિગિચ્છા, ૪ અમૂઢદિઠ્ઠિ, ૫ ઉપબૃંહણા, ૬ અસ્થિરીકરણ, ૭ વાત્સલ્ય, ૮ પ્રભાવના—આ પ્રકારના ગુણે સહિત જે સમકિત તે મેં ધારણ કર્યું ન હોય તેનો મિચ્છામિ દુક્કડં.

શ્રી અરિહંત દેવાધિદેવની પ્રતિમાની ભાવથી પુજા ન કરી

હોય અને અભકિત કરી હોય તે દોષનો મારે મિચ્છામિ દુક્કડં થાઓ. વળી ચૈત્યદ્રવ્યનો વિનાશ કર્યો હોય તથા વિનાશ કરતા બીજા માણસોની ઉપેક્ષા કરી હોય, તે દોષનો મારે મિચ્છામિ દુક્કડં થાઓ. જિનમંદિરાદિકની કોઇ આશાતના કરતો હોય તેને છતી શકિતએ મેં નિષેધ ન કર્યો હોય, તે દોષનો મિચ્છામિ દુક્કડં આપું છું. પ્રથમ કહેલા દર્શનાચારનો અર્થ—

૧ નિઃશંકિત કેતાં જિનવચનમાં શંકા રહિતપણું.

૨ નિકંખિત કેતાં પરમતની અભિલાષા રહિતપણું.

૩ નિવિતિગિચ્છા કેતાં સાધુસાધ્વીની નિંદા ન કરવી તથા ધર્મના ફળમાં સંદેહ નહી કરવો.

૪ અમૂઢદિઠ્ઠિ કેતાં અન્યમતના ચમત્કાર તથા મંત્ર દેખી મૂઢદ્રષ્ટિપણું નહી કરવું.

૫ ઉપબૃંહણા કેતાં સમકિતદ્રષ્ટિ જીવોની શુભ કરણી દેખી તેની અનુમોદના કરવી—પ્રશંસા કરવી.

૬ સ્થિરીકરણ કેતાં સીદાતા સ્વામી ભાઇઓને હરકોઈ રીતે ટેકો આપી ધર્મમાં સ્થિર કરવા.

૭ સાધર્મી બંધુઓનું ભાવ સહિત ભકિતપુર્વક વાત્સલ્ય કરવું.

૮ પવિત્ર જિનશાસનની ઉન્નતિ થાય—જાહોજલાલી વધે તેવા કાર્યો કરવાં.

આ આઠ દર્શનના આચારમાં મેં જે કાંઇ વિપરીત કર્યું હોય, છતી શક્તિએ કરવા લાયક કાર્ય ન કર્યું હોય તેને આત્મસાક્ષીએ ખમાવું છું.

## ૩ ચારિત્રાચાર.

**जं पंचहिं समिईहिं, तीहिं गुत्तिहिं संगयं सययं ।**
**परिपालियं न चरणं, मिच्छामिदुक्कडं तस्स ॥**

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સહિત નિર્મળ ચારિત્ર મેં ન પાળ્યું હોય તે દોષનો મારે મિચ્છામિ દુક્કડં થાઓ.

## ૪ તપાચાર.

છતી શકિતએ અવશ્ય તપસ્યા કરવી જોઈએ તે તપાચાર કહેવાય. શકિત હોવા છતાં તપસ્યા ન કરી હોય તે મિચ્છામિ દુક્કડં.

## ૫ વીર્યાચાર.

ધાર્મિક કાર્યમાં પોતાનું જેટલું સામર્થ્ય હોય તેટલું નહી ગોપવવું તે વીર્યાચાર કહેવાય. તે પ્રમાણે જે ન કર્યું હોય તે મિચ્છામિ દુક્કડં.

## હવે બારવ્રત સંબંધી આલોચના કહે છે.

## પ્રાણાતિપાત આલોચન.

મહા આરંભના કામ આદર્યાં હોય, જેવાં કે ઘર ચણાવ્યાં હોય, ટાંકા ભોંયરાં વાવ કુવા તળાવ વિગેરે કરાવ્યા હોય તથા મીલ જીન સંચા પ્રેસ બનાવ્યા હોય વિગેરે વિગેરે જેમાં જીવોની હિંસા પારાવાર થઈ હોય, તથા બેઇંદ્રિય જીવો, તેઇન્દ્રિય જીવો, ચોરેન્દ્રિય જીવો, પંચેન્દ્રિય જીવોની ત્રણે કાળમાં જે વિરાધના કરી હોય તે સર્વ પાપોને મન વચન કાયાએ કરી ખમાવું છું.

## મૃષાવાદ આલોચન.

ક્રોધથી, લોભથી, ભયથી, હાસ્યથી—જે કાંઇ જુઠું બોલ્યા હોઇએ તે મન વચન કાયાએ કરીને ખમાવું છું.

## અદત્તાદાન આલોચન.

કુડકપટથી દગા પાસલા કરી જે કાંઈ અદત્તાદાન લીધુ હોય તે મન વચન કાયાએ કરી ખમાવું છું.

## મૈથુન આલોચન.

પરસ્ત્રી ગમન કર્યું હોય તથા વિશેષે કામક્રીડા કરી હોય, સ્વદારા વિષે અસંતોષ રાખ્યો હોય, કામક્રીડા કરી અતીવ ખુશી થયા હોય, દૃષ્ટિ વિપર્યાસ કર્યો હોય ઇત્યાદિ મૈથુનવૃત્તિથી જે કાંઈ દોષો લાગ્યા હોય તેનો ત્રિવિધે ત્રિવિધે મન વચન કાયાએ કરી મિચ્છામિ દુક્કડં દઉં છું. તે પાપ નિષ્ફળ થાઓ.

## પરિગ્રહ આલોચન.

ધન ધાન્યાદિક પરિગ્રહને વિષે અતિ અભિલાષા ધરી હોય, પરિગ્રહનું પરિમાણ લઇને વધુ થયે કુટુંબીઓના નામે કરી દીધું હોય, અથવા પોતે મર્યાદા ઓળંગી ગયો હોય તે સંબંધી જે દોષો લાગ્યા હોય તેનો મન વચન કાયાએ કરીને મિચ્છામિ દુક્કડં આપું છું.

## રાત્રિભોજન આલોચન.

રાત્રિભોજન કીધાં હોય, કરીને ખુશી થયા હોય, રસેન્દ્રિયની લાલચે અભક્ષ્યાદિક નહી ખાવા લાયક વસ્તુઓનું ભક્ષણ કર્યું હોય, વ્રતો લઇને વિસાર્યા હોય, મુનિપણામાં સંનિદ્ધિ વસ્તુઓનું ભક્ષણ કર્યું હોય, સૂર્યાસ્ત થયા પછી પાણી વાપર્યું હોય ઇત્યાદિ રાત્રિભોજન સંબંધી દોષ લાગ્યા હોય તથા કપટ હેતુ ક્રિયા કીધી હોય, પચ્ચખ્ખાણ ભાંગ્યા હોય, આપવખાણ કીધાં હોય, બીજાની ઋદ્ધિ દેખી ઇર્ષ્યાઓ કરી હોય-ઇત્યાદિ જે કોઇ દોષો લાગ્યા હોય તે

દોષોને મન વચન કાયાએ કરી ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું. મારા આત્માને નિઃશલ્ય કરૂં છું.

## ઇતિ પહેલો અધિકાર આલોયણરૂપ સમાપ્ત.

બીજા અધિકારે વ્રતો પ્રથમ ન લીધા હોય તો લેવા અને લીધેલા હોય તો યાદ કરી ફરીથી ફેરફાર કરીને લેવા. આ વખત પચ્ચખ્ખાણ આપવા તે પણ અવસર જોઇને અમુક ટાઇમ સુધીના આપવા.

## વ્રતોચ્ચારણ બીજો અધિકાર.

### પહેલું સ્થૂળ પ્રાણાતિપાત વિરમણ વ્રત.

કોઇ ત્રસ જીવ નિરપરાધી નિરપેક્ષીને હણવાની બુદ્ધિથી હણવો નહીં, હણાવવો નહી. કોઈ કાર્ય કરતાં કે શરિરાદિકના રોગનો, ઉપચાર કરતાં કરાવતાં પ્રમાદથી હણાઇ જાય તો તેનો આગાર.

### બીજું સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત.

પાંચ પ્રકારનું મોટકું જુઠું ન બોલવું તે—

૧ કન્યા સંબંધી જુઠું નહી બોલવું.

૨ ભૂમિ સંબંધી જુઠું નહી બોલવું.

૩ ચાર પગવાળા જનાવરો સંબંધી જુઠું નહી બોલવું.

૪ ખોટી સાક્ષી પૂરવી નહી તથા કુડો લેખ લખવો નહીં.

૫ કોઇની થાપણ ઓળવવી નહી.

આ પાંચે પ્રકાર બરાબર પાળવા.

## ત્રીજું સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત.

ચોરી કોઇની રાજ્યદંડ ઉપજે તેવી કરવી નહી. તાળું તોડવું નહી. ખીસા કાતરવા નહી. ઇત્યાદિ.

## ચોથું સ્થૂલ મૈથુન વિરમણ (સ્વદારા સંતોષ) વ્રત.

પરસ્ત્રી સંબંધી બ્રહ્મચર્ય પાળવું. અવસરે જાવજીવ બ્રહ્મચર્ય ઉચ્ચરી લેવું.

## પાંચમું પરિગ્રહ પરિમાણ વ્રત.

ધન ધાન્ય વધારે મેળવવા માટે ઉદ્યમ ન કરવો, હોય તેટલાથી સંતોષ માનવો. પછી અવસરે તે પણ વોસિરાવવો.

## છઠ્ઠું દિશા પરિમાણ વ્રત.

દિશાનું પરિમાણ કરી લેવું. પ્રથમ કરેલ હોય તો તેનો સંક્ષેપ કરવો. ( ઘટાડવું )

## સાતમું ભોગોપભોગ પરિમાણ વ્રત.

ચૌદ નિયમ ધારવા. પંદર કર્માદાનને વર્જવા. ચાર મહા વિગય વિગેરે બાવીશ અભક્ષનો ત્યાગ કરવો. ઇત્યાદિ.

## આઠમું અનર્થદંડ વિરમણ વ્રત.

અપધ્યાન ૧ પાપોપદેશ ૨ હિંસ્રપ્રદાન ૩ પ્રમાદાચરિત ૪ એ ચાર ભેદ શાસ્ત્રમાં કહ્યા છે. તેમાંથી જેટલા દૂર થાય તેટલા કરવા. તેમાં લાભ ઘણો છે. ઉપરાંત—

૧ જુગટુ રમવું નહીં. ૨ પશુ પંખી પાંજરે ઘાલવા નહીં. ૩ નાટકનાચ વિગેરે તમાસા જોવા નહીં. ૪ ફાંસી આપે ત્યાં જોવા જવું નહીં. ઇત્યાદિ પણ વર્જવું.

નવમું સામાયક, દસમું દેશાવકાશિક, અગ્યારમું પોષધ, બારમું અતિથિ સંવિભાગ—આ ચાર વ્રતો અંત સમયે આદરી શકાય તેવાં નથી માટે તે વ્રતોની ભાવના રાખી આત્મામા ચિંતવન કરવું. અમુક ટાઈમે ચિત્તની સ્વસ્થતા હોય તો સમભાવ રૂપ સામાયક કરવું. વળી વિચારવું કે ઘરમાં જે કાંઇ ચીજો અધિકરણ વિગેરે મેં મોકળા રાખ્યાં છે તે તમામ મારો દેહ પડી ગયે વોસિરે વોસિરે કરૂં છું. આ વ્રત પચ્ચખ્ખાણ એટલા માટે છે કે જેમ ખેતરને વાડ કરી હોય તો ખેતરમાં જનાવર ન પેસે ને ચોર ચોરી ન જાય. વળી ઘરની આગળ કંપાઉન્ડ બાંધવામાં આવે છે જેથી એમ પ્રતિભાસ થાય છે જે આટલી હદ આપણી છે, તેની બહાર આપણો હક નથી, તેવી રીતે વ્રત પચ્ચખ્ખાણ લેવાથી લાંબી ઈચ્છા ન થાય. નવા નવા મનોરથો–તરંગોરૂપી ચોર આત્માને દુઃખી ન કરે, તેમ વળી આત્મા પણ તેવી સ્થિતિમાં સમજી શકે કે આ ઉપરાંત મારે પ્રતિજ્ઞા છે.

## ત્રીજો અધિકાર.

**खामेसु सव्वसत्ते, खमेसु तेसिं तुमे वि गयकोहो ।**
**परिहरियपुव्ववेरो, सव्वे मित्तित्ति चिंत्तेसु ॥**

‘ કોપ રહિતપણે સર્વ પ્રાણીમાત્રને ખમાવો, અને તે જીવોના કરેલા અપરાધને ખમો. પૂર્વનું કોઇ ભવનું પણ વેર તજી દઈને સર્વ મિત્ર છે એમ ચિંતવો.’

શ્રી વાસુપૂજ્ય ચરિત્રમાં જેવી રીતે વાસુપૂજ્યસ્વામીના જીવ પદ્મોત્તર રાજાએ અણુસણ કરતાં અવ્યવહાર રાશીના જીવોથી માંડી તમામ જીવોની સાથે ખમતખામણા કર્યાં છે તેમ હું પણ સર્વ જીવોની સાથે ખમતખામણાં કરૂં છું.

ઘણા કાળ સુધી અવ્યવહાર રાશીમાં (નિગોદમાં) રહેલા એવા મારા આત્માએ અનંત જંતુના સમૂહને જે કાંઈ ખેદ ઉપજાવ્યો હોય તે સર્વને ખમાવું છું. વ્યવહાર રાશીમાં આવી પૃથ્વીકાયને ધારણ કરતા એવા મારા આત્માએ પાષાણ લોઢું માટીરૂપે થઇ જે જે પ્રાણીઓને ખેદ ઉપજાવ્યો હોય તે સર્વે ખમાવું છું. નદી સમુદ્ર તળાવ કુવા વિગેરેમાં જળરૂપે થઇ મારા આત્માએ જે કોઇ જીવોની વિરાધના કરી હોય તે સર્વે ખમાવું છું. પ્રદીપ, વિજલી, દાવાનલ વિગેરેમાં અગ્નિકાય રૂપે થયેલા મારા આત્માએ જે જીવોનો વિનાશ કર્યો હોય તે સર્વે મન વચન કાયાથી ખમાવું છું. મહાવૃષ્ટિ, હિમ, ગ્રીષ્મ, ધુલિ, દુર્ગંધ વિગેરેના સહકારી એવા મારા આત્માએ વાયુકાયમાં રહી જે જીવોનો વિનાશ કર્યો હોય તે સર્વેને ખમાવું છું. વનસ્પતિ થઇને દંડ, ધનુષ્ય, બાણ, રથ, ગાડાં વિગેરે રૂપે થયેલા મારા શરીરે જે જીવોને પીડા કરી હોય તે સર્વેને ખમાવું છું. તથા કર્મના વશ થકી ત્રસપણાને પામીને રાગ દ્વેષ અને મદવડે અંધ બનેલા મારા આત્માએ જે જીવોને પીડા કરી હોય અથવા હણ્યા હોય તે સર્વેને ત્રિવિધે ત્રિવિધે મન વચન કાયાએ કરી ખમાવું છું. તે સર્વે જીવો ચોરાશીલાખ જીવાયોનિમાં રહેલા મારો અપરાધ ક્ષમા કરો. સર્વે પ્રાણીઓને વિષે મારે મૈત્રીભાવ છે; કોઇની સાથે વૈર નથી. વળી જિનેશ્વર ભગવાનની પ્રતિમા તથા ચૈત્ય તથા મુકુટ આદિ વસ્તુઓમાં મારૂં શરીર પૃથ્વીકાય રૂપે આવ્યું હોય તેની અનુમોદના કરૂં છું. તથા જળરૂપે થયેલ મારી કાય જિનેશ્વર ભગવાનના સ્નાનાદિ ક્રિયામાં ભાગ્યયોગે આવેલ હોય તો તેનું અનુમોદન કરૂં છું. વળી જિનેશ્વર ભગવાનની આગળ ધૂપ ઉત્ક્ષેપમાં તથા દીપક વિગેરેમાં મારી કાય અગ્નિકાયરૂપે આવેલ હોય તેની અનુમોદના કરૂં છું. તથા તીર્થજાત્રામાં

નીકળેલ સંઘના પરિશ્રમના નિવારણુમાં વાયુકાય રૂપે મારી કાય કદાચ ઉપયોગમાં આવી હોય તો તેની અનુમોદના કરૂં છું. તથા વનસ્પતિકાય રૂપે થયેલ મારી કાય મુનિરાજોના પાત્રમાં તથા દાંડામાં તથા જિનેશ્વર ભગવાનની પૂજાના ફુલ વિગેરેમાં ઉપયોગી થઇ હોય તેની અનુમોદના કરૂં છું. આ પ્રમાણે અનંત ભવમાં ઉત્પન્ન કરેલ જે દુષ્કૃતના ઓઘ તેને નિંદું છું અને કદાચિત કોઇ વખતે થયેલ સુકૃતની અનુમોદના કરૂં છું.

---

## ચોથો અધિકાર.

ચોથા અધિકારે અઢાર પાપસ્થાનક આલોવવા તે પ્રથમ કહેવાયેલ છે.

---

પાંચમા અધિકારે ચાર શરણુ કરવા તે આ પ્રમાણે:—

### પ્રથમ અરિહંત શરણુ.

**रागद्दोसारिणं, हंता कम्मट्ठगाइ अरिहंता ।**
**विसयकसायारीणं, अरिहंता हुंतु मे सरणं ॥**

રાગ અને દ્વેષરૂપી આત્માના વૈરીઓને હણુનાર અને આઠ કર્માદિક શત્રુને હણુનાર તથા વિષય કષાયાદિક વૈરીઓને હણુનાર એવા અરિહંત ભગવાનનું મને શરણુ થાઓ. '

**रायसिरिमवकसित्ता, तवचरणं दुच्चरं अणुचरित्ता ।**
**केवलसिरिमरहंता, अरिहंता हुंतु मे सरणं ॥**

રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરી દુષ્કર તપ અને ચારિત્ર સેવીને કેવલજ્ઞાનરૂપ લક્ષ્મીને યોગ્ય થયા એવા અરિહંતનું મને શરણુ હો. તથા સ્તુતિ અને વંદન કરવાને યોગ્ય તથા ઇન્દ્રને ચક્રવર્તિની પૂજાને યોગ્ય, શાશ્વત સુખ પામવાને યોગ્ય એવા

અરિહંત પરમાત્માનું મને શરણ થાઓ. સમવસરણમાં બેસીને પાંત્રીશ વાણીના ગુણે કરી સહિત ધર્મકથાને કહેતા, ચોત્રીશ અતિશયો વડે કરી યુક્ત એવા અરિહંત પરમાત્મા મને શરણભૂત થાઓ. એક વચને કરી પ્રાણીઓના અનેક સંદેહોને એક કાળે છેદી નાખતા અને ત્રણ જગતના જીવોને ઉપદેશ આપતા અરિહંત પરમાત્માનું મને શરણ થાઓ. વચનામૃતવડે જગતના જીવોને શાંતિ પમાડતા અને અનેક પ્રકારના ગુણોમાં જીવોને સ્થાપન કરતાં તથા જીવલોકનો ઉદ્ધાર કરતા અરિહંત પરમાત્માનું મને શરણ થાઓ.

વળી અતિ અદ્ભૂત ગુણવાળા અને પોતાના યશરૂપી ચંદ્રવડે તમામ દિશાઓને પ્રકાશ કરતા અનંતા અરિહંતોને શરણ પણે મેં અંગીકાર કર્યા છે. વળી તજ્યાં છે જન્મ મરણ જેમણે તથા તમામ દુઃખોથી પીડાયેલા પ્રાણીઓને જે શરણભૂત છે અને ત્રણ જગતના જીવોને અપૂર્વ સુખ આપનાર છે એવા અરિહંત પરમાત્માઓને મારો નમસ્કાર હો.

## બીજું સિદ્ધ શરણ.

**कम्मट्ठक्खयसिद्धा, साहावियनाणदंसणसमिद्धा ।**
**सव्वट्ठलद्धिसिद्धा, ते सिद्धा हुंतु मे सरणं ॥**

આઠ કર્મનો ક્ષય કરીને સિદ્ધ થયેલા અને સ્વાભાવિક જ્ઞાન-દર્શનની સમૃદ્ધિવાળા તથા સર્વ અર્થની લબ્ધિઓ સિદ્ધ થઇ છે જેમને તેવા સિદ્ધ પરમાત્માનું મને શરણ હો.

**तियलोअमत्थयत्था, परमपयत्था अचिंतसामत्था ।**
**मंगलसिद्धपयत्था, सिद्धा सरणं सुहपसत्था ॥**

ત્રણ ભુવનના અગ્રભાગ ઉપર રહેલા તથા પરમ પદ કેતાં

મોક્ષમાં રહેલા એટલે સકળ કર્મનો ક્ષય કરી સિદ્ધ થયેલા તથા અચિંત્ય સામર્થ્યવાળા અને મંગળભૂત સિદ્ધ સ્થાનમાં રહેનારા, અનંત સુખે કરી પ્રશસ્ત શોભાયમાન એવા સિદ્ધ પરમાત્માનું મને શરણ થાઓ. તથા રાગાદિ શત્રુઓનો તિરસ્કાર કર્યો છે જેમણે વળી ધ્યાનરૂપ અગ્નિએ કરી બાળ્યું છે ભવબીજ જેમણે એવા અને યોગીશ્વરોને આશ્રય કરવા યોગ્ય તથા ભવ્ય પ્રાણીઓને સ્મરણ કરવા યોગ્ય સિદ્ધ પરમાત્માઓનું મને શરણ હો. વળી જગતના જીવોને આનંદ પમાડનારા અને ગુણના સમૂહ થી ભરેલા, નાશ કર્યો છે ભવરૂપ કંદ જેઓએ અને કેવલજ્ઞાનના પ્રકાશ વડે ચંદ્ર તથા સૂર્યના પ્રકાશને અલ્પ કરતા, યુદ્ધાદિ કલેશોનો ઉચ્છેદ કરતા એવા સિદ્ધ પરમાત્માઓ મને શરણભૂત થાઓ. પ્રાપ્ત કર્યું છે ઉત્કૃષ્ટ જ્ઞાન જેમણે તથા મોક્ષરૂપ દુર્લભ લાભ મેળવ્યો છે જેમણે તથા મૂકયા છે અનેક પ્રકારના સમારંભ જેમણે અને વળી ત્રણ ભુવનરૂપ ઘરને ધારણ કરવામાં સ્થંભ સમાન અને આરંભ રહિત એવા સિદ્ધ પરમાત્માઓ મને શરણભૂત હો.

## ત્રીજું સાધુમુનિરાજનું શરણ.

**जिअलोअबंधुणो कुगइसिंधुणो पारगा महाभागा ।**
**नाणाइएहिं सिवसुखसाहगा साहुणो सरणं ॥**

સમગ્ર જીવલોકના બંધુ અને કુગતિરૂપ સમુદ્રના પાર પામનાર મહા ભાગ્યવાળા અને જ્ઞાન દર્શન ચારિત્ર વડે મોક્ષસુખના સાધનાર એવા મુનિરાજાઓ મને શરણભૂત હો.

**केवलिणो परमोही, विउलमइ सुअहरा जिणमयंमि ।**
**आयरिय उवज्झाया, ते सव्वे साहुणो सरणं ॥**

કેવળજ્ઞાનીઓ તથા પરમાવધિજ્ઞાનવાળા તથા વિપુલમતિ મન:પર્યવજ્ઞાનવાળા તથા શ્રુતજ્ઞાનને ધારણ કરનારા, તથા જિન-મતને વિષે રહેલા આચાર્યો અને ઉપાધ્યાયો—તે સર્વે સાધુઓ મને શરણભૂત થાઓ.

**चउदसदसनवपुव्वी, दुवालसिक्कारसंगिणो जे अ ।**
**जिणकप्पाऽहालंदिअ, परिहारविसुद्धि साहू अ ॥**

ચૌદ પૂર્વી, દશ પૂર્વી, નવ પૂર્વી તથા બાર અંગના ધારણ કરનાર, અગ્યાર અંગના ધરનાર તથા જિનકલ્પી, યથાલંદી, પરિહાર વિશુદ્ધિ ચારિત્રવાળા તથા ક્ષીરાશ્રવ, મધ્વાશ્રવ લબ્ધિવાળા, સંભિન્નશ્રોત લબ્ધિવાળા તથા કોષ્ટબુદ્ધિવાળા તથા ચારણમુનિઓ તથા વૈક્રિયલબ્ધિવાળા તથા પદાનુસારી લબ્ધિવાળા સાધુઓ મને શરણભૂત થાઓ.

તથા તોડયું છે સ્નેહરૂપ બંધન જેમણે તથા નિર્વિકારી સ્થાનમાં રહેનાર તથા સજ્જન પુરૂષોને આનંદ આપનાર અને આત્મરમણતામાં રમનાર મુનિરાજાઓ મને શરણભૂત થાઓ, તથા ત્યાગ કર્યો છે વિષય કષાયનો જેમણે તથા ત્યાગ કર્યો છે સ્ત્રીસંગના સુખના આસ્વાદનો જેમણે તથા હર્ષ શોક પ્રમાદ વિગેરેને દૂર કરનારા મુનિરાજાઓ મને શરણભૂત થાઓ.

આ પ્રમાણે સાધુનું શરણ કરીને પછી હર્ષયુક્ત ચિત્તવાળો થયો થકો કેવલીભાષિત :ધર્મનું શરણ સ્વીકારવા માટે નીચે પ્રમાણે કહે—

**निद्दलिअकलुसकम्मो, कयसुहजम्मो खलीकयअहम्मो ।**
**पमुहपरिणामरम्मो, सरणं मे होउ जिणधम्मो ॥**

## ચોથું કેવલીભાષિત ધર્મનું શરણ.

અતિશય દળી નાખ્યા છે માઠાં કર્મ જેણે તથા કર્યો છે શુભ

જન્મ જેણે તથા દૂર કર્યો છે અધર્મ જેણે ઇત્યાદિક પરિણામે સુંદર જિનધર્મ મને શરણભૂત થાઓ.

**पसमिअकामप्पमोहं, दिट्ठादिट्ठेसु न कलियविरोहं ।**
**सिवसुहफलयममोहं, धम्मं सरणं पवन्नोहं ॥**

વિશેષે કરી કામનો ઉન્માદ સમાવનાર તથા દેખેલા અથવા નહી દેખેલા પદાર્થોનો નથી કર્યો વિરોધ જેમાં તથા મોક્ષસુખ-રૂપ ફળને આપનાર એવા સફળ ધર્મનું મને શરણ થાઓ.

વલી નરકગતિને છેદી નાખનાર તથા ગુણના સમૂહથી ભરેલ અને બીજા વાદીઓથી પણ ક્ષોભ ન કરી શકાય તેવો અને હણ્યો છે કામરૂપી સુભટ જેમણે એવા ધર્મને હું શરણ રૂપે અંગીકાર કરૂં છું.

જૈનધર્મ જગતના જીવોને અપૂર્વ કલ્પવૃક્ષ સમાન છે તથા સ્વર્ગ અપવર્ગના સુખરૂપી ફળોને આપનાર છે. તથા ધર્મ પરમ બંધુ સમાન, સારા મિત્ર સમાન છે. તથા ધર્મ પરમ ગુરૂ સમાન છે. મોક્ષમાર્ગમાં ગમન કરનાર જીવોને ધર્મ સુંદર રથ સમાન છે. આવા પ્રકારના કેવળીભાષિત ધર્મનું મને શરણ હો. આ પ્રમાણે ધર્મનું શરણ અંગીકાર કરવું.

આત્માએ વિચાર કરવો જે ભવાંતર જતાં મને કોઇ શરણ-ભૂત–આધારભૂત થાય તેમ નથી, માટે ખરૂં શરણ આ ચારનુંજ કરૂં કે જેથી મારી શુભ ગતિ થાય.

## ચાર શરણા વિગેરે. ( પદ્ય )

( ૧ )–મુજને ચાર શરણા હોજો, અરિહંત સિદ્ધ સુસાધુજી; કેવલી ધર્મ પ્રકાશીયો, રતન અમુલખ લાધ્યું જી ॥૧॥ ચિહું ગતિ તણાં દુઃખ છેદવા, સમરથ શરણાં એહોજી; પૂર્વે મુનિવર

જે હુવા, તેણે કીયાં શરણાં તેહોજી. ॥ ૨ ॥ સંસારમાંહી જીવને, સમરથ શરણાં ચારોજી; ગણિ સમયસુંદર ઇમ કહે, કલ્યાણ મંગલકારોજી. ॥ ૩ ॥

( ૨ )—લાખ ચોરાસી જીવ ખમાવીએ, મન ધરી પરમ વિવેકજી; મિચ્છામિ દુક્કડં દીજીએ, ગુરૂ વચને પ્રત્યેકજી ॥લાખ૦ ॥ ૧ ॥ સાત લાખ ભૂદગ તેઉ વાઉના, દસ ચૌદ વનના ભેદોજી; ષટ વિગલ સુર તિરિ નારકી, ચાર ચાર ચૌદ નરના ભેદોજી. ॥ લાખ૦ ॥ ૨ ॥ મુજને વેર નહીં કોઇશું, સહુશું મિત્રીભાવોજી; ગણિ સમયસુંદર ઇમ કહે, પામીશું પુન્ય પ્રભાવોજી ॥ લાખ૦॥૩॥

(૩)—પાપ અઢાર જીવ પરિહરો, અરિહંત સિદ્ધની સાખેજી; આલોવ્યાં પાપ છુટીએ, ભગવંત એણીપેરે ભાખેજી ॥ પાપ૦ ॥૧॥ આશ્રવ કષાય દોય બાંધવા, વળી કલહ અભ્યાખ્યાનજી; રતિ અરતિ પૈસુન નિંદના, માયામોહ મિથ્યાત્વજી ॥પાપ૦ ॥૨॥ મન વચન કાયાએ જે કીયાં, મિચ્છામિ દુક્કડં તેહોજી; ગણિ સમયસુંદર ઇમ કહે, જૈન ધર્મનો મર્મ એહોજી ॥પાપ૦॥૩॥

(૪)—ધન ધન તે દિન કદી હોશે, હું પામીશ સંજમ સુદ્ધોજી; પૂર્વ ઋષિ પંથે ચાલશું, ગુરૂવચને પ્રતિબુદ્ધોજી ॥ ધન૦ ॥૧॥ અંતપંત ભિક્ષા ગોચરી, રણવટ કાઉસગ્ગ કરશુંજી; સમતા ભાવ શત્રુ મિત્રશું, સંવેગ સુદ્ધો ધરશુંજી ॥ ધન૦ ॥૨॥ સંસારના સંકટ થકી, હું છુટીશ જિનવચને અવતારોજી; ગણિ સમયસુંદર ઇમ કહે, હું પામીશ ભવનો પારોજી ॥ ધન૦ ॥૩॥

## છઠ્ઠો અધિકાર—દુષ્કૃતની નિંદા.

આખી જીંદગીમાં જે જે પાપકર્મો કર્યાં હોય તેની આત્મસાક્ષીએ નિંદા કરવી. તે આ પ્રમાણે—

" ઉત્સૂત્ર પરૂપણા કરી હોય, તથા પોતાની બુદ્ધિ પ્રમાણે અર્થના અનર્થ કર્યા હોય, હળ હથીયાર ઘંટી વિગેરે જીવોનો સંહાર થાય તેવાં અધિકરણો વસાવ્યાં હોય, પાપો કરીને કુટુંબને પોષ્યા હોય, ઇત્યાદિ દુષ્કર્મો આ ભવ તથા પરભવમાં કે ભવોભવમાં કીધાં હોય તે તમામ દુષ્કર્મોને મન વચન કાયાએ કરી આત્મસાક્ષીથી નિંદુ છું." એ પ્રમાણે પશ્ચાત્તાપ કરવો.

## સાતમો અધિકાર–સુકૃતની અનુમોદના.

આખા ભવમાં જે જે સુકૃત્યો–સારાં કૃત્યો કર્યાં હોય તેની અનુમોદના કરવી. જેમકે તીર્થજાત્રા કરી હોય, સુપાત્રે દાન આપ્યું હોય, શીયલવ્રત પાળ્યું હોય, માસક્ષમણ, સોલ, આઠ, છ, ચાર, ત્રણ, એ વિગેરે ઉપવાસો તથા આયંબિલાદિકની તપસ્યા કરી હોય; શુદ્ધ ભાવના ભાવી હોય, ગિરિરાજની નવાણુ જાત્રા કરી હોય, ઉપધાન તપ, શાસન પ્રભાવના વિગેરે જે જે શુભ કાર્યો કર્યા હોય તેની અનુમોદના કરૂં છું.

## આઠમો અધિકાર–શુભ ભાવના.

ભાવશુદ્ધિ કરવી એટલે સમતાવાળા પરિણામ કરવા, સુખ દુઃખનું કારણ જીવને પોતાનાં કરેલાં કર્મ શિવાય બીજું કોઇ નથી, માટે હે આત્મા ! જે જે દુઃખ આવે તે સમભાવે સહન કરજે, જેવું કરીશ તેવું ફળ પામીશ, માટે કોઇ ઉપર દ્વેષ નહી કરતાં સમતા ભાવમાં લીન થજે.

## નવમો અધિકાર–અનશન (આહાર ત્યાગરૂપ) કરવું.

યોગ્ય અવસરે અમુક વખત સુધી ચારે આહારનાં અથવા ત્રણ આહારના પચ્ચખ્ખાણ કરવાં. આજકાલ જીવોથી ચાર આ-

હારના જાવજીવ સુધીના પચ્ચખ્ખાણ થઇ શકે નહી, કારણ કે તેવું સંઘયણ નથી તેમ તેવું જ્ઞાન નથી, માટે અમુક ટાઇમ સુધીનાં પચ્ચખ્ખાણ કરાવવા.

## દશમો અધિકાર–નમસ્કાર ગણવા.

દશમા અધિકારે નમસ્કારરૂપ મહામંત્રનું સ્મરણ કરવું. તેનું ધ્યાન કરવું. શુભ યોગથી એક નવકાર પણ ગણવાથી ઘણાં કર્મો તેજ વખત ભસ્મીભૂત થઈ જાય છે. છેલ્લા સમયમાં જીવોએ અપૂર્વ ચિંતામણિ રત્નથી અધિક નવકાર મંત્રનું ધ્યાન છોડવું નહી–તેમાંજ લયલીન થવું.

ઉપર પ્રમાણે દશ અધિકાર પ્રથમ મૂળ ગાથામાં બતાવેલ છે તે વિસ્તારથી બતાવ્યા. આ દશ અધિકાર જીવોને શુભ ગતિમાં લઈ જનારા હોવાથી દરેક ભવ્ય જીવોએ તેને મનવચનકાયાએ કરી આદરવા.

આ અવસરે દશ અધિકારનું (પુણ્ય પ્રકાશનું) સ્તવન તથા પદ્માવતીની જીવરાશી વિગેરે સમય હોય તો સાંભળવું–સંભળાવવું.

## શુભ ચિંતવન કરવાની છેલ્લી ભલામણ.

" મારો દેહ પડી જાય તે સમયે મારી પછવાડે કોઇ રૂદન કરે, અગર શોક પાળે પળાવે, પાણી ઢોળે, છ કાયની વિરાધના કરે, તેમાં મારે લેવા દેવા નથી. મારા શરીરનો સંસ્કાર કરે તેમાં પણ મારે લેવા દેવા નથી. વ્યવહારથી જે કોઇ કરે તે તેઓ જાણે."

કુટુંબીઓને રડવા કુટવાની ના પાડવી. શોક પાળવાની ના પાડવી. મરણ પછવાડે જે જે આરંભાદિક કાર્યો મોહના પ્રભાવથી કરે તેનો નિષેધ કરવો. તે છતાં કદાચ પાછલા કુટુંબીઓ કરે તો પછી મરનારને જરાપણ દોષ કે પાપબંધન થાય નહી; અને

તેમ ન કહેવામાં આવે તો તેની ક્રિયા મરનારને લાગે. શ્રી ભગવતી સૂત્રમાં કહ્યુ છે કે—અવિરતિપણાને લીધે એકેન્દ્રિય જીવોને પણ અઢાર પાપસ્થાનક લાગે છે. માટે તમામ વસ્તુ વોસિરાવીને પાછળ પણ પોતાના નિમિત્તે કર્મબંધનની જે જે ક્રિયાઓ કરવામાં આવે તેમ હોય તેની ના પાડવી.

જે જીવોનું ચિત્ત સંસારના પદાર્થોમાં આસક્તિવાળું છે અને પોતાના સ્વરૂપને જે જાણુતા નથી, તેવા જીવોને મૃત્યુ ભયમય છે, પરંતુ જે જીવો પોતાના સ્વરૂપમાં રમણુતા કરનારા છે અને સાંસારિક પદાર્થોમાં વૈરાગ્યવાળા છે, તેવા જીવોને તો મૃત્યુ એ એક હર્ષનું નિમિત્ત છે. તેઓ તો એમજ વિચારે છે જે આયુકર્મના નિમિત્તથીજ આ દેહનું ધારણુ કરવાપણું છે અને તેની સ્થિતિ પૂર્ણુ થયે તે કર્મના પુદ્ગલો નાશ પામશે ત્યારે મારે બીજી ગતિમાં ઉત્પન્ન થવું પડશે. મારો આત્મા તો અનાદિ કાળથી મરણુ પામ્યો નથી અને મરશે પણુ નહી; પરંતુ પુણ્યશાળી આત્માને તો આ સાત ધાતુમય મહા અશુચિના કોથલા જેવા અને વિનશ્વર સ્વભાવવાળા દેહનો ત્યાગ કરવો અને શુભ કર્મોના પ્રભાવથી–સમાધિના પ્રભાવથી બીજી ગતિમાં નવીન સુંદર શરીર ધારણુ કરવું જેને મરણુ કહેવાય છે તેમાં શોક શાનો ? તેમાં તો આનંદ જ માનવાનો છે.

જેમ કોઈ માણુસને એક સડી ગયેલી ઝુંપડીને છોડી દઇ બીજા નવીન મહેલમાં જઇને વસવું હોય તો તે માણુસને શોક નહી થતાં આનંદના ઉભરા હોય છે, તેવીજ રીતે આ આત્માને આ ખંડેર જેવા સડી ગયેલ દેહરૂપ ઝુંપડીનો ત્યાગ કરી નવા દેહરૂપ મહેલને પ્રાપ્ત કરવો એ મહા ઉત્સવનો અવસર છે. તેમાં કોઈ પ્રકારની હાનિ તો છે જ નહી. કારણુ કે જો આવા પ્રકારની ઉત્તમ સમાધિથી મરણુ થાય તો તે હે ચેતન ! ઉતમ ગતિને આપ-

નાર છે. બાકી વિચાર કર! અત્યાર સુધી સમાધિ વિના પરવશપણે અનંતીવાર નરકતિર્યંચાદિગતિમાં મરણો કર્યાં છે, અસહ્ય દુઃખો સહન કર્યા છે, માટે આવા ઉત્તમ પ્રકારના સમાધિમરણથી આનંદ માની તમામ વસ્તુ વોસિરાવી પાછળના સંબંધી જીવો રાગના જોરથી કર્મબંધન ન કરે તે માટે પાકી ભલામણ કરજે. પછી કદાચ મોહના જોરથી તેઓ જે કાંઇ કરશે તેમાં તને પાપની ક્રિયાઓ આવશે નહી. તે ચોકસ લક્ષમાં રાખજે.

## હિતશિક્ષા તથા નીતિમય જીવન ગુજારવા માટે બે બોલ.

૧ નીચે બતાવેલ બોલ ધ્યાનમાં લઇ. મનન કરો અને તેને યથાશક્તિ અમલમાં મૂકો.

૧ જાગૃત થા અને ઉંઘને છોડ.

૨ નીતિમય અને ઉપકારક જીવન ગુજારવા પ્રયત્ન કર.

૩ ગતકાળની ભૂલો સુધારી લેવા પ્રયત્ન કર અને હવે પછી તેમ ન થાય તે માટે કમ્મર કશ.

૪ ભવિષ્યનો વિચાર કરી પછી પ્રવૃતિ કરવી, તેનું નામ વિવેક, તેની ખાસ જરૂર છે.

૫ આવતી જીંદગીને યાદ કરીને કાર્ય કરજે.

૬ ધર્મથી નિરપેક્ષ થનાર મનુષ્ય જેવો બીજો કોણ મૂર્ખ ગણાય ?

૭ ભાગ્યનો ઉદય પણ ઉદ્યમથીજ થાય છે.

૮ પરસ્ત્રીગમન કરનાર ચંદનને મૂકી બાવળને વળગી બહુ દુઃખી થાય છે.

૯ આ શરીર અશુચિનું યંત્ર છે, માટે તેની ઉપર મોહ નહીં કરતાં તેમાંથી જે કાઢવાનું હોય તે જલદી કાઢી લે, ઢીલ કરીશ નહી.

૧૦ મનુષ્ય ભવ બહુજ દુર્લભ છે માટે તેને સફળ કર.

૧૧ વિચારનો સુધારો થાય તોજ વચન અને કાયાનો સુધારો થઇ શકે.

૧૨ સદ્ગુરૂની સેવા દુર્વ્યસનોનો નાશ કરે છે, અને ગુણને પ્રગટ કરે છે.

૧૨ અભક્ષ્ય અને અપેયનો ત્યાગ કરીને ભોજન થાય તેજ ખરૂં ભોજન કહેવાય.

૧૪ પાણી પીવાનું ભાજન જુદું રાખવું. મુખે માંડેલ ભાજન પાણીના ગોળામાં નાખી તમામ પાણી બગાડવું નહીં. તેમ કરવાથી ઘણા જીવોનો વિનાશ થાય છે. તથા ચેપી રોગ વળગે છે. વિગેરે ઘણી હાનિ થાય છે.

૧૫ વિચારોમાં અન્યને દુઃખ થાય તેવું ન ચિંતવવું.

૧૬ સર્વની સાથે મૈત્રી ભાવના કર, વૈર ભૂલી જા.

૧૭ પોતાના હ્રદયને શાંતિનું સ્થાન ધર્મ વિના બીજું કોઇ નથી.

૧૮ જે દિવસે અશુભ પ્રવૃત્તિ કરવા તૈયાર થા તે પહેલાં મૃત્યુના દિવસને યાદ કર.

૧૯ શુભમાર્ગમાં વિવેકથી લક્ષ્મી ખરચવી તેજ લક્ષ્મી પામ્યાનું ફળ છે.

૨૦ ખરો મિત્ર કોણ ? પાપમાર્ગથી બચાવી સન્માર્ગમાં જોડે તે.

૨૧ દીન દુઃખી અને અનાથ ઉપર અનુકંપા રાખી તેનો ઉદ્ધાર કરો.

૨૨ પરદ્રવ્યને પત્થર તુલ્ય ગણો, સ્વદ્રવ્યમાં સંતોષ રાખો.

૨૩ પરસ્ત્રીને માતા બ્હેન કે પુત્રી તુલ્ય ગણો.

૨૪ પરનિંદા, ચુગલી ને મિથ્યા આરોપ વિગેરે પાપોના બોજાથી બહુ ડરો.

૨૫ વિષયતૃષ્ણાથી વેગળા રહો, ઇન્દ્રિયોના ગુલામ ન બનો, પરંતુ ઇન્દ્રિયોને ગુલામ બનાવો.

૨૬ ચારિત્ર લેવાની હમેશાં શુભ ભાવના રાખો.

૨૭ શરીર સારૂં હોય તો સંસારના મોહને છોડી ચારિત્ર ગ્રહણ કરવું.

૨૮ સંસારને કેદખાનું સમજવું, તેમાં મુંઝાવું નહી.

૨૯ બીજાને દુઃખી દેખી દ્રવ્ય ભાવથી તેનું દુઃખ દૂર કરવા ભાવના રાખવી.

૩૦ ધર્મરાગ કરવો, પરંતુ કામરાગ કે સ્નેહરાગ ન કરવો. કારણ કે તે સંસારમાં ભમાવનાર છે.

૩૧ યથાશક્તિ દશ તિથિ અથવા પાંચ તિથિ તપસ્યા કરવી.

૩૨ લક્ષ્મી ઉપર અત્યંત મોહ ન રાખવો, છેવટે તેને છોડવી પડશે અથવા આપણને તે છોડશે તે યાદ રાખવું.

૩૩ ઉપકારીનો ઉપકાર કદાપી ભૂલવો નહી.

૩૪ ખાવાપીવામાં બહુ લોલુપતા રાખવી નહી.

૩૫ પ્રથમનું ભોજન પાચન થયા વગર જમવું નહી. નિરંતર બેચાર કવળ ઓછો આહાર કરવો.

૩૬ ઉપદ્રવવાળા સ્થાનકનો ત્યાગ કરવો.

૩૭ રાજાએ નિષેધ કરેલા દેશમાં જવું નહી.

૩૮ એક બે કલાક ધાર્મિક પુસ્તકો વાંચવાની ટેવ પાડવી.

૩૯ નીતિમય જીવન ગુજારવું, અનીતિ કરી બંને લોક બગાડવા નહી.

૪૦ લોકપ્રિય થવું. ૪૧ લજ્જાળુ થવું. ૪૨ દયાળુ થવું.

ઉપર લખેલા બોલનું મનન કરવાથી વૈરાગ્ય ભાવના જાગૃત થશે.

## વૈરાગ્ય સંબંધી દુહા.

પરલોકે સુખ પામવા, કર સારો સંકેત;
હજી બાજી છે હાથમાં, ચેત ચેત નર ચેત. ૧

જોર કરીને જીતવું, ખરેખરૂં રણખેત;
દુશ્મન છે તુજ દેહમાં, ચેત ચેત નર ચેત. ૨

ગાફલ રહી ગમાર તું, ફોગટ થઇશ ફજેત;
હવે જરૂર હુંશીયાર થઇ, ચેત ચેત નર ચેત. ૩

તન ધન તો તારાં નથી, નથી પ્રિયા પરણેત;
પાછળ સહુ રહેશે પડયા, ચેત ચેત નર ચેત. ૪

પ્રાણ જશે જ્યાં પિંડથી, પિંડ ગણાશે પ્રેત;
માટીમાં માટી થશે, ચેત ચેત નર ચેત. ૫

રહ્યા ન રાણા રાજીયા, સુર નર મુનિ સમેત;
તું તો તરણા તુલ્ય છે, ચેત ચેત નર ચેત. ૬

રજકણ તારા રખડશે, જેમ રખડતી રેત;
પછી નરતનુ પામીશ કયાં, ચેત ચેત નર ચેત. ૭

માટે મનમાં સમજીને, વિચારીને કર વેંત;
કયાંથી આવ્યો કયાં જવું, ચેત ચેત નર ચેત. ૮

શુભ શિખામણ સમજ તો, પ્રભુ સાથે કર હેત;
અંતે અવિચળ એજ છે, ચેત ચેત નર ચેત. ૯

કાળા કેશ મટી ગયા, સર્વે બનિયા શ્વેત;
જોબન જોર જતું રહ્યું, ચેત ચેત નર ચેત. ૧૦

જો નહીં ચેતે પ્રથમ તો, પશુ પક્ષીથી હિણ;
ઘન પેલાં માળા રચે, પક્ષી જુઓ પ્રવીણ. ૧૧

## હિતશિક્ષા સંબંધી દુહા.

મેરી મેરી કર મતી, ઇહાં નહી તેરી કોય;
કાયાએ તેરી નહી, તો માયા કહાંસેં હોય. ૧

શૂળ જીસ્યો સંસાર સુખ, ધૂળ જીસ્યો હે ધન;
ભૂલ અણુના ભરમમેં, મત ફુલ તું મન. ૨.

સબ કાગજ કાલે કીયે, મન કાલે કે કાજ;
વો સબ ફૂટ ધોલે ભયે, હીયે ધુર દિન હે આજ. ૩.

રે જીવ સુણ તું બાપડા, હીયે વિમાસી જોય;
આપ સ્વારથી સહુ મળ્યું, ત્હારૂં નહી જગ કોય. ૪.

ધર્મ વિના સુણ જીવડા, તું ભમ્યો ભવ અનંત;
મૂઢપણે ભવ તેં કીયા, ઇમ બોલે ભગવંત. ૫.

લાખ ચોરાસી યોનિમાં, ફરી લીયો અવતાર;
એકેકી યોનિ વળી, અનંત અનંતી વાર. ૬.

એમ ભમતાં ભમતાં લિયો, મનુઅ જનમ અવતાર;
મિથ્યાત્વપણે ભવ નિર્ગમ્યા, કાજ ન સિદ્ધ લગાર. ૭.

જગમાં જીવ અછે બહુ, એકેકશું અનંતી વાર;
વિવિધ પ્રકાર સગપણ કીયાં, હૈયા સાથ વિચાર. ૮.

તો કુણ આપણું પારકું, કુણ વૈરી કુણ મિત્ર;
રાગ દ્વેષ ટાળી કરી, કર સમતા એક ચિત્ત. ૯.

પૂર્વ કોડીને આઊખે, જ્ઞાની ગુરૂ અપાર;
ઉત્પત્તિ કહી તાહરી, કહેતાં નાવે પાર. ૧૦.

પુત્ર પિતાપણે અવતરે, પિતા પુત્રપણે જોય;
માતા મરી નારી થઈ, નારી માતા હોય. ૧૧.

સુતો સુપન જંજાળમાં, પામ્યો જાણે રાજ;
જબ જાગ્યો તબ એકલો, રાજ ન સીજે કાજ. ૧૨.

નવ નવ નાટક તું વળી, નાચ્યો કરી બહુ રૂપ;
નાટક એક શું નાચીયો, જો છુટે ભવકૂપ. ૧૩.

ઉત્તમ કુળ નર ભવ લહી, પામી ધર્મ જિનરાય;
પ્રમાદ મૂકી કીજીએ, ખિણ લાખીણો જાય. ૧૪.

દોષ દીજે નિજ કર્મને, જીણે નવી કીધો ધર્મ;
ધર્મ વિના સુખ નવિ મીલે, એ જિન શાસન મર્મ. ૧૫.

ઘડપણે ધર્મ થાયે નહી, જોબન એળે જાય;
તરૂણપણે ધસમસ કરી, પછી ફરી પસ્તાય. ૧૬.

જરા આવી જોબન ગયું, શિર પળિયા તે કેશ;
લલુતા તો છોડી નહી, ન કર્યો ધર્મ લવલેશ. ૧૭.

છતે હાથ નવિ વાવર્યો, સંબલ ન કીયો સાથ;
આયુ ગયું નવિ ચેતિયો, પછી ઘસે નિજ હાથ. ૧૮.

ધન યૌવન નર રૂપનો, ગર્વ કરે તું ગમાર;
કૃષ્ણ બલભદ્ર દ્વારિકા, જાતાં ન લાગી વાર. ૧૯.

નયન ફરકે જ્યાં લગે, તિહાં (લગે) ત્હારૂં સહુ કોય;
નયન ફરૂકત જબ નહી, તબ ત્હારૂં નહી હોય. ૨૦.

પાપ કીયા જીવ તેં બહુ, ધર્મ ન કીયો લગાર;
નરક પડ્યો યમ કર ચડ્યો, તિહાં જઇ કરે પોકાર. ૨૧.

પાપ ઘડો પૂરણ ભરી; તેં લીયો શિર પર ભાર;
તે કિમ છુટીશ જીવડા, ન કર્યો ધર્મ લગાર. ૨૨.

ઈશ્યું જાણી કુડકપટ, છળ છિદ્ર તું છાંડ;
તે છાંડીને જીવડા, જિનધર્મે ચિત માંડ. ૨૩.

ખટ માસીને પારણે, ઇક સિથ લહે આહાર;
કરતો નિંદા નવી ટળે, તસ દુર્ગતિ અવતાર. ૨૪.

નર ભવ ચિંતામણિ લહી, એળે તું મત હાર;
ધર્મ કરીને જીવડા, સફળ કરો અવતાર. ૨૫.

સકળ સામગ્રી તેં લહી, જીણે તરીએ સંસાર;
પ્રમાદ વશે ભવ કાં ગમે, કર નિજ હૈયે વિચાર. ૨૬.

ધન કારણ તું ઝગડળે, ધર્મ કરી થાયે સૂર;
અનંત ભવનાં પાપ સવિ, ક્ષણમાં જાયે દૂર. ૨૭.

આશા અંબર જેવડી, મરવું પગલાં હેઠ;
ધર્મ વિના જે દિન ગયા, તિણ દિન કીધી વેઠ. ૨૮.

કર્મે કો નવી છુટીએ, ઇન્દ્ર ચન્દ્ર નર દેવ;
રાય રાણા મંડલિક વળી, અવર નરજ કુણ હેવ. ૨૯.

વરસ દિવસ ઘરઘર ભમ્યા, આદિનાથ ભગવંત;
કર્મવશે દુઃખ તેણે લહ્યાં, જે જગમાં બળવંત. ૩૦.

કાને ખીલા ઘાલીયા, ચરણે રાંધી ખીર;
તેહુને કર્મે નડ્યો, ચોવીશમા શ્રી વીર. ૩૧.

કીધાં કર્મ ન છુટીએ, જેહનો વિષમો બંધ;
બ્રહ્મદત્ત નર ચક્કવઇ, સોળ વરસ લગે અંધ. ૩૨.

આઠમો સુભૂમ ચક્કવઇ, ઋદ્ધિ તણો નહી પાર;
કર્મવશે પરિવારશું, બુડ્યો સમુદ્ર મઝાર. ૩૩.

સહસ પુરૂષશું સંજમ લીયો, શ્રી નેમીશ્વર હાથ;
તે થાવચ્ચા વંદિયે, મહોત્સવ કર્યો યદુનાથ. ૩૪.

કોશ્યામંદિર ચોમાસું રહ્યા, નામ ચોરાશી ચોવીશ;
તે થુળિભદ્ર મુનિ વંદિયે, ભદ્રબાહુ ગુરૂ શિષ્ય. ૩૫.

કપિલા સંગે નવિ ચળ્યો, શેઠ સુદર્શન ચંગ;
શૂળી સિંહાસન થઇ, સુર કરે મન રંગ. ૩૬.

ગજસુકમાલ શિર સોમિલે, દેખી ધર્યા અંગાર;
સમતા પસાયે તે વળી, પામ્યા ભવનો પાર, ૩૭.

પંચ શત શિષ્ય ખંધક તણા, ઘાણી પીલ્યા સોય;
શિવ નગરી શિવ પામીયા, એ સમતા ફળ જોય. ૩૮.

ગૌ બ્રાહ્મણ સ્ત્રી બાળની, દઢપ્રહારે હત્યા કીધ;
ચાર પહોર કાઉસગ્ગ રહી, ષટ માસે કેવળ લીધ. ૩૯.

કીધાં કરમ તો છુટીએ, જો કીજે જિન ધર્મ;
મન વચન કાયાએ કરી, એ જિનશાસન મર્મ. ૪૦.

દાન સુપાત્રે દીજીએ, તસ પુણ્યનો નહી પાર;
સુખસંપત્તિ લહીએ ઘણી, મણિ મોતી ભંડાર. ૪૧.

ધન્ના સારથપતિ જુવો, ઘૃત વહોરાવ્યું મુનિહાથ;
દાન પ્રભાવે જીવડો, પ્રથમ હુવો આદિનાથ. ૪૨.

દાન દીયું ધન સારથી, આનંદ હર્ષ અપાર;
નેમિનાથ જિનવર હુઆ, યાદવ કુળ શણગાર. ૪૩.

કળથી કેરા રોટલા, દીધું મુનિવર દાન;
વાસુપૂજ્ય ભવ પાછલે, જિનપદ લહ્યું નિદાન. ૪૪.

સુલસા રેવતિ રંગશું, દાન દીયો મહાવીર;
તીર્થંકર પદ પામશે, લહેશે તે ભવતીર. ૪૫.

દાને ભોગજ પામીએ, શિયળે હોય સોભાગ;
તપ કરી કર્મ જ ટાળીએ, ભાવના શિવસુખ માગ. ૪૬.

ભાવના છે ભવનાશિની, જે આપે ભવપાર;
ભાવના વડી સંસારમાં, જસ ગુણનો નહી પાર. ૪૭.

અરિહંત દેવ સુસાધુ ગુરૂ, કેવળીભાષિત ધર્મ;
ઇશ્યું સમકિત આરાધતાં, છુટીજે સવિ કર્મ. ૪૮.

## અધ્યાત્મ સંબંધી દુહા.

સુર નર તિર્યંચ જોનિમેં, નરક નિગોદ ભમંત;
મહા મોહકી નિંદમેં, સોએ કાળ અનંત. ૧.

જેસેં જ્વરકે જોરસેં, ભોજનકી રૂચિ જાય;
તેસેં કુકર્મકે ઉદય, ધર્મ વચન ન સુહાય. ૨.

લગે ભુખ જ્વરકે ગયે, રૂચિશું લેત આહાર;
અશુભહિન શુભમતિ જગે, જાને ધર્મ વિચાર. ૩.

તન ધન જોબન કારિમા, સંધ્યા રાગ સમાન;
સકળ પદારથ જગતમેં, સુપન રૂપ ચિત્ત જાન. ૪

મેરા મેરા મત કરે, તેરા હે નહી કોય;
ચિદાનંદ પરિવારકા, મેળા હે દિન દોય. ૫.

એસા ભાવ નિહારી નિત, કીજે જ્ઞાન વિચાર;
મિટે ન જ્ઞાન વિચાર બિન, અંતર ભાવ વિકાર. ૬.

એ સંસાર અસારમેં, ભમતાં વાર અનંત;
નવ નવ ભવ ધારણ કર્યા, શરીર અનંતાનંત. ૭.

જનમ મરણ દોય સાથ છે, ખીણ ખીણ મરણ તે હોય;
મોહ વિકળ એ જીવને, માલુમ ન પડે કોય. ૮.

મેં તો ચેતન દ્રવ્ય હું, ચિદાનંદ મુજ રૂપ;
એ તો પુદ્‌ગલ પિંડ હે, ભરમજાળ અંધકૂપ. ૯

સડન પડન વિધ્વંસન, એ પુદ્‌ગલનો ધર્મ;
સ્થિતિ પાકે ખીણ નવી રહે, જાણો એહિજ મર્મ. ૧૦

અનંત પરમાણુ મળી કરી, ભયા શરીર પરજાય;
વર્ણાદિ બહુ વિધ મિલ્યા, કાળે વિખરી જાય. ૧૧.

પુદ્‌ગલમાં હિત જીવકું, અનુપમ ભાસે એહ;
પણ જે તત્વવેદી હોવે, તિણકું નહી કછુ નેહ. ૧૨.

ઉપની વસ્તુ કારમી, ન રહે તે સ્થિર વાસ;
એમ જાણી ઉત્તમ જના, ધરે ન પુદ્‌ગલ આશ. ૧૩.

મોહ તજી સમતા ભજી, જાણે વસ્તુ સ્વરૂપ;
પુદ્‌ગલ રાગ ન કીજીએ, નવી પડીએ ભવકૂપ. ૧૪.

વસ્તુ સ્વભાવે નીપજે, કાળે વિણસી જાય;
કર્તા ભોકતા કો નહી, ઉપચારે કહેવાય. ૧૫.

તીણ કારણ એ શરીરશું, સંબંધ ન માહરે કોય;
મેં ન્યારા એહથી સદા, એ પણ ન્યારા જોય. ૧૬.

એહ જગતમાં પ્રાણીયા, ભરમે ભૂલ્યા જેહ;
જાણી કાયા આપણી, મમત ધરે અતિ નેહ. ૧૭.

જબ સ્થિતિ એહ શરીરકી, કાળ પહોંચે હોય ખીણ;
તવ ઝૂરે અતિ દુઃખભરે, કરે વિલાપ એમ દીન. ૧૮.

હાહા પુત્ર! તું કીહાં ગયો, મૂકી એ સહુ સાથ;
હાહા પતિ! તું કીહાં ગયો, મુજને મૂકી અનાથ. ૧૯.

હા! પિતા તમે કિહાં ગયા, અમ કુણ કરશે સાર;
હા બંધવ! તુમે કીહાં ગયા, શૂન્ય તમ વિણ સંસાર. ૨૦.

હા માતા ! તું કીહાં ગઇ, અમ ઘરની રખવાળ;
હા બહેની ! તું કીહાં ગઈ, રોવત મુકી બાળ. ૨૧.
મોહવિકળ એમ જીવડા, અજ્ઞાને કરી અંધ;
મમતા વશ ગણી માહરા, કરે કલેશના ધંધ. ૨૨.

એણિવિધ શોક સંતાપ કરી, અતિ સંકલેશ પરિણામ;
કર્મબંધ બહુવિધ કરે, ન લહે ખીણ વિશ્રામ. ૨૩.

જ્ઞાનવંત ઉત્તમ જના, ઉનકા એહ વિચાર;
જગમાં કોઇ કીસકા નહી, સંજોગીક સહુ ધાર. ૨૪.

ભવમાં ભમતાં પ્રાણીયા, કરે અનેક સંબંધ;
રાગદ્વેષ પરિણુતિ થકી, બહુવિધ બાંધે બંધ. ૨૫.

કીસકા બેટા બાપ હે, કીસકી માત ને ભ્રાત;
કીસકા પતિ કીસકી પ્રિયા, કીસકી ન્યાત ને જાત. ૨૬.

કીસકા મંદિર માળિયા, રાજ્ય રિદ્ધિ પરિવાર;
ક્ષીણ વિણાસી એ સહુ, એમ નિશ્ચે ચિત્ત ધાર. ૨૭.
ઇન્દ્રજાળ સમ એ સહુ, જેસો સુપનકો રાજ;
જેસી માયા ભૂતકી, તેસો સકળ એ સાજ. ૨૮.

મોહ મદિરાના પાનથી, વિકળ ભયા જે જીવ;
તીનકું અતિ રમણીક લગે, મગન રહે તે સદૈવ. ૨૯.
મિથ્યામતિના જોરથી, નવી સમજે ચિત્તમાંહી;
ક્રોડ જતન કરે બાપડો, એ રહેવેકો નાંહી. ૩૦.
એમ જાણી ત્રણ લોકમાં, જે પુદ્ગલ પરજાય;
તીનકી હું મમતા તજું, ધરૂં સમતા ચિત્ત લાય. ૩૧.
એહ શરીર નહી માહરૂં, એ તો પુદ્ગલ ખંધ;
હું તો ચેતન દ્રવ્ય છું, ચિદાનંદ સુખકંદ. ૩૨.

એહ શરીરના નાશથી, મુજકું નહી કોઇ ખેદ;
હું તો અવિનાશી સદા, અવિચળ અકળ અભેદ. ૩૩.
પરમેં નિજપણું માનકે, નિવિડ મમત ચિત્ત ધાર;
વિકળ દશા વરતે સદા, વિકલ્પનો નહી પાર. ૩૪.
મેં મેરા એ ભાવથી, ફીર્યો અનંતો કાળ;
જિન વાણી ચિત્ત પરિણમે, છુટે મોહ જંજાળ. ૩૫.
મોહ વિકળ એ જીવકું, પુદ્‌ગલ મોહ અપાર;
પણ ઈતની સમજે નહી, ઇણમેં કછુ નહી સાર. ૩૬.
પુદ્‌ગલ રચના કારમી, વીણસતાં નહી વાર;
એમ જાણી મમતા તજી, સમતાશું મુજ પ્યાર. ૩૭.
જનની મોહ અંધારકી, માયા રજની પૂર;
ભવદુ:ખકી એ ખાણ હે, ઇણશું રહીએ દૂર. ૩૮.
એમ જાણી નિજ રૂપમેં, રહું સદા સુખવાસ;
ઓર સવિ ભવજાળ હે, ઇણશું ભયા ઉદાસ. ૩૯.

ભુજંગી છંદ.

તજી મંદિર માળિયા ગોખ મેડી, તજી બાગ ને બંગલા પ્રૌઢ પેઢી;
સ્મશાને સુકાં કાષ્ટમાં વાસ લેવો, અરે આવશે એક તો દિન એવો. ૧
ઘણી ઘેર સેના ઘણા હાથી ઘોડા, ઘણી યુક્તિવાળા બન્યા બેલ જોડા;
ઘડીમાં થશે સ્વપ્નનો સાજ જેવો, અરે આવશે એક તો દિન એવો. ૨
હશો ગામમાં સીમમાં કે કૃષીમાં, હશો ખેદમાં કે હશો જો ખુશીમાં;
કહો કોણ જાણે હશે કાળ કેવો, અરે આવશે એક તો દિન એવો. ૩
નહી આગળે કાગળેથી જણાવે, નહી કોઇ સાથે સંદેસો કહાવે;
અજાણ્યો અકસ્માત આશ્ચર્ય જેવો, અરે આવશે એક તો દિનએવો.૪
પૂરા થઇ શકયા તે થશે કામ પૂરાં, અધૂરાં રહ્યા તે રહેશે અધૂરાં;
તડાકો તમે તોપનો જેમ હેવો, અરે આવશે એક તો દિન એવો.૫

વૈરાગ્ય પદ.

આ તન રંગ પતંગ સરીખો, જાતાં વાર ન લાગેજી;
અસંખ્ય ગયા ધન ધામને મેલી, તારી નજરો આગેજી. ૧

અંગે તેલ ફુલેલ લગાવે, માથે છોગાં ઘાલેજી;
યોવન ધનનું જોર જણાવે, છાતી કાઢી ચાલેજી. ૨

જેમ ઉંદરડે દારૂ પીધો, મસ્તાનો થઇ ડોલેજી;
મગરૂરીમાં અંગ મરોડે, જેમ તેમ મુખથી બોલેજી. ૩

મનમાં જાણે મુજ સરિખો, રસીયો નહી કોઇ રાગીજી;
બહારે તાકી રહી બીલાડી, લેતાં વાર ન લાગીજી. ૪

આજ કાલમાં હું તું કરતાં, જમડા પકડી જાશેજી;
બ્રહ્માનંદ કહે ચેત અજ્ઞાની, અંત ફજેતી થાશેજી. ૫

# સ્તવનો, છંદો, થોયો, સજઝાયો તથા ગુંહલીઓ.

## ૧ શ્રી સિદ્ધાચળની તળાટીનું સ્તવન.

( સેવો ભવિયાં વિમલ જિનેશ્વર—એ રાગ. )

ત્રિભુવન તારક તીર્થ તલાટી, ચૈત્યવંદન પરિપાટીજી;
મિથ્યા મોહ ઉલંઘી ઘાંટી, આપદા અલગી નાઠીજી.
ત્રિભુવન તારક તીર્થ તલાટી. ( એ આંકણી ) ૧.

જિનવર ગણધર મુનિવર નરવર, સુરવર કોડાકોડીજી;
ઇહાં ઉભા ગિરિવરને વાંદે, પૂજે હોડાહોડીજી. ત્રિભુવન. ૨.

ગુણઠાણાની શ્રેણિ જેહવો, ઉર્ધ્વગામી પંથ ઇહાંથીજી,
ચડતે ભાવ ભવી આરાધો, પુણ્ય વિના મળે કીહાંથીજી.
ત્રિભુવન. ૩.

મેરૂ સરસવ તુજ મુજ અંતર, ઉંચો જોઈ નિહાળુંજી;
તો પણ ચરણ સમિપે બેઠો, મનનો અંતર ટાળુંજી.
ત્રિભુવન. ૪.

સેવન કારણ પહેલી ભૂમિ, અમળ અદ્વેષ અખેદજી;
ધર્મરત્ન પદ તે નર પામે, ભૂગર્ભરહસ્યનો ભેદજી.
ત્રિભુવન. ૫.

## ૨ રાયણનું સ્તવન.

(જિનજી ત્રેવીશમા જિન પાસ, આશ મુજ પૂરવે રે લોલ—એ રાગ.)

જિનજી આદીશ્વર અરિહંતકે, પગલાં ઇહાં ધર્યારે લોલ;
મારા નાથજીરે લોલ.
જિનજી પૂરવ નવાણું વારકે, આપ સમોસર્યા રે લોલ. મારા. ૧.

જિનજી સુરતરૂસમ સુખકારકે, રાયણ રૂયડીરે લોલ;
જિનજી નિરખી હરખે ચિત્તકે, ભાંગે ભુખડીરે લોલ. મારા. ૨.

જિનજી નિર્મળ શીતલ છાંહકે, સુગંધી વિસ્તરે રે લોલ;
જિનજી પાન ફુલ ફળ ખંધકે, પુન્યનિધિ ભરેરે લોલ. મારા. ૩.

જિનજી સાધિષ્ટાયક દેવ; સદા હિત સાધતા રે લોલ;
જિનજી હળુકરમી હરખાય કે, અમરફળ બાંધતા રે લોલ. મારા.૪.

જિનજી મધુરી મોહન વેલ કે, કળિયુગમાં ખડી રે લોલ;
જિનજી સેવે સંત મહંત કે, ત્રિભુવનમાં વડી રે લોલ. મારા. ૫

જિનજી પુણ્યવંત જે માણસ, તે આવી ચડે રે લોલ;
જિનજી શુભ ગતિ બાંધે આયુષ, નરકે નવિ પડે રે લોલ. મારા. ૬

જિનજી પ્રભુ પગલાં સુપસાય કે સુપૂજિત સર્વદા રે લોલ;
જિનજી મ્હોટાનો અનુયોગ કે, આપે સંપદા રે લોલ. મારા. ૭

જિનજી સૂર્યકાંત મણિ જેમ કે, સૂર્યપ્રભા ભરે રે લોલ;
જિનજી પામી સ્વામી સંગ કે, રંગ પ્રભા ધરે રે લોલ. મારા. ૮

જિનજી સફળ સદા ફળદાય કે, મોક્ષફળ આપજો રે લોલ;
જિનજી સફળ ક્રિયા વિધિ છાપ કે, નિર્મલ છાપજોરે લોલ. મારા. ૯

જિનજી ધર્મરત્ન ફળ યોગ્ય કે, અમર થાઉં સદા રે લોલ;
જિનજી આશીર્વાદ આબાદ કે, દેજો સર્વદા રે લોલ. મારા. ૧૦

## ૩ શ્રી પુંડરિકસ્વામીનું સ્તવન.

( ગીરૂઆ રે ગુણ તુમતણા—એ રાગ. )

ધનધન પુંડરિક સ્વામીજી, ભરત ચક્રી નૃપ નંદ રે;
દીક્ષા ગ્રહી પ્રભુ હાથથી, પૂજિત ગણધર વૃંદ રે. ધનધન. ૧

આદિ જિન વદન કમળ થકી, નિસુણી સિદ્ધાચલ મહિમા રે;
આવ્યા ગિરિવર ભેટવા, વિસ્તાર્યો તીર્થનો મહિમા રે. ધનધન. ૨

પાવન પુરૂષ પસાયથી, પૃથ્વી પવિત્ર થઈ જાય રે;
તેથી પુંડરિક નામથી, આજ લગે પૂજાય રે. ધનધન. ૩

પદ્માસન પ્રતિમા બની, પ્રભુ સન્મુખ સોહાય રે;
પૂજા વિવિધ પ્રકારની, કરતા ભવિ સમુદાય રે. ધનધન. ૪

અવિતહ વાગરણા કહ્યા, અજિણ જિણ સંકાસા રે;
ધર્મરત્ન પદ આપજો, મુજ મન મોટી આશા રે. ધનધન. ૫

## ૪ શ્રી શાંતિજિન સ્તવન.

શાંતિ જિનેશ્વર સાહેબ વંદો, અનુભવ રસનો કંદો રે;
મુખ મટકે લોચનને લટકે, મોહ્યા સુર નર વૃન્દા રે. શાંતિ૦ ૧

આંબે મંજરી કોયલ ટહુકે, જલદ ઘટા જેમ મોરા રે;
તેમ જિનવરને નિરખી હું હરખું, વળી જેમ ચંદ ચકોરા રે. શાંતિ. ૨
જિન પડિમા શ્રી જિનવર સરખી, સૂત્ર ઘણાં છે સાખી રે;
સુરનર મુનિવર વંદન પૂજા, કરતા શિવ અભિલાષી રે. શાંતિ. ૩
રાયપસેણીમાં પડિમા પૂજી, સૂર્યાભ સમક્તિધારી રે;
જિવાભિગમે પડિમા પૂજી, વિજયદેવ અધિકારી રે. શાંતિ. ૪
જિનવર બિંબ વિના નવી વંદું, આણંદજી એમ બોલે રે;
સાતમે અંગે સમક્તિ મૂળે, અવર કહ્યા તસ તોલે રે. શાંતિ. ૫
જ્ઞાતાસૂત્રમાં દ્રૌપદી પૂજા, કરતી શિવ સુખ માગે રે;
રાય સિધારથ પડિમા પૂજી, કલ્પસૂત્રમાં રાગે રે. શાંતિ. ૬
વિદ્યાચારણ મુનિવર વંદી, પડિમા પંચમે અંગે રે;
જંઘાચારણ વિશમે શતકે, જિનપડિમા મન રંગે રે. શાંતિ. ૭
આર્ય સુહસ્તિ સૂરિ ઉપદેશે, સાચો સંપ્રતિ રાય રે;
સવા ક્રોડ જિનબિંબ ભરાવ્યા, ધન ધન તેહની માય રે. શાંતિ. ૮
મોકલી પ્રતિમા અભયકુમારે, દેખી આર્દ્રકુમાર રે;
જાતિ સ્મરણે સમકિત પામી, વરીયા શિવ વધુ સાર રે. શાંતિ. ૯
ઈત્યાદિક બહુ પાઠ કહ્યા છે, સૂત્ર માંહી સુખકારી રે;
સૂત્ર તણો એક વરણ ઉત્થાપે, તે કહ્યા બહુલ સંસારી રે. શાંતિ.૧૦
તે માટે જિન આણાધારી, કુમતિ કદાગ્રહ વારી રે;
ભક્તિ તણા ફળ ઉત્તરાધ્યયને, બોધબીજ સુખકારી રે. શાંતિ.૧૧
એક ભવે દોય પદવી પામ્યા, સોલમા શ્રી જિનરાય રે;
મુજ મનમંદિરીએ પધરાવો, ધવળમંગળ વર્તાય રે. શાંતિ. ૧૨
જિન ઉત્તમ પદ રૂપ અનુપમ, કીર્તિ કમળાની શાળા રે;
જીવવિજય કહે પ્રભુજીની ભકિત, કરતાં મંગળ માળા રે. શાંતિ. ૧૩

## ૫. શ્રી અજિત જિન સ્તવન.

અજિત જીણુંદ દયા કરોરે, આણી આધક પ્રમોદ;
જાણી સેવક આપણો રે, સુણીએ વચન વિનોદરે,
જિનજી ! સેવના, ભવોભવ માહરી હોજો રે; એહ મન કામના. ૧

કર્મશત્રુ તુમે જીતીયારે, તીમ મુજને જીતાડ;
અજિત થાઉં દુશ્મન થકીરે, એ મુજ પૂરો ઉત્સાહ રે. જિનજી. ૨

જિતશત્રુ નૃપનંદનો રે, જીતે વયરી જેહ;
ઈહાં કને અચરીજકો નહીં રે, પરિણામે ગુણગેહરે. જિનજી. ૩

સકળ પદારથ પામીએરે, દીઠે તુમ દેદાર;
સોભાગી મહિમાનીલોરે, વિજયામાત મલ્હારરે. જિનજી. ૪

જ્ઞાનવિમળ સુપ્રકાશથીરે, ભાસિત લોકાલોક;
શિવસુંદરીના વાલહારે, પ્રણમે ભવિજન થોકરે. જિનજી સેવના.
ભવોભવ માહરી હોજોરે, એહી મન કામના. ૫

## ૬. શ્રી પાર્શ્વજિન સ્તવન.

શ્રી પાસજી પ્રગટ પ્રભાવી, તુજ મૂરતિ મુજમન ભાવીરે;
મનમોહના જિનરાયા, સૂરનરકિંનર ગુણ ગાયારે. મન૦ ૧

જે દિનથી મૂરતિ દીઠી, તે દિનથી આપદા નિઠી રે;
મુખ મટકાળું સુપ્રસન્ન, દેખત રીઝે ભવિ મનરે; મન૦
સમતારસકેરાં કચોળાં, નયણાં દીઠે રંગરોળારે. મન૦ ૨

હાથે ન ધરે હથિયાર, નહી જપમાળાનો પ્રચારરે; મન૦
ઉત્સંગે ન ધરે રામા, જેહથી ઉપજે સવી કામારે. મન૦ ૩

ન કરે ગીત નૃત્યના ચાળા, એ તો પ્રત્યક્ષ નટના ખ્યાલારે; મન૦
ન બજાવે આપે વાજાં, ન ધરે વસ્ત્ર જીરણ સાજાંરે. મન૦ ૪

એમ મૂરતિ તુજ નિરૂપાધિ, વીતરાગ પણે કરી સાધીરે; મન૦
કહે માનવિજય ઉવજ્ઝાય; મેં અવલંબ્યા તુજ પાયરે. મન૦ ૪

## ૭. શ્રી કુંથુજિન સ્તવન.

રસીયા કુંથુજિનેસર કેશર ભીની દેહડીરેલોલ, મારા નાથજીરે લોલ,
રસીયા મનવાંચ્છિત વર પૂરણ સુરતરૂ વેલડીરે લોલ;
રસીયા અંજન રહિત નિરંજન નામ હૈયે ધરોરે લોલ,
રસીયા જુગતે કરી મન ભગતે પ્રભુ પૂજા કરોરે લોલ. મારા. ૧

રસીયા શ્રી નંદન આનંદન ચંદનથી શિરેરે લોલ,
રસીયા તાપ નિવારણ તારણ તરણ તરીપરેરે લોલ;
રસીયા મનમોહન જગમોહન કોહ નહી કીસ્યોરે લોલ,
રસીયા કુડા કળિયુગમાંહી અવર ન કો ઇસ્યોંરે લોલ. મારા. ૨

રસીયા ગુણ સંભારી જાઉં બલિહારી નાથનેરે લોલ,
રસીયા કોણ પ્રમાદે છાંડે શિવપુર સાથનેરે લોલ;
રસીયા કાચ તણે કારણ કોણ નાખે સુરમણિરે લોલ,
રસીયા કોણ ચાખે વિષફળને મન મેવા ગણીરે લોલ. મારા. ૩

રસીયા સુરનરપતિ સુત ઠાવો ચાવો ચિહું દિશેરે લોલ,
રસીયા વરસ સહસ પંચાણું જિન પૃથ્વી વસેરે લોલ;
રસીયા ત્રીશ ધનુષ પણ ઉપર ઉંચ પણે પ્રભુરે લોલ,
રસીયા ત્રણ ભુવનનો નાથ કે થઇ બેઠો વિભુરે લોલ. મારા. ૪

રસીયા અજ લંછન ગત લંછન કંચન વાન છેરે લોલ,
રસીયા રિદ્ધિ પૂરે દુઃખ ચૂરે જેહને ધ્યાન છે રે લોલ;
રસીયા બુદ્ધ શ્રી સુમતિ વિજય કવિ સેવક વિનવેરે લોલ,
રસીયા રામજી કહે જિન શાસન નહી મૂકું હવેરે લોલ. મારા. ૫

# શ્રી ગૌતમ સ્વામીનો છંદ.

પેલો ગણધર વીરનોરે, શાસનનો શણગાર;
ગૌતમ ગોત્ર તણો ધણીરે, ગુણમણિ રયણ ભંડાર.
જયંકર જીવો ગૌતમ સ્વામ, એ તો નવનિધિ હોય જસ કામ;
એતો પુરે વાંછિત કામ, એ તો ગુણ મણિ કેરો ધામ.
જયંકર જીવો ગૌતમ સ્વામ. ૧

જેષ્ઠા નક્ષત્ર જનમીયારે, ગોબર ગામ મોઝાર;
વસુભૂતિસુત પૃથ્વીતણોરે, માનવ મોહનગાર. જયં૦ ૨

સમવસરણ ઇંદ્રે રચ્યુંરે, બેઠા શ્રી વર્ધમાન;
બેઠી તે બારે પરખદારે, સુણવા શ્રી જિનવાણ. જયં૦ ૩

વીર કન્હે સંજમ લહ્યુંરે, પંચસયાં પરિવાર;
છઠ છઠ તપને પારણેરે, કરતા ઉગ્ર વિહાર. જયં૦ ૪

અષ્ટાપદ લબ્ધે ચડ્યારે, વાંદ્યા જિન ચોવીશ;
જગ ચિંતામણિ તિહાં કર્યુંરે, સ્તવિયા શ્રીજગદીશ. જયં૦ ૫

પનરશેં તાપસ પારણેરે, ખીર ખાંડ ઘૃત પૂર;
અમિય જાસ અંગુઠડોરે, ઉગ્યો તે કેવલસૂર. જયં૦ ૬

દીવાળી દિન ઉપન્યુંરે, પ્રભાતે કેવલ નાણ;
અક્ષિણલબ્ધિ તણો ધણીરે, નામે તે સફળ વિહાણ. જયં૦ ૭

પચાસ વરસ ઘરવાસમાંરે, છદ્મસ્થાએ ત્રીશ;
બાર વરસા લગે કેવળીરે, બાણુ તે આયુ જગીશ. જયં૦ ૮

ગૌતમ ગણધર સારિખારે, શ્રી વિજયસેન સૂરીશ;
એ ગુરૂચરણ પસાઉલેરે, ધીર નમે નિશદિશ. જયં૦ ૯

# श्री सीमंधरजिनस्तुति.

वंदे पुव्वविदेहभूमिमहिलालंकारहारोवमं ।
देवं भत्तिपुरस्सरं जिणवरं सीमंधरं सामियं ॥
पाया जस्स जिणेसरस्स भवभीसंदेहसंतासणा ।
पोआभा भवसायरम्मि निवडन्ताणं जणाणं सया ॥१॥

तीआणागयवट्टमाण अरिहा सव्वेवि सुक्खावहा ।
पाणीणं भवियाण सन्तु सययं तित्थंकरा ते चिरं ॥
जेसिं मेरुगिरिम्मि वासवगणा देवंगणा संगया ।
भत्तीए पकुणंति जम्मणमहं सोवण्णकुम्भाइहिं ॥२॥

निस्सीमामलनाणकाणणघणो सम्मोहनिन्नासणो ।
जोतीसेसपयत्थसत्थकलणे आइच्चकप्पो फुडो ॥
सिद्धन्तं भविया सरन्त हिअए तं बारसङ्गीगयं ।
नाणाभेयनयावलीहि कलियं सव्वण्णुणा भासियं ॥३॥

जे तित्थंकरपायपंकजरया सेविक्करोलंबया ।
भव्वाणं जिणभत्तयाण अणिसं सोहिज्जकज्जेरया ॥
सम्मद्दिट्ठिसुरा वराभरणभादिप्पन्तदेहप्पहा ।
ते सङ्घस्स हवन्तु विग्घहरणा कल्लाणसंपायणा ॥४॥

# શ્રી સિદ્ધચક્રની સ્તુતિ.

સિદ્ધચક્ર સેવો સુવિચાર, આણી હૈડે હર્ષ અપાર, જેમ લહો સુખ શ્રીકાર; મનશુધ્ધે નવ ઓળી કીજે, અહોનિશ નવ-પદ ધ્યાન ધરિજે, જિનવર પૂજા કીજે; પડિક્કમણાં દોય ટંકનાં કીજે, આઠે થોયે દેવ વાંદીજે, ભૂમિ સંથારો કીજે; મૃષાતણો કીજે પરિહાર, અંગે શીલ ધારીજે સાર, દીજે દાન અપાર ॥૧॥ અરિહંત સિદ્ધ આચાર્ય નમીજે, વાચક સર્વ સાધુ વંદીજે, દર્શન જ્ઞાન થુણીજે; ચારિત્ર તપનું ધ્યાન ધરિજે, અહોનિશ નવપદ ગુણણું ગણીજે, નવ આંબીલ પણ કીજે; નિશ્ચય રાખીને મન ઈશ, જપો પદ એક એકને ઇશ, નવકારવાલી વીશ; છેલ્લે આયંબીલે પણ કીજે, સત્તરભેદી જિનપૂજા રચીજે, માનવ ભવ ફળ લીજે ॥૨॥ સાતશેં કુષ્ટીના એ રોગ, નાઠા ન્હવણ લઇ સંયોગ, દૂર હુઆ કર્મના ભોગ; કુષ્ટ અઢારે દૂરે જાય, દુઃખ દાલિદ્ર સવિ દૂર પલાય, મનવાંછિત ફળ થાય; નિર્ધનીયાને દિયે બહુ ધન, અપુત્રીયાને પુત્ર રતન, જો સેવે શુદ્ધ મન; નવકાર સમો નહી કોઇ મંત્ર, સિદ્ધચક્ર સમો નહી કોઇ યંત્ર, સેવો ભવિયણ એકંત ॥૩॥ જે સેવ્યો મયણા શ્રીપાળ, ઉંબર રોગ ગયો તત્કાળ, પામ્યા મંગળ માળ; શ્રીપાળ પેરે જે આરાધે, તસ ઘેર દિન દિન દોલત વાધે, અંતે શિવસુખ સાધે; વિમલેશ્વર જક્ષ સેવા સારે, આપદા કષ્ટ સવિ દૂર નિવારે, દોલત લક્ષ્મી વધારે; મેઘવિજય કવિરાયનો શિષ્ય, હઇડે ભાવ ધરી સુજગીશ, વિનયવિજય નિશદિશ. ॥૪॥

# સજઝાયો.

## ૧. અનંતકાયની સજઝાય.

અનંતકાયના દોષ અનંતા, જાણો ભવિયણ પ્રાણિરે;
ગુરૂ ઉપદેશે તે પરિહરજો, એવી જિનવર વાણીરે. અનંત૦ ૧
પુઢવી પાણી અગ્નિ વાયુ, વનસ્પતિ પ્રત્યેકારે;
એ પાંચે થાવર ગુરૂમુખથી, સાંભળજો સુવિવેકારે. અનંત૦ ૨
બેઈન્દ્રિ તેઈન્દ્રિ ચોરેન્દ્રિ, પંચેન્દ્રિય પ્રમુખારે;
એકેકી કાયાએ જિનરાજે, ભાખ્યા જીવ અસંખ્યારે. અનંત૦ ૩
એ છ કાયતણા જે જીવા, તે સહુ એકણ પાસેરે;
કંદમૂળ સોયની અગ્રે, જીવ અનંતા પ્રકાશ્યારે. અનંત૦ ૪
બહુ હિંસાનું કારણ જાણી, સાંભળજો સુવિચારોરે;
કંદમૂળ ભક્ષણ પરિહરજો, કરજો સફળ જમવારોરે. અનંત૦ ૫
અનંતકાયના બહુ ભેદ ભાખ્યા, પન્નવણા ઉવંગેરે;
શ્રીગૌતમ ગણધરની આગે, શ્રીવીરજિણંદે મનરંગેરે. અનંત૦ ૬
નરક તણા છે ચાર દુવારા, રાત્રિભોજન પેલુંરે;
પરસ્ત્રી બીજું અથાણું ત્રીજું, અનંતકાય છે છેલુંરે. અનંત૦ ૭
એ ચારેને જે પરિહરશે, દયા ધરમ આદરશેરે;
કીર્તિકમળા તસ વિસ્તરશે, શિવમંદિર સંચરશેરે. અનંત૦ ૮
પાંચે પર્વી પોસહ કીજે, ભાવે જિન પૂજીજેરે;
સંપત અનુસારે દાન દીજે, એમ ભવ લાહો લીજેરે. અનંત૦ ૯
ચૌદ નિયમ સંભારો સંક્ષેપો, પડિકમણાં દોય વારોરે;
ગુરૂ ઉપદેશ સુણી મનરંગે, એ શ્રાવક આચારોરે. અનંત૦૧૦
પર ઉપગાર કરો નિજ શકતે, કુમતિ કદાગ્રહ મૂકોરે;
નવનવા ઉપદેશ સુણીને; મૂળ ધર્મ મત ચૂકોરે. અનંત૦૧૧

તપગચ્છનાયક શિવસુખદાયક, શ્રીવિજયધર્મસૂરીંદારે;
તાસ પસાયે દિન દિન વાધે, ભાવસાગર મુણીંદારે. અનંત૦૧૨

## ૨. કઠીયારાની સજ્ઝાય.

વીર જિનવરરે, ગૌતમ ગણધરને કહે,
ગુરૂવાણીરે, પુણ્યવંત પ્રાણી સદ્દહે;
કઠીયારોરે, પરદેશી દુર્બોધિ હે,
તે તો નિશ્ચયરે, નવી પામે પ્રતિબોધ એ;
પ્રતિબોધ નિશ્ચય તે ન પામે જીવ જે દુર્બોધિ એ,
ઘન કર્મ મર્મ જોગે જડને ધર્મ સાથે વિરોધ એ;
તવ કહે ગૌતમસ્વામી કરસંપુટ કરી મનોહાર એ,
દૃષ્ટાંત કઠીયારાતણું મુજ કહો જગદાધાર એ. ૧

તવ જંપેરે, ચરમ જિનેશ્વર તેહ ભણી,
સુણુ ઉત્તમરે, ગૌતમ ગોત્ર તણા ધણી;
કઠીયારોરે, કોઇ એક પુરે રહે,
તે તો અનુદિનરે, મૂળી લેવાને વન વહે;
એક દિન તે ઇંધણુ કાજે ગિરિ ગહ્વરમા ગયો,
અતિ સરલ સુંદર તરૂ નિહાળી હૈડામાં હર્ષિત થયો;
તે તરત છેદ્યો મૂળ ખણુતાં નીકળી એક માટલી,
વર પંચ રતને જડિત અદ્દભૂત જાતરૂપ તણી ભલી. ૨

શિરે મૂળીરે વાંસે તે પીઠરી ધરી,
ઘેર આવતાંરે, વૃષ્ટિ હુઇ અતિ આકરી;
મૂળી વેચીરે, નવી શકયો ઘરમાં ઠવી,
બોળ ખાવારે, આણ્યો દીનપણું ચવી;

ચવી દીન પણું મૂરખ વિપણુથી ઉછીનો ખોળ આણીયો,
તે કનક પીઠરી માંહી ઘાલી રાંધે મૂરખ પ્રાણીયો;
મૂળિકાકેરા ખંડ કાપી ક્ષણુ ક્ષણુ અગ્નિમાં ધરે,
તેહ તણો પરિમળ અતિ નિર્ગળ સબળ સઘળે વિસ્તરે. ૩

એહવે એકરે, ધનદ ધણી અવતારીયો,
વડવખતેરે, પંથે વહે વ્યવહારીયો;
જાતાં થકાંરે, ગંધ ઘણો તસ આવીયો,
મન ભીતરરે, વિસ્મય ભારે પાવીયો;
પાવીયો વિસ્મય ગંધ ક્યાંથી બાવનાચંદન તણો,
એહવો કવણુ ઉદાર ભોગી દ્રવ્ય એમ કેહને ઘણો;
ગંધને અનુસારે આવે ગેહ કઠીયારા તણે,
અતિ અસમંજસ નીહાળી શેઠ શિખામણુ ભણે. ૪

રે રે મૂરખરે, મમ કર એહ અકાજ રે,
કાંઇ બાળેરે, બાવનાચંદન:આજરે;
તુજ આપું રે, તોળી કનક બરોબરે,
સુખ ભોગવરે, ભામિની સુંદર મંદિરે;
મંદિર સુંદર જેમ પુરંદર કરે વિનોદ વિલાસએ,
એ રયણુ રૂડો કાંઇ જાળે પૂરવું તુજ આશએ;
મૂરખ સમજે નહી અકિંચન રયણુ વિણુસાડે જડો,
મન ખેદ ધરતો ઘેર સધાવે શેઠ. એહ ઉપનય વડો. ૫

ભવ પટ્ટણુરે, વિસ્તર ભૂમિ વખાણીએ,
મતિ જાડીરે, જીવ કબાડી જાણીએ;
રૂડી કાયારે, કનક તણી એ છમકલી,
પાંચ ઇન્દ્રિયરે, જ્યોતિ રત્ન ઉપર વળી.
ઉપર વળી રૂચિ રત્ન કેરી વિષય ખોળ અસારરે,
તેહ તણે કાજે આયુ ચંદન દહે મૂઢ ગમારએ;

નિજ કાય ઇન્દ્રિય કનક રયણુ કાંતિ સકળ કરે વૃથા,
એ વાત જગ વિસ્તાર પામી તેલ જળમાંહી યથા. ૬

શેઠ સદ્‌ગુરૂરે, પ્રીતિ ધરી પ્રતિબોધવા,
ઉપગારીરે, દીયે ઉપદેશ નવા નવા;
નવી સમજેરે, ભારેકર્મી જીવડો,
જાત્યંધારે, કીશું કરે તસ દીવડો;
દીવડો શું કરે સદ્‌ગુરૂ વિષયઅંધા જે જના,
એ કળા સારી ગુરૂ કેરી વૃથા નિર્મળ દળ વિના;
એહ સુણી ઉપનય વિષય વિષસમ વિષયખોળ સવી વામીએ,
ગુણવિજય અધિપતિ વીર જંપે પરમ પદવી પામીએ. ૭

---

## ૩. માયાની સજ્ઝાય.

માયા કારમીરે, માયા મ કરો ચતુર સુજાણ;
માયાવાહ્યો જગત વિલુદ્ધો, દુખીયો થાય અજાણ—એ આંકણી.
જે નર માયાને મોહી રહ્યો, તેને સ્વપ્ને નહી સુખ ઠાણ. માયા૦ ૧

નાના મોટા નરને માયા, નારીને અધિકેરી;
વળી વિશેષે અધિકી માયા, ઘરડાને ઝાઝેરી. માયા૦ ૨

માયા કામણ માયા મોહન, માયા જગ ધુત્તારી;
માયાથી મન સહુનું ચળીયું, લોભીને બહુ પ્યારી. માયા૦ ૩

માયા કારણ દેશ દેશાંતર, અટવી વનમાં જાય;
ઝાઝ બેસીને દ્વીપ દ્વીપાંતર, જઇ સાયર ઝંપલાય. માયા૦ ૪

માયા મેળી બહુ કરી ભેળી, લોભે લક્ષણ જાય;
ભયથી ધન ધરતીમાં ઘાલે, ઉપર વિષધર થાય. માયા૦ ૫

જોગી જતિ તપસી સંન્યાસી, નગન થઇ પરિવરીયા;
ઉંધે મસ્તકે અગ્નિ તાપે, માયાથી નવી ઉગરીયા. માયા૦ ૬

શિવભૂતિ સરીખો સત્યવાદી, સત્યઘોષ કહેવાય;
રત્ન દેખી તેહનું મન ચળીયું, મરીને દુર્ગતિ જાય. માયા૦ ૭

લબ્ધિદત્ત માયાએ નડીયો, પડીયો સમુદ્ર મોઝાર;
મચ્છ માખણીયો થઇને મરીયો, પહોતો નરક મોઝાર. માયા૦ ૮

મન વચન કાયાએ માયા, મૂકી વનમાં જાય;
ધન ધન તે મુનીશ્વર રાયા, દેવ ગંધર્વ જસ ગાય. માયા૦ ૯

## ૪. વૈરાગ્યની સજ્ઝાય.

બલિહારી જાઉં એ વૈરાગ્યની, જેહના મનમાં એ ગુણ આવ્યો રે;
મોક્ષના મોતી તે જીવડા, નર ભવ ફળ તેણે પાયોરે. બલિ૦ ૧

જેમાં ભીખારીને ભાંગ્યો ઠીંકરો, તે તો તજવો દોહિલો હોયરે;
ખટ ખંડ તજવા સોહિલા, જો વૈરાગ્ય મનમાં હોયરે. બલિ૦ ૨

નથી સંસારમાં કોઇ કોઇનું, સૌ સ્વારથીયા સગાવાલાંરે;
કર્મ સંયોગે સહુ સાંપડ્યાં, અંતે જાશે સઘળાં ઠાલાંરે. બલિ૦ ૩

મારૂં મારૂં મમ કરો પ્રાણિયા, તારૂં નથી કોઇ એણીવેળા રે;
ખાલી પાપના પોટલા બાંધવા, થાશે નરકમાં ઠેલમઠેલા રે. બલિ૦ ૪

ગરજ સરે જો એહથી તો, સંસાર મુનિ કેમ છાંડે રે;
પણ જૂઠી બાજી છે સંસારની, ઇન્દ્રજાળની બાજી માંડે રે. બલિ૦ ૫

નગારાં વાગે માથે મોતનાં, કેમ નિશ્ચિંત થઇને સૂતો રે;
મધુબિંદુ સુખની લાલચે, ખાલી કીચડમાં કેમ ખૂતોરે. બલિ૦ ૬

લાખ ચોરાશી જીવાયોનિમાં, નહી છુટવાનો કોઇ આરો રે;
એકજ મલ્લ વૈરાગ્ય છે, તુમે ધર્મરત્ન સંભારો રે. બલિહારી૦ ૭

## ૫. વૈરાગ્ય સજ્ઝાય. બીજી.

મરણુ ન છુટે રે પ્રાણિયા, કરતાં કોડી ઉપાય રે;
સુરનર અસુર વિદ્યાધરા, સહુ એક મારગ જાય રે.
મરણુ ન છુટે રે૦ ૧
ઈન્દ્ર ચંદ્ર રવી હરિ હળી, ગણુપતિ કામકુમાર રે;
સુરગુરૂ સુરવૈદ્ય સારિખા, પોતા જમ દરબાર રે. મરણુ૦ ૨
મંત્ર જંત્ર મણિ ઔષધિ, વિદ્યા હુન્નર હજાર રે;
ચતુરાઇ કેરા રે ચોકમાં, જમડો લુંટે બજાર રે. મરણુ૦ ૩
ગર્વ કરી નર ગાજતા, કરતા વિવિધ તોફાન રે;
માથે મેરૂ ઉપાડતા, પહોતા તે સમશાન રે. મરણુ૦ ૪
કપડાં ઘરેણાં ઉતારશે, બાંધશે ઠાઠડી માંય રે;
ખોખરી હાંડલી આગળે, રોતા રોતા સહુ જાય રે. મરણુ૦ ૫
કાયા માયા સહુ કારમી, કારમો સહુ ઘરબાર રે;
રંક ને રાય છે કારમો, કારમો સકળ સંસાર રે. મરણુ૦ ૬
ભીડી મુઠી લઇ અવતર્યો, મરતાં ખાલી છે હાથ રે;
જીવડા જોને તું જગતમાં, કોઇ ન આવે છે સાથ રે. મરણુ૦ ૭
નાના મોટા સહુ સંચર્યા, કોઇ નહી સ્થિર વાસ રે;
નામ રૂપ સહુ નાશ છે, ધર્મરત્ન અવિનાશ રે. મરણુ૦ ૮

## ૬. વૈરાગ્ય સજ્ઝાય. ત્રીજી.

પુણ્ય સંયોગે પામીયો જીરે, નરભવ આરજ એત;
શ્રાવક કુળ ચિંતામણિ જીરે, ચેતી શકે તો ચેતરે જીવડા!
એ સંસાર અસાર.
સાર માત્ર જિનધર્મ છે જીરે, આપણું ઘર સંભાર રે. જીવડા૦ ૧

માતપિતા સુત બાંધવા જીરે, દાસ દાસી પરિવાર;
સ્વાર્થ સાધે સહુ આપણો જીરે, સહુ મતલબના યાર રે. જીવડા૦ ૨
સરોવર જળનો મિંડકો જીરે, તાકે આપણો ભક્ષ;
સાપ તાકે છે મિંડકો જીરે, સહુને આપણો લક્ષ રે. જીવડા૦ ૩
મયૂર તાકે છે સાપને જીરે, આહેડી તાકે છે મોર;
મચ્છ ગળાગળ ન્યાય છે જીરે, નિર્ભય નહી કોઇ ઠોર રે. જી૦ ૪
કર્મે નાટક માંડીયો જીરે, જીવડો નાચણહાર;
નવા નવા લેબાસમાં જીરે, ખેલે વિવિધ પ્રકાર રે. જીવડા૦ ૫
ચોરાશી ચોગાનમાં જીરે, રૂપ રંગનારે ઠાઠ;
તમાસા ત્રણ લોકના જીરે, બાજીગરના પાઠ રે. જીવડા૦ ૬
બોત ગઇ થોડી રહી જીરે, પરભવ ભાતું રે બાંધ;
સમતા સુખની વેલડી જીરે, ધર્મરત્ન પદ સાધ રે. જીવડા૦ ૭

## ૭. વૈરાગ્ય સજ્ઝાય. ચોથી.

આ સંસાર અસાર છે ચિત્ત ચેતો રે, જૂઠો સકલ સંસાર
ચતુર ચિત્ત ચેતો રે;
સંધ્યા રાગ સમાન છે ચિત્ત ચેતો રે, ખાલી આ ઇન્દ્રજાળ. ચ૦૧
એકલો આવ્યો જીવડો ચિત્ત૦ જાશે એકલો આપ; ચતુર ચિત્ત૦
સઘળું અહીં મૂકી જશે ચિત્ત૦ સાથે પુણ્ય ને પાપ. ચતુર૦ ૨
કરણી પાર ઉતારશે ચિત્ત૦ કોણ બેટો કોણ બાપ; ચતુર૦
રાજ નહી પોપાબાઈનું ચિત્ત૦ જમડો લેશે જવાબ. ચતુર૦ ૩
સુખમાં સજ્જન સહુ મળ્યા ચિત્ત૦ દુઃખમાં દૂર પલાય; ચતુર૦
અવસર સાધો આપણો ચિત્ત૦ છેડો દૂર બલાય. ચતુર૦ ૪
ફરી અવસર મળવો નથી ચિત્ત૦ હીરો સાંપડ્યો હાથ; ચતુર૦
રંકને રત્ન ચિંતામણિ ચિત૦ રણમાં સજ્જન સાથ. ચતુર૦ ૫

સમતાનાં ફળ મીઠડાં ચિત્ત૦ સંતોષ શિવતરૂમૂળ; ચતુર૦
એ ઘડી સાધો આપણી ચિત્ત૦ ધર્મરત્ન અનુકૂળ. ચતુર૦ ૬

## ૮. વૈરાગ્ય સજ્ઝાય. પાંચમી.

તન ધન જોબન કારમુંજી, કોના માત ને તાત;
કોના મંદિર માળીયાજી, જેસી સ્વપ્નની વાત.
સોભાગી શ્રાવક ! સાંભળો ધર્મ સજ્ઝાય. ૧
ફોગટ ફાંફાં મારવાજી, અંતે સગું નહી કોય;
ઘેબર જમાઇ ખાઇ ગયોજી, વણિક કુટાયો જોય. સોભાગી૦ ૨
પાપ અઢારને સેવીનેજી, લાવે પૈસો એક;
પાપના ભાગી કો નહીજી, ખાવાવાળા છે અનેક. સોભાગી૦ ૩
જીવતાં જશ લીધો નહીજી, મુવા પછી શી વાત;
ચાર ઘડીનું ચાંદણુંજી, પછી અંધારી રાત. સોભાગી૦ ૪
ધન તે મોટા શ્રાવકોજી, આણુંદ ને કામદેવ,
ઘરનો બોજો છોડીનેજી, વીર પ્રભુની કરે સેવ. સોભાગી૦ ૫
બાપદાદા ચાલ્યા ગયાજી; પૂરાં થયાં નહીં કામ;
કરવી દૈવની વેઠડીજી રે, શેખસલી પરિણામ. સોભાગી૦ ૬
જો સમજે તો સાનમાંજી, સદ્ગુરૂ આપે છે જ્ઞાન;
જો સુખ ચાહો મોક્ષનાજી, ધર્મરત્ન ધરો ધ્યાન. સોભાગી૦ ૭

## ૯. બીડી ન પીવાની સજ્ઝાય.

દેખા દેખીએ ચાલતાંજી રે, પામર પામે સંતાપ;
વ્યસન વિલુદ્ધા બાપડાજી રે, બાંધે બહુલાં પાપ રે. પ્રાણી !
બીડી વ્યસન નિવાર, ફોગટ ભવ કેમ હાર રે. પ્રાણી ! બીડી૦૧

ધન ધર્મ ધાતુ હણેજી રે, છકાય જીવ વિનાશ;
કર્મજોરે જઠર વ્યથાજી રે, પ્રગટે શ્વાસ ને ખાંસ રે. પ્રાણી ! બીડી૦૨
પ્રતિદિન પચવીશ પીવતાંજી રે, સો વર્ષે નવ લાખ;
ગતિ મતિ વિણસે સદાજી રે, છાતી હોવે ખાખરે. પ્રાણી ! બીડી૦૩
ચિત્ત બંધાણી ચોરટીજી રે, હારે જન્મ નિટોલ;
ધુમાડે બાચક ભરેજી રે, અંદર પોલમપોલ રે. પ્રાણી ! બીડી૦૪.
નોકારશી પોરશી નહિજી રે, નહિ પૌષધ ઉપવાસ;
રાત્રિ ચોવિહાર નહિ બનેજી રે, બાંધ્યો બીડીએ પાસરે. પ્રા૦ ! બીડી૦૫
મુખ ગંધા માનવતણીજી રે, નાત વધાર્યા રે જાય;
વાર્યા ન વળે બાપડાજી રે, પછી ઘણા પસ્તાયરે. પ્રાણી ! બીડી૦૬
દાંત પડે આંખ્યું ગળેજી રે, અતિશય થાય હેરાન;
ધર્મરત્ન ચેતો હવેજી રે, લ્યો બીડી પચખાણ રે. પ્રાણી ! બીડી૦૭

---

## ૧૦. શિખામણની સજ્ઝાય.

શ્રી ગુરૂચરણ પસાઉલે, કહિશું શિખામણ સાર;
મન સમજાવો આપણું, જીમ પામો ભવપાર. ॥ ૧ ॥
કહે ભાઇ રૂડું તેં શું કર્યું ?, આતમને હિતકાર;
ઇહભવ પરભવ સુખ ઘણા, લહિએ જયજયકાર. ॥ કહે૦ ॥૨॥
લાખ ચોરાશી યોનિ ભમી, પામ્યો નર અવતાર;
દેવ ગુરૂ ધર્મ ન ઓળખ્યા, ન જપ્યો મન નવકાર ॥કહે૦॥૩॥
નવ મસવાડા ઉદર ધર્યો, પાળી પોઢા રે કીધ;
માય તાય સેવા કીધી નહીં, ન્યાયે મન નવિ દીધ. ॥કહે૦॥૪॥
ચાડી કીધીરે ચોતરે, દંડાવ્યા ભલા લોક;
સાધુ જનને સંતાપિયા, આળ ચઢાવ્યાં તે ફોક. ॥ કહે૦॥૫॥

લોભે લાગ્યોરે પ્રાણીઓ, ન ગણે રાતને દિસ;
હાહો કરતાંરે એ એકલો, જઈ હાથ ઘસીશ. ॥ કહે૦ ॥ ૬ ॥

કપટ છળ ભેદ તેં કર્યાં, ભાખ્યા પરના રે મર્મ;
સાતે વ્યસનને સેવિયાં, નવિ કીધો જિનધર્મ. ॥ કહે૦ ॥ ૭ ॥

ક્ષમા ન કીધી તેં ખાંતશું, દયા ન કીધી રેખ;
પરવેદન તેં જાણી નહીં, તો શું લીધો ભેખ. ॥ કહે૦ ॥ ૮ ॥

સંધ્યારંગ સમ આઉખું, જળ પરપોટોરે જેમ;
ડાભ અણી જળબિંદુઓ, અથિર સંસાર છે એમ ॥કહે૦ ॥ ૯ ॥

અભક્ષ અનંતકાય વાવર્યાં, પીધાં અણગળ નીર;
રાત્રિ ભોજન તેં કર્યાં, કીમ પામીશ ભવતીર. ॥કહે૦ ॥ ૧૦ ॥

દાન શીયળ તપ ભાવના, ધર્મના ચાર પ્રકાર;
તે તેં ભાવે ન આદર્યા, રઝળીશ અનંતો સંસાર. ॥કહે૦॥૧૧॥

પાંચે ઇંદ્રીરે પાપિણી, દુર્ગતિ ઘાલે છે જેહ;
તે તો તેં મેલી મોકળી, કિમ પામીશ શિવગેહ. ॥કહે૦॥૧૨॥

ક્રોધે વીંટ્યોરે પ્રાણીઓ, માન ન મૂકે રે કેડ;
માયા સાપણીને સંગ્રહી, લોભને લીધો તેં તેડ. ॥કહે૦॥૧૩॥

પરરમણીરસ મોહીયો, પરનિંદાનોરે ઢાળ;
પરદ્રવ્ય તેં નવિ પરિહર્યું, પરને દીધીરે ગાળ. ॥કહે૦॥૧૪॥

ધર્મની વેળા તું આળસુ, પાપ વેળા ઉજમાળ;
સંચ્યું ધન કોઇ ખાઇ જશે, જીમ મધમાખી મહુઆળ ॥કહે૦॥૧૫॥

મેલી મેલી મૂકી ગયા, જે ઉપાર્જીરે આથ;
સંચય કીજેરે પુણ્યનો, જે આવે તુઝ સાથ. ॥કહે૦॥૧૬॥

શુદ્ધ દેવ ગુરૂ ઓળખી, કીજે સમકિત શુદ્ધ;
મિથ્યા મતિ દૂરે કરી, રાખી નિર્મળ બુદ્ધ. ॥કહે૦॥૧૭॥

ખોડીદાસ સંઘવી તણે, આગ્રહે કીધ સઝાય;
ક્રાંતિવિજય ઉવઝાયનો, રૂપવિજય ગુણ ગાય. ાાકહે૦ાા૧૮ાા

## ૧૧. ચેતનને શિખામણની સજ્ઝાય.

( કડખાની દેશી. )

ચતુર તું ચાખ મુજ હિતશિખ સુખડી,
બાપડા વિષય કાં મૂઢ મંડે;
વિષયલંપટપણે રાતદિન નવિ ગણે,
ક્રોધ મદ માન માયા ન છંડે.
ચતુર તું ચાખ મુજ હિતશિખ સુખડી૦ ાા ૧ ાા
સદન ધન સ્વજન જન નિરખી નિજ વશ અરે,
માહરૂં માહરૂં મ કર ભોળા;
તાહરૂં તેહ જે સુકૃત સંચય કરે,
પિંડ પાપે ભરી કરીય રોળા. ચ૦ ાા ૨ ાા
કાલ અહ્ર્ટ શશી સૂર વૃષ જોડલું,
દિવસ ને નિશી અતિ ઘડીયમાલં;
નિરખી નિજ આઉખું નીર ઉલેચતાં,
કાં ન છંડે હજીય મોહજાલં. ચ૦ ાા ૩ ાા
સકળ શુભ કાજની આજ વેળા લહી,
મોહે મુંઝયો હજી શું વિમાસે;
સકળ સુખ તુજ ગમે દેહદુઃખ નવિ ખમે,
કરણી વિણુ મુક્તિ રતિ કેમ કરાશે. ચ૦ ાા ૪ ાા
અથિર સંસારમાં સાર નવકારનું,
ધ્યાન ધરતાં સદા હૃદય રીઝે;
એહથી ભવ તરે મેરૂ મહિમા ધરે,
રિદ્ધિવિજયાદિ સુખ સકળ સીઝે. ચ૦ ાા ૫ ાા

## ૧૨. ભાવના મહિમાની સજ્ઝાય.

( કડખાની દેશી. )

વિમળ કુળ કમળના હંસ તું જીવડા,
ભુવનના ભાવ ચિત્ત જો વિચારી;
જેણે આ મનુજ ગતિ રત્ન નવિ કેળવ્યું,
તેણે નરનારી મણિ કોડી હારી. વિ૦ ॥ ૧ ॥

જેણે સમકિત ધરી સુકૃત મતિ અણુસરી,
તેણે નરનારી નિજ ગતિ સમારી;
વિરતિ નારી વરી કુમતિ મતિ પરિહરી,
તેણે નરનારી સબ કુગતિ વારી. વિ૦ ॥ ૨ ॥

જૈન શાસન વિના જીવ યતના વિના,
જે જના જગ ભમે ધર્મ હીના;
જૈન મુનિ દાન બહુ માન હીના નરા,
પશુ પરે તે મરે ત્રિજગ દીના. વિ૦ ॥ ૩ ॥

જૈનના દેવ ગુરૂ ધર્મ ગુણ ભાવના,
ભાવ્ય નિત જ્ઞાન લોચન વિચારી;
કર્મ ભર નાશિની બાર વર ભાવના,
ભાવ્ય નિત જીવ તું આપ તારી. વિ૦ ॥ ૪ ॥

સર્વ ગતિ માંહિ વર નર ભવો દુલ્લહો,
સર્વ ગુણરત્નનો શોધિકારી;
સર્વ જગજંતુને જેણે હિત કીજીએ,
સોઇ મુનિ વંદીએ શ્રુત વિચારી.
( સકળ મુનિ વંદીએ શ્રુત વિચારી ) વિ૦ ॥ ૫ ॥

## ૧૩. અનિત્ય ભાવનાની સજ્ઝાય.

મુંઝમાં મુંઝમાં મોહમાં જીવ તું,
શબ્દ વર રૂપ રસ ગંધ દેખી;
અથિર તે અથિર તું અથિર તનુ જીવિતં,
ભાવ્ય મન ગગન હરિચાપ પેખી. મુંઝ૦ ॥ ૧ ॥

લચ્છિ સરિઅત પરે એક ઘર નવિ રહે,
દેખતાં જાય પ્રભુ જીવ લેતી;
અથિર સબ વસ્તુને કાજ મૂઢા કરે,
જીવડો પાપની કોડી કેતી. મુંઝ૦ ॥ ૨ ॥

ઉપની વસ્તુ સવિ કારિમી નવિ રહે,
જ્ઞાનશું ધ્યાનમાં જો વિચારી;
ભાવ ઉત્તમ હર્યા અધમ સબ ઉધર્યા,
સંહરે કાળ દિન રાત ચારી. મુંઝ૦ ॥ ૩ ॥

દેખ કળિ કુતરો સર્વ જગને ભખે,
સંહરી ભૂપ નર કોટીકોટી;
અથિર સંસારને થિરપણે જે ગણે,
જાણ્ય તસ મૂઢની બુદ્ધિ ખોટી. મુંઝ૦ ॥ ૪ ॥

રાય મમ રાજની રિદ્ધિશું પરિવર્યો,
અંતે સબ રિદ્ધિ વિસરાળ હોશે;
રિદ્ધિ સાથે સબ વસ્તુ મૂકી જતે,
દિવસ દોતીન પરિવાર રોશે. મુંઝ૦ ॥ ૫ ॥

કુસુમ પરે યૌવનં જળબિંદુ જીવનં,
ચંચલં નર સુખં દેવભોગો;
અવધિ મન કેવલી સુકવિ વિદ્યાધરા,
કલિયુગે તેહનો પણ વિયોગો. મુંઝ૦ ॥ ૬ ॥

ધન્ય અગ્નિકાસુતો ભાવના ભાવતા,
કેવળ સુરનદી માંહે લીધો;
ભાવના સુરલતા જેણે મન રોપવી,
તેણે શિવનારી પરિવાર રૂંધ્યો, (કીધો) મુંઝ૦ ॥ ૭ ॥

## ૧૪. શ્રી ગજસુકુમાલની સજ્ઝાય.

ગજસુકુમાળ મહામુનિજી રે, સમશાને કાઉસગ્ગ;
સોમિલ સસરે દેખીનેજી રે, દીધો મહા ઉવસગ્ગ રે.
પ્રાણી ! ધન ધન એહ અણગાર, વંદો વારંવાર રે ॥ પ્રાણી૦ ॥ ૧
પાળ બાંધી શિર ઉપરેજી રે, અગ્નિ ધરી તેહ માંહ;
જળજળ જવાળા સળગતીજીરે, ઋષિ ચડીયા ઉત્સાહરે ॥પ્રાણી૦॥૨
એ સસરો સાચો સગોજી રે, આપે મુક્તિની પાઘ;
ઇણ અવસર ચૂકું નહીજી રે, ટાળું કર્મ વિપાક રે ॥ પ્રાણી૦ ॥ ૩
મારૂં કાંઇ બળતું નથીજી રે, બળે બીજાનું એહ;
પાડોશીની આગમાંજી રે, આપણો અળગો ગેહરે ॥ પ્રાણી૦ ॥ ૪
જન્માંતરમાં જે કર્યાજી રે, આ જીવે અપરાધ;
ભોગવતાં ભલી ભાતશુંજીરે, શુકલ ધ્યાન આસ્વાદરે ॥ પ્રાણી૦ ॥૫
દ્રવ્યાનળ ધ્યાનાનળેજી રે, કાયા કર્મ દહંત;
અંતગડ હુઆ કેવળીજી રે, ધર્મરત્ન પ્રણમંતરે ॥ પ્રાણી૦ ॥ ૬

## ૧૫. બાર ભાવનાની ગુંહલી.

( જીરે કામની કહે સુણો કંતજી—એ રાગ. )

જીરે ભાવના બારે ભાવજો, જીરે ભાવથી સહુ નરનારરે;
જંજાલી જીવડા ! જાગો જાગોરે તમને ચેતવું.
જીરે મોંઘેરો આ ભવ મેળવી, જીરે પામો ભવનો પારરે. જં૦ ૧

જીરે નાશ છે સર્વે આખરે, જીરે સ્વપ્ના સમોરે સંસાર રે; જં.
જીરે અનિત્ય ભાવના ભાવીને, જીરે ચેતો ચિત્તમાં લગારરે. જં. ૨

જીરે અશરણુ ભાવના એમ કહે, જીરે જૂઠી છે જગની સગાઈરે; જં.
જીરે મૃત્યુ આવ્યેરે શરણું કો નહીં, જીરે કોના છોરૂ કોના ભાઇરે. જં. ૩

જીરે ચાર ગતિના ચોકમાં, જીરે ચેતન રઝળ્યો અપાર રે; જં.
જીરે સંસાર ભાવના સમજતાં, જીરે ધર્મ કરી પામો પાર રે. જં. ૪

જીરે એકત્વ ભાવના ચિંતવો, જીરે એકલો આવે ને જાય રે; જં.
જીરે એકલો કર્મને ભોગવે, જીરે ભાગ ન કોઇથી લેવાય રે. જં. ૫

જીરે જીવ ને કાયા જુદાં ગણો, જીરે જાણો જુદો પરિવાર રે; જં.
જીરે અન્યત્વ ભાવના ભાવતાં, જીરે આતમતત્ત્વ વિચાર રે. જં. ૬

જીરે અશુચિ ભાવના ઓળખો, જીરે અશુચિ ભરી આ કાયરે; જં.
જીરે અશુચિ પદારથથી ભરી, જીરે મોહ શું એમાં થાય રે. જં. ૭

જીરે આશ્રવ ભાવના ભાવતાં, જીરે પાપથી અટકો સદાય રે; જં.
જીરે કર્મબંધન નવાં નહીં કરો, જીરે તો શિવસુખ પમાય રે. જં. ૮

જીરે સંવર ભાવના સમજજો, જીરે આશ્રવનો કરો રોધરે; જં.
જીરે મન વચ કાય શુદ્ધિ કરી, જીરે મેળવો સદ્‌ગુરૂ બોધ રે. જં. ૯

જીરે ચઉગતિ રૂપ સંસારનું, જીરે બીજને હરવા ખાસ રે; જં.
જીરે નિર્જરા ભાવના ભાવતાં, જીરે કર્મનો કરજો નાશ રે. જં. ૧૦

જીરે ધર્મની ભાવના રાખજો, જીરે ધર્મ છે સકળ આધાર રે; જં.
જીરે ધર્મ વિના શિવપદ નહીં, જીરે ધર્મ કરો નરનાર રે. જં. ૧૧

જીરે ચૌદ રાજના લોકમાં, જીરે રઝળ્યો આ જીવ અપાર રે; જં.
જીરે એકે પ્રદેશ ન મેલીયો, જીરે લોકસ્વરૂપ વિચાર રે. જં. ૧૨

જીરે બોધિબીજપણું પામવા, જીરે સમતા વરો શ્રીકાર રે; જં.
જીરે ભાવના બોધિબીજ ભાવતાં, પામો સમકિત સાર રે. જં. ૧૩
જીરે ભાવના બાર વિચારીને, જીરે ટાળો ભવોભવ દુઃખ રે; જં.
જીરે સદ્દગુરૂ વાણી સાંભળી, જીરે પામો મનને સુખ રે. જં. ૧૪

---

## ૧૬. સામાયક કરવા વિષે ગહુંલી.

( જાત્રા નવાણું કરીએ વિમળગિરિ–એ રાગ. )

સામાયિક નિત્ય કરીએ હો પ્રાણી! સામાયિક નિત્ય કરીએ;
કરીએ તો શિવ સુખ વરીએ .... હો પ્રાણી૦ ॥ ૧ ॥
દુર્ધ્યાન દોને દૂર કરીને, ધર્મનું ધ્યાન જ ધરીએ;
સમતાનો શુભ લ્હાવ લેવાને, સાવદ્ય કર્મ પરિહરીએ. હો પ્રાણી૦॥૨॥
દુર્લભ નરભવ દુર્લભ આવો, ધર્મ મળે ન ફરી ફરીએ;
દોય ઘડીની એક સામાયિક, કરવાનું કેમ વિસરીએ. હો પ્રાણી૦ ॥૩॥
શ્રાવક નામ ધરાવી સાચું, વીર વચન અનુસરીએ;
સામાયિક દરરોજ કરીને, પુન્યની પોઠી ભરીએ. હો પ્રાણી૦ ॥૪॥
સામાયિક કરી વિકથા કરતાં, લાભ સકળને હરીએ;
તે માટે મન વશ રાખીને, દોષ ન વરીએ જરીએ. હો પ્રાણી૦ ॥૫॥
સામાયિક છે સાચું સદાનું, નાવ ભલું ભવદરિયે;
જો સમતાથી તે પર ચડીએ, તો ભવસાયર તરિયે. હો પ્રાણી૦ ॥૬॥
બત્રીશ દોષને દૂર કરીને, વ્રત વિધિથી ઉચ્ચરીએ;
સદ્દગુરૂ વાણી સાંભળી મનસુખ, પાપ થકી ઓસરીએ. હો પ્રાણી૦ ॥૭॥

## ૧૭ સમકિતની સજ્ઝાય.

સમકિત નવી લહ્યું રે, એ તો રૂળ્યો ચતુર્ગતિ માંહે;—એ આંકણી.
ત્રસ સ્થાવરકી કરૂણા કીની, જીવ ન એક વિરાધ્યો;
તિન કાળ સામાયિક કરતાં, શુદ્ધ ઉપયોગ ન સાધ્યો. સમકિત૦ ૧
જુઠા બોલનકો વ્રત લીનો, ચોરીકો પણ ત્યાગી;
વ્યવહારાદિમાં નિપુણ ભયો, પણ અંતર દ્રષ્ટિ ન જાગી. સમ૦ ૨
ઉર્દ્ધ ભૂજા કરી ઉંધો લટકે, ભસ્મ લગા ધુમ ઘટકે;
જટા જૂટ શિર મુંડે જુઠો, વિણ શ્રદ્ધા ભવ ભટકે. સમ૦ ૩
નિજ પરનારી ત્યાગ કરકે, બ્રહ્મચારી વ્રત લીધો;
સ્વર્ગાદિક યાકો ફળ પાકે, નિજ કારજ નવી સિધ્યો. સમ૦ ૪
બાહ્ય ક્રિયા સબ ત્યાગ પરિગ્રહ, દ્રવ્યલિંગ ધર લીનો;
દેવચંદ્ર કહે યા વિધ તો હમ, બહુત વાર કર લીનો. સમ૦ ૫

## ૧૮ વૈરાગ્યની સજ્ઝાય.

જોઇ જતન કર જીવડા; આયુ અજાણ્યું જાયરે;
લે લાહો લક્ષ્મીતણો, પછી તિહાં કાંઇ નવી થાયરે. જોઇ૦ ૧
દુલ્લહો ભવ માણુસ તણો, દુલ્લહોરે દેહ નિરોગોરે;
દુલ્લહો દયા ધર્મ વાસના, દુલ્લહોરે સુગુરૂ સંજોગોરે. જોઇ૦ ૨
દિન ઉગે દિન આથમે, ન વળે કોઇ દિન પાછોરે;
અવસર કાજ ન કીધલું, તો મનમાં પસ્તાશોરે. જોઇ૦ ૩
લોભ લગે લખ વંચીયા, તેં પરધન હરી લીધાંરે;
કેડે ન આવે કોઇને, કેડે રહ્યાં કર્મ કીધાં રે. જોઇ૦ ૪

માતા ઉદર ઉંધો રહી, ક્રોડી ગમે દુઃખ દીઠાં રે;
યોનિ જન્મ દુઃખ જે હુવા, તે તુજ લાગે છે મીઠાંરે. જોઇ૦ ૫
હે ! હે ! ભવ એળે ગયો, એકે અર્થ ન સાધ્યોરે;
સદ્દગુરૂ શીખ સુણી ઘણી, તો પણ સંવેગ ન વાધ્યોરે. જોઇ૦ ૬
માન મને કોઈ મત કરો, યમ જીત્યો નવી કેણેરે;
સુકૃત કાજ ન કીધલું, એ ભવ હાર્યો છે તેણેરે. જોઇ૦ ૭
જપ જગદીશના નામને, કાંઇ નિશ્ચિંતો તું સુવેરે;
કાજ કરે અવસર લહી, સવી દિન સરિખા ન હોવેરે. જોઈ૦ ૮
જગ જાતો જાણી કરી, તિમ એક દિન તુજ જાવોરે;
કર કરવો જે તુજ હોવે, પછી હોશે પસ્તાવોરે. જોઇ૦ ૯
તિથિ પર્વ તપ નહિ કર્યો, કેવળ કાયા તેં પોષીરે;
પરભવ જાતાં જીવને, સંબળ વિણુ કિમ હોશેરે. જોઇ૦ ૧૦
સુણુ પ્રાણી પ્રેમે કરી, લબ્ધિ લહી જિનવાણીરે;
સંબળ સાથે સંગ્રહો, એમ કહે કેવળનાણીરે. જોઇ૦ ૧૧

## ૧૯ શ્રાવકને હિતશિક્ષાની સજ્ઝાય.

ચેત ચેત ચેત પ્રાણી, શ્રાવક કુળ પાયો;
ચિન્તામણિસેં દુર્લભ, માનુષ્ય ભવ પાયો.
ચેત ચેત ચેત પ્રાણી૦ ( ટેક. ૧ )

માયામેં મગન થઇ, સારો જન્મ ખોયો;
સુગુરૂ વચન નિર્મળ નીરે, પાપ મેલ ન ધોયો. ચેત૦ ૨
છિન્ન છિન્ન છિન્ન ઘટત આયુ, જ્યું અંજળી જળમાંહી;
યોવન ધન માલ મુલક, સ્થિર ન રહેશે કયાંઇ. ચેત૦ ૩

પરરમણીકે પ્રસંગમેં, રાત દિવસ રાચ્યો;
અજ્ઞાની જીવ જાણે નહિં, શીલ રત્ન સાચો. ચેત. ૪

અબ તો ગુરૂ દેવ ધર્મ, ભાવ ભક્તિ કીજે;
ઉદયરત્ન કહે તીન રત્ન, યત્ન કરી લીજે. ચેત. ૫

## ૨૦ મન સ્થિર કરવા ઉપર સજઝાય.

મન સ્થિર કરજો રે, સમકિત વાસીને;
ચપળ મ કરશો રે, કુગુરૂ ઉપાસીને.
સમજણ કરીને ચિત્તમાં રાખો, શંકા કંખા વારી;
વિતિગિચ્છા ને પરની પ્રશંસા, પરદર્શન સંગ છારી.
દીપક સરિખોરે, જ્ઞાન અભ્યાસીને. ( મનસ્થિર૦ ) ॥ ૧ ॥

ધનુષ તીર ગદા ચક્ર ધરે જે, વયરી મારણ કાજ;
અરધાંગે જે રમણી રાખે, તેહને નહિ કાંઇ લાજ.
દેવ ન કહિયેરે, નારી ઉપાસીને,
પગે નવિ પડિયેરે, ક્રોધ નિવાસીને,
તસ પદ નમતાંરે, પામશો હાંસીને (મનસ્થિર૦) ॥ ૨ ॥

ધન કણ કંચન કામની રાતા, પાપ તણા ભંડાર;
મારગ લોપી કોપીન પહેરે, કિમ લહેશે ભવપાર.
પરિગ્રહ સંગીરે, રહ્યા ઘર માંડીને,
વિષય પ્રસંગીરે, લજ્જા છાંડીને,
ગુરૂ મત કરજોરે, ભોગ વિલાસીને (મનસ્થિર૦) ॥ ૩ ॥

ગો મહીષી અજી અવી પય માખણ, ખરી કરભી શુની દુધ;
રોજી અરક થુઅર ખુરસાણી, પય માખણ નહીં શુદ્ધ.
દુરગતિ પડતાંરે, રાખે જે સાહીને,

ધર્મ તે કહીએરે, નિશ્ચય લાહીને,
          નામે મત ભૂલોરે, જુઓ તપાસીને. (મનસ્થિર૦) ॥ ૪ ॥

ચોરી જારી દૂર નિવારો, મત કરો લોભ અપાર;
ક્ષમા દયા મનમાં નિત ધારો, જિમ નિસ્તરીએ સંસાર.
પાપ મ કરજોરે, જીવ વિનાશીને,
જુઠ ન કહેશોરે, છળ મન વાસીને,
          સુખ જશ લહિયેરે, ધર્મ ઉપાસીને. (મનસ્થિર૦) ॥ ૫ ॥

પંચ સમિતિ ત્રણ ગુપ્તિના ધોરી, ધર્મ ધ્યાન ધરનાર;
શુકલ ધ્યાનમાં જસ મન વરતે, તે ગુરૂ તારણહાર.
તસ પદ પૂજોરે, સરધા ધારીને,
સેવના કરજોરે, કુમતિ નિવારીને,
          સેવો ધ્યાવોરે, પરમ નિરાશીને. (મનસ્થિર૦) ॥ ૬ ॥

જિન ઉત્તમ પદ પદ્મની સેવા, કરજો સાચે ચિત્ત;
રૂપવિજય કહે અનુભવ લીલા, ઘટમાં પ્રગટે નિત્ય.
તિમ નિત્ય કરજોરે, જ્ઞાન અભ્યાસીને,
શમ દમ ધરજોરે, ધ્યાન ઉપાસીને,
શિવસુખ વરજોરે, ચિદ્ઘન રાશીને,
          મન સ્થિર કરજોરે સમકિત વાસીને. ॥ ૭ ॥

સમાપ્ત.